
આવતી કાલનાં નાગરિકોનાં વિકાસ-

૪૨૯



જીવનરાસનું ક્રીડાચક્ર

કોટાયનું પ્રાચીન શિલ્પ

કોટાય(કચ્છ)ના પ્રાચીન શિવાલયમાં, તેના ગર્ભમંદિરના અગ્રમંડપની શિલ્પપ્રચુર છતના મધ્ય ભાગે કંડારેલી રાસ-ક્રીડાની આ ચક્રાકૃતિમાં જાણે પ્રવાહિતા અને ગતિને આકારમાં મૂકી દેવાઇ છે. માનવ-સમૂહની વિરાટ અને ગતિશીલ પ્રાણશક્તિની અમૃતમય કાર્યશીલતા અને તેના એકતાલ ધબકારની અપાર ચેતનાનું સત્ય એમાંથી સમજાય છે. ગર્ભમંદિરમાં જ્યારે નટરાજની પ્રતિષ્ઠા હશે ત્યારે તેનાં દર્શન કરી પ્રેરણા મેળવતો આત્મા ઊંચે જોઈ બ્રહ્માંડમાં પ્રાણના સમુલ્લાસનો રાસ નિહાળી જગત સાથે એકભાવે નાચી ઊઠતો હશે. આજે પણ આ અવશેષ-શિલાચક્ર જોતાં એમાંથી જીવનની અનંત ગતિ-પ્રગતિના મંત્ર ‘ચરૈવેતિ’નું ભાવનિદર્શન થાય છે. (‘કચ્છનું સંસ્કૃતિદર્શન’માંથી)

તંત્રી • પ્રદ્યુમ્નભાઈ રાવલ

કુમાર

સપ્ટેમ્બર ૧૯૫૯

અંક ૪૨૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે......

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★'૪૨૬'મા અંકમાં 'બાલીનો અગ્નિદાહ સમારોહ' વાંચી આપણા ભારતમાં ય પ્રવર્તતી આવી જ પ્રથા પ્રત્યે ધ્યાન દોરું? ગુજરાત અને રાજસ્થાનમાં વસતા જૈનોમાં 'ઉત્તમ', 'મહિય' અને 'નિષ્ઠ' પ્રથા ખાસ પ્રચલિત છે.

ઉત્તમ કુળોની જેમ જૈનો પણ પોતાના ધર્મગુરુઓનો અગ્નિદાહ 'ઉત્તમ' એટલે કે 'બાડે' જેવી પદ્ધતિથી કરે છે. ભારતમાં આને 'માંડવી' નામ આપવામાં આવ્યું છે. એની પાછળ પણ તન, મન અને ધન ખર્ચાય છે. સમારોહની માફક એ ઊજવાય છે. વળી આ પ્રથામાં અગ્નિદાહ તરત નથી અપાતો. ધર્મગુરુના શબ વાસે દીપક, સ્વસ્તિક તથા ધૂપ વગેરે વિધિઓ અખંડિત રીતે કરવામાં આવે છે. આ વિધિ દરમ્યાન બૅન્ડ, નોબત વગેરે દ્વારા વાતાવરણને પ્રફુલ્લિત રાખવામાં આવે છે. 'માંડવી' સંપૂર્ણ થઈ જતાં ધર્મગુરુના શબને એની અંદર બેસાડવામાં આવે છે અને પ્રત્યેક જૈન એ સ્મશાનયાત્રામાં ભાગ લે છે. સ્ત્રીઓ તેમનાં અંતિમ દર્શન કરે છે.

'મહિય' રીતમાં ઉચ્ચ જીવન ગાળીને મૃત્યુ પામેલાં શ્રાવક-શ્રાવિકા માટે 'માંડવી'ના એક નાનકડા સ્વરૂપ 'પાલખી'ની રચના કરવામાં આવી હોય છે. બાકી વિધિ ઉત્તમ જેવી જ હોય છે. 'નિષ્ઠ' સામાન્ય જન માટે છે.

આ પ્રથા વિષે વધારે નોંધપાત્ર વાત તો એ છે કે કચ્છના લોકો પોતાની કલાદૃષ્ટિ વાપરી આ પ્રસંગને વધારે સારી રીતે ઊજવે છે.

'માંડવી' જૈનોની ધાર્મિક રુચિ-બાવન દેરીઓનો ભાસ કરાવે તેવી રચવામાં આવે છે. બાલીના 'ઉકુર સેલાકા'ની જેમ સૌથી મોટી દેરી પરની ધજા 'ધી' બોલી વિધિપૂર્વક ઘેર પૂજનાર્થે રાખવામાં આવે છે.

જૈન આચાર્યશ્રી અથવા ધર્મગુરુઓ આ વિષે વધારે પ્રકાશ ફેંકી શકે.

(માટુંગા) —જગદીશ ર. શાહ

નીચે લખી મોકલેલા સંસ્કૃત શ્લોકનો ગુજરાતી અર્થ શો થાય તે જણાવશો. અહીંની શાળાના શિક્ષક અને વિદ્વાન બ્રાહ્મણ તેનો અર્થ પૂરેપૂરો સમજાવી શક્યા નથી.

पायाद्वः करणो रणो रणरणो राणो रणो वारणो
दत्ता येन रमा रमा रमरमा रामा रमा सा रमा।
स श्रीमानुदयो दयो दयदयोदायो दयो वेदयो
विष्णुर्जिष्णुरमी रमी रमिरमी रामी रमी सौरमी॥

(ઝાલોદ) —ચન્દ્રકાન્ત પટેલ

શ્રી નટવરલાલ માલવીનો ગાયના ઘી વિષેનો લેખ વાંચીને મેં પગનાં તળિયાંમાં તે ઘસવાનું ચાલુ કીધું. તળિયેતળિયાં પણ સામસામાં ઘસતો અને હથેળી વડે પણ પગનાં તળિયાંમાં ગાયનું ઘી પચાવતો હતો. વળી મારે માથે ટાલ છે (ઉ. વ. ૫૫) તેના પર પણ ગાયનું ઘી ઘસતો. આથી મારી આંખમાં મને ઘણો જ ફાયદો માલૂમ પડ્યો છે. હું લગભગ ચાર મહિનાથી ગાયનું ઘી આ રીતે વાપરું છું અને લગભગ એક મહિનો વાપરવાથી મારી ટાલ ઉપર થોડા વાળ ઊગ્યા છે! વળી મારા એક સગા (ઉ. વર્ષ ૭૬)ને પણ આ ઉપાય બતાવેલો એમને પણ ટાલ ઉપર વાળ ઊગ્યા છે, તથા આંખમાં સુધારો છે. આટલું મેં જાતે લખ્યું છે. પહેલાં મારાથી બિલકુલ વાંચી શકાતું ન હતું અને આંખમાંથી એકદમ પાણી પડતાં હતાં. હવે ચાલુ ટ્રેને પણ ચારપાંચ કલાક સુધી સહેલાઈથી વાંચી શકું છું.

(મુંબાઇ) —મોહનલાલ જરીવાળા

અભિનવ કળા એ વીસમી સદીની કળા છે; અને હમેશાં થતું આવ્યું છે તેમ એ સમયના જીવનની-વિચારની આત્માની અભિવ્યક્તિ છે, સૌંદર્ય-છેડતી નથી, તેમ અપૂર્ણતાની નિશાની પણ નથી જ. અત્યારે સર્વ કળા, સાહિત્ય અને શાસ્ત્રો-વિજ્ઞાનોની અનેકવિધ શાખાઓ એકધારી ઝડપથી ફેલાતી જાય છે. અને જૂના વાડા, બંધન કે નિયમોને તોડી એ પ્રસરે છે. એ આજના યુગની વિશિષ્ટતા છે. અને એને સમજવા માટે આપણે પણ એટલી જ ગતિથી દોડવું રહ્યું. આરામખુરસીમાં બેસીને વિવેચન કરવા ટેવાએલા સૌંદર્યદૃષ્ટિના પારખુએ આ સમજવા પ્રયત્ન છોડી દેવો જ રહ્યો. એ કળાકારના અનુભવી કળાકારે સર્જેલી અભિવ્યક્તિ છે. એક વિરાટ બળની માફક આજે કળા અને જીવનના દરેક ક્ષેત્ર પર એ શાસન કરે છે અને કરશે. આ શક્તિને કોઈ જ અટકાવી શકશે નહિ. એક વસ્તુ છે કે આજે આ પ્રવાહનો, લોકોની અણસમજ અને કળાકારની અપરિપક્વ સ્થિતિએ આ સંક્રાંતિકાળમાં કાંઈક ગેરલાભ લેવાયો છે, પણ જો કોઇ માને કે આ પશ્ચિમની કળા છે, તો એ ભૂલ છે. આ કળા છે વિશ્વસમસ્તની-માનવજાતની, અને જીવનની અદ્‌ભુત અભિવ્યક્તિ.

(રાજકોટ) —કિરીટ ભટ્ટ



જુલાઈ અંકમાં 'બાલા સરસ્વતી' ચરિત્ર-લેખમાં મેં પૃ. ૨૬૧ પરના પહેલા પૅરગ્રાફમાં બાલાના ચાર ગુરુઓનો ઉલ્લેખ કરતાં મયલાપોરનાં ગૌરીનો ઉલ્લેખ કર્યો છે. 'એ સ્વ. વડોદરાનરેશ ગાયકવાડે વડોદરા આમંત્રેલાં અભિનયપટુ નર્તકી હતાં' એવું લખ્યું છે તેમાં થોડી ભૂલ થઈ છે. વડોદરાનરેશ ગાયકવાડે આમંત્રેલાં ગૌરી અને મલયાપોરનાં ગૌરી બંને જુદી વ્યક્તિઓ છે. એ બાબત પરત્વે વડોદરા યુનિવર્સિટીના નૃત્યવિભાગના વડા શ્રી મોહન ખોકર, મુંબાઈનાં જાણીતાં નૃત્યાંગના શ્રીમતી રીટા ચૅટર્જી અને અમદાવાદથી શ્રીમતી મૃણાલિની સારાભાઇએ એ હકીકતદોષ માટે ધ્યાન દોર્યું છે. વડોદરાનાં રાજનર્તકી ગૌરી હયાત નથી. જ્યારે મયલાપોરનાં ગૌરી શ્રીમતી રુક્મિણીદેવી એરૂંડેલની નૃત્યપીઠ 'કલાક્ષેત્ર' (મદ્રાસ)માં અભિનય શીખવે છે. વડોદરાનાં રાજનર્તકી ગૌરીના પુત્ર કુબેરનાથ તાંજોરકર હાલ વડોદરા યુનિવર્સિટીના નૃત્યવિભાગમાં ભરતનાટ્ય નૃત્યની સાથમાં અપાતા સંગીત 'નટ્ટુવાંગમ્'નું કામ સંભાળે છે.

(મુંબાઇ) —સુનીલ કોઠારી

જૂનના 'આ માસ'માં સાને ગુરુજીનું અવસાનવર્ષ ૧૯૩૭ બતાવ્યું છે તે ૧૯૪૯ જોઇએ.

(દહાણુરોડ) —મનુભાઇ ગુલાબભાઇ દેસાઈ

જુલાઈ કુમાર 'કલાવાર્તા'માં ધ્યેયલક્ષી યુવાન કાંતિલાલ રાઠોડનું ચરિત્ર વાંચીને મને પૂરો સંતોષ થયો. 'માહિતીભરપૂર' લેખો કરતાં મારે મન આવા ધ્યેયલક્ષી નવયુવકોનાં જીવનચરિત્ર વધુ ઉપયોગી છે.

(અમરેલી) —જયંતી આશરા

'કુમાર' મે અંકમાં કેરીનાં વિવિધ નામ જણાવેલાં તે ઉપરાંત (૧) સોપારિયો (દેલવાડા) (૨) પનાળિયો (માંગરોળ) (૩) અષાડિયો (૪) બાટલી (૫) બાદશાહ પસંદ (૬) નીલમ (૭) વીંછણ (૮) લાડવિયો પણ છે.

(જૂનાગઢ) —હબીબ શવજી વીરાણી










ભારતીય કળા અને પશ્ચિમની કળા (જુઓ આ અંકમાંની 'કલાવાર્તા')

ભારતની કળા નગ્નપ્રાય: દેહમાં સ્થૂલ સૌંદર્ય કે વિલાસિતાના આકર્ષણ સિવાયની ઘણી વસ્તુઓ લાવી શકે છે. ઉદાહરણાર્થે અહીં આપેલાં ચિત્રોમાં પહેલું 'શાલભંજિકા' કે બીજું 'મોહિની'નું શિલ્પ જુઓ. હિંદની કલા પરનો અતિ નાજુકાઈનો આક્ષેપ પણ એમાં જણાશે નહિ. 'મોહિની' નિબળ નારી જણાતી નથી. ત્રિભંગ કરીને વૃક્ષને અઢેલીને ઊભેલી 'શાલભંજિકા' (કે 'યક્ષિણી')નાં સમતુલા, સંવાદ અને સૌંદર્ય અંગેઅંગમાંથી સ્ફુરતાં છતાં એનામાં નિર્બળતાનો આભાસ નથી. પશ્ચિમમાં સૌંદર્ય, પ્રેમ, સર્જન અને વિશ્વવ્યાપી પ્રાણશક્તિની દેવી તરીકે મનાતી 'વીનસ' (ત્રીજું ચિત્ર) પાછળથી કામવાસના અને રતિની દેવી પણ બની. તેને મુકાબલે છેલ્લા ચિત્રમાંની અજંતાની 'દ્વારપાલિકા' પણ નગ્નપ્રાય: હોવા છતાં તેમાં આત્મવિલીનતા, નિર્દોષતા અને સુંદરતા છે, જેમાં વિકારરહિતતા રજૂ કરવાની કલાકારની શક્તિની પ્રતીતિ થાય છે.



રાજસ્થાનના ગ્રામઘરની **ઓસરીમાં** ✿ રંગફોટો : પ્રદ્યુમ્ન તન્ના

રાગિણી-માલા

કોઈ પણ કલાનો સાક્ષાત્કાર એની સાથેના તાદાત્મ્ય વિના સધાતો નથી. ભારતીય સંગીતમાં પણ રાગ-રાગિણીના પ્રાકટ્ય માટે ગાયક કે વાદક પોતાના ચિત્તમાં એના નાદમય સ્વરૂપનું ધ્યાન ધરે છે અને જે નાદમય છે તે આમ પિંડસ્થ, મૂર્તિમંત બને છે. રાગરાગિણીનાં આપણાં પ્રાચીન ચિત્રો પણ તેના નાદમય સ્વરૂપનું ધ્યાન ધરી તેને મૂર્તિમંત કરવાની આ જ દૃષ્ટિનું સહજ પરિણામ છે. એમાંનાં રાગનાં સ્વરૂપ એના રસ-ભાવનાં દ્યોતક હોય છે.

રાગિણીનાં કરેલાં આ શબ્દશિલ્પોમાં (કુલ આઠ રચાયાં છે, જે પૈકીનું આ પ્રથમ છે) રસશાસ્ત્રમાં નિર્દિષ્ટ નાયક-નાયિકાના મનોભાવોને નહિ, પરંતુ, આપણા ગાર્હસ્થ્ય જીવનને જ નજર સમક્ષ રાખ્યું છે. એનો ક્રમ એના ગાન-સમય અનુસાર રાખવા યત્ન કર્યો છે. (ગાન-સમયના વિષયમાં જ્યાં તજ્જ્ઞોમાં મતભેદ પ્રવર્તે છે ત્યાં યોગ્ય લાગ્યો તે સમય લીધો છે.) તદનુસાર દિન-રાત્રિના જુદાજુદા પ્રહરોમાં ગૃહિણીનું જે નવ-અભિનવ સ્વરૂપે વિશિષ્ટ-સુંદર દર્શન થાય છે એનું આ કાવ્યોમાં આલેખન છે.

લલિત

· વસંતતિલકા ·

રે ધન્ય, આ નયન ધન્ય તને લહીને!
તું ઓસને સલિલ નિર્મલ કંજ-લક્ષ્મી,
તું ભાસ્વતી ગગનની અરુણા યશસ્વી,
મારે નિકેતન તને લહી ધન્ય, ધન્ય!

તારા પ્રસન્ન ઉરનો ટહુકંત છંદ
ઝીલી રહેલ દ્રુમ-કોકિલ, દિગ્દિગંતે
એની કશી ધ્વનિત જાગ્રતિ!–ફૂલગંધે
પોઢેલ વાયુ અવ તો લહરે રમંત!

તેં એવું અંજન કશું નયને ધર્યું કે
જે ન્યાળું તે સકલ સુંદર વ્હાલસોયું.
ને પ્રાણને ય પણ સ્પંદન!–તાલપ્રોયું
અસ્તિત્વ મારું લહું નૃત્યતણા હિલોળે!

તારા મૃણાલ-વદને ઝૂક્યું વ્યોમ નીલ
સંમોહને, લલિત હે, અનુરાગશીલ.

રાજેન્દ્ર શાહ

રાગિણી 'લલિત' : સમય પરોઢ...સ્નાનપૂજા આદિથી પરવારી પતિને જગાડવા જતી...સુકુમાર એનો દેહ, ચંપકવર્ણી એની કાયા...સુવર્ણનાં આભૂષણ અને અંબર પહેરીને વસંતની સવારે પ્રિયતમનું ધ્યાન ધરતી પતિની નિકટ આવે છે...પ્રાચીન સાહિત્યમાં એ રાગિણીનું વર્ણન આ રીતે આપ્યું છે:

(૧)

લલિત લલિત સુવરણ વરણ સુવરણ ભૂષણ વાસ,
મધુપ્રભાત ગૃહસો નીકસી ઠાડી જીય પિય આસ.

(૨)

પીત દુકૂલ ધરે નવ ચંપકફૂલ ગરે મિલે અમવા અશોકી,
સોનેસે અંગનિ સોનેકે ભૂષન પ્રાતવસંત પિકી ધુનિ ધોકઇ,
ઓરી સુધા મધુરાધર માધવી પાયો સુધાધર છાંડી સુરોકઇ,
ચાહતી હૈ 'ધ ની' સંગમ કો લલિતા ગૃહતે ચલી તાહી ત્રિલોકઇ.

જાણ્યું છે તેં?

· વસંતતિલકા ·

તારા વિષે ઘણીક વેળ અનેકને તેં
પૂછ્યું હશે; અવર નેત્રથી મૂલ્ય તારું
તેં પેખવા ચહ્યું હશે; પણ તેં કદી યે
કો દર્પણે નીરખતાં તહીં ભેટતું જે
તેની કનેથી તું વિષે ખરું જાણ્યું છે કે?
ને જાણ્યું તો હૃદયથી શું પ્રમાણ્યું છે તેં?

'સ્નેહરશ્મિ'

બબ્બે બારણાં

· ગાન ·

મારા તે ઘરને રે કે બબ્બે બારણાં,
ખુલ્લાં દિન ને રાત કે બબ્બે બારણાં.

આ રે તે બારણાને તોરણિયે ગૂંથ્યાં
સૂરજનાં સોનેરી હાસ, કે બબ્બે૦
પેલા તે બારણાને દીવડીએ પૂર્યા
અંધારી રાતના ઉજાસ! કે બબ્બે૦

આ રે તે બારણે વિષ્ણુની મંગળા
પેલે મહાદેવજીના જાપ, કે બબ્બે૦
આ રે તે બારણે જગતની ઝંખના
પેલે તે કૈં મુક્તિના તાપ! કે બબ્બે૦

આ રે તે બારણે હું અણજાણ પેઠો
જાવું છે જાણીને બ્હાર, કે બબ્બે૦
પેલા તે બારણાના તેજે અંજાતી પછી
આંખે શે વળતા અંધાર? કે બબ્બે૦

'સ્નેહરશ્મિ'

સમાધાન

· પરંપરિત હરિગીત ·

ક્યારે ય (છેલ્લાં કેટલાં યે વર્ષથી) જોયો ન'તો
જે સ્વપ્નમાં કે જાગૃતિમાં કે અરીસામાં અગર મારા જ ફોટોગ્રાફમાં
તે આજ જોયો આ તમારી આંખમાં!

આ તમારી શ્યામ કીકીમાં ભમી ર્‌હેતો રમી ર્‌હેતો,
શી મતવાલી છટાથી શીશ ઉન્નત રાખતો આકાશને પડકારતો.
ભોમિયો જગનો ન હોયે તેમ ચાલ્યો આવતો!
એ ઓળખ્યો મેં કો' તરુણ,
જેણે દીધો ના પાય વીસીના ઉંબરમાં યે હજી,
તે આજના (વ્યવહારની કૈં ગડમથલ કરતા) મને
અસ્વસ્થ કરતો આ તમારી આંખમાં ક્યાંથી વસ્યો?!

તમે તો ક્યાંથી જોયો હોય એને, ક્યાંય ક્યારે યે કદી યે—
હું જ ઊભો છું તમારી પાસ તો,
પણ હા, તમારા ગર્વને ફાલી ફૂલીને બ્હાર નીકળતો નિહાળીને
અહીં મારે દિલે
અદ્યાપિ શરમાતો દબાતો કેદ ભોગવતો હતો મારો 'અહમ્'
તે મુક્ત થઇને સ્થાન સાચું ગોતીને
મારું જ ધારી રૂપ બેઠો ત્યાં—મને પડકારતો!

આવો, ખભા પર હાથ મૂકી ચાલીએ સાથે સુખેથી.
આમ તો સાચે તમારાથી સદા યે દૂર ર્‌હેવાનો હતો;
પણ હવે તો કેમ અવગણના કરું?!
જ્યાં ખરેખર મેં મને જોયો (અને તે યે અસલ રૂપે)
તમારી આંખમાં!

હેમન્ત દેસાઈ

બંગાળી રંગભૂમિના નવોત્થાનના યુગસર્જક અભિનવ શક્તિધર નટસમ્રાટ ને નાટ્યાચાર્ય



હવે પછી રંગભૂમિની ઘંટા વાગશે, મંચ પર પ્રકાશ ઝળહળશે, પડદો ઊપડશે, નાટક શરૂ થશે. પણ શિશિરકુમાર ત્યાં નહિ હોય!

ભારતના નટસમ્રાટ અને નાટ્યાચાર્ય શ્રી શિશિરકુમારનું ગયા જૂનની ૩૦મી તારીખે એકાએક હૃદય બંધ પડવાથી અવસાન થતાં માત્ર બંગાળી જ નહિ પરંતુ સમગ્ર ભારતીય રંગભૂમિનું એક અદ્વિતીય ગૌરવ હણાઈ ગયું. બંગાળી રંગલોકના એક પછી એક દીવા બુઝાવા માંડ્યા છે. ધીરાજ ભટ્ટાચાર્ય ગયા, તુલસી લાહિડી ગયા. શિશિરકુમાર એ સહુના મુકુટમણિ હતા, તેઓ પણ ગયા.

સ્વ. શ્રી શિશિરકુમારની માત્ર એક આદર્શ નટ કે આદર્શ સૂત્રધાર-દિગ્દર્શક તરીકેની ઓળખાણ અધૂરી છે. બંગાળી રંગભૂમિના નવોત્થાનના યુગાવતાર તરીકે તેમને ઓળખતાં જ એ પૂરી થાય છે. બંગાળી રંગભૂમિને જોકે રામકૃષ્ણ પરમહંસના આશીર્વાદ તથા નટગુરુ ને મહાકવિ ગિરીશચન્દ્રનું સતત સાહચર્ય સાંપડ્યાં હતાં, છતાં રંગભૂમિનું સ્થાન તો હેરનું ઠેર રહ્યું હતું. અંગ્રેજી નાટક અને રંગભૂમિની છૂટે મોંએ પ્રશંસા થતી, પણ સ્થાનિક રંગભૂમિ તરફ તો દેખાડાતી એક ઘૃણાની લાગણી. અંતે શિશિરકુમાર આવ્યા—પંડિત, સુરસિક, નિપુણ વક્તા, અને ઐશી-શક્તિધર અભિનેતા. તેમની કુશળતા જોઇને તાળીઓના ગડગડાટ બોલાવતા પ્રેક્ષકો પહેલાં તો અંદરોઅંદર ધુસપુસ કરતા સંભળાતા: 'શું કહ્યું, અધ્યાપકમાથી નટ? સગી આંખે જોયા છતાં માન્યામાં નથી આવતું.' સ્વ. શ્રી શિશિરકુમારની સહુથી મોટી જો કોઈ કીર્તિ હોય તો તે આ જ કે વિમુખ ભદ્ર-શિક્ષિત બંગાળી માનસને તેમણે ફરીથી રંગભૂમિને અનુકૂલ કર્યું, રંગભૂમિ તરફની અસ્પૃશ્યતાને નિર્મૂલ કરી, નાટ્યલોકને સામાજિક પ્રતિષ્ઠા અપાવી. અભિનય-કૌશલ હતું તેમનું નિજસ્વ અને અભિનવ, અનન્ય. ઉપરાંત આજના બહુકુશલી બંગાળી અભિનેતાઓના તેઓ જ શિક્ષાગુરુ હતા.

ઈ. ૧૮૮૯ની ૨જી ઑક્ટોબરે મોસાળ મીદનાપુરમાં એમનો જન્મ થએલો. બાળપણ તેમણે ત્યાં જ ગાળ્યું. પિતા હરિદાસ રહેતા રાજા રામતલા સંતરાગાછી હાવડા જિલ્લામાં. પિતા એમના યુવાન વયમાં જ અવસાન પામ્યા હતા. પણ માતુશ્રીનું અવસાન તો હમણાં છેક ૧૯૪૭ના અરસામાં થયું. છ ભાઈઓમાં શિશિરકુમાર સૌથી મોટા. તેમના સહુ નાના ભાઈઓ—તારાકુમાર, વિશ્વનાથ, મુરારિ, ઋષિ અને ભવાની–એ પણ નાટકો તેમજ ચલચિત્રોમાં કામ કર્યું છે. તારાકુમાર તો વિશિષ્ટ પ્રતિભાવંત નટ હતા. ગિરીશચન્દ્રના 'સિરાજુદૌલા' નાટકમાં કરીમચાચાનું પાત્ર તેમણે ઉત્તમ કક્ષાએ ભજવ્યું હતું. તેમાં મુરારિ સિરાજુદૌલાની ભૂમિકા ભજવતા. તારાકુમારે 'શ્રીકાન્ત'નું દિગ્દર્શન પણ કર્યુંહતું.પરંતુ તેમને ક્ષયની બીમારી હોવાથી શિશિરબાબુ વધારે કામ કરવા ન દેતા. ગયે વર્ષે જ ૧૯૫૮માં તેમનું અવસાન થયું.

પ્રારંભનો અભ્યાસ કલકત્તામાં બંગબાસી કૉલેજની સાથે સંકળાએલી શાળામાં કરીને ૧૯૦૫માં શિશિર મૅટ્રિક થયા. અને પછી સ્કૉટિશ ચર્ચ કૉલેજમાંથી ૧૯૧૦માં બી.એ. થયા. કૉલેજના એ ચબરાક અને આગળપડતા વિદ્યાર્થી. ભણતા ત્યારથી જ તેમને રંગભૂમિનો નાદ. શેક્સપીઅરનાં નાટકોમાં એમણે ઘણાં સુંદર પાત્રો ભજવેલાં. 'જુલિયસ સીઝર' નાટકમાં એમની બ્રૂટસ તરીકેની ભૂમિકા યાદગાર હતી. એ કહેતા પણ ખરા કે આપણા નટ વિદેશના સારામાં સારા નટો કરતાં ઊતરતા હોય એવું માનવાને કોઇ કારણ નથી. ૧૯૦૮માં તેમની કૉલેજમાં 'જુલિયસ સીઝર' ભજવવાનું હતું. વેશપરિધાન તથા નાટકને લગતાં સાહિત્યો શેક્સપીઅરનાં નાટકો ભજવતી એક કંપનીમાંથી મેળવવાનાં હતાં. વિદ્યાર્થીઓ ઉત્સાહથી રીહર્સલો કર્યે જતા હતા. નાટકની રજૂઆતના ત્રણચાર દિવસ અગાઉ ખબર પડી કે વેશપરિધાન તેમજ નાટકનાં સાહિત્યો પેલી અંગ્રેજી કંપનીમાંથી નહિ મળે. થયું. વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો સુદ્ધાં હતાશ થયા. નાટક બંધ કરવું પડશે? તો તો કૉલેજના વિદ્યાર્થીઓની આબરૂ જ જાય ને? શિશિરબાબુ કૃતનિશ્ચય થયા, ને બીજા બેત્રણ વિદ્યાર્થીઓની મદદથી રેશમી ચાદરોમાંથી ટ્યુનિક બનાવી કાઢ્યાં, પૂઠાં પર રૂપેરી કાગળ ચોડી ઢાલ-તલવાર બનાવી લીધાં, અને નાટક ભજવાયું. બ્રૂટસની એમની સુંદર ભૂમિકાથી નાટક ઊંચકાઇ ગયું. બીજી ક્ષતિઓ તરફ પ્રેક્ષકોનું લક્ષ જ ગયું નહિ. એમની વક્તૃતા પ્રથમથી જ અદ્‌ભુત હતી.

૧૯૧૩માં એમ. એ. થયા બાદ તે મેટ્રોપૉલિટન (હાલના વિદ્યાસાગર) કૉલેજમાં અંગ્રેજીના પ્રોફેસર નિમાયા. અને એ કારકિર્દી એટલી દીપાવી કે સ્વ. શ્રી આશુતોષ મુકર્જીએ તો તેમને અંગ્રેજીની 'ચૅર' પણ આપવા ધારેલી, પરંતુ એનો તેમણે ઇન્કાર કરતાં કહ્યું: 'I am meant for the stage (મારું જીવન તો રંગભૂમિ માટે છે).' યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યૂટમાં અને ઍમૅટર ડ્રામૅટિક ક્લબમાં તેમણે ઘણાં નાટકો સફળતાપૂર્વક ભજવેલાં. 'જુલિયસ સીઝર' સાથે નવનીત સેનનું 'કુરુક્ષેત્ર' પણ ભજવ્યું હતું, જેમાં તેમણે અભિમન્યુનો પાઠ લીધો હતો. સાથે દુર્વાસાના પાઠમાં હતા નટશેખર નરેશ મિત્ર. ૧૯૧૦માં તેમણે 'બુદ્ધદેવ'માં ભગવાન બુદ્ધનો પાઠ કર્યો હતો. ૧૯૧૧માં તેમણે 'વીણા'માં પ્રવીરનો પાઠ કર્યો. ૧૯૧૨માં, પોતે અધ્યાપન કરતા હતા ત્યારે, 'ચન્દ્રગુપ્ત' નાટકના તેઓ ચાણક્ય બનેલા. આ પાઠથી તો

સ્વ. શિશિરકુમાર ભાદુડી

તેમની પ્રતિભાની લોકોને સઘન પ્રતીતિ થઇ ગઈ. તેમનો અભિનય જોઈને 'ચન્દ્રગુપ્ત'ના લેખક, પ્રસિદ્ધ બંગાળી નાટકકાર ખુદ દ્વિજેન્દ્રલાલ રાય બોલી ઊઠેલા : 'મેં કલ્પનામાં જે ચિત્ર આંક્યું છે તેના કરતાં યે શિશિરકુમારનો અભિનય આગળ વધી ગયો છે!' આ ઉપરાંત 'પાંડવગૌરવ', 'રઘુવીર', 'હરિશ્ચન્દ્ર' તથા 'અશોક'માં પણ તેમણે મુખ્ય ભૂમિકાઓ જ ભજવેલી.

કૉલેજમાં અધ્યાપન-કાર્ય કરતા હતા એ અરસામાં જ તેમનાં પત્નીનું અવસાન થયું. એ આઘાત પછી તેઓ અભિનયમાં ભાગ લેવા સંમત ન થતા. ઇન્સ્ટિટ્યૂટના સત્તાવાહકોના ભારે આગ્રહને માન આપીને અંતે તેઓ 'ચન્દ્રગુપ્ત' નાટકમાં એકાદ–બે મિનિટની એક દૂતની ભૂમિકા ભજવવા તૈયાર થએલા. ૧૯૨૧માં 'પાંડવેર અજ્ઞાતવાસ'માં ભીમ (વૃદ્ધ બ્રાહ્મણ)ના પાઠમાં તેઓ હતા.

ઈ. ૧૯૨૧ના ડિસેમ્બરની ૧૦મી તારીખે તેમણે પ્રથમ વાર માદનની ધંધાદારી 'બેંગાલ થિયેટ્રિકલ કંપની'ના કૉર્નૅવૉલિસ થિયેટરમાં 'આલમગીર' નાટકમાં ઔરંગઝેબની ભૂમિકા ભજવી અને પછી તો રંગભૂમિને તેઓ આજીવન વળગી રહ્યા. કૉલેજમાં તેમને મહિને રૂ. ૧૫૦ મળતા, માદન થિયેટરમા રૂ. ૩૫૦ થયા.

શિશિરકુમારને ધંધાદારી રંગમંચ પર આણીને માદને બંગાળી નાટ્યકલાને ક્ષેત્રે નવયુગનાં બી વાવ્યાં. એ દિવસોમાં જેમણે આલમગીરની ભૂમિકા જોઈ હતી તેઓ સમજી શક્યા હતા કે ગિરીશોત્તર યુગમાં તો આવો અભિનય એક એવ અદ્વિતીય હતો. એ 'આલમગીર'ના 'સ્વપ્નદર્શન' દૃશ્યમાં છેલ્લી ૪૫ મિનિટ સુધી બે જણ રંગમંચ આખો પોતાના અધિકાર તળે કરી લેતાં : કલાકાર આલમગીર અને ઉદેપુરી બેગમ. એ પોણા કલાકની ક્ષણેક્ષણ પ્રેક્ષકો ઊંચે શ્વાસે કેવળ શિશિરબાબુના વક્તૃત્વની ઇંદ્રજાળમાં જ અભિભૂત બની રહેતા. આ શક્તિ બંગાળી રંગમંચ પર બીજા કોઇએ બતાવી નથી.

૧૯૫૫ની ૧૦મી ડિસેમ્બરે શ્રીરંગમ નાટ્યમંચ પર પોતાના 'આલમગીર' નાટકના ૩૫મા વાર્ષિક અભિનય-અનુષ્ઠાન નિમિત્તે શ્રી શિશિરકુમારે ભાષણમાં કહેલા શબ્દો તેમની રંગભૂમિ પરત્વેની આમરણ એકનિષ્ઠાના દ્યોતક છે, તે ઉપરાંત તેમની રંગભૂમિ પ્રત્યેની એક પતિવ્રતા જેવી વિનમ્ર સ્વાર્પણભાવનાનો પણ એવો જ પડઘો પાડે છે : '૧૯૨૧ની ૧૦મી ડિસેમ્બરે 'આલમગીર' નાટકના અભિનય દ્વારા ધંધાદારી રંગમંચને મેં પહેલી વાર સાથ આપ્યો. દર વર્ષે આ દિવસ હું યાદ કરું છું અને વિચારી જોઉં છું કે મારા ક્ષેત્રમાં હું કેટલોક આગળ વધી શક્યો છું. જે આદર્શ લઈને મંચ પર આવ્યો હતો તેને આજે પણ હું પૂરો કરી શક્યો નથી. છતાં રંગમંચ પર આવીને મેં ભૂલ નથી કરી. આજીવિકાનો ઉપાય પણ હતો, તથી મચને કેવળ આજીવિકા-અર્જન માટે મેં નહોતો સ્વીકાર્યો. નાટ્યકલાનો હું એક અદનો સેવક છું. એક સેવક તે કેટલુંક કરી શકે? સહુની સહિયારી કોશિશ હોય તો જ ઊભી થઇ શકે 'રાષ્ટ્રીય નાટ્યશાળા'. પરિવર્તનના પ્રવાહમાં બધું જ કંઇ પરિવર્તિત થતું રહે છે. એ પરિવર્તનની વચ્ચે થઇને હું આગળ વધી ચાલ્યો છું. એથી જીવીશ ત્યાં સુધી રંગભૂમિમાં જ રહીશ.'

માદન થિયેટરની બંધણીમાં તેમનો સ્વતંત્ર કલાકાર આત્મા ગૂંગળાવા લાગ્યો. આથી ૧૯૨૨ના ઑગસ્ટમાં તેઓ ત્યાંથી છૂટા થયા. ૧૯૨૪ની ૬ઠ્ઠી ઑગસ્ટે તેમણે 'સીતા' નાટક (લેખક શ્રી દ્વિજેન્દ્રલાલ રાય) ભજવ્યું. કેવળ નટ તરીકે નહિ પણ નાટ્ય-દિગ્દર્શક તરીકે પણ આ નાટકમાં તેમની અસામાન્ય પ્રતિભા પૂરબહારમાં ખીલી ઊઠી. શિશિરકુમાર રામની ભૂમિકામાં પ્રેક્ષકોના ચિત્ત પર વિષાદની એક સ્થાયી છાપ આંકી દેતા. નિર્વાસિતા સીતાના પુત્ર લવનો કંઠસ્વર સાંભળીને ચમકી ઊઠી રામ અવશભાવે ભરતને જ્યારે પકડી લે છે ત્યારે ચોમેર પ્રસરી જતું કરુણતાનું ઘેરું વાતાવરણ અકથનીય ગણાય છે. વળી એ નાટકમાં પ્રાચીન ભારતીય વાતાવરણ સર્જવાની શ્રી શિશિરકુમારે ખાસ ચીવટ રાખી હતી. પરદેશી 'કૉન્સર્ટ'ની જગ્યાએ તેમણે યોજી હતી પ્રાણને ગાંડો કરી મૂકનારી દેશી 'રોશનચોકી'. દ્વાર પાસે કેળ, શંખધ્વનિ, ધૂપદીપ, પુષ્પવૃષ્ટિ વગેરે માંગલિક અનુષ્ઠાનની સામગ્રી-સજ્જા હતી.

૧૯૨૪માં કાઝી નઝરૂલ ઇસ્લામના નાટક 'વસંતલીલા'થી થયું આલ્ફ્રેડ થિયેટ્રિકલ કંપનીનું ઉદ્‌ઘાટન. ત્યારે શિશિરબાબુને જોવા શ્રી ચિત્તરંજન દાસ ખાસ હાજર રહ્યા હતા. સમય જતાં શ્રી મનમોહન પારેખ પાસેથી મનમોહન થિયેટર શિશિરબાબુએ ભાડાપટ્ટે લીધું ને ત્યા શ્રી જોગેશ ચૌધરીના 'સીતા' નાટકમાં અભિનય આપ્યો. સામાન્ય નિયમ પ્રમાણે નાટકો રાત્રે શરૂ થતાં, અને પૂરાં થતાં ખૂબ મોડાં, એટલાં કે જોનારાઓને લગભગ આખી રાતનો ઉજાગરો જ થઈ જાય. શિશિરબાબુએ દિવસે ત્રણ વાગ્યાથી નાટકો શરૂ કર્યાં.

૧૯૨૮ના ઑગસ્ટમાં મનમોહન થિયેટર તરફથી શરદ્‌બાબુનું 'ષોડશી' ભજવાયું. એમાં બાહ્ય સૌંદર્યનું બાહુલ્ય નહોતું, પરંતુ માનસિક આઘાત–પ્રત્યાઘાતોનું અતિસૂક્ષ્મ નિરૂપણ હતું. શિશિરબાબુએ નાટકના નાયક જીવાનંદની ભૂમિકા લીધી હતી. તેના જેવા દુશ્ચરિત્ર કોટિના મનુષ્યના યે પોતીકા ગૌરવને યથાયોગ્ય ન્યાય તો એક શિશિરકુમાર જ આપી શકે. 'માઇકેલ મધુસૂદન' નાટકની તેમની મુખ્ય ભૂમિકા પણ એક સીમાચિહ્નરૂપ ગણાય છે.

૧૯૫૫ની ૧૭મી જાન્યુઆરીએ શ્રીરંગમ્ તરફથી ભજવાતું 'ષોડશી' જોવા રશિયાના બુલ્ગાનિન અને ક્રુશ્ચોવ આવ્યા હતા. જીવાનંદની ભૂમિકા જોઇને અતિપ્રસન્ન થતાં તેમણે સીધા સજ્જાગૃહમાં જ પેસી જઇને શિશિરબાબુને 'વિરાટ અભિનેતા' કહીને અભિનંદ્યા હતા.

નટ તરીકેની તેમની ખ્યાતિ બંગાળ કે હિંદ પૂરતી જ મર્યાદિત નહોતી. યુરોપ, અમેરિકા ને બ્રિટનમાં પણ એમની અભિનયકલાએ પ્રશંસા મેળવી હતી. ૧૯૩૦માં પોતાની મંડળી સાથે યુરોપ ગયા, અને ત્યાં પણ તેમના 'સીતા' નાટકે અદ્‌ભુત ખ્યાતિ મેળવી. તેમની આંતરરાષ્ટ્રીય ખ્યાતિનો એક દાખલો : ઇંગ્લંડના વિખ્યાત નટ સર એલ. કૅસેન તથા અભિનેત્રી ડેઈમ સિબિલ થૉર્નડાઈક કલકત્તા આવ્યાં ત્યારે શિશિરબાબુનું શ્રીરંગમ્ થિયેટર પર ભજવાતું 'માઈકેલ મધુસૂદન' જોવા ખાસ ગયાં હતાં. અને નાટક પૂરું થતાં જ પ્રેક્ષકોના આશ્ચર્ય વચ્ચે સ્ટેજ ઉપર જઈને શિશિરબાબુને તેમણે પ્રશંસાથી વધાવી લીધા હતા. શિશિરબાબુના અનેક પ્રશંસકોમાં ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર પણ હતા. જીવનની સાંજ નમતાં પણ જ્યારે શિશિરબાબુ



'માઇકેલ મધુસૂદન'ની કે બીજી કોઈ ભૂમિકા ભજવતા ત્યારપૂરતું તો વયનું એકેએક વળગણ સાપની કાંચળીની માફક તેમનાં તન-મન પરથી ઊતરી અળગું થઈ જતું. ઊતરતી અવસ્થાએ તેમની આંખો નબળી થઇ ગઈ હતી. પાંચ ફૂટ દૂરની વસ્તુ પણ જોઈ શકતા નહિ. છતાં આ ખામી કોઇ કળી પણ શકતું નહિ એટલો તેમનો અભિનય જીવંત અને નિપુણતાભર્યો હતો. અને તેમના કલાભિનયની આ પૂર્ણિમા જીવનના અંત લગી આથમી જ નહિ. અદાકાર તરીકેની તેમની આંખની ચમક જ જુદી હતી. શ્રી શિશિરકુમારે કુલ આટલાં નાટકો-ચલચિત્રોમાં ભૂમિકા કરી છે: નાટકો: આલમગીર, ભીષ્મ, વિજય, બિદુર છેલે, વિપ્રદાસ, વિસર્જન, ચંદ્રગુપ્ત, ચિરકુમારસભા, દેશેર દાબી, દિગ્વિજયી, દુઃખીર ઇમાન, જન, જીવન-રંગ, મહાપ્રસ્થાન, મંત્રશક્તિ, નર-નારાયણ, પાંડવેર અજ્ઞાતવાસ, પાષાણિ, પોષ્યપુત્ર, પ્રફુલ્લા, પુંડરીક, રઘુવીર, રતિમાતો નાટક, રમા, શેષરક્ષા, સીતા (જોગેશ ચૌધરી વિરચિત), સીતા (ડી. એલ. રાય), શાહજહાં, સાધબાર એકાદશી, ષોડશી, શંખ-ધ્વનિ, શ્રીશ્રી વિષ્ણુપ્રિયા, તખ્તે તાઉસ, તપતી, ઉરોચિઠ્ઠી; મૂગાં ચલચિત્રો: મોહિની (૧૯૨૨, માદન થિયેટર્સ લિમિટેડ), કમાલે કામિની (૧૯૨૨, માદન થિયેટર્સ લિ.), આંધારે આલો (૧૯૨૨, તાજમહાલ ફિલ્મ કંપની, દિગ્દર્શક પોતે), વિચારક (૧૯૩૨, ઈસ્ટર્ન ફિલ્મ સિંડિકેટ, દિગ્દર્શક પોતે); બોલપટો (દિગ્દર્શન પણ પોતે જ કરેલું): પલ્લીસમાજ (૧૯૩૨, ન્યૂ થિયેટર્સ લિમિટેડ), સીતા (૧૯૩૩, ન્યૂ થિયેટર્સ લિ.), ટૉકી ઑવ ટૉકીઝ (૧૯૩૭, કાલિ ફિલ્મ્સ), ચાણક્ય (૧૯૩૯)(૧૯૩૭, કાલિ ફિલ્મ્સ), પોષ્યપુત્ર(૧૯૪૩, વૅરાઇટી પિક્ચર્સ).

પણ બંગાળની રંગભૂમિની કાયાપલટ કરનારનો સ્વભાવ જરા વિચિત્ર તો હતો. પ્રશંસામાં એ રાચ્યો નથી, છતાં પોતાના ક્ષેત્રમાં એ ઘણો જ અભિમાની હતો. ગુસ્સે થતાં કે માઠું લાગતાં એને વાર ન લાગતી. આ તેજીલા સ્વભાવને લીધે જ આખર સુધી તેમને અનેક આર્થિક વિટંબણાઓનો સામનો કર્યા કરવો પડયો. રાષ્ટ્રીય નાટ્યશાળા ઊભી કરવાનું તેમનું સ્વપ્ન આખર સુધી સાકાર ન થઈ શક્યું. વૃદ્ધાવસ્થાથી અશક્ત થએલા સિંહની જેમ એ નટાધિપ પોતાની બોડમાં બેસી રહ્યો. સરકારે તેમને પદ્મભૂષણનો ખિતાબ જાહેર કર્યો હતો, પરંતુ એ તેમણે નકારી કાઢયો. શિશિરબાબુને એક પુત્ર અશોક છે. તે બી. કૉમ. છે અને લાઈફ ઇન્સ્યોરન્સ કૉર્પોરેશનમાં નોકરી કરે છે.

તેમની પ્રત્યેક ભૂમિકા ચિરસ્મરણીય ગણાય છે. આજના અગ્રણી બંગાળી નટ શ્રી અહીન ચૌધરીએ તેમને આધુનિક બંગાળી રંગભૂમિના પ્રણેતા કહ્યા છે. તેમને અંજલિ આપતાં કવિએ ગાયું છે,

'વેદનાર વેદમન્ત્રે વિરહેર સ્વર્ગલોકે
કરિલે સૃજન
આદિ નાઈ, નાહિ તાર સીમા:
તુમિ શુધુ નટ નહ, તુમિ કવિ, ચક્ષે તવ
પ્રત્યૂષ-સ્વપન
ચિત્તે તવ ધ્યાનેર મહિમા.'

—અત્રિકુમાર ભટ્ટ

શિશિરકુમારનો સ્વભાવ અને એમની બહુમુખી પ્રતિભાનાં વિવિધ પાસાંઓ

ગઈ સાલ મુંબાઇમાં 'પ્રવૃત્તિસંઘ'ના ઉપક્રમે આપણી રંગભૂમિના ખ્યાતનામ અભિનેતા શ્રી જયશંકર 'સુંદરી'એ પોતાનાં જીવનસ્મરણો કહેલાં. ત્યારે એમણે કલકત્તામાં શિશિરકુમારે એમને 'સુંદરી' તરીકે પ્રથમ ઓળખ્યા ત્યારે જે હર્ષ વ્યક્ત કરેલો તેનો ઉલ્લેખ ભાવાવેશમાં ગદ્‌ગદ બની કરેલો. ગેરિક અને ઇરવિંગની કોટિના એ અભિનયપટુ કલાકારની નમ્રતા, આંતરપ્રાંતીય રંગભૂમિ પરત્વેનો સમભાવ અને તેમની પ્રતિભા વિષે પણ ઉલ્લેખ કરેલો. તેમણે બંગાળની રંગભૂમિ અને નાટ્ય-જગતને પોતાના વ્યક્તિત્વ અને અભિનય-કૌશલથી ચેતનવંતાં કરી મૂકેલાં. એમના અવસાન સાથે બંગલા રંગભૂમિનો એક યુગ અસ્ત થયો છે. એટલું જ નહિ પણ નાટ્યકલા અને સાંસ્કારિક પ્રવૃત્તિઓને ક્ષેત્રે ભવિષ્યની પ્રજા પેઢી દર પેઢી એમનું ઋણ સ્વીકારી ગૌરવ લેશે. આ સાથેના શ્રી અત્રિકુમાર ભટ્ટે લખેલા ચરિત્રલેખમાં શિશિરદાનો કુશળ અભિનય-સમ્રાટ તરીકેનો પરિચય આપ્યો છે, એટલે પ્રસ્તુત લેખમાં આપણે શિશિરદાનાં સ્વભાવ અને એમની બહુમુખી પ્રતિભાનાં વિવિધ પાસાંઓનો પરિચય કરીશું અને કેટલાંક સ્મરણો નોંધીશું:

"એક દિવસ—ઘડિયાળે દસના ટકોરા પાડયા અને મેં જૂના શ્રીરંગમ થિયેટરનું બારણું ખોલ્યું. કિચુડ કિચુડ અવાજ થયો અને સૌની જીભે જેમનું નામ રમે છે એ મારા સ્વપ્ન-શિલ્પી સન્મુખ હું આવી ઊભો. એ હતા શિશિરકુમાર ભાદુડી. એક જૂના પુરાણા સોફાના હાથા પર ભાર દઇને એ બેઠા હતા. વેધક નજરે મારી સામે જોયું. મેં કહ્યું: 'હું વિકાસકાન્તિ રાયચૌધરી.'

'આવ! તને અમારી મંડળીમાં ફાવશે? મારે સામાન્ય વ્યક્તિનું કામ જ નથી!' એ ગર્જ્યા. આવા અણધાર્યા અને સીધા પ્રશ્ન માટે હું તૈયાર નહોતો. હું થોથવાયો. પણ મેં સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. એમણે કડક સ્વરે કહ્યું: 'મારે તો પ્રતિભાશાળી કલાકારની જરૂર છે!'

'મારું ધારવું છે કે હું કાંઈ ઓછો નહિ ઊતરું!' મેં તરત જ કહ્યું.

'તું માત્ર 'ધારે' છે! તને ખાતરી છે? મને આવી 'ધારણા'થી દોરવાવું પસંદ નથી!'

મેં વળતો ઉત્તર આપ્યો: '"સીતા" નાટકના લેખકે જ ખુદ મારી શક્તિઓ પીછી છે એથી વિશેષ શી સાબિતી (અનુસંધાન પૃ. ૩૯૫)

The Empty House

ખાલી ઘર

સર આર્થર કૉનન ડૉઇલના
જગવિખ્યાત પાત્ર
શેરલૉક હોમ્સના
પુનરાગમનની વાર્તા



તદ્દન અસ્વાભાવિક અને ભેદી રીતે થએલા રોનાલ્ડ ઍડેરના ખૂનથી આખા લંડન પર સન્નાટો છાઈ ગયો હતો. ભદ્રસમાજમાં એક જાતની ભડક પેસી ગઈ હતી. પોલીસ કારૅવાઇમાં જે કંઈ બહાર આવ્યું તે એટલું જ હતું કે માનનીય રૉબર્ટ ઍડેર, અર્લ ઑવ માનુથ અને ઑસ્ટ્રેલિયાની એક વસાહતના ગવર્નરનો બીજો પુત્ર રોનાલ્ડ, તેની માતા મોતિયો ઉતરાવવા ઇંગ્લંડ આવી ત્યારે પોતાની એક બેન હિલ્ડા સાથે આવેલો. તેઓ ત્રણે નં. ૪૨૭, પાર્ક લેનમાં રહેતાં. બંને યુવાન પુત્રપુત્રી ભદ્રસમાજમાં ભળી ગયાં હતાં. તેમને કોઇની યે સાથે વેર હતું જ નહિ, કે નહોતો એવો કોઈ ખાસ વિરોધ. રોનાલ્ડનું સગપણ કારસ્ટેઇર્સની કુમારી એડીથ વૂડલી સાથે થયું હતું, પણ કેટલાક માસ પછી અંદરોઅંદરની સમજાવટ સાથે કોઈ પણ પક્ષે કંઈ ખાસ ગંભીર દુઃખ વિના એ ફોક કરવામાં આવેલું. આ સિવાય મરનારનું જીવન બહુ મર્યાદિત વર્તુળમાં વહેતું હોઇને તથા મિજાજનો એ બહુ શાંત અને સ્વભાવે લાગણીમાં તણાઈ ન જાય તેવો હોઈ તેને કોઈ સાથે ગંભીર વિખવાદ કે મતભેદ થવાનો સંભવ બહુ હતો નહિ. એ સરળ યુવાન પર વિચિત્રરીતે અણધાર્યો મોતનો ઓળો પડ્યો. ૧૮૯૪ના માર્ચની ૩૦મીની રાત્રે ૧૦થી ૧૧ાાની વચ્ચે તેનું ખૂન થયું.

રોનાલ્ડ ઍડેર પાનાંની રમતોનો શોખીન હતો. ઘણી વાર તે રમતો પણ પોતાને ખોટમાં ઊતરવું પડે એટલી હદ સુધી તો નહિ જ. પોતાના મોતને દિવસે તે બૅગટેલ કાર્ડ ક્લબમાં રમવા ગએલો. તે દિવસે બપોરે પણ તે ત્યાં રમેલો. એની સાથે રમનારા મિ. મર્રે, સર જ્હૉન હાર્ડી અને કર્નલ મૉરેને કહેલું કે તે રમતમાં ઍડેરે પાંચેક પાઉન્ડ ગુમાવેલા, પરંતુ સરવાળે તે સારા પૈસા જીતેલો. લગભગ દરરોજ તે એક યા બીજી ક્લબમાં રમવા જતો, પણ બહુ સજાગ રમનાર હોઈ મોટેભાગે તે કંઈ ને કંઈ જીતીને જ ઊઠતો. એમ પણ જાણવા મળેલું કે થોડાં અઠવાડિયાં પહેલાં ગૉડફ્રે મિલ્નર અને લૉર્ડ બાલમોરલ પાસેથી તે કર્નલ મૉરેન સાથે લગભગ ૪૨૦ પાઉન્ડ જીતેલો.

બનાવની રાત્રે દસેક વાગ્યે તે ઘેર પાછો ફર્યો ત્યારે તેની બહેન તથા મા કોઈ સંબંધીને ત્યાં ગએલાં. ઘરની કામવાળી બાઈનું કહેવું હતું કે એણે તેને બીજા માળના આગલા ખંડમાં પ્રવેશતો જોએલો. મોટે ભાગે તે ખંડ બેઠક તરીકે વપરાતો. તેણે ગરમાવા માટે અગ્નિ પણ પેટાવેલો તથા એથી ધુમાડો થયો હોઈ બારી ઉઘાડી નાખેલી. રાત્રે અગિયાર ને વીસે જ્યારે લેડી માનુથ અને હિલ્ડા પાછાં ફર્યાં ત્યારે એ ખંડમાંથી કશો અવાજ આવતો ન હોઈ તેમણે તેનું બારણું ખટખટાવેલું. બારણું અદરથી વાસેલું જ હતું. કંઈ જવાબ ન મળતાં તેઓએ બારણાં વધુ ભભડાવ્યાં, છતાં પણ કંઈ જ સંચાર ન થતાં આખરે મદદ બોલાવી દરવાજો તોડી નંખાવ્યો, તો અંદર કમનસીબ રોનાલ્ડ ટેબલ પાસે પડ્યો હતો. માથામાં રિવૉલ્વરની ગોળી વાગી ખોપરી ફાટી ગઈ હતી. તપાસ કરતાં એ ખંડમાંથી કંઈ જ હથિયાર મળ્યું નહિ. ટેબલ પર દસ પાઉન્ડની કરન્સી નોટો તથા સત્તર પાઉન્ડ દસ શિલિંગના સોના-રૂપાના સિક્કા જુદીજુદી ઢગલીઓના રૂપમાં પડ્યા હતા. સાથે એક કાગળ પર કેટલાક નામ તથા તેની સામે નાનીમોટી રકમો માંડેલી હતી. લાગતું હતું કે મૃત્યુ વખતે તે પોતાની હારજીતનો હિસાબ ગણી રહ્યો હશે. સંજોગોની વધુ ઊંડી તપાસથી તો કેસ ઊલટો વધુ ગૂંચવાતો ગયો. પ્રથમ તો તેને દરવાજો અંદરથી બંધ કરવાની શી જરૂર હતી એ જ સમજાતું નહોતું. સંભવ હતો કે ખૂનીએ જ તે અંદરથી વાસી દીધો હશે ને પછી પોતે બારી વાટે નાસી ગયો હશે. જોકે બારી ઓછામાં ઓછી વીસેક ફૂટ તો ઊંચી હતી જ. વળી, બારી બહાર નીચે બગીચામાં પણ કોઈના કૂદી પડવાનાં કે એવાં કંઈ જ નિશાન નહોતાં. ઘર અને મુખ્ય રસ્તાની વચ્ચે ઘાસથી આચ્છાદિત એક પટ્ટી હતી. તેના પર પણ કોઇનાં પગલાંનાં નિશાન હતાં નહિ. આટલા પરથી તો લાગતું હતું કે મરનારે પોતે જ બારણું અંદરથી બંધ કર્યું હશે. પણ તો પછી તેનું ખૂન કેવી રીતે થયું? પાછળ નિશાની છોડ્યા સિવાય તો કોઇ પણ વ્યક્તિ બારી સુધી પહોંચી શકે તેમ હતું જ નહિ. વળી, બહાર રસ્તા પર અવરજવર પણ રહે જ છે. થોડે જ દૂર ટૅક્સીસ્ટૅન્ડ છે. કોઇએ બંદૂકનો અવાજ પણ સાંભળ્યો નહોતો અને છતાં ખૂન તો થયું જ હતું અને ચેપાઈ ગએલી નરમ બુલેટ–ગોળીનું નિશાન પણ અચૂક અને એવું તો સચોટ હતુ કે વાગતાં જ રોનાલ્ડનું મોત થયું હશે તેમાં શંકા નહોતી. ટેબલ પરના પૈસાને યે ખૂનીએ હાથ લગાડ્યો નહોતો.

દિવસ આખો મનમાં ને મનમાં હું બનાવને વાગોળતો રહ્યો, પણ મને કંઈ જ ગમ પડી નહિ. છતાં કંઈ નવું જાણવા મળે એ આશાએ સાંજે હું પાર્ક લેન તરફ લટાર મારવા નીકળ્યો, અને છએક વાગતાં એ શેરીના ઑક્સફર્ડ સ્ટ્રીટ તરફના છેડા પાસે પહોંચ્યો. પેલી બારી તરફ જોઈ કેટલાક નવરા લોકો સામેની ફૂટપાથ પર ટોળે વળી અવનવા તુક્કા લડાવતા હતા. તે પરથી ખૂન કયા મકાનમાં થયું હશે તે હું જાણી ગયો. ટોળા વચ્ચે એક ઊંચો પાતળો ને રંગીન ચશ્મા પહેરેલો માણસ પોતાનો કંઇક તર્ક પ્રદર્શિત કરી રહ્યો હતો. પ્રથમ તો મેં તેને સાદા વેશધારી પોલીસનો માણસ જ ધારી લીધો, પણ તેની વાત સાંભળતાં મને તેમાં કંઇ તથ્ય નહિ લાગતાં હું પાછો હઠી ગયો. પણ એમ કરતાં અકસ્માત જ મારી પાછળ ઊભેલા એક આધેડ માણસ સાથે હું અથડાયો ને તેના હાથમાંની કેટલીક ચોપડીઓ પડી ગઈ. મને યાદ છે કે એ પડેલી ચોપડીઓ પાછી આપતી વખતે મેં એકનું નામ પણ વાંચેલું–ધી ઑરિજિન ઑવ ટ્રી વર્શિપ (વૃક્ષપૂજનનાં મૂળ), અને મને લાગ્યું કે તે માણસ બિચારો કાં તો શોખથી અથવા વેચવા માટે આવા ગહન વિષયનાં પુસ્તકો વસાવતો હશે. મેં તેની માફી માગી પણ તેમ કરતાં મેં જોયું કે તેની ચોપડીઓ મારાથી અકસ્માત પડી ગએલી છતાં તેનો તેને અણગમો થયો હતો, ને ખરે જ, તે ઘૃણાથી કંઇક બબડતો બબડતો પીઠ ફેરવી ચાલતો થયો.

પાર્ક લેનના આંટાથી મને ખાસ કંઇ ઉકેલ જડ્યો નહિ. મેં જોયું કે રસ્તાથી મકાનને છૂટું પાડતી માત્ર એક નીચી વંડી જ હતી, એટલે બગીચામાં પેસવું તો કોઇને યે માટે સરળ હતું. પરંતુ પછી પેલી બારીએ તો કોઈ પહોંચી શકે તેમ નહોતું, કેમકે તેની નજીકમાં પાણીનો પાઈપ કે એવું કંઇ પણ હતું નહિ. હું ઘેર પાછો ફર્યો અને આવ્યે પાંચેક

મિનિટે નહિ થઈ હોય ત્યાં કામવાળી બાઇએ આવીને કહ્યું કે કોઈ મળવા આવ્યું છે. મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો એ જ પેલો આધેડ ચોપડીવાળો આવ્યો હતો. ગૂંચળાંવાળા સફેદ વાળ વચ્ચે તેનો તેજસ્વી ચહેરો આગળ તરી આવતો હતો. ડઝનેક થોથાં તેના હાથમા ઉપાડેલાં હતાં. 'મને જોઈ આપને નવાઇ લાગે છે, નહિ સાહેબ!' તદ્દન અપરિચિત અવાજે તેણે પૂછ્યું ને મેં તે કબૂલ્યું પણ ખરું.

'મેં આપને આ ઘરમાં પ્રવેશતા જોયા ત્યારે હું યે આપની પાછળ-પાછળ ખોડંગાતો ચાલ્યો આવતો હતો. મને થયું, લાવ આ સજ્જનને જઇને મળું અને કહું કે એ વખતના મારા વર્તનમાં સહેજ વિચિત્રતા હતી, પણ મનમાં એવું કશું હતું નહિ. ઊલટું આપે મારાં પુસ્તકો ઊચકી આપી મને ઉપકૃત કર્યો છે.'

'કંઈ નહિ, એમાં શું થઈ ગયું? પણ તમે મને ક્યાંથી ઓળખો?'

'હું આપનો પાડોશી જ છું. ચર્ચ સ્ટ્રીટના ખૂણે મારી નાનકડી દુકાન છે. આપને મળી ઘણો આનંદ થયો. આપ પણ પુસ્તકો સંઘરતા લાગો છો. જુઓ આ બ્રિટિશ બર્ડ્સ, આ કેટ્યુલસ, અને આ ધ હોલી વૉર—દરેક વસાવવા જેવું છે. અને આમાંનાં પાંચેક પુસ્તકોથી તો આપ પેલી અભરાઇ પરનો ખાલી ગાળો આસાનીથી પૂરી શકશો; જુઓને અત્યારે એ કેવો અડવો લાગે છે!'

સ્વાભાવિક જ હું પાછળની એ અભરાઇ તરફ જોવા ફર્યો ને જેવું મેં મોં પાછું ફેરવ્યું તો ટેબલની સામી બાજુએ મારી સામે હસતા શેરલૉક હોમ્સ ઊભા હતા! હું તો ઊભો જ થઇ ગયો ને આશ્ચર્યથી દિઙ્મૂઢ થઈ એમની સામે તાકી જ રહ્યો. પછી તો, મને લાગે છે કે, હું બેભાન જેવો થઈ પડી ગયો હોઇશ. મને બધું ધૂંધળું દેખાવા લાગેલું ને જ્યારે એ બધું સ્પષ્ટ થયું ત્યારે મને લાગ્યું કે મારા ખમીસના કૉલર ઢીલા કરાયા હતા તથા મારે હોઠે બ્રાન્ડીની ભીનાશ જણાતી હતી. હોમ્સ પોતાનો પ્યાલો લઈ મારી ખુરશી પર ઝૂકીને ઊભા હતા.

'પ્રિય વૉટસન,' એ જ પરિચિત અવાજ, 'હું ખરેખર તમારી માફી માગું છું. મને ખયાલ જ નહિ કે તમારા પર આટલી બધી અસર થશે.'

મેં તેમનો હાથ પકડી લીધો. 'હોમ્સ! શું ખરેખર તમે જ છો?! શું તમે જીવતા છો? શું તમે પેલી ભયંકર ખાઈ ચડી ગયા હતા?' એકદમ મેં પૂછી નાખ્યું.

'સબૂર, સબૂર: પ્રથમ તો એ કહો કે આ બધું ચર્ચવા જેટલા તમે સ્વસ્થ થયા છો કે નહિ? વ્યર્થ નાટકીય પ્રવેશ કરી મેં તમને ભારે આઘાત પહોંચાડ્યો છે.'

'અરે, હવે તદ્દન સ્વસ્થ છું. પણ હજી યે મને મારી આંખો પર ભરોસો નથી. શું તમે સ્વયં મારા આ ખંડમાં હાજર છો?' ફરી મેં તેમની બાંય પકડી લીધી તો તેની નીચેના તેમના પાતળા હાથનો સ્પર્શ સાચ્ચેસાચ અનુભવ્યો. 'ના, ના, તમે પ્રેત તો નથી જ લાગતા.' મેં કહ્યું, 'વયસ્ય, તમને જોઇને મારા આનંદનો પાર નથી. બેસો, બેસો. પહેલાં કહો કે પેલા જીવલેણ પ્રસંગમાંથી કઈ રીતે જીવતા પાછા ફર્યા.'

તેઓ મારી સામે બેઠા. સિગારેટ કાઢી અને એ જ પેલી આગવી રીતે તે પેટાવી. મોટો ઝૂલતો કોટ તેમણે ચડાવ્યો હતો, અસલ બુકસેલર જ જાણે! પણ તે સિવાયનું વ્યક્તિત્વ તો માત્ર પેલી ટેબલ પર પડેલી ચોપડીઓ અને પેલા સફેદ વાળ પાછળ જ ઢાંક્યું હતું. અગાઉ કરતાં અત્યારે તે કંઈક દૂબળા અને કંઈક કડક લાગતા હતા. ચહેરા પરની ફિક્કાશ જોતા લાગતું હતું કે તેમની તબિયત તદ્દન સારી તો નહોતી જ.

'વૉટ્સન, હું જરા લંબાવું.' તેમણે કહ્યું, 'મજાક નથી કરતો પણ કલાકોની ટાંટિયાતોડ પછી લાંબા માણસોને જરા આડા પડવું સારું તો લાગે જ છે. આજ રાત્રે એક સખત અને જોખમભર્યું કામ છે. એ પતી ગયા પછી હું બધી વાતો વિગતવાર કરું તો?'

'પણ મારે તો એ બધું અત્યારે જ સાંભળવું છે.'

'ભલે, તો હું પેલી ખાઈ વિષે કહું. મારે માટે તો તેમાંથી નીકળવાનું મુશ્કેલ હતું જ નહિ, કેમકે હું તેમાં પડ્યો જ નહોતો.'

'શું? તમે એમાં પડ્યા નહોતા?'

'ના, વૉટસન. અલબત્ત, તમને મળેલી ચિઠ્ઠી ખરેખર મારી જ લખેલી હતી. સલામતીના એક માત્ર માર્ગને અવરોધીને ઊભેલા સ્વ. પ્રોફેસર મોરીઆર્ટીની સામે જ્યારે મેં જોયું ત્યારે તેની આંખોમાં તેના નિર્ણયની અફરતા મેં જોઈ લીધી. અને મને પણ મારા જીવવાની શક્યતા વિષે શંકા થઈ આવી. મેં તેની સાથે થોડી વાતચીત કરી ને તેથી તમને જે ચિઠ્ઠી મળી હતી તે લખવાની મને છૂટ મળી. સિગારેટના ખોખા અને લાકડી સાથે તે મૂકી. ને હું પેલી કેડી પર ચાલ્યો. ત્યારે પણ મોરીઆર્ટી મારી પાછળ જ હતો. છેડા પર આવી મેં જોયું કે હવે નીચે ઘૂઘવતું પાણી જ છે. તેણે કંઈ જ હથિયાર કાઢ્યુ નહિ પણ મને ધક્કો દેવા બે હાથ લંબાવી તે આગળ ધસ્યો. તે જાણતો હતો કે તેની રમત હવે પૂરી થઈ ગઈ છે. હવે તે માત્ર મારા પર વેર જ વાળવા માગતો હતો. તેણે પોતાના બંને હાથે મને નીચે પછાડવા મને પકડ્યો. ખડકની ધાર ઉપર જ અમે બંને હતા! પણ જાપાનીસ કુસ્તી બેરીત્સુની મારી જાણકારી મને ઘણીવાર ઉપયોગી નીવડી છે. તેનો દાવ અજમાવી હું તેની પકડમાંથી છટક્યો અને તેણે જ સમતોલપણું ગુમાવ્યું ને એક તીણી મરણચીસ સાથે તે નીચે ફેંકાઈ પડ્યો. ધાર પરથી મેં તેને દૂર નીચે જતો જોયો. એક ખડક સાથે તે પટકાયો અને ત્યાંથી નીચે ઘૂઘવતા પાણીમાં જઈ પડ્યો.'

આશ્ચર્યથી અવાક્ થઈ હું આ બધું સાંભળી રહ્યો. હોમ્સ પોતાની સિગારેટના ધુમાડા કાઢ્યે જતા હતા.

'પણ પેલાં પગલાંનું શું? મેં મારી સગી આંખે એ કેડી પર બે જણનાં પગલાંનાં નિશાન જોએલાં, એકે પાછાં ફર્યાની નિશાની તો નહોતી જ.'

'એ પણ કહું. નીચે પ્રોફેસર દેખાતો બંધ થયો તે જ ક્ષણે મને થયું કે ચાલો નસીબે યારી આપી; કેમકે મોરીઆર્ટીને તો હું ઓળખતો હતો. પણ મને મારવા એ એકલો જ આતુર નહોતો. એ તો ગયો, પણ એના બે સાથી હજી જીવતા હતા. મને તુરત જ ખયાલ આવ્યો કે જો તેઓને મારે બદલે તેમના નેતાના મોતની ખબર પડે તો તેઓ મને એ જ ક્ષણે મારવા પ્રવૃત્ત થઈ જાય. એથી ઊલટું જો દુનિયાને એમ લાગે કે હું મરી જ ગયો છું તો તેઓ નિશ્ચિત થઈ રહેવા લાગે ને છડેચોક પોતાનું કાર્ય ચાલુ રાખે. ત્યારે વહેલોમોડો હું તેમને પકડી શકું અને એ વખતે મારી જાતને છતી કરી શકું. આ બધું મારા દિમાગમાં એટલી ઝડપથી આવી ગયું કે મને લાગે છે કે તે દરમિયાન પ્રોફેસર તો હજી રીશેનબૅક ધોધના પાણીમાં પહોંચ્યો પણ નહિ હોય!

'તુરત મેં મારી પાછળની ખડકાળ દીવાલ પર નજર ફેરવી લીધી. તમે આ આખા બનાવનું છાપામાં વર્ણન કરેલું તે થોડા વખત પછી મારા જોવામાં આવેલું. તમે લખેલું કે દીવાલો લીસી ને લપસણી હતી, પણ સાવ એમ નહોતું. કેટલીક જગ્યાએ પગ મુકાય તેવાં બાકોરાં ને ક્યાંક પથ્થરના બે થરની વચ્ચે સાંધો હતી. પણ એ રીતે એ ખડક પર ચડવું લગભગ અશક્ય જ કહી શકાય તેટલો એ ઊંચો છે. વળી પેલી ભીની કેડી પર કંઈ પણ નિશાન મૂક્યા વિના ચાલવું એ પણ અશક્ય જ હતું. અલબત્ત, બૂટ ઊંધાં બાંધી ભ્રમ ઊભો કરી શકાય, પણ એથી તો ઊલટું એક જ દિશામાં જતાં ત્રણ જણનાં પગલાં કદાચ એ યુક્તિ જાહેર કરી દે. આખરે પેલી દીવાલ ચડ્યા સિવાય મારે માટે બીજો કોઈ માર્ગ રહ્યો નહોતો. જો કે એ રસ્તો લેવો જરાયે ગમે તેવો નહોતો જ. નીચે ધોધનાં પાણી ઘૂઘવતાં હતાં. અને તમે જાણો

છો તેમ આપણે વહેમી નહિ હોવા છતાં જાણે પેલા પ્રોફેસરની છેલ્લી ચીસ હજી મારા કાનમાં ભણકારા પાડતી હતી. મારી જરાશી ગફલત પણ એ જગ્યાએ જીવલેણ જ નીવડી હોત. હાથમાં પકડેલાં છોડ કે ઘાસનાં મૂળિયાં ઊખડી જતાં ત્યારે કે પાણીના છંટકાવથી લપસણા બનેલા બાકોરામાંથી પગ સરકતો ત્યારે મોત તદ્દન નજીક જ આવેલું લાગતું. પણ ગમે તેમ હું થોડે ઉપર ચડી ગયો અને બે ખડકની વચ્ચેની શેવાળ જામેલી એક ઊંડી ફાટ પાસે પહોંચી ગયો. અહીં મને કોઈ દેખી શકે તેમ નહોતું એટલે આરામથી ત્યાં છુપાઇને પડી રહ્યો. ત્યાં રહ્યે રહ્યે મેં તમને અને બીજા સૌને મારા મૃત્યુ વિષે આવડત વગરની છતાં મારા પ્રત્યેની લાગણીથી ભરપૂર તપાસ કરતા સાંભળેલા. આખરે તમે અનિવાર્ય અને ભૂલભરેલો નિર્ણય લઈ હોટલ તરફ ઊપડી જતા સંભળાયા અને મેં માન્યું કે મારું સાહસ હવે પૂરું થયું. ત્યાં એક તદ્દન અણધાર્યો બનાવ બન્યો. ઉપરથી એક મોટી શિલા નીચે આવી અને મને ઘસાઇને જ પસાર થઈ જઈ પેલી કેડી પર પડી! પ્રથમ તો મને કંઈ અકસ્માતનો જ ભ્રમ થયો. પણ ત્યાં તો મારા માથા પાસે જ બીજો મોટો પથ્થર આવી પડ્યો! મારું ધ્યાન ઉપર ગયું તો ત્યાં મેં કોઈ માણસનું માથું જોયું. હું તુરત સમજી ગયો. મોરીઆર્ટી એકલો નહોતો જ; તેના બીજા સાથીદારો પણ હતા અને તેમાંના જ કોઇએ દૂરથી પોતાના સરદારને મરતો તથા મને અહીં સંતાતો જોઈ લીધો હશે. તમારા પાછા ફરવા સુધી તેણે રાહ જોઈ હશે અને હવે તે સરદારનું અધૂરું રહી ગએલું કાર્ય પૂરું કરવા આવ્યા હશે.

'પણ આ બધો વિચાર મને આવી રહે ત્યાં તો ફરી પેલું માથું દેખાયું; અને ફરી પાછો પથ્થર આવવાનો જ એ હું સમજી ગયો, ને તુરત જ વાંકો વળી હું પેલી કેડી પર સરકી ગયો. અત્યારે મને નથી લાગતું કે અન્ય કોઈ પ્રસંગે હું આવું આંધળું સાહસ કરું. પણ એ વેળા જોખમનો વિચાર કરવા બેસવાનો મારી પાસે સમય જ ક્યાં હતો? ત્યાર પછી લગભગ અરધે સુધી તો હું સરકતો જ ગયો. આસપાસનાં ઝાંખરાં ભેરવાઇને પડેલા ઉઝરડાઓમાં લોહીની ટશરો ફૂટી આવી. પડતો આખડતો હું મુખ્ય કેડી પર આવી ગયો ને પછી તો નાચું ઘાલીને એ અંધારામાં હું દોડવા જ લાગ્યો. લગભગ દસેક માઈલ સુધી હું એ ડુંગરાઓમા જ આથડ્યા કર્યો ને આખરે એકાદ અઠવાડિયે હું ત્યાંથી ફ્લૉરેન્સ પહોંચ્યો. ત્યારે તો મને ખાતરી થઈ ચૂકી હતી કે મારું શું થયું હશે તે હવે જગતમાં કોઈ જાણતું નહિ હોય.

'મારા જીવતા રહેવાની જાણ માત્ર મારા ભાઈ માઇક્રૉફ્ટને જ મેં કરેલી. તમને નહિ જણાવવા બદલ માફી માગું છું, પણ હું મરી ગયો છું એમ સૌ માને એ ખૂબ જ જરૂરી હતું. એથી જ તો તમે મારી ચોપડીઓ પાડી નાખી ત્યારે પણ હું તુરત તમારાથી પીઠ ફેરવી ચાલ્યો ગયો.

'પછી તો મેં બે વર્ષ તિબેટમાં મુસાફરી કરી. છેક લ્હાસા પહોંચી ત્યાંના મુખ્ય લામા સાથે પણ થોડા દિવસ ગાળી આવ્યો. તમે સાઈજરસન નામના નૉર્વેજિયન શોધસફરીનાં લખાણો તો વાંચ્યાં જ હશે, પણ ત્યારે તમને ખયાલ પણ ક્યાંથી હોય કે એ ખબરો તમારા આ મિત્ર તરફથી જ આવતા હતા! પછી હું મક્કા પણ જઈ આવ્યો ને ખાર્ટૂમમાં ત્યાંના ખલીફાની મુલાકાત પણ લીધી ને તેની વિદેશ કચેરીમાં પણ થોડું કામ કર્યું. ત્યાંથી હું ફ્રાંસ આવ્યો ને દક્ષિણમાં મોન્તપેલીએરની પ્રયોગશાળામાં ડામરમાંથી તૈયાર થતી બનાવટો વિષે થોડા માસ સંશોધન કર્યું. અને હવે આટલાથી મને સંતોષ થયો હોઈ, તથા અહીં લંડનમાં મારા બે શત્રુમાંથી એક જ હવે બચ્યો હોવાનું જાણી હું પાછા ફરવાનું વિચારતો જ હતો, ત્યાં પાર્ક લેનના આ બનાવે તેને વેગ આપ્યો. આ એક વિશિષ્ટવિચિત્ર કિસ્સો હતો એટલું જ નહિ પણ તેમાં વ્યક્તિગતરીતે પણ મને એક ખાસ તક મળે છે. એટલે આખરે હું લંડન આવ્યો ને સીધો બેકર સ્ટ્રીટના આપણા અસલ મથકે જઈ પ્રથમ તો મિસિસ હડસનને એકદમ નવાઈમાં ડુબાડી દીધાં!'

આ બધું સાંભળી લાગણીથી હું જરા ગળગળો થઈ ગયો. હોમ્સ એ સમજી ગયા. ખૂબ સહાનુભૂતિથી એ બોલ્યા:

'દોસ્ત, આવી લાગણીને દબાવવા માટે કાર્ય એ જ સાચો ઉપાય છે. અને આપણા બંને માટે આજ રાત્રે મેં એક કામ કાઢી રાખ્યું છે. આપણે જો તેને પાર પાડી શકીશું તો પૃથ્વી પરનાં માણસો માટે આપણે ખરેખર એક ન્યાયી કૃત્ય કર્યું ગણાશે.'

ખિસ્સામાં રિવૉલ્વર અને હૃદયમાં સાહસનો ઉદ્રેક લઈ ગાડીમાં હું તેમની બાજુમાં બેઠો હતો. અત્યારે હોમ્સ ઠંડકથી સ્થિર અને શાંત બેઠા હતા. ભવાં ઢાળી હોઠ સખત બીડીને કંઈ ઊંડા વિચારમાં ડૂબી ગયા હતા. લંડનની આ ગુનાખોરીના જંગલમાં કયા જાનવરનો શિકાર કરવા અમે જતા હતા તેની મને કંઈ જ જાણ નહોતી. પણ કુશળ શિકારી એવા મારા સાથીદારની ગંભીરતા પરથી મને એટલી તો ખાતરી થઈ જ ગઇ હતી કે આજના પરાક્રમનું મહત્ત્વ સામાન્ય તો નહોતું જ. વચ્ચે વચ્ચે ઢીલા થઇ સહેજ મરકી જતા તેમના હોઠ જોઈ મને એ પણ ખાતરી થતી હતી કે આ સાહસમાં અમને સફળતા જ મળવાની તેમની ધારણા હતી.

બહાર જોતાં લાગ્યું કે અમે અમારા મૂળ મકાન બેકર સ્ટ્રીટ તરફ જ જતા હોઈશું. પણ કૅવૅન્ડિશ સ્કવૅર પાસે જ હોમ્સે ગાડી થોભાવી દીધી. નીચે ઊતરતાં ચારે તરફ તેમણે બહુ જ ચોકસાઇથી નજર ફેરવી લીધી. ચોકમાં પડતા દરેક રસ્તા પર નજર ફેરવી તેમણે એ પણ ખાતરી કરી લીધી કે કોઇએ અમારો પીછો તો નથી પકડ્યો. અમે લીધેલો માર્ગ તદ્દન સૂમસામ હતો. લંડન શહેરની ગલીકૂંચીઓનું હોમ્સને ગજબનું જ્ઞાન હતું. અત્યારે પણ તેઓ ઝડપથી અને દૃઢ વિશ્વાસથી પગલાં ભરતા હતા. જેની મને કદી યે જાણ નહોતી એવા શાહી તબેલાઓવાળી ગલીમાં થઈ આખરે અમે જરીપુરાણાં મકાનોની હારવાળી એક શેરીમાં પેઠા. અહીં હોમ્સ એકદમ એક ખાંચામાં વળી ગયા અને લાકડાનો એક ઝાંપો ખોલી અંદર નિર્જન ફળિયામાં અમે પ્રવેશ્યા. પોતાની પાસેની એક ચાવી કાઢી તેમણે એ જર્જરિત મકાનનું પાછલું બારણું ખોલ્યું અને અમે બંને અંદર દાખલ થયા. પાછળ હોમ્સે બારણું અટકાવી દીધું.

તદ્દન અંધારી એ જગ્યા હતી. મકાન સાવ ખાલી જ લાગતુ હતું. ભોંય પરનાં પાટિયાં પર અમારા પગલાં પડતાં ચીચુડાટી બોલતી હતી. અંધારામાં આગળ ધરી રાખેલા મારા હાથ આખરે એક દીવાલને સ્પર્શ્યા. તેના પર ચોડેલા વૉલ-પેપર ફાટી જઇ તેના લીરા લબડી પડ્યા હોય તેમ મને લાગ્યું. હોમ્સે પોતાની ઠંડી પાતળી આંગળીઓ વડે મારું કાંડું પકડી લીધું ને મને એક મોટા ખંડમાં થઈ જમણી બાજુની એક ખાલી ઓરડીમા દોરી લાવ્યા. સામી દીવાલ પરની બારીના ધૂળ ખાધેલા મેલા કાચ અને જીર્ણ પડદા પાછળથી બહારની શેરીનું આછું અજવાળું એ ઓરડીની વચમા પડતું હતું. ખૂણા તો તદ્દન અંધારામા જ હતા. અહીં અમે એકબીજાનો માત્ર આકાર જ જોઈ શકતા હતા અને તે પણ ઓરડીના માત્ર પેલા ઉજાસવાળા ભાગના જ. હોમ્સે મારા ખભે હાથ મૂકી બહુ જ ધીરેથી પૂછ્યું, 'આપણે ક્યાં છીએ?'

સહેજ પડદો હટાવી બહાર નજર કરતા મેં કહ્યું, 'ચોક્કસ; આ તો બેકર સ્ટ્રીટ છે!'

'બરાબર, આપણે અત્યારે કૅમડન હાઉસમાં છીએ, આપણા અસલ રહેઠાણની બરોબર સામે જ!' (અનુ. પૃ. ૩૯૧)

સર આર્થર કૉનન ડૉઈલ

કલ્પનાસભર છતાં બુદ્ધિપૂત કથાસાહિત્યના સમર્થ સર્જક જેમની જન્મશતાબ્દી હમણાં ઊજવાઈ

લેખક
મહેન્દ્ર ન. પંડયા



સાહિત્યના ક્ષેત્રમાં આપણને સામાન્યત: એવા લેખકો મળે છે, જેઓ પોતાનાં માનસિક સર્જનોને પાળે અને પોષે, તેની ચિરંજીવ કીર્તિ માટે ઉત્સુક હોય તથા તેની લોકપ્રિયતાથી ઉત્સાહીત અને પ્રફુલ્લિત બને! પણ અત્રે આપણે એક એવા વિરલ લેખકના સંપર્કમાં આવીએ છીએ કે જે પોતાના સર્જનનો ત્યાગ, તેનો નાશ કરવા જ આતુર હોય! પોતાની વાર્તાઓ માટે કોઈ આપવા તૈયાર ન થાય એવા અસંભવિત પુરસ્કારની માગણી કરીને પણ, તેને દાટી દેવા જે મથ્યા હોય; અને અંતે જેમણે જાહેર પ્રજામતના અત્યંત દબાણને લીધે જ કમને પોતાની કલમ ઉપાડી, પોતાના સર્જનને દીર્ઘકાળ માટે પુનર્જીવિત કર્યો હોય.

વળી, આ લેખક બીજી એક રીતે પણ આપણને વિસ્મિત કરે છે. તેમની કલ્પનાશક્તિનું અનન્ત વૈવિધ્ય એટલું અપાર અને રોમાંચક હતું કે વિજ્ઞાન અને અવલોકનથી માંડી ઇતિહાસ અને આધ્યાત્મિક વિષયો સુધીના વિશાળ ફલક પર તે વિહરતી. જે જમાનામાં તેમણે લખવાનું શરૂ કર્યું તે સમયે 'ડિટેક્ટિવ સાહિત્ય' ઈંગ્લંડમાં તો સામાન્યત: અણખેડાએલું જ હતું. વિલ્કી કૉલિન્સે 'ધ મૂનસ્ટોન' લખી હતી; અમેરિકામાં એડ્ગર ઍલન પોએ એ દિશામાં પ્રયાણ કર્યું હતું; ફ્રાન્સમાં પણ એમીલ ગેબોરીઓને લીધે ચંચુપ્રવેશ થયો હતો, પણ એ સાહિત્યને લોકપ્રિયતાને ઉચ્ચ શિખરે આણવાનું માન ઘટે છે આપણા આજના નાયક આર્થર કૉનન ડૉઈલને જ. એમણે ટૂંકી તથા લાંબી ઘણી વાર્તાઓ લખી, આ પ્રકારના ગુનાવિષયક સાહિત્યને શિષ્ટતાની સૌરભ અને બૌદ્ધિક પ્રભાવથી અજવાળ્યું. જગતના લોકો આગળ અવલોકન, ચિંતન, મનન, તાર્કિક અનુમાનોની મહત્તા, આનંદ અને પ્રસાદ એવી તો માત્રામાં રજૂ કર્યાં કે 'શેરલૉક હોમ્સ' એ ઘરગથ્થુ શબ્દ બની ગયો.

આજના ડિટેક્ટિવ સાહિત્યના નાયકો હર્ક્યુલ પ્વારો, આરસીં લ્યૂપીન, ઇન્સ્પેક્ટર વેડ, મિ. ફૉર્ચ્યુન, પીટર વીમ્ઝી આદિ ખાનગી અથવા પોલીસ ડિટેક્ટિવોમાં થોડેઘણે અંશે હોમ્સની જ છાયા જણાય છે.

હોમ્સના સર્જન પાછળ કર્તાએ એડિનબરો યુનિવર્સિટીમાં મેળવેલા અનુભવો અને ત્યાંના ડૉ. જોસફ બેલની પ્રતિભાની ભૂમિકા તથા અસર છે. ડૉ. બેલની અવલોકનશક્તિ અને અનુમાનવૃત્તિનો ઉપયોગ પોતાના વાર્તાવસ્તુના હાર્દ સાથે વણવા તેમણે પ્રયાસ કર્યો, અને પરિણામે શેરલૉક હોમ્સની અસંખ્ય, પ્રશંસાપાત્ર અને પ્રોત્સાહિત કરનાર વાર્તાવલિ જન્મી. 'એ સ્ટડી ઈન સ્કાર્લેટ,' "ધ સાઈન ઑવ ધ ફોર' જેવી નવલિકાઓ એ તથા 'એ સ્કૅન્ડલ ઈન બોહીમીઆ' જેવી વાર્તાઓએ વાચકવૃન્દ પર જાણે જાદુ પાથર્યો.



ડૉઈલનું અમર પાત્ર શેરલૉક હોમ્સ

આ બધી નવલિકાઓ ને વાર્તાઓમા શેરલૉક હોમ્સ ને તેમના મિત્ર ને સાથીદાર ડૉ. વૉટસન લંડનની બેકરસ્ટ્રીટમાં એક મિસિસ હડસનના ઘરમાં રહેતા આલેખ્યા છે. ત્યાં ઘણાં ત્રાસિત, નિર્દોષ, મૂંઝાએલાં સ્ત્રી-પુરુષો સહાય માટે આવે છે. તેઓ સ્વદેશનાં ને પરદેશનાં, આમ તથા અમીર બંને વર્ગનાં હોય છે, અને હોમ્સ તેમને, જરા કે પ્રશંસા, જાહેરાત કે બક્ષિસની આકાંક્ષા વિના સેવા અર્પી ન્યાય અને નીતિનો પંથ ઉજ્જ્વળ બનાવી, દોષિતને દંડ અને નિર્દોષને મુક્તિ અપાવે છે. પોલીસને પણ અવળે માર્ગેથી પાછા વાળી સાચો રાહ બતાવે છે, અને હિંમત, અપૂર્વ માહિતી, અવલોકન અને તર્કશાસ્ત્રના સિદ્ધાન્તોને અનુસરી ગુના પકડી પાડે છે. આ પ્રમાણે તેમની વાર્તાઓનો રસ ખૂન અથવા લોહીથી ખરડાએલા ગુનામાં ન રહેતાં, ઉત્કૃષ્ટ ભૂમિએ વૈજ્ઞાનિક કક્ષાએ પહોંચે છે અને આપણને પણ અવલોકન, તર્કવિતર્ક તથા માનસશાસ્ત્રનાં ક્ષેત્રો સમજીને, આચરણ કરવામાં સહાયભૂત થાય છે. વાર્તાવસ્તુ આપણે ડૉ. વૉટ્સનના શબ્દોમાં જ સાંભળીએ છીએ. હોમ્સ જે જુએ છે તે જ આપણે જોઈએ છીએ; અને છતાં આગળ પ્રગતિ કરી શકતા નથી. આખરે હોમ્સ આપણને, પોતે લીધેલાં પગલાં સમજાવે છે અને આપણે ત્યારે તેની બુદ્ધિનાં દર્શન કરતાં કરતાં, તેના અભિપ્રાય જોડે સંમત થઈએ છીએ. પણ તે પળ પર્યન્ત આપણને એ બધું સમજાવીને અતે હોમ્સ કહે છે તેમ એ 'એલિમેન્ટરી' નહોતું લાગતું!

આવી કેટલીક અદ્ભુત વાર્તાઓ અને નવલિકાઓ લખ્યા બાદ તેમને હોમ્સનો અંત આણવાનું મન થયું. પોતાની માતાને પણ તેમણે લખી જણાવ્યું કે હવે હોમ્સનો અંત લાવવો છે; અને તેથી 'ધ ફાઇનલ પ્રૉબ્લમ' (આખરી કોયડો) નામે વાર્તામાં તેમણે પ્રો. મોરીઆર્ટી નામના ગુનાખોર સાથેના દ્વન્દ્વયુદ્ધને અંતે ઊંડી ખીણમાં ધકેલાઇને નાશ પામ્યાનું નિરૂપણ કર્યું. ધૂઘવતા ધોધ પર તોળાઈ રહેલા એક ખડક પરની પાતળી કેડી પર હોમ્સનાં માત્ર પગલાં દેખાયાં; કલ્પી શકાય કે હોમ્સ નીચે પડયો, અને...

પરંતુ, આ કલ્પના તેમના લાખ્ખો વાચકો સ્વીકારવા તૈયાર ન હતા! ગમે તે થાય પણ હોમ્સનું આ 'ખૂન' તેઓ સહન ન જ કરી શકયા! તેમના પર માગણીઓનો ધોધ વરસ્યો: 'હોમ્સ પાછા જીવંત રૂપે બેકર સ્ટ્રીટમાં આવવા જ જોઇએ.' તેને સજીવન કરવાનો દૃઢાગ્રહ જ તેઓએ પકડયો. રસ્તામાં લોકોએ હોમ્સના અવસાનના શોકમાં કાળી પટ્ટીઓ પહેરી ચાલવા માંડયું! કૉનન ડૉઈલને ધમકીના, વિનંતિના, અસંખ્ય પત્રો મળ્યા. પણ ડૉઇલે વર્ષો સુધી અવગણના કરી 'હોમ્સ ત્યાં છે અને ત્યાં જ રહેશે' એમ અનેક વાર જણાવ્યું, પણ આખરે સંજોગો અથવા લોકમત આગળ નમી પરાજિત થઇ, હોમ્સને તેમણે ઑક્ટોબર ૧૯૦૩મા 'ધી એમ્પ્ટી હાઉસ' વાર્તામાં પાછો સજીવ કર્યો;* અને ત્યારથી યાવચ્ચન્દ્રદિવાકરો હવે જીવન્ત રહેશે. ડૉઈલના અવસાનને આજે ત્રીસેક વર્ષો થયાં છતાં પણ તેની લોકપ્રિયતા ઓસરી

* એ વાર્તા આ અંકમાં આપી છે.

નથી: રેડિયો, નાટકો, ફિલ્મોમાં હોમ્સ હજી અવતર્યા જ કરે છે, હોમ્સના નામની કલબો ચાલે છે, તેના 'જીવન' વિષે સંશોધનાત્મક પુસ્તકો લખાયાં છે અને તેના કર્તા સર આર્થર કૉનન ડૉઈલના પુત્ર ઍડ્રિયન ડૉઈલે આજે પણ હોમ્સ વિષે વધુ વાર્તાઓ લખી છે.

તેમની વાર્તાઓ આપણને તે સમયના લંડનના સામાજિક જીવનથી, એક અપૂર્વ પાત્રથી, શુદ્ધ અને શિષ્ટ અંગ્રેજી ભાષાથી, વૈજ્ઞાનિક પદ્ધતિથી વિદિત કરતાંકરતાં, કલ્પનાનો પ્રભાવ કેટલો પ્રબલ હોઈ શકે તે બતાવે છે. જેમણે તેમની 'ધ હાઉન્ડ ઑાવ ધ બાસ્કરવીલે', 'ધ સ્પેકલ્ડ બૅન્ડ', 'ધ રાઇગેટ સ્કાયર્સ', 'ધી એમ્પ્ટી હાઉસ', 'ધ સિલ્વર બ્લેઝ' વગેરે વાર્તાઓનો રસાસ્વાદ કર્યો હશે તેમને તો આ અવર્ણનીય પાત્ર માટે માન ઊપજ્યા વિના નહિ રહે. સાથેસાથે કૉનન ડૉઈલનાં પાત્રાલેખન, વસ્તુગૂંથણી, વર્ણનકળા, અવલોકનશક્તિ માટે પણ આદર ઉદ્ભવ્યો હશે. આજે પણ એ વાર્તાનાં પૃષ્ઠો ઉથલાવનારની દૃષ્ટિ સમક્ષ હોમ્સની એ ઊંચી, પાતળી, તીક્ષ્ણ આંખો તથા ઉચ્ચ ભાલપ્રદેશ અને અણીદાર નાકવાળી, માયાળુ, ચાલાક ને હિમ્મતવાન વ્યક્તિ ખડી થાય છે, અને ડૉ. વૅાટ્સન સાથે વાતો કરતી, કોઇને આશ્વાસન અને અભયદાન દેતી, પોતાની અકલ્પ્ય રીતો વાપરતી આપણા મન સમક્ષ સંચરે છે, અને આકર્ષી રહે છે.

સર આર્થરે હોમ્સ ઉપરાંત અન્ય પ્રકારની વાર્તાઓ તથા અન્ય પ્રકારનાં પુસ્તકો પણ લખ્યાં છે. એચ. જી. વેલ્સ, ઝુલ્સ વર્ન વગેરે વૈજ્ઞાનિક સાહિત્ય લખતા હતા, ત્યારે તેમણે 'ધ લૉસ્ટ વર્લ્ડ' અને 'ધ પૅાઈઝન બેલ્ટ' લખ્યાં. 'ધ પૅાઈઝન બેલ્ટ'માં પ્રો. ચૅલેન્જરનું વિરલ પાત્ર સર્જીને જો પૃથ્વીનો પ્રલય થાય તો કેવું દૃશ્ય દેખાય અને હવામાન ઝેરી બને તો શી સ્થિતિ સર્જાય તે બતાવવાનો પ્રયાસ કર્યો છે. એમાં આપણે પ્રો. ચૅલૅંજર સાથે તેમની ઑક્સિજન સિલિંડરોવાળી કાચની ઓરડીમાં પ્રવેશ કરીએ છીએ: ત્યાં છે તેમનાં પત્ની, મિત્રો અને છાપાના પ્રતિનિધિ! આખરે ઑક્સિજન વપરાઈ ખલાસ થઈ ગયો છે અને આખા જગતમાં આ ચાર-પાંચ જ વ્યક્તિઓ જીવંત રહી છે: અને ઈશ્વરને સંભારી, પ્રો. ચૅલૅંજર એક પથ્થર લઈ કાચ ફોડી નાખે છે: મનમાં ભય છે કે હવે એ ઝેરી હવા તેઓના શ્વાસમાં પણ આવશે, પણ સદ્ભાગ્યે જગત ઝેરી હવામાનમાંથી પસાર થઇ ગયું છે અને હવે હવા ફરી શુદ્ધ થઈ છે અને ધીમે ધીમે જગત પુનર્જીવન પ્રાપ્ત કરે છે! 'લૉસ્ટ વર્લ્ડ'માં પુરાતન યુગમા રહેલા વિકરાળ પ્રાણીઓમાથી એક પકડી લાવી લંડનમાં બતાવવામાં આવે છે અને માનવસમુદાયના આશ્ચર્યની વચ્ચે તેની સમક્ષથી તે ઊડીને અદૃશ્ય થાય છે અને સાથે સાથે એ યુગનો છેલ્લો જીવંત ઉરગવર્ગનો મેસોઝોઇક યુગનો અવશેષ પણ ખોવાઇ જાય છે.

'બ્રિગેડીઅર જેરાર્ડ'નાં પરાક્રમોનાં શીર્ષક હેઠળ તેમણે અન્ય વીરકથાઓ પણ લખી છે. આ વાર્તાઓમાં નેપોલિયનનો નિમકહલાલ સૈનિક જીવને જોખમે પણ સાહસ ખેડી કેવી રીતે સેવા કરે છે, તે વસ્તુ સ્પષ્ટ કરવામાં આવે છે. આ ઉપરાંત તેમણે ઘણી યે ઐતિહાસિક વાર્તાઓ ને નવલકથાઓ લખ્યા બાદ તેમનું વલણ આધ્યાત્મિક વિષયો પ્રત્યે વળ્યું. પ્રથમ વિશ્વયુદ્ધમાં તેમના પુત્રનો વધ થયો અને ત્યારથી તેઓનો જીવનમાંથી પણ રસ ઊડી ગયો અને સર ઑલિવર લૉજ સાથે આત્મા અમર છે એમ સાબિત કરવા મથવા લાગ્યા. 'ધ લૅન્ડ ઑાવ મિસ્ટ' એમનું એક આવા પ્રકારનું પુસ્તક છે.

જેઓએ આવી ઉદાત્ત ભાવનાવાળાં તથા વીરતા અને સંસ્કારશીલ પાત્રો અનેક વાર ઘડયાં તે પોતે પણ સ્વભાવે ઉદાત્ત હોય તો તે સ્વાભાવિક જ ગણાય! અને વધુ નહિ તો નીચેનાં બે ઉદાહરણો બતાવશે કે જેમને તેઓ નિર્દોષ ગણતા તેમના બચાવ માટે તેઓ કેટલી હદે જતા! સ્ટૅફર્ડશાયરમાં એક પારસી ગૃહસ્થ અને તેમનાં અંગ્રેજ પત્ની રહેતાં હતાં. આ પારસી સર્જ્યન ધર્મગુરુ હતા. એક વખત એમના પુત્ર જ્યૉર્જ એદલજી સામે કેટલાક આક્ષેપો મૂકવામાં આવ્યા. કિંવદન્તી છે કે આ બાબતમાં પૂર્વગ્રહને અને બેદરકારીને પરિણામે એદલજીને સાત વર્ષની કેદની સજા ફરમાવવામાં આવી. કૉનન ડૉઈલને આ યોગ્ય લાગ્યું નહિ, અને પોતે 'ડેઈલી ટેલિગ્રાફ' પત્રમાં ૧૯૦૭માં 'એદલજી નિર્દોષ છે' એવું આંદોલન ચલાવ્યું. પરિણામે સરકારને સમિતિ નીમવી પડી અને આખરે ત્રણ વર્ષની જેલ ભોગવતા એદલજીને નિર્દોષ ઠરાવી, તેમને આશરે ૩૦૦ પાઉન્ડની રકમ બદલા (compensation) તરીકે આપી, મુક્ત કરવામાં આવ્યા—કૉનન ડૉઈલના અથાગ પ્રયાસને જ આભારે.

થોડા સમય પછી ઑસ્કાર સ્લેટર નામે એક જર્મન યહૂદીને પણ જન્મટીપની સજા કરવામાં આવી, અને વળી ડૉઇલને એ નિર્દોષ હોવાની ખાતરી થઈ. જોકે લોકોએ એમને સાથ ન આપ્યો, છતાં તેમણે થોડી વ્યક્તિઓના સહકારથી એ કેસ ફરી તપાસવા માટે સબળ માગણી કરી. ૧૮ વર્ષ સુધી આ સ્લેટરને જેલયાત્રા ભોગવવી પડી; પણ આખરે ૧૯૨૭માં સ્કૉટલન્ડના સેક્રેટરીએ ડૉઈલની 'પજવણી'ને લીધે તપાસ હાથ ધરવાનું સ્વીકાર્યું, અને ત્યારે ખબર પડી કે સ્લેટરને વિનાકારણે ૧૮ વર્ષનું દુઃખ સહન કરવું પડયું હતું. તેને ૬,૦૦૦ પાઉન્ડનો બદલો આપવામાં આવ્યો અને તેની નિર્દોષતા જાહેર કરવામાં આવી. આ જ પ્રમાણે 'ટાઇટૅનિક'ની કરુણ ઘટના પછી તેઓ બર્નાર્ડ શૉ સાથે પણ ચર્ચામાં ઊતર્યા હતા. ન્યાયને શુદ્ધ રાખવા અને સત્યની શોધ તથા સાધના માટે, તથા અંતઃકરણ જે ન સ્વીકારે તેની વિરુદ્ધ લડવા ડૉઈલ કોઈ દિવસ પાછી પાની ન કરતા.

તેઓ વ્યવસાયે દાક્તર હતા અને તેમાંથી સમય મળે ત્યારે જ લેખનપ્રવૃત્તિ આદરતા. નિવૃત્તિકાળમાં તો તેમને ક્રિકેટનો નાદ લાગેલો. ૨૨મી મે, ૧૮૫૯ને દિવસે તેમનો જન્મ થયો હતો, અને જુલાઈ ૭, ૧૯૩૦ના પ્રભાતના સમયમાં આ દીપ બુઝાઈ ગયો. આ વર્ષે જગતસમસ્તે તેમની એકસોમી જયંતી આદર સાથે અને ભાવપૂર્વક ઊજવી.

પણ આ ૭૦ વર્ષના પાર્થિવ પ્રવાસ દરમ્યાન તેમણે એવું અનેકવિધ કાર્ય કર્યું છે કે તેમને ભાવિ પ્રજા સહેજે ભૂલશે નહિ. તેમણે ભૂતકાળમાં પોતાની નજર પ્રસારી, ભાવિ પ્રત્યે દૃષ્ટિ ઢાળી; 'મેરેકોટ ડીપ' જેવી વાર્તા લખી સાગરની તળેટી સુધી કલ્પના પહોંચાડી; શેરલૉક હોમ્સ, વૅાટ્સન, લેસ્ટ્રેડ, ઍલન એડ્રિકસન, બ્રિગેડીઅર જેરાર્ડ, પ્રો. ચૅલૅંજર ને અસંખ્ય અન્ય પાત્રો સર્જી તેમણે આપણને અનંતકાલ માટે શિષ્ટ સાહિત્યનો વારસો આપ્યો છે. તેમના છેલ્લા શબ્દો તેમના વ્યક્તિત્વને સ્પષ્ટ રીતે સમજાવે છે: 'હું શાન્ત અને સુખી છું. અત્રે રહેવા અથવા આગળ જવા તત્પર છું–કારણ કે મને ખબર છે કે જીવન અને પ્રેમ અનન્ત છે...'

એક સુધારો

બાલા સરસ્વતીના લેખ સાથે છપાએલી એક છબિમાં બાલા સરસ્વતી, એમનાં માતા જયમ્મા અને સદ્ગત શ્રી કંડપ્પા પિલ્લૈ હોવાનું જણાવ્યું છે, તેમાંના ગુરુ તે સ્વ. કંડપ્પા નહિ પણ બાલાના વર્તમાન ગુરુ એલપ્પા પિલ્લૈ છે. આ ક્ષતિ પરત્વે ધ્યાન દોરવા માટે જાણીતા વિવેચક શ્રી જી. વેંકટાચલમ્ અને વડોદરા યુનિવર્સિટીના નૃત્ય-વિભાગના વડા શ્રી મોહન ખોકરનો હું આભારી છું.

—સુનીલ કોઠારી

કયૂ ગાર્ડન્સ

બ્રિટિશ શાહી વનસ્પતિઉદ્યાનો


પોતાની વિશિષ્ટતાએ કરીને જગતભરનું અદ્વિતીય વનસ્પતિ-વિદ્યાકેન્દ્ર અને સહેલાણીઓનું સ્વર્ગ

લંડનના હાઈડ પાર્ક કૉર્નરની નૈર્ઋત્યે લગભગ છએક માઈલ દૂર થેમ્સ નદીને કાંઠે આવેલાં 'ક્યૂ'નાં શાહી વનસ્પતિ-ઉદ્યાનો (રૉયલ બૉટેનિક ગાર્ડન્સ)ની આ વર્ષે દ્વિશતાબ્દી ઊજવાઈ. વનસ્પતિશાસ્ત્રના જગત્પ્રસિદ્ધ સંશોધનકેન્દ્ર તરીકે જાણીતાં આ ઉદ્યાનોનો ઇતિહાસ આમ તો છેક ઈ. ૧૬૯૬ સુધી પાછળ ખેંચાય છે. એ વર્ષે લૉર્ડ કેપેલે અહીં એક નાનકડી જાગીર ખરીદી પરદેશી ફૂલછોડ વાવવાની શરૂઆત કરેલી. ઈ. ૧૭૩૦માં ઇંગ્લંડના પાટવીકુંવરે એ જાગીર ભાડે લીધી અને એ રાજવંશની અંગત મિલકત ગણાવા લાગી. પાછળથી તેની વિધવા અને સેક્સેગોથાની રાજકુંવરી ઑગસ્ટાએ ઈ. ૧૭૫૯માં વિલિયમ એઈલ્ટન નામના ઉદ્યાનપાલને રોકીને ત્યાં પોતાના 'ક્યૂ હાઉસ'ની આસપાસના વિસ્તારમાં વિવિધ ઔષધિઓ ઉછેરવાની શરૂઆત કરી. આમ, જોકે એ ભૂમિ રેતાળ અને અણફળદ્રુપ હોવા છતાં ત્યાં દુનિયાભરનું સૌથી વિખ્યાત વનસ્પતિ-ઉદ્યાન શરૂ થયું. તેની પછી ઈ. ૧૮૩૭માં રાણી વિક્ટોરિયાએ આ ઉદ્યાન વનસ્પતિઓનાં ઉછેર, સંવર્ધન અને સંગ્રહનું પ્રધાન રાષ્ટ્રીય કેન્દ્ર બને એ અર્થે અંગ્રેજ પ્રજાને ભેટ આપ્યું.

ઈ. ૧૮૪૧માં આ બગીચા જાહેર પ્રજા માટે પણ ખુલ્લા મુકાયા. આ જ વર્ષે એઈલ્ટન નિવૃત્ત થતાં ક્યૂની વ્યવસ્થા અને પુનર્વિધાનનો ભાર ખ્યાતનામ વનસ્પતિશાસ્ત્રપ્રવર સર વિલિયમ જૅક્સન હૂકર ઉપર નાખવામાં આવ્યો. આર્થિક દુર્દશા, શાસ્ત્રીય વિષયમાં રાજકર્મચારીવર્ગનું અજ્ઞાન, યોગ્ય સહકારીઓનો અભાવ ઇત્યાદિ પારાવાર અડચણો વચ્ચે માત્ર કર્તવ્યભાવના અને વનસ્પતિવિદ્યાના પ્રેમથી પ્રેરાઇને હૂકરે ભગીરથ પ્રયત્ને એ જીર્ણ અરણ્ય સમા ક્યૂમાં અદ્ભુત પરિવર્તન આણી મૂક્યું. એના હાથે નવજીવન પામેલા અને એના અનુગામી એના પુત્ર સર જૉસેફ ડૉલ્ટન હૂકરના હાથે સંવર્ધન પામેલા અને જગતભરની વનસ્પતિઓના અનુપમ નિધિ સમા આ બગીચાઓ (યુદ્ધપૂર્વના બર્લિનનાં ઉદ્યાનો બાદ કરતાં) જગતનાં સર્વશ્રેષ્ઠ ઉદ્યાનો છે: પૃથ્વીના પ્રત્યેક ભાગમાંથી અનેકવિધ વનસ્પતિઓને શોધી લાવી, વાવી, એમનાં પોષણ, સંવર્ધન, સ્વરૂપવર્ણન, ગુણધર્મસંશોધન ઇત્યાદિ વ્યવસાયના પ્રધાન કેન્દ્ર રૂપે ક્યૂના આ બાગોએ અંગ્રેજ પ્રજાની અને બ્રિટિશ સામ્રાજ્યની અદ્ભુત સેવા કરી છે. બ્રિટિશ સામ્રાજ્યના સર્વોદયના મૂળ સમાં બ્રેડફ્રૂટ, અનનાસ, કેળ, કૉફી, કોકો, રબર, નાનાવિધ રેસા અને ઇમારતી લાકડાં, રંગો, ક્વિનાઇન અને અન્ય ઔષધિઓ સામ્રાજ્યના વિવિધ પ્રદેશોમાં પ્રવેશ પામી અને વિસ્તરી તેની પાછળ આ ઉદ્યાનોની જ સેવા છે.

ઑગસ્ટાની માલિકીના ક્યૂનો આરંભનો અગિયાર એકરનો વિસ્તાર વધતો જઈ અત્યારે ૨૮૮ એકર જેટલો થઈ ગયો છે. એના વનસ્પતિવિભાગ (હર્બેરિયમ)માં સૂકવીને પૂઠાં ઉપર ચોડેલી વર્ગીકૃત વનસ્પતિઓના વ્યવસ્થિત રાખેલા નમૂનાઓની સંખ્યા ૫૦,૦૦૦થી યે વધુ છે. એ ઉપરાંત, સૂકવેલાં ફળ, ફૂલ, બીજ આદિનો સંગ્રહ પણ એવો જ સમૃદ્ધ છે. એના વનવિભાગ (આર્બોરેટમ અને ફ્રૂટિસેટમ)માં પૃથ્વીના પ્રત્યેક દેશનાં પ્રતિનિધિ સમાં ૭૦૦૦ જાતનાં વૃક્ષો વાવેલાં છે. વળી વનસ્પતિવિદ્યાના અભ્યાસ માટે અનિવાર્ય એવી વર્ગ, કુળ, ગોત્ર, જાતિ ને ક્રમાનુસાર વર્ગીકૃત વનસ્પતિઓના વિભાગ (પ્લાન્ટેરમ)ના કાચગૃહમાં ૧૩,૦૦૦ જાતની અને બહિરુદ્યાનમાં ૮,૦૦૦ જાતની વનસ્પતિઓ છે. આ ઉપરાંત આર્થિક વનસ્પતિવિદ્યાને લગતાં ચાર બૃહદ્ વિશિષ્ટ સંગ્રહસ્થાનો પણ ત્યાં છે.


અને રોજબરોજ એમાં વધારો કરવા અહીંના પગારદાર સંગ્રહકર્તાઓ પૃથ્વીના પ્રત્યેક દેશમાં સતત પરિભ્રમણ કરી રહ્યા હોય છે, તથા અનેક સંકટો વેઠીને અજ્ઞાતપૂર્વ વનસ્પતિઓને ક્યૂમાં પહોંચાડવાને ઉદ્યમશીલ રહે છે. કોઇકોઇ તો વળી એકાદ દુર્લભ પુષ્પ માટે મૃત્યુની સાથે પણ ખેલ ખેલે છે! મિસ હચિન્સન નામની સ્કૉટ યુવતીએ ક્યૂ માટે આર્ક્ટિક પ્રદેશની વનસ્પતિઓ અને પુષ્પોનો સંગ્રહ કરવા સારુ બરફનાં મેદાનોમાં વર્ષો સુધી પરિભ્રમણ કર્યું હતું. ડૉ. ડાર્લિંગ્ટન અને ડૉ. કૉવન ટ્યૂલિપની શોધમાં ઈરાન, કુર્દિસ્તાન ને લુરિસ્તાનનાં ૭,૦૦૦ ફૂટ ઊંચાઈનાં ધીકતાં મેદાનોને અને ૧૫,૦૦૦ ફૂટ ઊંચાં હિમાચ્છાદિત શિખરોવાળા પર્વતોને ફેંદી વળ્યા છે. આવાં જ સંશોધનો સારુ કૅપ્ટન કિંગ્ડન વૉર્ડ પાંત્રીસથી યે વધુ વર્ષો હિમાલયમાં ઘૂમ્યો હતો. એ દરમિયાન એણે ૧૮ વખત હિમાલયને ભેદ્યો અને તિબેટ, ચીન તથા નેપાળમાં થતી વનસ્પતિઓનો અમૂલ્ય સંગ્રહ કર્યો. આવી જ સંશોધકવૃત્તિના પ્રેર્યા કેમ્બ્રિજના ડૉ. ગુલેંએ ઈરાનમાંથી ૬૦૦ જાતના છોડ અને ૨૦૦ જાતનાં ફૂલ શોધી લાવીને ક્યૂને ચરણે ધર્યાં હતાં. એ જ ભાવનાથી પ્રેરાએલી મિસ લિલિયન ગિબ્સે પાપુઆ અને બૉર્નિયોનાં દુર્ભેદ્ય જંગલોમાંથી અનેક અજ્ઞાત વનસ્પતિઓ આણી હતી. એ જ વૃત્તિના પ્રેર્યા બેટ્સ ને વૉલેસે ઍમેઝોન




સહેલાણીઓના સ્વર્ગ સમાં ક્યૂનાં વનસ્પતિ ઉદ્યાનોમાંની રંગબેરંગી ફૂલોની બિછાત

પ્રદેશો ને મેલે આર્કિપૅ લેગોના પ્રદેશોમાં બાર-બાર વર્ષ સુધી રખડીને વનસ્પતિ (અને પ્રાણીના પણ) સંગ્રહ કર્યા હતા.

પણ સર્વૈ એકાકી વિચરનારા આવા સંગ્રાહકોનાં કાર્ય અને પ્રાપ્તિની આપણને બહુ ઓછી જાણ થાય છે. જંગલી પ્રાણીઓનો શિકાર કરનાર અડંગ શિકારીઓ કે માણસનાં માથાં ખોળતા આદિવાસીઓની કમકમાટી ભરી વાતો જેટલાં પરિચિત બ્રિટિશ સામ્રાજ્યની સ્થિરતા અને સમૃદ્ધિ અર્થે સદા પ્રયતમાન રહેતા આ અજ્ઞાત સૈનિકો આપણને નથી. આમાંના બહુ ઓછા ધનવાન થઇ શકતા હશે, પણ જ્યારે થાય છે ત્યારે ખરેખર માલેતુજાર બની જાય છે. ભારતનું આદિવાસી 'સાઇપ્રેડિયમ ફેરીઇનમ' નામનું એક ખપુષ્પ (orchid) ઈંગ્લંડમાં એક વખત લાવવામાં આવેલું ત્યાર પછી એ અદૃશ્ય થઈ ગયું હતું. અનેક સંશોધકોએ એની પુનઃપ્રાપ્તિ અર્થે ૪૦ વર્ષ પર્યંત પોતાનાં સ્વાસ્થ્ય સુખ ને શાંતિના ભોગે ઉત્તર ભારતમા પરિભ્રમણ કરેલું, છતાં એમને એનું નામનિશાન મળેલું નહિ. આખરે હિમાલયની ગિરિમાળામાં જનસ્થાનથી દૂરના એક વિજન ખૂણામાં એનાં પુનર્દર્શન થયાં અને એના ઉપર ઓવારી જઇને એક અંગ્રેજ પુષ્પરસિકે એનો એક જ છોડ પંદર હજાર રૂપિયા આપીને ખરીદી લીધો! ચાળીસ વર્ષના સતત પ્રયોગોના અંતે ઈંગ્લંડની ભૂમિમાં ઉગાડી શકાએલા બીજી એક જાતના ખપુષ્પના કેવળ બે ફૂલવાળા એક છોડના ત્રીસ હજાર રૂપિયા ઊપજેલા. બ્રહ્મદેશમાં કોઈ માણસની ખોપરીમાં એ ઊગેલો મળી આવ્યો હતો! અનેક કષ્ટ ભોગવીને ગૉર્ડન અને ટેયલરે શોધી કાઢેલા અપ્રતિમ સુંદરતાવાળા સાધ્વીશીર્ષ (નન્સ હેડ) નામના ખપુષ્પ (ઑર્ચિડ)ના એક છોડના ચાર લાખ જેટલા રૂપિયા ઊપજ્યા હતા!



ઉપર: વિષુવવૃત્તીય પ્રદેશોનાં વૃક્ષો, છોડ તથા 'પામ' (ખજૂરી, તાડી વગેરે) વર્ગની વનસ્પતિનું લંડનના ઠંડા હવામાનથી રક્ષણ કરવા અનુકૂળ કૃત્રિમ વાતાવરણ સરજવાની સગવડવાળો 'ધ ગ્રેટ પામ હાઉસ' મંડપ. નીચે: 'વૉટર લિલી'–વિક્ટોરિયા રેજિયા નામની કમળની એક જાતનાં પાન લગભગ છ છ ફૂટ જેટલાં મોટાં થાય છે, જ્યારે તેનું બીજ તો માત્ર વટાણા જેવડું જ હોય છે. મૂળ બ્રિટિશ ગિનીની એક તળપદી વનસ્પતિ.



આમ કયૂની આ સમૃદ્ધિ કેવળ એના પગારદાર કાર્યકરોના પુરુષાર્થનું જ પરિણામ નથી. એ સંગ્રહનો મોટો ભાગ તો હૂકર પિતાપુત્ર પેઠે વનસ્પતિશાસ્ત્ર પ્રત્યેના અગાધ પ્રેમથી પ્રેરાએલા અને નિષ્કામભાવે જ્ઞાનોપાસના કરનારા અનેક અંગ્રેજ વનસ્પતિવિદોના સ્વદેશપ્રેમને આભારી છે. અંગ્રેજ પ્રજાનો એક મહાન ગુણ વિદ્યાવ્યાસંગ છે. જીવનસંગ્રામનાં રોકાણોમાંથી જે અલ્પસ્વલ્પ સમય મળે તેમાં મોટા ભાગના અંગ્રેજો એમના નિવાસસ્થાનનાં સાહિત્ય, ધર્મ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, આચાર-વિચાર, પ્રાણીસમાજ, વનસ્પતિસમુદાય, ભૂરચના આદિ વિવિધ વિષયોનો પરિચય મેળવવાનો સતત પ્રયત્ન કરતા જ રહે છે, અને આવી જ્ઞાનોપાસનાનાં પરિણામોથી કેવળ આત્મપરિતોષ ન પામતાં એનાં ફળ પોતાના દેશને ચરણે ધરે છે. આવા વિદ્યાવ્યાસંગી અંગ્રેજોના પુરુષાર્થથી જ ઇંગ્લંડના સાઉથ કેન્સિંગટનનું બ્રિટિશ મ્યુઝિયમ, રિજંટ્સ પાર્કનો પ્રાણીસંગ્રહ, કયૂનું વનસ્પતિ-ઉદ્યાન આદિ સુસમૃદ્ધ બન્યાં છે. અને આથી જ કદાચ ભારતનાં પ્રાણીઓ, ભૂસ્તર, વનસ્પતિ આદિનો જેટલો વિવિધ અને સમૃદ્ધ સંગ્રહ ઇંગ્લંડનાં સંગ્રહસ્થાનોમાં છે એટલો આપણા દેશમાં નથી. અંગ્રેજો—વેપારી, લશ્કરી, ન્યાયાધીશો, મુલ્કી એમ વિવિધ કર્મચારીઓની આવી એકાન્તિક દેશભક્તિથી જ બ્રિટિશ મ્યૂઝિયમ, કયૂ ગાર્ડન્સ વગેરેની સમૃદ્ધિ જગતમાં સર્વશ્રેષ્ઠ બની છે.



બીજ-છોડના જાતિવાર નમૂના હર્બેરિયમમાં ખૂબ જ જતનથી જાળવવામાં આવે છે.

વનસ્પતિઓના સંગ્રહ જેવો જ કયૂનો ગ્રન્થભંડાર પણ અત્યંત સમૃદ્ધ અને અજોડ છે. એમાં વનસ્પતિશાસ્ત્રને લગતાં ૪૦,૦૦૦થી યે વધુ પુસ્તકો છે. ઉપરાંત નિયમિત આવતાં સામયિકોની સંખ્યા ૭૦૦થી યે વધુ છે. જોકે તેનો ઉપયોગ માત્ર વિદ્વાનો અને સંશોધકો પૂરતો જ મર્યાદિત છે. છતાં અહીંની આ જ્ઞાનસામગ્રીનો લાભ લેવા જગત-ભરના વનસ્પતિશાસ્ત્રજ્ઞો અહીં આવે છે અને પોતપોતાના વિષયનું અધ્યયન અને અન્વેષણ કરે છે. આવા અન્વેષણકાર્ય માટે એકીવખતે ૨૦૦ થી યે વધુ વનસ્પતિ–સંશોધકોને અભ્યાસ કરવાની અહીં સગવડ છે. છતાં તે પણ પૂરતી થતી નથી. હાલ અહીંના અમૂલ્ય સંગ્રહ પરથી અહીંના કર્મચારીઓ કૉમનવેલ્થના દેશોની વનસ્પતિ વિષેનો સંદર્ભગ્રંથ તૈયાર કરે છે. આ કાર્ય પૂરું થયે કૉમનવેલ્થની કોઈ પણ વનસ્પતિ ઓળખવી સરળ થઈ જશે. છેલ્લાં સોએક વર્ષમાં તો આ ઉદ્યાનોએ કૉમનવેલ્થ અને અન્ય અનેક રાષ્ટ્રોમાં આર્થિક મૂલ્યવાળાં વૃક્ષોનું વાવેતર કરાવી તે દેશોના વિકાસમાં પણ ઘણો ફાળો આપ્યો છે. બ્રાઝિલથી આવેલા બીજમાંથી તંદુરસ્ત છોડ ઉછેરીને મલાયા, સિલોન, જાવા અને ભારતમાં તેનું વાવેતર આ ઉદ્યાનોને લીધે જ શક્ય થએલું. પૂર્વના દેશોના આજના વિશાળ રબર-ઉદ્યોગની પણ એમ જ શરૂઆત થએલી. આ જ રીતે કેળાંની એક નવી જ જાત, અનનાસ, કોકો ને કૉફી વગેરે જેવી આર્થિક લાભ આપતી અનેક પ્રકારની વનસ્પતિનો પ્રસાર આ બગીચાઓને આભારી છે.

એક વખત એવો હતો કે જ્યારે ઇંગ્લંડ માત્ર જંગલોથી ભરપૂર બેટ હતો. આજે એ અદ્ભુત કુસુમિત નંદનવન બની બેઠું છે. એનાં ફૂલની સમૃદ્ધિ અને વિવિધતા જગતની પ્રજાઓની ઈર્ષ્યાનું પાત્ર બની છે. છતાં એમાંનું એક પણ ફૂલ ઇંગ્લંડનું તળપદું—આદિવાસી નથી. રાણી એલિઝાબેથના સમયના ઇંગ્લંડમાં કાર્નેશન ન હતાં, જિરૅનિયમ, કલસીઓલેરિયસ, ફુકસીઆસ, હૉલીહૉક કે મીઠા વટાણા ન હતા. હાયેસિંથ પણ અજ્ઞાત હતું. હાયડ્રેન્જિયા પણ નહિ. આજે એ બધાં ઇંગ્લંડનાં સ્થાયી વાસી બની બેઠાં છે એ કયૂ ઉદ્યાનના પુરુષાર્થ અને પ્રેરણાના યોગથી જ. એ પ્રેરણાએ જ ઇંગ્લંડમાં ચીન અને ભારતવર્ષમાંથી ગુલાબ અને ખપુષ્પો આણ્યાં હતાં. એણે જ એશિયા–માઇનોરમાંથી પિંક અને ડૅફોડિલ, મેક્સિકોમાંથી ડહાલિયા અને નાસ્ટરટિયમ, ઉત્તર આફ્રિકામાંથી રૂહૉડોડૅન્ડ્રન અને ક્રોકસ આદિ મળી ૧૨,૦૦૦ જેટલી વિવિધ જાતો આણીને ઇંગ્લંડમાં સ્થાયી બનાવી છે. અને હજી યે જુદા-જુદા લગભગ ૪૫,૦૦૦ નમૂનાઓનો ઉછેર થઈ રહ્યો છે. અહીંની જોડ્રેલ લેબૉરેટરીમાં અંગ્રેજ ઉદ્યાનપાલકો ને વનસ્પતિસંવર્ધનરસિકો પુષ્પોની વિવિધ જાતિઓને સુધારવાના અને ભિન્ન-ભિન્ન જાતિઓના સંકરજન્ય અદ્ભુત નવી જાતિઓ સરજવાના પ્રયાસો કરી રહ્યા છે.

શુષ્ક તેમજ સજીવ વનસ્પતિઓના અમૂલ્ય ભંડારો ઉપરાંત કયૂમાં થતા સંશોધન-અન્વેષણકાર્યનાં પરિણામોની પ્રસિદ્ધિનો પ્રકાશન વિભાગ પણ અહીં છે, અને તેમાં 'કયૂ બુલેટિન,' કયૂનાં ઉદ્યાનો તેમજ સંગ્રહસ્થાનોની પરિચયપત્રિકાઓ, વનસ્પતિશાસ્ત્રવિદોના ચિત્રસંગ્રહોની યાદીઓ, વનસ્પતિની યાદીઓ, સચિત્ર પોસ્ટકાર્ડો, અહીંના શુષ્ક વનસ્પતિ-વિભાગમાં સંઘરાએલી નવીન અથવા ક્વચિત જ નજરે પડતી વનસ્પતિઓના સચિત્ર પરિચયો, બૉટેનિકલ મૅગેઝિન નામનું ત્રૈમાસિક અને બીજાં અનેક ઉપયોગી પ્રકાશનો સાથે આરંભમાં ચાર્લ્સ ડાર્વિનની પ્રેરણા હેઠળ એના પોતાના ખરચે શરૂ થએલો છેક લિનિયસ (૧૭૫૩)ના સમયથી હજી સુધી જાણવામાં આવેલી સપુષ્પ વનસ્પતિઓનાં સમસ્ત ગોત્ર અને જાતિઓનો નામકોષ મુખ્ય છે.

આમ, સર્વરીતે વિદ્વદ્ભોગ્ય હોવા છતાં સાધારણ જનસમાજ માટે પણ કયૂ-નંદનવનનાં દ્વાર હમેશાં ખુલ્લાં હોય છે. જાહેર રજાઓને દિવસે પ્રજાવર્ગ વિનાસંકોચ છૂટથી અહીં પ્રવેશ પામી શકે છે. એ સિવાયના દિવસે નજીવું પ્રવેશશુલ્ક લેવાય છે. દર વર્ષે અહીં લગભગ એકાદ લાખ સહેલાણીઓ ફરવા આવે છે. લંડનના ધૂમાલિયા વાતાવરણની અહીં કોઇ જ અસર કળાતી નથી. નદીકિનારે અને ખાસ કરીને વસંતઋતુમાં જ્યારે એ તરફનો બધો વિસ્તાર 'બ્લ્યૂ બેલ'ની બિછાતથી છવાઇ જાય છે ત્યારે લોકો અહીં ટોળે ઊભરાય છે. 'ક્વીન્સ કૉટેજ ગ્રાઉન્ડ્સ' નામનો આ વિસ્તાર અને તેમાંની બંગલી રાણી વિક્ટોરિયાએ ઈ. ૧૮૯૭માં રાષ્ટ્રને ભેટ આપી છે. સાથે તેણે એક એવી શરત પણ મૂકી છે કે હમેશાં એ વિસ્તારને જેવો હતો તેવો અર્ધજંગલ જેવો જ રહેવા દેવો અને એથી પેલી બંગલી પર લપટાએલી પુરાણી વેલીઓ અને આસપાસની ઝાડીને લીધે એ ભાગ પરીકથાઓના કોઈ રહસ્યમય સ્થાન જેવો મોહક લાગે છે.

એ જ રીતે ઈ. ૧૭૮૧માં ત્રીજા જ્યૉર્જે શાહી કુટુંબનાં બાળકો માટે ખરીદેલું ને ક્વચિત્ કયૂ પૅલેસને નામે ઓળખાતું ડચ હાઉસ પણ સંગ્રહસ્થાન રૂપે એમ ને એમ જ સાચવી રાખેલું છે. ઈંટોના સાદા લાગતા એ મહેલમાં આજે કેટલાક ઐતિહાસિક દસ્તાવેજો, કીમતી ચિત્રો, જૂના કાળનું કેટલુંક રાચરચીલું વગેરે જોવા મળે છે.

બાગમાં જુદી જુદી દિશાઓમાંથી આવતા અનેક માર્ગો મળે છે. ઈ. ૧૭૬૧માં ચણાએલો ૧૬૩ ફૂટ ઊંચો ચીની ઢબનો મિનાર છે. કયૂ-ઉદ્યાનોની અનેક વિશિષ્ટતાઓમાં તે પણ એક છે.

આમ, સહેલાણીઓના સ્વર્ગ સમું વનસ્પતિવિદ્યાનું આ ૨૦૦ વર્ષ જૂનું કેન્દ્ર પોતાની વિશિષ્ટતાઓ અને ઉપયોગિતાઓથી જગતભરમાં અદ્વિતીય બની રહ્યું છે. ('પ્રકૃતિ' તથા બીજાં સાધનોને આધારે)

—સ્વ. 'સુકાની'—

વિદ્વત્તાપૂર્ણ અને માહિતીસભર
અભ્યસનીય લેખમાળા

પ્રકરણ ચોથું
સાગરના ખેવૈયા

પ્રાચીન ભારતીય વહાણવટું



બોરોબુદુરના પ્રાચીન મંદિર ઉપરના ભારતીય જહાજનું આ ચિત્ર પુરવાર કરે છે કે પુરાતન કાળમાં ભારતીય વહાણવટું મહાસાગરો ખેડતું.

'ગચ્છં પાર સમુદ્દસ્ય કરં પુરિસ કારિયં'*

૨૫ કાફલા

સાગરખેડનો વિકાસ થતો ગયો એટલે સ્વાભાવિકરીતે નૌપ્રચારવિદ્યાનાં જુદાંજુદાં કર્તવ્યોમાં નિષ્ણાતો પાકવા લાગ્યા. અઢી હજાર વર્ષ પૂર્વેના આવા નિષ્ણાતો માટેનાં જુદાં ને વિશિષ્ટ નામો મળે છે, તે પરથી વહાણો ઉપરના જુદાજુદા અધિકારીઓ અને એમની વિવિધ કામગીરી વિષે સારી એવી માહિતી મળી રહે છે.

દરેક વહાણ હંકારવા પહેલાં, પોતાને નિર્દિષ્ટ સ્થાને જનાર બીજાં વહાણોનો સાથ મળતો હોય, તો બનતાં સુધી સથવારામાં જ હંકારવાનો તે યત્ન કરતું. અમુક બંદરેથી અમુક બંદરે જનાર બધાં વહાણોને ખાસ અનુકૂળ પવન અને પાણીના વહેણ માટે વાટ તો જોવાની હોય જ; આથી, પૂર્વે એવી યોજના ન કરી હોય તો પણ ઉચિત સમય આવ્યે વહાણો ભેગાં જ હંકારાતાં અને બંદરેબંદરેથી કાફલો સાથે જ બહાર પડતો; ઉપરાંત થોડે દિવસે જુદાંજુદાં રવાના-બંદરથી નીકળેલા કાફલાઓ ધારેલા બંદરની વાટમાં ભેગા થઈ જતા, અને ત્યાર પછી પવન–પાણીને વશ બની એકબીજાની નજરે પડતા રહીને જ આગળ વધતા.

આમ તામ્રલિપ્તિનો કાફલો, દંતપુરનો કાફલો અને નાગપત્તનમનો કાફલો, એ ત્રણે જો સુવર્ણભૂમિ જવા નીકળ્યા હોય તો વહેલામોડા ૭° અથવા ૮° અક્ષાંશ(ઉત્તર)માં અને ૮૫°થી ૯૫° રેખાંશ(પશ્ચિમ)-માં ભેગા થવા જ જોઇએ, એ કોઈ પણ સાગરખેડુ સમજી શકશે. એ જ પ્રમાણે ભરૂકચ્છથી, ખંભાતથી અને ચમ્પાવતીથી, કાલયવન દ્વીપ માટે રવાના થએલા કાફલાઓ એ જ અક્ષાંશમાં પણ ૬૫° થી ૭૫° રેખાંશમાં ભેગા થઈ જતા. આમ અનેક વહાણો ભેગાં સફર કરતાં કરતાં વાવાઝોડાં તુફાન વગેરેમાં જ નહિ, પરંતુ કોઈ વાર દુશ્મનોનાં વહાણો કે હિંસ્રિકાઓ (pirate ships)નો ભેટો થઈ જાય ત્યારે પરસ્પરને જે આશ્રય મળી રહેતો તેથી જતે દહાડે એકલદોકલ વહાણો હંકારવાને બદલે કાફલો એકઠો કરવાનો રિવાજ સર્વમાન્ય થઈ પડયો હતો. જમીન ઉપર પણ એવાં જ કારણોથી પાંચપાંચસો ગાડાંઓની વણઝાર નીકળતી. એ વણઝારો ઉપર એક સર્વોપરિ અધિકારી વણઝારને દોરવા માટે રહેતો તેને જેમ સાર્થવાહ કહેતા, તેમ વહાણોના કાફલાને દોરી લઈ જનાર સાંયાત્રિક[1] કહેવાતો, અને કાફલો 'સંયાત્રા' કહેવાતો. જ્યાં વહાણોના ધણી જાતે જ પોતાનો માલ સારતા ન હોય, ત્યાં તો એની ખાસ જરૂર પડતી.

૨૬ સાંયાત્રિક

સાંયાત્રિક એ કેવળ નૌવહનવિદ્યાનો—એટલે નૌપ્રચારશાસ્ત્રનો જ નિષ્ણાત ન હતો, પરંતુ એનામાં અતિ ઊંચા પ્રકારની વ્યવસ્થાશક્તિ અને એનાથી પણ વિશેષ જરૂરની તે વેપારી કુનેહ–'વાણિજ્ય-નિપુણતા' પણ રહેતી. એવી યોગ્યતા આવશ્યક હોવાથી, વહાણોમાં માલ ચડાવનાર વેપારીઓ સંયાત્રા માટે પોતાના વિશ્વાસુ માણસની જ સાંયાત્રિકપદે વરણી કરતા. ઘણુંખરું સંયાત્રા ઠરાવવા પહેલાં જ સૌથી પ્રથમ સાંયાત્રિક નક્કી થતો, અને વહાણોની પસંદગી, એમને માટે જોઇતી યાત્રાની સામગ્રી (ભાણ્ડ) વગેરેની ખરીદી તથા માણસોની ભરતી વગેરે એ જ નક્કી કરતો. ત્યાર બાદ દરેક વેપારીનો માલ તપાસીને વહાણોના ફાલકામાં એની લાદણી (માત્ર લાદણી જ નહિ, પરંતુ એ દરેક માલની સલામતી રહે અને સાથે વહાણના સમતોલપણાને પણ આંચ ન આવે એવી રીતે એ લાદણી થાય તે) પણ એ જોતો.

સંયાત્રા હંકાર્યા પછી એનું કામ મોટે અંશે બધાં વહાણો એક ખેડની નજરમાં જ રહ્યા કરે એ જોવાનું, ને એકાદ વહાણ છૂટું પડી જાય તો એને શોધી ફરી સંયાત્રા ભેગું કરી લેવાનું રહેતું. ધારેલે બંદરે પહોંચ્યા પછી જે વેપારી ખુદ સાથે ન આવ્યો હોય એવા વેપારીનો માલ ફાયદાકારક રીતે પરદેશની બજારોમાં વેચીને અને એને માટે પરદેશી માલની કિફાયત ભાવે ખરીદી કરીને, આખી સંયાત્રાને સહીસલામત ફરી સ્વદેશને બંદરે પહોંચાડે ત્યારે જ સાંયાત્રિકની જવાબદારી પૂરી થતી.

૨૭ નિર્યામક

મોટે ભાગે સાંયાત્રિકો, એ પદને પ્રાપ્ત કરતાં પહેલાં, વહાણના નિર્વહન કરનાર-નૌપ્રચારક-નિર્યામકો (navigators, master-mariners, captains) તરીકે અનેક સફરોનો ઊંડો અનુભવ મેળવતા; અને ઘણાખરા સાંયાત્રિકો અનુભવી નિર્યામકોમાંથી જ ચૂંટાય એ દેખીતું છે. પરંતુ સાંયાત્રિક કુશળ નૌપ્રચારક જ હોવો જોઇએ એ વાત 'અવિનાભાવી' ન હતી. પ્રાચીન કાળમાં ઘણુંખરું માલધણી વેપારીઓ જ માલ સાથે પરદેશ સફર કરતા અને મહિનાઓ સુધી નૌપ્રચારક-નિર્યામકોની સોબતમાં નૌપ્રચારવિદ્યા પણ થોડાઘણા શીખી લેતા. વેપાર તો એને હસ્તગત વસ્તુ હતી, એટલે ઘણી યે વાર વેપારીઓ પોતે જ સાંયાત્રિક બનતા. ટૂંકમાં સાંયાત્રિક એટલે નૌપ્રચાર અને વાણિજ્યમાં નિષ્ણાત. ગુજરાતીમાં આજ સુધી 'વહાણખેડ' અને સાગરપારના વેપાર માટે 'વહાણવટું' એ શબ્દો યોજાય છે, એ ખરેખર ગુજરાતના વહાણવટા સાથેના પ્રાચીનકાળથી થએલા સંબંધનું સાતત્ય દેખાડે છે. 'વહાણ'નો અને 'વેપાર'નો નિષ્ણાત તે 'વહાણવટી.' વહાણવટી એ સાંયાત્રિકનો (ગુજરાતીમાં) પર્યાય છે.

૨૮

સાંયાત્રિક તો આખી યાત્રાનો, અમુક વિશિષ્ટ કાર્યાકાર્ય માટે સર્વોચ્ચ અધિકારી રહેતો; પણ નૌ-વહનનું કાર્ય કરનાર, દરેક વહાણ ઉપર જે સ્વતન્ત્ર નૌપ્રચારવિદ્યા-વિશારદ અધિકારી તે નિર્યામક. એ

*વીરને છાજે એવું કર્તવ્ય કરતાં અમે સમુદ્ર પાર કરશું.–જાતક (૫૩૯)
૧ સમાં યાત્રાં કુર્વન્તીતિ 'સંયાત્રિકાઃ', એતેષાં ધુરિ ઇતિ સાંયાત્રિકઃ

વહાણનો સર્વોચ્ચ અને 'કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ'[૧] એવો અધિકારી. નૌ-વહન પૂર્ણાશે એની જવાબદારી, અને માત્ર વહાણને જ નહિ પરંતુ એમાં લાદેલ માલને તથા એના ઉપરના મુસાફરો તેમ જ વહાણખેડુઓને સહીસલામત સાગરપાર પહોંચાડવાનો પણ એ પૂર્ણાશે જવાબદાર. આવી મોટી જવાબદારી હોવાથી વહાણ ઉપર એનો હુકમ અફર રહે એ સ્વાભાવિક છે. સંયાત્રામાં સફર કરતાં વહાણો એકંદરે સાંયાત્રિકે ઠરાવેલાં સ્થાનોમાં રહી સફર કરતાં હોય તેમાં પણ તુફાન જેવા કટોકટીના પ્રસંગે વહાણની સલામતીને માટે નિર્યામક જ જવાબદાર હોઈ એ સ્વતન્ત્રરીતે નૌ-વાહન કરે એટલી એની સત્તા હતી.

૨૯ કર્ણધાર

નિર્યામકને ઓહ્દેથી ઊતરતે દરજ્જે 'કર્ણધારો' રહેતા. કર્ણધાર એટણે વહાણનાં કર્ણ—સુકર્ણ—સુકાન ઉપરનો જવાબદાર અધિકારી. શરૂઆતમાં વહાણનાં સુકાનો વાંઢારની મધ્યમાં પુચ્છ જેવાં ન હતાં પણ જરા પડખાતાં જબરદસ્ત દંડ અને પહોળાં ફળાનાં હલેસાં રૂપે રહેતાં. આ ફળાં કદાચ હાથીના કાન જેવાં લાગતાં તેથી, કે એના સામાન્ય દેખાવથી, 'કર્ણ' કહેવાયાં હોય એ સંભવિત છે.

સઢવાળાં વહાણોમાં સુકાનીની નિપુણતા બહુ ઊંચા પ્રકારની જોઈએ છે, કારણ એક વાર પવનથી સઢ ફૂલે, પછી સુકાન ઉપરનો હાથ જરા પણ ચાતરે તો સઢ ખાલી થઇ જાય, એટલું જ નહિ પણ વહાણ દિશા ફેરવી નાખે ને એને ફરી જોઈતી દિશામાં નોંધતાં બહુ જહેમત પડે. અને એમાં પણ જો વાવડો છિક્કિયારો હોય તો સુકાનીની ગફલતીથી વહાણ જોખમાઈ પણ જાય. આઠે પ્રહર નૌ-વહન ચાલતું હોવાથી વારાફરતી સુકાન સંભાળનાર ઓછામાં ઓછા ત્રણ કર્ણધાર તો હોવા જ જોઈએ; એમાંનો એક મહાકર્ણધાર કહેવાતો. મહાકર્ણધાર એ કેવળ નિર્યામકથી જ નીચે ગણાતો અને એ એવો તો અનુભવી અને નૌ-વહન-તંત્રનો નિષ્ણાત રહેતો કે નિર્યામક જ્યારે 'સુકાની તૂતક' ઉપર ન હોય ત્યારે એ જ વહાણનું નિર્યમન કરતો. કર્ણધારો પણ નૌ-વહનમાં એટલા કુશળ રહેવા જરૂરી હતા કે 'નૌપ્રચાર-વિદ્યા'નું પર્યાય-નામ 'કર્ણધારતંત્ર' પડ્યું હતું.

સુકાનનો વીણો અથવા 'કર્ણદંડ' કર્ણધારો જાતે પકડતા એમ ન હતું, પણ એને માટે વારાફરતી નાવિકોનો ઉપયોગ કરાતો, અથવા નૌપ્રચાર-વિદ્યા (કર્ણધાર તંત્ર)ના શિક્ષાર્થી યુવાનો (ઉમેદવારો—apprentices) વહાણ ઉપર લીધા હોય એમને વીણા (કર્ણદંડ) ઉપર મુકાતા. પરંતુ સુકાન દોરીભર પણ ન ચાતરે એ જોવાની અને સઢમાંના પવનની ભરતીને અનુકૂળ દંડની ફેરવણી કરાવવાની જવાબદારી તો કર્ણધારની જ રહેતી. કર્ણધારો એટલે આજની બોલીમાં 'માલમ' (mate), અને નિર્યામકના અધ્યક્ષપદે નૌવહનના જવાબદાર અધિકારીઓ. બૌદ્ધ જાતકોમાં 'નિર્યામક' ને 'કર્ણધાર'નાં જુદાંજુદાં પદ માટે વિવિધ શબ્દ વપરાયા છે, પરંતુ પછીથી સમુદ્રયાત્રાના નિષેધને લઇને હિંદુ લેખકોને સાગરખેડનો પરિચય ઓછો થતા એ બંને પદો પરસ્પરનાં વાચક બની ગયાં.

૩૦

સંયાત્રાનો સર્વોપરિ અધિકારી સંયાત્રિક હતો, અને એ કોઈ વાર નૌ-વહનવિદ્યાનો નિષ્ણાત હતો તો કોઈ વાર મહાવણિક્ હતો; પણ એને બંને વિદ્યાનો—એટલે નૌવહનવિદ્યાનો તેમજ વેપારવિદ્યાનો ઊંડો અનુભવ તો જરૂરી હતો જ. નિર્યામક કેવળ નૌ-વહનવિદ્યાનો જ નિષ્ણાત રહેતો. એવો દરેક નિર્યામક કર્ણધારત્વના શિક્ષાર્થી (ઍપ્રેન્ટિસ)ના નીચામાં નીચા દરજ્જાથી નૌપ્રચાર-વિદ્યાની બારાખડી ઘૂંટવાનો આરંભ કરતો અને પછી અનુભવ તથા પોતાની પ્રતિભા અનુસાર વહેલો કે મોડો નિર્યામકપદે પહોંચતો. આમ, સાંયાત્રિક, નિર્યામક, મહાકર્ણધાર અને કર્ણધાર એ નૌવાહકના અધિકારપદે ગણાતા. બાકીના તે નાવિકો અથવા પૌતિક* કહેવાતા.

કૌટિલીય અર્થશાસ્ત્રના 'નાવધ્યક્ષ' નામના (૪૯મા) પ્રકરણમાં મોટી નદીઓમાં જે નાવો વહન કરતી હતી એના ઉપરના નાવિકોની શ્રેણીમાં શાસક, નિયામક, દાત્ર, રશ્મિગ્રાહક અને ઉત્સેચક એટલાં નામો આપ્યાં છે. શાસક સાંયાત્રિકને સ્થાને સમજાય છે. અહીં કેવળ નદીઓ ઉપરના વહનનો નિર્દેશ છે, એટલે નિયામક નીચે કર્ણધારો નથી આપ્યા, અને ઘણુંખરું નિર્યામક પોતે જ સુકાન સંભાળતો હશે એમ લાગે છે. ઉત્સેચક એટલે ફૂડીમાં ભરાએલું ઘામટ[૧]નું પાણી ઉલેચનાર; રશ્મિગ્રાહક તે સઢના રસ્સા સંભાળનાર, અને દાત્ર તે જરૂર પડ્યે રસ્સાને કે કુવાથંભને પણ કુહાડીથી કાપનાર એવો અર્થ સમજાય છે. કૌટિલીય અર્થશાસ્ત્રનાં 'અધ્યક્ષ પ્રકરણો'માંનું એકેક પ્રકરણ તે એકેક 'કાયદો' છે, એટલે મહાનદમાં વહન કરનાર દરેક નાવ ઉપર 'આટલા અધિકારીઓ અને નાવિકો તો હોવા જ જોઇએ' એવું રાજશાસન હતું એમ સમજવાનું છે. મહાસાગર ઉપરના વહનમાં આવા જ અધિકારીઓ ને પૌતિકો હોય, પરંતુ એમની સંખ્યા ઘણી વધારે હોય.

૩૧

આમાં સાંયાત્રિકો અનેક વાર 'દ્વિજ' વર્ણના રહેતા; કોઇકોઇ નિર્યામકો પણ ઉચ્ચ વર્ણના હોવાનું સમજાય છે. પરંતુ એકંદરે આ આખી દરિયાપરજમાં એ જ કંઠારી વર્ણ હતો, જે આર્યોના ભારતમાં આવવા પહેલાં જ અહીં વહાણવટું ચલાવતો હતો અને આજે પણ ભારતની સાડા ત્રણ હજાર માઈલની કંઠાર ઉપર સાગરજીવન નભાવી રહ્યો છે. એ વર્ણથી દ્વિજ વર્ણો જેટલા દૂર રહેતા ગયા એટલું ઉચ્ચ વર્ણોમાં દરિયાઈ ખમીર ઓસરતું ગયું.

અનેક વાર ઉચ્ચવર્ણના કોઈ ઉપર સાંસારિક વિપત્તિઓ આવી પડે ત્યારે તે આસપાસની દુનિયાથી નાસી છૂટવા દરિયાનું શરણ લેતા અને વહાણ ઉપર નાવિકનું કામ સ્વીકારી લેતા, અને આમ ભૂતકાળને ભૂંસી નાખવાનો પ્રયત્ન કરતા. આવા એક અભાગી મિત્તવિન્દકની કથા લોસકજાતકમાં છે. અનેક વિપત્તિઓથી નાસતો એ ગંભીર નામના સમુદ્રપત્તન[૨]માં પહોંચે છે. એ જ દહાડે એક વહાણ હંકારવાનું (નાવાવિસર્જન) છે એમ ખબર મળતાં એ સીધો કાંઠે જાય છે અને પૌતકનું કામ (પોત-કમ્મકર) સ્વીકારી વહાણ ઉપર ચડી જાય છે. આગલા ખંડોમા જોઈશું કે એનું દુર્ભાગ્ય પણ એની સાથે જ સાગરયાત્રાએ નીકળે છે, પણ અહીં માત્ર એટલું જ દેખાડવાનો હેતુ છે કે દરિયાપરજમા મૂળ વર્ણો ઉપરાંત અનેક વર્ણો જુદાંજુદાં કારણે ભળતા રહેતા. (ચાલુ)

૧ આ વાક્ય 'ઈશ્વર'ની વ્યાખ્યારૂપે શારીરભાષ્યમાં વપરાયું છે, અને પ્રભુત્વનો પૂરો ખયાલ આપે છે.

* પોત—વહાણ (Boat); પૌતિક (નાવિક)—ખલાસીઓ—crew.


૧ ઘામટ; ઘર્મટ ઉપરથી પરસેવો; વહાણનાં પાટિયાંમાંથી ચૂઇને આવતું પાણી. અંગ્રેજીમાં યે આ અનિવાર્ય ચુવાટને sweat જ કહે છે.

૨ પત્તન શબ્દ માત્ર બંદરી શહેર કે ગ્રામ માટે જ વપરાતો અને ઘણા કાળ પછી, અને તે પણ વિરલ દાખલાઓમાં, કોઈપણ મહામાર્ગને અંતે આવેલાં વેપારી શહેર માટે વપરાયો છે.

પત્નીએ પતિને પૂછ્યું: 'આજે આપણા લગ્નને એક વર્ષ પૂરું થયું. તે માટે આપણે એક પાર્ટી ગોઠવીએ તો?'
'રહેવા દે ને!' વાત ટાળતાં પતિએ કહ્યું, 'એક મૂર્ખાઈ તો કરી બેઠાં, અને હવે બીજી ક્યાં કરવી?'

ભારતના ત્રણ મહામારી રોગોમાંનો એક પ્લેગ

માંદગીનાં મૂળનો ૫૫મો હપતો - લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



પ્લેગનાં જંતુઓ ને તેનો પ્રચારક ચાંચડ →

હિંદના મહામારી રોગો ત્રણ છે: પ્લેગ, કૉલેરા ને બળિયા. આ ત્રણે ચેપી રોગો જ્યારે રોગ-ચાળાના રૂપમાં ફાટી નીકળે છે ત્યારે તે વસતિના મોટા ભાગને આવરી લે છે. યોગ્ય ઉપચારના અભાવે મોટી સંખ્યામાં માણસો મરણ પામે છે અગર તો ઘણી પીડા પામે છે. રોગચાળા વખતે એકીસાથે ઘણાં માણસો આ રોગનાં ભોગ થઈ પડતાં હોવાથી ત્રાસ અને ભયનું વાતાવરણ જામી, જિંદગી જોખમમાં મુકાતી હોવાથી હાહાકાર વર્તી જાય છે, કુદરતના કોપનો અનુભવ થાય છે. આથી પ્લેગ અને કૉલેરા મહામારીના નામે ઓળખાય છે.

'એકને બાળીને આવ્યા ને બીજાને બાળવા ચાલ્યા.' પ્લેગના રોગ-ચાળા સમયની ભયાનકતાની વાતો હજુ ગઇ પેઢીના માણસો પાસેથી જાણવા મળે છે. ઇ. સ. ૧૮૯૩માં હૉંગકૉંગથી પ્લેગનો ચેપ મુંબાઇ-માં આવ્યો, ત્યાંથી કલકત્તા થઇ હિંદુસ્તાનભરમાં વ્યાપ્યો અને વીસ વર્ષના ગાળામાં એક કરોડ માણસોનો ભોગ લીધો. મુઘલ સમ્રાટ જહાંગીરે ૧૬૧૨ની સાલમાં હિંદમાં પ્લેગ ફાટી નીકળ્યાની નોંધ લીધી છે. ૧૮૧૫માં કચ્છમાં ફાટી નીકળેલો પ્લેગ સિંધ અને ગુજરાતમાં ફેલાઇ ૧૮૨૧ સુધી ચાલ્યા હતો. રાજપૂતાનાના પાલી ગામમાં ૧૮-૩૬માં પ્લેગ શરૂ થએલો તે જોધપુર અને મારવાડ સુધી ફેલાઈ ૧૮-૩૮ સુધી ચાલુ રહ્યો હતો. હિંદમાં ઉત્તર પશ્ચિમ અને મધ્યભાગમાં પ્લેગનું જોર અધિક છે જ્યારે બંગાળ અને મદ્રાસમાં ઓછું છે. પણ ૧૯૨૬–૨૭માં દક્ષિણ હૈદ્રાબાદમાં ભયાનક રોગચાળો ફાટી નીકળ્યો હતો એ બાબત હજુ તાજી છે.

પ્લેગ જૂના જમાનાથી ચાલ્યો આવતો રોગ છે. ખ્રિસ્તાબ્દનાં દોઢ હજાર વરસો અગાઉ ભૂમધ્ય સમુદ્ર કાંઠાના દેશોમાં પ્લેગના ૪૧ રોગચાળા ફાટી નીકળ્યાની પેપીનની નોંધ છે. ઉંદરો પડવા અને શરીર ઉપર ગાંઠો થવાનું પ્લેગના રોગચાળાનું બાઈબલમાં વર્ણન છે. આપણને વિચારતા કરી મૂકે એવો મોટો બ્લૅક ડેથના નામે ઓળખાતો રોગચાળો ૧૩૪૮નો છે. અનુમાનવામાં આવે છે કે આ વખતે દુનિયાની ૫ા ભાગની વસતિ નાશ પામી હતી.

મધ્યયુગમાં પ્લેગના રોગચાળા ફાટી નીકળવા ચાલુ રહ્યા હતા. એને નિવારવા માટે ક્વૉરન્ટીનની પ્રથા અમલમાં આવી. આ સમય-માં પ્લેગનો મહાન રોગચાળો ૧૬૬૫નો છે.તે 'ગ્રેટ પ્લેગ ઑવ લંડન'ના નામે ઓળખાય છે, જેમાં ૬૯ હજાર માણસો મર્યાની નોંધ છે. આ પછી બ્રિટનમાં આવો મોટો રોગચાળો ફાટી નથી નીકળ્યો. જો કે આ પછી દુનિયામાં અવારનવાર રોગચાળા ફાટી નીકળ્યા છે ખરા, પણ છેલ્લામાં છેલ્લો મોટો રોગચાળો હૉંગકૉંગનો ૧૮૯૪નો છે. આ અગાઉ તે સાઈબીરિયા, મંચુરિયા, ઈરાન અને અરબસ્તાનમાં સ્થાનિક હતો. ૧૮૯૬નો હિંદનો રોગચાળો એશિયાના બીજા દેશોમાં યુરોપ,આફ્રિકા, ઑસ્ટ્રેલિયા,હાવાઇ ટાપુઓ અને ૧૯૦૦માં અમેરિકા સુધી ફરી વળ્યો હતો. એશિયાની વાત કરીએ તો એનો આખો મધ્યભાગ એક મોટો સ્થાનિક રોગચાળાનો પ્રદેશ છે. કેટલાંક ગામોમાં પ્લેગ થોડાં વરસો સુધી કાયમ રહી આખા દેશ ઉપર વ્યાપી વળતો અને પછી દસકા કે વધુ વરસો બાદ ફરી દેખાવા માટે તદ્દન અદૃશ્ય થતો હતો.

પ્લેગના કારણરૂપ પ્લેગના જીવાણુઓ (Bacillus pestos)છે. પ્રથમ પ્લેગ ઉંદરોને લાગુ પડે છે. ત્યાંથી માણસોને ચેપ લગાડનાર ચાંચડો છે. પ્લેગથી મરેલા ઉંદરો ઉપરના ચાંચડો બીજા ઉંદરો અને માણસો ઉપર ઊડી આવે છે, અને કરડીને રોગનો ચેપ લગાડે છે. માણસોમાં પ્લેગ થતાં અગાઉ પખવાડિયા પહેલાં ઉંદરોમાં પ્લેગ લાગુ પડે છે. ઉંદર સિવાય કૅલિફોર્નિયામાં પ્લેગના ફેલાવારૂપ ખિસ-કોલી પણ જણાઇ આવી છે. ગાંઠિયો પ્લેગ આ રીતે લાગુ પડે છે, જ્યારે ન્યૂમોનિક પ્લેગ ચેપવાળા ગળફા વાટે ઝડપથી ફેલાય છે.

જીવાણુવિજ્ઞાનની શોધ અગાઉ રોગના કારણરૂપ દેવ કે માતાનો કોપ માનવામાં આવતો હતો. હૉંગકૉંગના રોગચાળા દરમિયાન કિટા-સારો અને પર્સિને ૧૮૯૪માં પ્લેગના જીવાણુઓ શોધ્યા. આ જીવા-ણુઓ રોગીનાં લોહી, ફૂલેલી ગાંઠો, બરોળ કે ગળફામાંથી જડી આવે છે. આ જીવાણુઓ જંતુઘ્ન દવાઓમાં જલદી નાશ પામે છે. સૂર્યતાપમાં ત્રણથી ચાર કલાકમાં મરી જાય છે. પીવાના પાણીમાં ત્રણ દિવસમાં તો શુદ્ધ પાણીમાં આઠ દિવસમાં મરી જાય છે. માણસ ઉપરાંત ઉંદર, કોળ, બિલાડી, વાંદરાં અને સસલાંને પણ પ્લેગનો ચેપ લાગુ પડે છે.

ચેપ ત્રણ રીતે લાગુ પડે છે. (૧) સંચારણ (Inoculation)(૨) શ્વસન (Intalation) અને (૩) પાચન (Ingestion)

(૧) સંચારણ: ચેપ લાગવાની આ અતિસામાન્ય રીત છે. ચે-પાળ ઉંદરો ઉપરના ચાંચડોની હોજરી અને અન્નનળી પ્લેગના જીવા-ણુઓથી ભરેલી હોય છે. અહીં ચાંચડો સંખ્યામાં પણ વધે છે. આ ચાચડો માણસોને કરડતી વખતે ડંખ વાટે જીવાણુઓ શરીરમાં ઠાલવે છે અગર તો ડંખ વાટે ચામડી ઉપરનો ચેપ શરીરમાં પ્રવેશ પામે છે. ચાંચડોની હગારમા થોડાક જીવાણુઓ બહાર પડે છે જે ચામડી ઉપર પડ્યા રહી ખંજવાળેલી ચામડીના ઘા વાટે શરીરમાં પ્રવેશે છે.

(૨) શ્વસન: ન્યૂમોનિયા પ્રકારના પ્લેગમાં રોગીના ઉચ્છ્વાસમાં નીકળેલા જીવાણુઓ શ્વાસ વાટે ફેફસાંમાં જવાથી રોગ થાય છે.

(૩) પાચન: રોગીનાં મળમૂત્ર વાટે જીવાણુઓ બહાર આવે છે. એથી કે ચેપાળ ઉંદરોથી દૂષિત બનેલો ખોરાક ખાવાથી રોગ થાય છે.

ઉંદરે ઉંદરે અને ઉંદરથી માણસમાં ચેપ ફેલાવનાર ચાંચડ છે. રોગ ફાટી નીકળતાં તંદુરસ્ત ઉંદરો નાસી જાય છે. ચેપી અને મરેલા ઉંદરો ઘરમાં પડી રહે છે. મરેલા ઉંદરો ઉપરના ચાંચડો તાજો ખોરાક મેળ-વવા બીજા ઉંદરો ન મળતાં માણસો ઉપર ઊડી જાય છે. ચાંચડો જમીનથી છ ઇંચ ઊંચા ઊડી શકે છે. માણસોના શરીર ઉપર વસેલા કે બિસ્તરામાં આવેલા ચાંચડો દ્વારા પ્લેગ ફેલાય છે. હૉંગકૉંગથી

સુભાષિત

• આર્યા •

आपदि मित्रपरीक्षा शूरपरीक्षा रणांगणे भवति।
विनये वंशपरीक्षा स्त्रियः परीक्षा तु निर्धने पुंसि॥

(અનુવાદ)

મિત્રપરીક્ષ ભીડમાં ને શૂરાની રણાંગણે થાની,
વંશકસોટી વિનયે, વનિતા નિર્ધન નરે જ પરખાતી.

(વિવરણ: સોડાલેમનના મિત્રોની નિરર્થકતા અને વાણીત્રીરોની પોકળ તાકાતને ઉઘાડી પાડવું, તથા કુલગુણોની સુવાસ અને નિર્ગ્રંન દાંપત્યનો ઉજાસ પાથરતું આ સુભાષિત ચાર મહત્ત્વપૂર્ણ બાબતોની ચાવી બતાવે છે: આફત આવ્યે પડખે ઊભો ન રહે તે મિત્ર શાનો? અને યુદ્ધ મેદાનમાં ઝૂઝે નહિ તે શૂરો શાનો? વળી, વિનય વિના કુલગુણોનું પારખું શેં થાય? અને ઉપરછલ્લા ઓપથી ચમકતા માનવીના તેમજ કુલગુણોનું માપ તેનામાં વિનય કેટલો છે તે પરથી જ થઈ શકે; એ જ રીતે નિર્ધન પતિની જીવનનાવને સહનશીલતા અને કરકસરનાં હલેસાંથી પાર ઉતારે તે જ સાચી સ્ત્રી.) —ચંદ્રશંકર પંડયા

હિંદમાં પ્લેગ અનાજના વહાણમાં આવેલા ઉંદરો દ્વારા ફેલાયો હતો.

ગાંઠિયા પ્લેગનો રોગી ચેપી નથી હોતો; આથી એક ઘરમાં એકથી વધારે રોગી નથી હોતા. હા, ન્યૂમોનિયા પ્રકારનો પ્લેગ ઘણો ચેપી છે. રોગીના સંપર્કમાં આવતાં ચેપ લાગે છે પણ આ પ્રકારનો પ્લેગ જૂજ હોય છે. ગંદકી અને આ રોગચાળાને સીધો સંબંધ નથી. હા, એટલું ખરું કે ગંદકીમાં ઉંદરોનો વાસ થાય છે. ગામોમાં જ્યાં ઉંદરોને પુષ્કળ ખાવાનું મળી રહે ત્યાં પ્લેગ ઉગ્ર હોય છે.

કોઈ પણ ઋતુમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળે છે, પણ ઠંડી ઊતરતાં ને ગરમીની શરૂઆતમાં એટલે કે ફેબ્રુઆરીથી એપ્રિલમાં તે વધારે થઈ આવે છે. મે અને જૂન માસમાં રોગનું જોર હળવું પડે છે. ગરમ અને ભેજવાળી ઋતુમાં ઉંદરો ઉપર ઓછા ચાંચડો હોય છે. જો કે પ્લેગનો ફેલાવો કરવામાં ચાંચડોનો મોટો હિસ્સો છે, પણ સાબિત થયું છે કે જૂ અને માકણ પણ ચેપનું વહન કરે છે. મોટા ભાગે ૧૦ થી ૪૦ વર્ષની વયના માણસો રોગના ભોગ થઈ પડે છે. પુરુષો કરતાં સ્ત્રીઓને વધારે લાગુ પડે છે.

રોગનો સંક્રમણકાળ ટૂંકો, ૨ થી ૭ દિવસનો છે. રોગ ત્રણ પ્રકારે દેખા દે છે: (૧)ગાંઠિયો પ્લેગ(Bubonic Plague)(૨)સેપ્ટીસિમીક અને (૩) ન્યૂમોનિક. આ ત્રણેમા ગાંઠિયો પ્લેગ અતિ સામાન્ય છે.

ગાંઠિયો પ્લેગ: શરૂઆતમા બેચેની, શિરોવેદના ને ઠંડી હોય છે તાવ એકદમ ૧૦૩ થી ૧૦૪ અંશ ફેરનહાઇટ સુધી વધે છે. શરૂઆતથી જ્ઞાનતંત્ર ઉપર અસર વધારે હોવાથી માનસિક ચિહ્નો આગળ પડતાં હોય છે. પીધેલાની જેમ રોગી વર્તે છે. આંખો લાલચોળ, ચળકતી અને એકીટસે જોતી હોય છે. બોલતા જીભ થોથરાય છે. રોગીથી જીભ બહાર કાઢી શકાતી નથી. બીજા દિવસે ગાંઠ દેખાય છે. ડોક બગલ કે જાંઘના વળામા ગાંઠ થઈ આવે છે. ક્વચિત્ કાનના મૂળ આગળ પણ થાય છે. રોગના બીજા કે ત્રીજા દિવસે વધારે તાવ, થોથરાતો અવાજ અને ઝડપી શ્વાસોચ્છ્વાસ હોવાથી રોગીની સ્થિતિ ગંભીર દેખાય છે. બેચેની લવારો કે તાણો અને બેભાનાવસ્થા પણ આવી પડે છે. શરૂઆતથી જ ગાંઠમાં વેદના તો હોય છે જ, પણ ગાંઠ વધતાં વેદના વધારે વધે છે. પાંચમા કે છઠ્ઠા દિવસે ગાંઠ પાકે છે. રોગના ત્રીજા દિવસે તાવ થોડો કમી થાય છે પણ ફરીથી પાછો પાંચમા કે છઠ્ઠા દિવસ સુધી રહી, સારા કે માઠા પરિણામનો ઊઘલો લે છે.

જો રોગીની પ્રતિકારશક્તિ સારી હોય તો સાતથી દસ દિવસે તાવ ધીમેધીમે ઓછો થતો ઊતરી જાય છે. શરીરની સ્થિતિ સુધરે છે. ગાંઠ પોચી પડી પરુ થવાથી વેદના કમી થાય છે. ગાંઠ પાકવાથી બીજા અઠવાડિયામાં તાવ આવે છે, જે ગાંઠની શસ્ત્રક્રિયા બાદ ઊતરી જાય છે. ગાંઠના સ્થાન ઉપર રોગની ગંભીરતા અવલંબે છે. ગંભીરતાનો ક્રમ આ મુજબ છે: બગલ, ગળુ અને વળાની ગાંઠો. ગાંઠ જ્યાં થઈ હોય તે પ્રમાણે બીજા ઉપદ્રવો થઈ આવે છે. ગળાની ગાંઠો સોજાને લીધે શ્વાસનળી ને કંઠનળી ઉપર દબાણ ઉપજાવે છે. બગલની ગાંઠોનો સોજો ફેફસાંમાં જઈ ન્યૂમોનિયા પેદા કરે છે. જાંઘની ગાંઠોનો બગાડો લોહીની નળીઓ સુધી જતાં પુષ્કળ લોહીનો સ્રાવ થવાથી જાન જોખમાય છે.

જો રોગનું ઝેર પ્રબળ હોય અને રોગીની પ્રતિકારશક્તિ નબળી હોય તો રોગના બીજા દિવસે કે પછીથી રોગીની સ્થિતિ બગડી ઉન્માદાવસ્થા કે બેભાન અવસ્થા આવી પડે છે. રોગના બીજાથી છઠ્ઠા દિવસની અંદર કાં તો શરીર ઠંડું પડીને કે શરીરની ગરમી વધીને મૃત્યુ આવી પડે છે.

સેપ્ટીસિમીક પ્રકાર: શરૂઆતથી કે ગાંઠિયા પ્લેગમાંથી ચોથા કે પાંચમા દિવસે આ પ્રકારનો પ્લેગ લાગુ પડે છે. રોગી સાવ નંખાઈ જાય છે. ઊલટી કે ઝાડા વાટે લોહી પડે છે. લોહીસ્રાવથી થાકીને રોગી બે કે ત્રણ દિવસમાં મૃત્યુ પામે છે.

ન્યૂમોનિક પ્રકાર: ઝડપથી તાવ વધી ઊલટી, હાંફ, ઉધરસ, ગળફાનાં લક્ષણ હોય છે. ગળફા પાતળા ફીણવાળા લાલ કે લીલા રંગના હોય છે. શરીર ઉપર લોહીનાં ચકામાં પડે છે. શરીર ભૂરું પડયા સાથે ચકામાં હોવાથી ચામડીનો રંગ કાળો થાય છે. આ પ્રકારના પ્લેગમાં હૃદય ઉપર અસર થવાથી મૃત્યુ થાય છે.

કોઇ પણ રોગચાળા કરતાં પ્લેગમાં મરણપ્રમાણ અધિક રહે છે. ગાંઠિયા પ્લેગમાં ૬૦ થી ૭૦ ટકા અને ન્યૂમોનિક પ્લેગમાં ૧૦૦ ટકાનું જોખમ છે. કોક રોગચાળો ઉગ્ર હોય કે કોક મંદ. ઉગ્ર રોગચાળા વખતે સાધારણ પીડા પણ પ્રાણઘાતક નીવડે છે.

રોગ નિવારવા માટે પ્લેગની રસી અસરકારક સાધન છે. ૧૮૯૬ના મુંબાઈના પ્લેગ વખતે જ ડૉ. હાફકીને આ રસી બનાવી હતી. હિંદમાં બે અગ્રિમ યમદૂતો કૉલેરા અને પ્લેગના મૃત્યુપંજામાંથી માનવજાતને બચાવવા રોગ-નિવારક રસી શોધનાર આ પરમહિતૈષી સમર્થ જીવાણુશાસ્ત્રીની શતાબ્દી આ વરસે (સ. ૧૯૫૯) મુંબાઈમાં ઊજવાઈ. રસી લીધા પછી ચોવીસ કલાક પર્યંત બેચેની, તાવ, શરીરચૂંથારા વગેરે થાય છે. બેત્રણ દિવસ સુધી રોજિંદું કામ થઈ શકતું નથી; દસ દિવસમાં રોગક્ષમતા પ્રાપ્ત થઇ છ મહિના કે વધારે વખત સુધી પહોંચે છે.

રોગચાળા વખતે ઘરગામ છોડી ખુલ્લાં ખેતરોમાં માંડવા નાખી એક મહિના સુધી વસવાટ કરવાથી રોગચાળામાંથી ઊગરી જવાય છે. રોગચાળા વખતે રોગગ્રસ્ત વિસ્તારમાં ન જવું. જો જવું પડે તો ચાંચડોના ડંખથી બચવા શરીર બરાબર ઢાંકવું. ખુલ્લા રહેલા હાથના પોંચા અને પગ ઉપર મોજાં પહેરવાં. રોગ અને રોગીના સંબંધમાં આવેલાં કૂતરાંબિલાડાંથી વેગળા રહેવું. રોગીનાં કપડાં વાસણો વગેરે ઊકળતા પાણીમાં શુદ્ધ બનાવવાં. રોગીનું અને એની આસપાસનાં ઘરો ડી.ડી.ટી. પાવડર છાંટી ચૂનાથી ધોળાવી શુદ્ધ બનાવવાં. રોગચાળાને ઉંદર સાથે ગાઢો સંબંધ હોવાથી ઉંદરોનો નાશ કરવાના ઉપાયો યોજવા.

હમણાં શોધાએલાં બે ઔષધો–સ્ટ્રેપ્ટોમાયસિન ઈન્જેકશન અને સલ્ફાડાયાઝીન ગોળીઓ–પ્લેગ માટે ઘણાં અસરકારક નીવડયાં છે. યોગ્ય ઉપચારથી રોગીને મૃત્યુના મુખમાંથી પાછો આણી શકાય છે. પ્લેગથી થતું મરણપ્રમાણ ઘટયું છે.

નટવરલાલ માલવી

માલિશનો ભાઈ

માલિશની કરામત પછી હવે એક નવો જ અનુભવ વર્ણવે છે . . . . .

આજથી ચારેક વરસ પૂર્વે અમારે ત્યાં પિસ્તાળીસેક વરસની વયનાં આધેડ બાઈ રસોઇ કરવા આવતાં હતાં. કાયા ભારે હતી,—હશે દોઢસોક રતલ જેવી.

એક દહાડો મારે ને તેમને સાથે જમવા બેસવાનું થયું. તેમણે બે જ રોટલી લીધી, એટલે મને ખૂબ અચરજ થયું, ને પૂછ્યું: 'બહેન, તમે તો બે જ રોટલી લીધી! એ કેમ ચાલે? તમે કામગરાં માણસ. એટલા ખોરાકથી તમને પોષણ કેમ મળે? તમારે તો જરા સારીપેઠે ખાવું જોઇએ.'

તેમણે જવાબ દીધો: 'અરે ભાઈ, મને તો કંઈ પચતું નથી, રેચ સાફ આવે નહિ ને માથું તો દુખ્યા જ કરે. મગજે પિત્ત ચડેલું ને ચડેલું જ રહે છે. મારાથી વધુ ખવાતું જ નથી.'

મેં જરાક વિચાર કર્યો ને પૂછ્યું: 'પિત્તનું જ જોર છે, ખરું?'

'હા, ભાઈ.'

'ઠીક. ત્યારે એમ કરો. હું તમને આજે એક મૂળિયું આપીશ. તે તમે ઘસીને પીજો. રોજ બેત્રણ વાલ જેટલું ઘસવું,—સવારે સ્તો; ને ચાદૂધ કંઈ પણ પીતાં પૂર્વે ચાટી જવું. ફાવટ આવે તો રાત્રે પણ સૂતાં પહેલાં એ રીતે ચાટવું. ન ફાવે તો એક જ વાર ચાટવું. પાંચછ દહાડા કરી જુઓ. પછી શી અસર થાય છે તે મને જણાવજો.'

ચારપાંચ દિવસ કેડે મેં પૂછ્યું, તો બાઇએ કહ્યું: 'ભાઈ, મને તો હજુ કંઈ ફાયદો નથી દેખાતો, જો!'

મેં પૂછ્યું: 'એક વાર ચાટો છો કે બે વાર?'

'એક જ વાર બને છે, ભાઈ.'

મેં જરાક વિચાર કર્યો, પછી કહ્યું: 'હું સમજી ગયો. હવેથી, તમે જેટલું ચાટણ ચાટો છો, તેનાથી બેવડું લેવા માંડો. મને લાગે છે કે માત્રા ઓછી પડે છે, તેથી અસર દેખાતી નથી. માત્રા બેવડાવો, ને પાંચસાત દહાડે પાછાં મને કહેજો.'

પાંચસાત દિવસ જવા દઇને મેં ફરી તપાસ કરી, તો બાઇએ ખુશખુશાલ હસીને જવાબ દીધો: 'બહુ ફક્કડ થઈ ગયું, ભાઈ. પેટ પણ સાફ આવે છે ને માથું પણ હલકું પડી ગયું છે. એ મૂળિયું શાનું છે, ભાઈ?'

મેં કહ્યું: 'એ તમારે પૂછવું નહિ. જ્યારે જોઇએ ત્યારે મારી પાસેથી લઈ જવું, કે મંગાવી લેવું. એની કિંમતમાં કંઈ દમ જેવું છે નહિ, એટલે ચિંતા કરવી નહિ.'

પછી તો બાઈ બેત્રણ વાર મારી પાસેથી માગીને એ મૂળિયું લઇ ગયાં ને મહિનો દોઢ મહિનો વાપર્યું. તે પછી એક દહાડો મેં એમને એનું નામ પણ જણાવી દીધું. મારે ખાનગી તો રાખવાનું હતું જ નહિ. જેઠીમધનું છોડું કહેવાય છે, તે જ એ મૂળિયું. જરા જાડી ગાંઠ હતી, એટલું જ.

જેઠીમધના 'છોડા'નો આ ઘસારો, સહેલો ને સટ, આ રીતે પિત્તપ્રધાન પ્રકૃતિ માટે, કબજિયાત ને માથાદુખણ મટાડનારો નીવડ્યો, રામબાણ અસર આપી ગયો. જેમને એ પ્રકારનો વ્યાધિ હોય, તે સુખેથી એ અનુભવ કરી જુએ.

આ રીતે જેઠીમધને ઘસીને તેનું ચાટણ વાપરવાનો અખતરો કોઇએ કર્યો છે કે નહિ, તે માલૂમ નથી; ક્યાં ય વાંચ્યું નથી. પણ થયો તો હશે જ, કારણ કે આપણે ત્યાં 'ઘસારો' એ દવાનો એક પ્રકાર જ થઈ પડેલો છે, અને એકલો 'ઘસારો' શબ્દ દવાઈ ઘસારાના અર્થમાં રૂઢ પણ થએલો છે. બીજાં દ્રવ્યોનો એવો ઉપયોગ જાણમાં તો છે જ. હવે બીજો કિસ્સો:

એલ. એમ. ઍન્ડ એસ. ડૉકટર. ઉમર હશે, આ બન્યું તે અરસામાં લગભગ ૬૨-૬૩ વરસની. જૈફ, પીઢ, સમજુ, ઠરેલ, ડાહ્યા માણસ. માંદા પડ્યા, થોડે દહાડે સાજા થયા, પણ પૂરા દુરસ્ત નહિ. હું મળવા ગયો.

તેમણે કહ્યું: 'હજુ અશક્તિ છે. ચાલતાં થાકી જવાય છે, બહાર નીકળતો નથી, બહુ ચલાતું જ નથી. મગજની અશક્તિ પણ ઘણી લાગે છે. ચક્કર આવી જશે એવી ધાસ્તી લાગ્યા કરે છે. શક્તિની દવા ચાલુ છે.'

મેં કહ્યું: 'એક તો હું આપનાથી બારપંદર વરસે નાનો, ને બીજું આપ છો દાક્તર. આપ દવા ને આરોગ્યની બાબતમાં નિષ્ણાત ગણાઓ, ને તે વાતમાં મારા જેવાએ આપની સલાહ લેવાની હોય,—આપવાની તો શાની જ હોય? તેમ છતાં જરા ધૃષ્ટતા કરીને આપને સલાહ આપું છું તે માફ કરજો. પણ આપ રોજ ત્રણચાર દાણા બદામ—બદામનો મગજ—ઘસાવી, તે ઘસારો ચાટી ઉપર દૂધ પીવાનું કરશો, અગર તે ઘસારો દૂધમાં નાખીને પીશો, તો મને લાગે છે કે શક્તિ ઘણી ઝડપથી આવી જશે અને જે માનસિક નબળાઇ, અગર તેવી નબળાઇની દહેશત ઘર કરી ગઈ છે, તે પણ દૂર થઇ જશે. શરીરમાં પણ તાકાત આવી જશે. પણ બદામને વાટવા-કૂટવાની નહિ,—ઘસવાની. તેનું ચંદન બનાવી દેવાનું.'

દાક્તર નિખાલસ હતા. તેમણે તુરત કહ્યું: 'એ રીતે બદામનો ઘસારો કરીને પીઉં તો તો તુરત જ અશક્તિ દૂર થાય જ ને! એ તો દેખીતું જ છે—બરાબર જ છે. પણ બદામ ઘસે કોણ? બદામ ઘસવાની તકલીફ લેવાની ને ધીરજ બે ય જોઇએ ને, ભાઇ! બાકી એ તો બહુ ગુણકારી!'

[દાક્તરનાં પત્ની આદિ હાજર હતાં, તેમણે ય તેવું કંઈ કરવા કે કરાવવાની કશી તત્પરતા દાખવી નહિ, પણ એ વાત અત્રે અસ્થાને છે.]

કમમાં કમ ચાળીસ વરસ સુધી વૈદકીય વ્યવસાય કરનારા અનુભવી, પીઢ દાક્તરે બદામને ચાટણ તરીકે વાપરવાના પ્રયાસ સંબંધે આવો અભિપ્રાય તડાક દઇને આપ્યો.

મારા સ્વાનુભવની જ વાત હતી. આગલે વર્ષે જ એક બાઇને ભારે માંદગી પછીની અશક્તિમાંથી બદામના આવા ચાટણે જ મુક્ત કરી હતી.

ત્રીજો અનુભવ લઇએ, આ ઘસાય-પદ્ધતિ વિષે જ.

આંખની શક્તિ વધારવા, તેની નબળાઈ દૂર કરવા માટે ત્રિફળાંનું અગર એકલી હરડેનું પાણી છાંટવાની ભલામણ ઘણાંક પુસ્તકોમાં લખેલી છે, કહો કે બધા જ આયુર્વેદીય ગ્રંથોમાં નજરે પડે છે. એ પ્રયોગ કરનારા પણ ઘણા માણસો અવારનવાર મળે છે. હા, 'એમ પાણી છાંટયે તે શું વળે?' એવા વિચારે નાસ્તિકતા દાખવનારા એથી ઘણા વધારે હશે-બાકીના ઘણાખરા જ એ સમુદાયમાં હોવા સંભવ છે. એમ પાણી છાંટવાનું છબાર મહિના ચલાવવું પડે એ વિચારે કંટાળનારા ને તેથી એ પ્રયોગ જ નહિ કરનારા,-ભરોસો હોવા છતાં,-પણ સારીપેઠે મળે. તેવા બધાને તત્કાળ અસર દાખવે એવો પ્રયોગ ઘસારાનો છે. હરડેને ગુલાબજળમાં ઘસીને સળી વડે આંખમાં આંજી દેવાની. અને એ રીતે ચાલુ રાખી બેચાર કે આઠ જ દહાડે એની તાસીર માપી લો. (પ્રયોગ ક્યાં વાંચેલો, કે કોઇએ રૂબરૂ કહેલો તે યાદ નથી. પણ સને ૧૯૧૬ થી ૧૯૩૬ સુધી દૂરનાં ચશ્માં પહેર્યાં પછી '૩૬ની સાલમાં

એ પ્રયોગ શરૂ કર્યો, ચશ્માં છોડી દીધાં, છૂટી જ ગયાં. બેત્રણ વરસ એ પ્રયોગ ચાલુ રાખ્યો, પછી કેમ મૂકી દીધો તે કંઈ સાંભરતું નથી. કોઈ બીજા પ્રયોગ ખાતર, કે ઇતર કારણે. આ લખું છું ત્યારે એ પ્રયોગ વીસેક દિવસથી ફરી ચાલુ કર્યો છે. સ્પષ્ટ લાભ દેખાય છે.)

પણ આની અસર માપવી શી રીતે?–એ કોયડો પણ ઘણાને મુશ્કેલ લાગતો હશે, કે એમ તો શી રીતે સમજ પડી જાય, માપ આવી જાય, કે કેટલી ને શી અસર થઈ, ને ખરેખર થાય છે કે કેમ, થઈ કે કેમ? તેવાઓને માપણીનો નુસખો પણ બતાવું. સિનેમા જોવાથી આંખને થાક લાગે છે? જેમની આંખ ઘણી જ સારી હોય એવા નવલોહિયાને તો થાક નહિ લાગતો હોય, પણ બાકીના બધા, ચશ્માંવાળા કે વગરના, કંઈક થાક તો અનુભવતા જ હશે. બેઅઢી કલાક ઝગમગાટ અજવાળા સામે સતત જોઈ રહેવાથી આંખને થાક લાગે જ લાગે, ઓછો યા વત્તો. ખરું જોતાં એ ક્રિયા આંખ માટે નુકસાનકારક છે જ, અને વારંવાર માણવા જેવી નથી. છતાં આટલું કરો, સિનેમા જોવા જતાં પૂર્વે, આ રીતે હરડેને ગુલાબજળમાં ઘસી આંખમાં આંજી લઈ, પછી જ એ મોજે ઊપડો. અને જોયા પછી આંખને કેવો ને કેટલો થાક લાગ્યો છે, મુકાબલે, તેનો ક્યાસ કાઢો. મારી ખાતરી છે, અનુભવજન્ય જ, અલબત્ત, કે આંખને થાક નથી લાગ્યો અગર અતિ કમ લાગ્યો છે, એવું માપ સ્પષ્ટપણે આવશે. હરડેને ઘસીને વાપરવામાં આવે છે, હરડેનો ઘસારો વપરાય છે, તે જ તત્કાળ ને સારી સરખી અસર થવામાં કારણભૂત છે.

જેઠીમધ, બદામ, હરડે,–કોઈ પણ દ્રવ્ય ભૂકા રૂપે વાપરો, ફાકો, તેના કરતાં ચાટણ રૂપે, ઘસારા રૂપે વાપરો તેની અસર ઘણી ઝડપી અને ઘણી સારી થાય છે એમ માનવામાં હરકત નથી, અને એ વાત ગળે ઉતારવા માટે જ આ લેખ લખેલો છે. ઝડપી અસરનું એક કારણ એ છે કે ઘસારા પદ્ધતિમાં દ્રવ્યના રજકણ અતિ સૂક્ષ્મ બની જાય છે, અને તેને પચાવવા આંતરડાંને (અગર ઇતર અવયવને) કશી તકલીફ પડતી નથી. બીજું ઘસવાની ક્રિયામાં પણ ગુણવૃદ્ધિ રહેલી છે. કણકને ગૂંદવાની–કેળવવાની ક્રિયા વડે જ રોટલીમાં સુંવાળપ, હલકાપણું, પચનીયતા ઉત્પન્ન થાય છે. ભસ્મને પુટ આપવાની ક્રિયા પણ એ જ પ્રકારની છે. તેથી જ મર્દનમ્ ગુણવર્ધનમ્–મર્દન કરવાથી ગુણમાં વૃદ્ધિ–તાકાત-વૃદ્ધિ (હોમિયોપથીમાં પણ એ ભૂમિકા જરા જુદા રૂપે છે) થાય છે, એવું સૂત્ર ઉત્પન્ન થયું છે. શરીરે તેલ માલિશ કરવાની જે કરામત વિષે આગળ લખાઈ ચૂક્યું, તેમાં જેટલો ગુણ તેલનો છે, તેટલો જ કે કદાચ તેથી જરા વધારે માલિશનો, ઘસારાનો–ઘર્ષણનો છે. આમાં પણ એ જ વાત છે. આ ઘસારા અગર ઘર્ષણ અગર માલિશવડે ગરમી ઉત્પન્ન થાય છે (રજકણો સૂક્ષ્મ બનવા ઉપરાંત), એટલે કે ચેતન ઉત્પન્ન થાય છે (એક પ્રકારની ગતિ ઉત્પન્ન થાય છે એમ પણ કહી શકાય), સજીવતા પ્રકટ થાય છે–Heat is life and cold is death, 'ગરમી એટલે ચેતનનો સજીવતાનો સિદ્ધાંત' (એમાં અપવાદ તો અલબત્ત હોય જ. માછલાંને કદી શરદી થતી સાંભળી?) અહીં પણ વ્યક્ત થાય છે, એમ માનવામાં હરકત નથી. માંદગી પછીની અશક્તિમાં બદામનો સજીવ બનેલો ઘસારો–ચાટણ બહુ ઝપાટાભેર સાજગી બક્ષે છે–બીજાં મોંઘાં ઓસડિયાં અગર ખરચાળ બાટલા કરતાં ચડિયાતી અસર કમ સમયમાં આપી જાય છે, એવો અનુભવ છે, અને એ પ્રકારની ભલામણ કરવામાં સંકોચ થતો નથી.

ખટપટ? તકલીફ? કંટાળો? ત્રાસ? વખત ગુમાવવું?—આવી દલીલો થયા વિના નહિ રહે. દાક્તર કે વૈદને ત્યાં જઈ 'ક્યૂ'માં ઊભા રહી, કે બીજી રીતે પણ જે વખત ગુમાવવાનો થાય છે, જે ત્રાસ અને કંટાળો ભોગવવો પડે છે, તેની સરખામણીમાં ઘર બેઠાં મનમોજી રીતે આ કામ કરી લેવામાં વધારે ત્રાસ, તકલીફ કે કંટાળો છે, એવું મને તો લાગ્યું નથી, હજુ ય લાગતું નથી; પૈસા બચે તે તો જુદું જ. મેં ત્રણચાર વરસ હરડે, ગુલાબજળ આંજ્યાં, તેનો રવૈયો જ પાડી દીધેલો, એ રીતે, કે મારા ટેબલના ખાનામાં જ નાની સરખી ઓરસડી ને હરડે ને ગુલાબજળની નાનકડી શીશી ને સુરમાની સળી રહે. સવારે ૭ાા કે ૮ વાગ્યે ટેબલ પર બેસું કે પહેલું કામ–તામ્રપાત્રે જલપૂરણમ્ જેવું–કરું તે આ જ કે હરડે ઘસીને આંખમાં આંજી દઉં. બહુ બહુ તો બે મિનિટ જાય. પછી જ બીજા કામનો પ્રારંભ કરું. ચશ્માં પહેરવાં, મિનિટે મિનિટે લૂછવાં, પડી જતાં સાચવવાં, પડે ને ફૂટી જાય ત્યારે તકલીફ ભોગવવી (આપણા લોકોના રઘવાટ અંગે દહાડામાં બેચાર વાર ચશ્માં ને મિજાસ બંને ગુમાવવાં ને શોધવાં!).—આવી બધી ખટપટ કરતાં આ રોજિંદો બે મિનિટનો ખર્ચ કંઈ ભારે પડતો નથી, જરા યે અકળાવતો નથી એવું મારું માનવું છે. હરડે પેઠે જ બદામ કે જેઠીમધ કે બીજા કોઈ દ્રવ્યનું એ રીતે ગોઠવી શકાય.

પણ ઘર્ષણ–માલિશ વડે ચેતન ઉત્પન્ન થાય છે, તેનો લાભ સ્વાસ્થ્ય જાળવવામાં લેવા જેવો છે. આપણે તો ચીંધવાના શરીગત!

અગસ્ત્યને પગલે પગલે...૨૭

ઉત્સવઘેલું બાલી

લેખક અને ફોટોકલાકાર નવનીત પારેખ

મંદિર જોઇ વળીને પાછા ફરતાં વચાન રમાએ બાલીનાં મંદિરોના કેટલાક ઉત્સવો ગણાવ્યા.

પ્રત્યેક મંદિર પોતાનો 'ઓડાલન' (જન્મદિવસ, સ્થાપન-દિન) ઊજવે છે. આ દિવસે આખા ગામના બધા જ લોકો એકઠા મળીને મોટા જમણવાર ગોઠવે છે. મંદિરનો પેમાંકૂ પૂજા-અર્ચન કરે છે. શ્રદ્ધાળુ ગામલોકો પેમાંકૂ પાસેથી મોટા ચમચા વડે પોતાના હાથના ખોબામાં પવિત્ર જળ લે છે અને તેનું પાન કર્યા પછી ભીના હાથ માથે ફેરવે છે. આપણાં હિંદુ મંદિરોની પ્રણાલિકા સાથે કેટલું સામ્ય! ઉત્સવ સમયે પેમાંકૂ મંદિરમાં પડી રહેલી સુખડની બે સુરેખ મૂર્તિઓ (અર્ચા) બહાર આણીને પ્રાર્થના-વિધિ કરે છે, જેથી દેવો તેમાં (ઉત્સવ પૂરતા જ) પ્રવેશ કરે. પછી તો ગીત ને વાદ્ય-સંગીત સાથે દેવોને ગામલોકો લાંબા સરઘસમાં પાસેના સાગરતટે અથવા નદીકાંઠે લઈ જાય છે અને ત્યાં મોટો પૂજાવિધિ કર્યા પછી રાત પડયે મંદિર પર પાછા આણે છે. આપણા રથયાત્રાના ઉત્સવ સાથે તેને કાંઈક સરખાવી શકાય. પછી આખી રાત મંદિરમાં પૂજાવિધિ તથા નૃત્યસંગીત ચાલે છે.


બાલીનો બીજો મોટો ઉત્સવ તે 'ન્યેપી'. દર વસંત-ઋતુમાં આ ઊજવાય છે અને તે દિવસથી બાલીનું નૂતન વર્ષ શરૂ થાય છે. નરકના અધિષ્ઠાતા યમરાજે પૃથ્વી તથા સમાજને અપવિત્ર કર્યા છે તેથી ન્યેપીને આગલે દિવસે ખૂબ ધામધૂમ તથા ધક્કામુક્કી સાથે શુદ્ધિ-વિધિ થાય છે. તે દિવસે કૂકડાની સાઠમારી પણ થાય છે જ. આ પૂજાવિધિથી રાક્ષસો તથા ભૂતોને હાંકી કાઢવામાં આવે છે. તે પછીનો ન્યેપીનો દહાડો પરમ શાન્તિનો દિવસ મનાય છે. તે દિવસે બધું જ કામ-કાજ બંધ રહે છે અને લોકો ઘરમાં ચૂલો પણ પેટાવતા નથી.



દક્ષિણ બાલીનું અગ્રગણ્ય બાંગલીનું વિખ્યાત કેહેન મંદિર

બાલીમાં વળી 'ગાલુંગન' જે નામનો ઉત્સવ દર વર્ષે ઊજવાય છે તે તો બધું મળીને પંદરેક દિવસ ચાલે છે ને તેને આપણા ભાદ્રપદ માસના શ્રાદ્ધ-પક્ષ સાથે સરખાવી શકાય. ગાલુંગન દરમિયાન બધા પિતૃઓ તથા પૂર્વજો પૃથ્વી પર ઊતરી આવે છે એમ મનાય છે. તેમને આવકાર આપવા માટે ઊંચા સ્તંભ, પતાકાઓ, કમાનો વગેરે ઊભાં કરવામાં આવે છે, અને તેમને ફળ-ફૂલ તથા પ્રસાદ અર્પણ કરવામાં આવે છે. આ દિવસોમાં બાલીના લોકો ખૂબ ઉત્સાહમાં નવાં નવાં વસ્ત્રોમાં સજ્જ થઇને બહાર રખડવા નીકળી પડે છે. લોકો મંદિરોમાં જાય છે અને ભોજન-સમારંભો ગોઠવે છે. બાલીના કોઈ પણ ઉત્સવમાં સંગીત તથા નૃત્ય તો હોય જ. ગાલુંગન સમયે મુખ્યત્વે બારિસ તથા ક્રિસ નૃત્યો ભજવાય છે. ગુજરાતની દિવાળી, બંગાળના પૂજાના દિવસો, મુસ્લિમોની રમઝાન–ઈદ કે ખ્રિસ્તીઓના નાતાલના તહેવાર જેવો ઉત્સાહ તથા ભભકો બાલીમાં ગાલુંગન સમયે પ્રવર્તે છે. ગાલુંગનના આગલા પાંચ દિવસ તો ઉજવણીમાં જ જાય છે. તે પછી બીજા પાંચેક દહાડે કુનિગનનો દિવસ આવેછે જ્યારે બધા મૃતાત્માઓને તર્પણ આપવામાં આવે છે. આ દિવસે તીર્થ-એમ્પુલ સ્થળે વિશિષ્ટ સમારોહ કરાય છે ને સેંકડો લોકો ત્યાંના પુનિત જળમાં સ્નાન કરવાના હેતુસર આવે છે.

બાલીમાં બે પ્રકારનાં પંચાંગ અસ્તિત્વમાં છે, એક તો ભારતનો શક સંવત ત્યાં ચાલે છે. (આપણે પણ હવે રાષ્ટ્ર-પંચાંગ તરીકે શકવર્ષ



હિંદના હિમાલયની પેઠે બાલી પર ગુનુંગ અગુંગ (૧૦,૩૦૦ ફૂટ) પર્વતનું ભૌગોલિક અને ધાર્મિક સાર્વભૌમત્વ છે. પર્વતને પાર્શ્વભાગે તેના અધિષ્ઠાતા દેવની પીઠિકાઓ અને તેના ઢોળાવમાં જ બેસાકિહનું મહામંદિર આવેલાં છે.



પ્રાકૃતિક સમૃદ્ધિ, શોભા અને સૌંદર્યના આશ્રયધામ બાલીનો નારિયેળીનાં વૃક્ષો વડે છવાએલો સુરવત નજીકનો રળિયામણો દક્ષિણપ્રદેશ

જ અપનાવ્યું છે.) હું બાલીમાં હતો ત્યારે—ઈ. સ. ૧૯૫૬માં ત્યાં પણ શક સંવત ૧૮૭૮ ચાલતો હતો. ભારતની જેમ બાલીનું શકવર્ષ પણ બાર ચાંદ્ર માસમાં વિભક્ત છે. મહિનાઓને ત્યાં 'સાસેહ' કહે છે. લોકોમાં તેમનાં પ્રચલિત નામ તો પહેલો, બીજો, ત્રીજો એમ સંખ્યા પ્રમાણે જ છે, પરંતુ તેમનાં વૈદિક નામ આપણે ત્યાંનાં નામ અનુસાર છે: શરાવણ (શ્રાવણ), બાદ્ર–વદા (ભાદ્રપદ), આસુજો (આસો, આશ્વિન), કાર્તિકા (કાર્તિક), માર્ગશિરા (માર્ગશીર્ષ), પોસ્ય (પુષ્ય, પોષ), માગ (માઘ), પાલ્ગુના (ફાલ્ગુન), મધુમાસ (ચૈત્ર), વેસાક (વૈશાખ), જીએસ્ટ (જ્યેષ્ઠ) અને આસાડ (આષાઢ). બાલી લોકો શ્રાવણને પહેલો મહિનો ગણે છે પરંતુ તેમનો નવા વર્ષનો ઉત્સવ 'ન્યેપી' તો ભારતના શક વર્ષની જેમ વસંત ઋતુમાં જ ઊજવાય છે. બાલી દક્ષિણ ગોળાર્ધમાં આવ્યું છે અને ત્યાંની ઋતુઓ ભારત કરતાં કાંઈક ઊલટી છે, તે આ ફેરફારનું કારણ હોઈ શકે.

સામાન્ય રીતે આ ચાંદ્ર માસ આપણી જેમ ૨૯ કે ૩૦ દિવસના હોવાથી તેમનું સામાન્ય વર્ષ ૩૫૪થી ૩૫૬ દિવસનું થાય. પરંતુ તેમનું વર્ષ સૌર-વર્ષ હોવાથી તેમણે પણ આપણી જ જેમ એક અધિક માસ (સાસેહ નગ્પેહ) દાખલ કર્યો છે. દર ત્રીસ મહિને આ અધિક માસ આવે છે અને તેથી ચાંદ્ર માસ તથા સૌર વર્ષનો મેળ બેસી જાય છે. પૂર્ણિમાને બાલી લોકો 'પૂર્ણમા' કહે છે.

આ શક સંવત્સર તથા ચાંદ્ર માસનું પંચાંગ તો સ્પષ્ટ રીતે ભારતથી જ ઊતરી આવ્યું છે, પરંતુ બાલીનું બીજું એક વુકુ-પંચાંગ મધ્યયુગમાં મજ્જપાહિતના હિંદુ સામ્રાજ્યના શાસનદરમ્યાનજાવીલોકોએ દાખલ કર્યું હતું. આ વુકુ-વર્ષ ૨૧૦ દિવસનું હોય છે અને તે વિવિધ અઠવાડિયાંમાં વિભાજિત હોય છે. તેમાં એક દિવસના અઠવાડિયાથી તે દસ દિવસના અઠવાડિયા સુધીના દસ પ્રકારનાં અઠવાડિયાં 'વુકુ' એકસામટાં ચાલતાં હોય છે!! આ દસ વુકુ (અઠવાડિયાં)નાં નામ છે: એકોવાર, દુવિવાર, ત્રિવાર, ચતુર્વાર, પંચવાર, સડવાર, સપ્તવાર, અસ્ટવાર, સંઘવાર તથા દશવાર. પરતુ તેમાં સાત દિવસનું અઠવાડિયું સપ્તવાર સૌથી પ્રચલિત છે, અને તેના સાત દિવસોનાં નામ છે: રેદિતે (આદિત્ય, રવિ), સોમ, અંગાર (અંગારક, મંગળ), બુધ, બ્રેસ્પતિ (બૃહસ્પતિ), શુક્ર તથા સનિશ્ચર. ચતુર્વારના દિવસોનાં નામ છે: શ્રી, લાભ, જય તથા મંડલ; જ્યારે અષ્ટવારના દિવસોનાં નામ છે: શ્રી, ઇંદ્ર, ગુરુ, યમ, લુદ્ર (રુદ્ર), બ્રહ્મા, કાલ તથા ઉમા. આ દસ પ્રકારનાં અઠવાડિયાંનું પંચાંગ ભલે સીધું ભારતથી ઊતરી આવ્યું ન હોય, પરંતુ તે સર્વનાં નામ તથા તેમના દિવસોનાં નામ પરથી પ્રતીત થાય છે કે પ્રાચીન કાળમાં ભારતથી આવીને જાવામાં સ્થિત થએલા લોકોએ જ તે ઉપજાવ્યું હશે.

કુબુતાંબહનનું વિશાળ મંદિર જોઈ વળ્યા એટલે મારે શ્રી વયાન રૂમા તથા શ્રી વયાન ભદ્રાની વિદાય લેવાની આવી. આ વિદ્યા-વિનય-સંપન્ન સુહૃદોથી છૂટા પડતાં મન ભારે થઈ ગયું. સહવાસથી મનુષ્યમાં અનુરાગ ઊપજે છે, અને તેથી જ વિદાય વસમી થઈ પડે છે. છૂટા પડતાં મેં પેલો જાણીતો શ્લોક સંભળાવ્યો તથા સમજાવ્યો:

यथा काष्ठ च काष्ठं च समेयातां महोदधौ ।
समेयातां व्यपेयातां तद्वद भूतसमागमः ॥

શ્રી વયાન ભદ્રાએ તેમની એક જીપ મને સોંપી હતી. તેમાં ઈડા-બાગુસ સંતોષ તથા હું દક્ષિણ તરફ વળ્યા. સૌ પહેલાં અમે કુતાદાલેમ ગામ આવ્યા. અહીં પાસે જ નાનુલીસાન નામનો પહાડ છે જેની પર એક પ્રાચીન મંદિર આવેલું છે. ઉપર પહોંચવા માટે પગથિયાં તો બનાવેલાં છે, પરંતુ તે ઝડપથી ચડવા જતાં સંતોષ તથા હું જરા થાકી ગયા. આબુ પરનાં અર્બુદાદેવી (અધરદેવી) જવાનો માર્ગ યાદ આવ્યો. પહાડ પર પડતર હાલતનાં પ્રાચીન હિંદુ મંદિરોના અવશેષો જોવા મળ્યા. કેટલી યે અર્ધ ખંડિત મૂર્તિઓ ત્યાં ખુલ્લામાં ગોઠવેલી હતી. પહાડ પરથી નીચે આવીને અમે જીપમાં આગળ વધ્યા અને કિન્તામણિ (ચિન્તામણિ) ગામે આવ્યા. અહીં એક નાનું વિશ્રામ-ગૃહ હતું, પરંતુ તેનો ખાનસામો બહાર ગયો હોવાથી ચા પણ પીવા મળી નહિ—ચિંતામણિ અમારા હાથમાં હોવા છતાં પણ! બાટુર પર્વતના પડખામાં વળાંક લેતો પહાડી મોટર-રસ્તો અમને બાટુર સરોવર પર લઈ આવ્યો. આ મનોહર કાસાર આકાર તેમજ પરિસ્થિતિમાં નૈનિતાલને મળતું છે, પરંતુ નૈનિતાલને કાંઠે ઝૂકી રહેલાં મજનૂન (વિલો-વૃક્ષ) તથા આસપાસના પહાડોમાં થનગની રહેલાં ચીડ–દેવદારુને સ્થાને અહીં ઉષ્ણ-કટિબંધની ગાઢ વનરાજિ વિલસી રહી હતી.

બપોર સુધીમાં અમે બાંગલી ગામે આવી પહોંચ્યા. આસપાસના પ્રદેશનું આ મુખ્ય ગામ છે. અહીંનું વિખ્યાત કેહેન મંદિર ઘણું પ્રાચીન મનાય છે. તેનાં શિલ્પ તથા સ્થાપત્ય ઘણાં જ ઉત્કૃષ્ટ તથા ભવ્ય છે. બાલીનું શ્રેષ્ઠ મંદિર 'બેસાકિહ' ભલે ઘણું વિશાળ તથા સમૃદ્ધ હોય અને તેમાં અસંખ્ય મેરુ, ચંડી-બેન્તાર તથા પાદુ-રક્ષાનો ભંડાર ભર્યો હોય, પરંતુ બાંગલીનું આ કેહેન મંદિર મારાં જોએલાં બધાં બાલી-મંદિરોમાં મને સૌથી નમણું તથા મોહક લાગ્યું. તેની ઘાટીલી પાદુ-રક્ષાના મુખ્ય પ્રવેશદ્વારને ડાબે-જમણે વળી વધારાનું એક એક દ્વાર મૂકેલું હતું, અને ત્યાં પહોંચવાનાં સંખ્યાબંધ પગથિયાંની બંને બાજુએ કેટલાં યે રાક્ષસ-દ્વારપાલકોની મૂર્તિઓ ઊભી કરેલી હતી. દોઢ કલાક મંદિરમાં ફરીને સંતોષ તથા હું જીપમાં કલુંગ-કુંગ તરફ હંકારી ગયા. કલુંગ કુંગમાં પ્રથમ તો અમે ઉદરતૃપ્તિ માટે એક ચીની વેપારીની રેસ્ટોરાં પર ગયા. શાકાહારી વાનગીમાં તો ભાત, સૂપ તથા બિસ્કિટ જ મળ્યાં. દક્ષિણપૂર્વ બાલીના કલુંગ કુંગ જિલ્લાનું આ મુખ્ય ગામ છે અને અહીંનું મોટું મંદિર જોયા પછી ગામમાં અમે કાપડ વણતા તથા વેચતા લોકોને મળ્યા. વણકર સ્ત્રીઓ પ્રસન્ન વદને હાથશાળ ચલાવી રહી હતી. બાલીના વણાટકામની રસમ જાણવાની સારી તક મળી.

કલુંગ કુંગમાં વધુ સમય ન ગાળતાં અમે પુણ્યધામ બેસાકી તરફ જીપ મારી મૂકી. બેસાકીને બાલીનું કાશી કહેવું જોઇએ. દેવોના આ દ્વીપ બાલીમાં મંદિરો કે યાત્રાધામોનો કોઈ તોટો નથી, પરંતુ અહીંનાં સેંકડો મંદિરોમાં આ બેસાકીનું સ્થાન કોઈ અનેરું જ છે. કૅથલિક ખ્રિસ્તીઓમાં જેમ કહેવત છે કે બધા માર્ગો રોમ લઈ જાય છે, તેમ બાલીનાં બધાં ધર્મ-સ્થાનકોમાં બેસાકી કેન્દ્રસ્થાને છે.

બાલીના સૌથી ઊંચા તથા સૌથી પવિત્ર પર્વત 'ગુનુંગ આગુંગ'ના દક્ષિણ ઢોળાવ પર આવેલું આ ભવ્ય તથા વિસ્તૃત તીર્થધામ ઘણું પ્રાચીન મનાય છે. મધ્યયુગમાં ધર્મવંશના શાસન નીચે બેસાકી મંદિરનો વિસ્તાર થયો હતો. પૂર્વ જાવાના પરાક્રમી રાજા અર્લંગ, જેમનાં માતાપિતાએ બાલી ઉપર રાજ્ય કર્યું હતું તે, પણ આ ધર્મવંશના જ હતા. બાલી લોકો બેસાકીનો ઉચ્ચાર 'બેસાકિહ્' પણ કરે છે. મૂળ 'વાસુકિ'નું અપભ્રંશ થઇને 'બેસાકી' થયું છે એમ ભાઈ સંતોષે જણાવ્યું.

દોડી જતી જીપમાંથી બાજુમાં સરી જતાં ડાંગરનાં હરિયાળાં ખેતરો તથા નાળિયેરીનાં વૃક્ષો નીરખતાં બ્રાહ્મણ યુવાન સંતોષ તથા હું વાતોએ ચડયા. બ્રાહ્મણ પેડન્ડાના પૂજાવિધિ વિષે વધારે સમજૂતી આપતાં સંતોષે જણાવ્યું કે પેડન્ડાના મસ્તકે મોટી લાલટોપી 'શિરોવિષ્ટ' કહેવાય છે જ્યારે કાન પર પહેરેલા આભૂષણને 'કર્ણાભરણ' કહે છે. ખભા ઉપર નાખેલી ગણિત્રી-પથ્થરની માળાને 'રાયાભરણ' કહે છે. ભાઈ સંતોષે પછી પ્રાચીન ગ્રંથ 'તંત્રી–કમંડક'માંની એક વાર્તા સંભ-

બાલી, જેમાં 'ધર્મસ્વામી' નામના મહાપુરુષ એક વાનર, એક સર્પ ને એક વાઘને કૂવામાંથી ઉગારે છે. આપણા પંચતંત્ર જેવી કથા હતી.

ઘણે દૂરથી જ પર્વતરાજ ગુનુંગ-આગુંગ તથા તેની તળેટીએ જાણે કે ફૂટી નીકળેલાં બેસાકી-મંદિરનાં મેરુ-શિખરો દેખાવા લાગ્યાં અને અમે વાત પડતી મૂકીને અનિમેષ નયને તે તરફ તાકી રહ્યા. મંદિરને પડખે જ, નીચે એક ગામ વસેલું છે ત્યાંથી થોડાં ફળ-ફૂલ ખરીદીને અમે મંદિરમાં પ્રવેશ્યા. વાસ્તવિકરીતે બેસાકીનું મંદિર ત્રણ ભિન્ન મંદિર-વૃંદનું બનેલું છે. બાલીના ત્રણ મુખ્ય રાજવંશો—'સંપ્રાંગણ', 'ગેલ્ગેલ' તથા 'કલુંગકુંગ'—તરફથી આ ત્રણ મંદિર-જૂથ બંધાએલાં અને આજે પણ કલુંગકુંગ, બાંગલી તથા કરંગાસેમના ઠાકોર-રાજાઓ તેનો વહીવટ ચલાવે છે. મધ્યનું 'પુરા પણતરન્ આગુંગ બેસાકિહ' મુખ્ય મંદિર ગણાય છે તેથી અમે સૌ પ્રથમ તેમાં જ પ્રવેશ્યા. બેસાકિહને નાના કદનું ભુવનેશ્વર કહી શકાય. ઓરિસ્સાનાં ભુવનેશ્વરનાં સંખ્યાબંધ મંદિરોની જેમ અહીં પણ થોકબંધ મેરુ-શિખરો, પાદુ-રક્ષા, ચંડી-બેન્તાર તથા બીજાં સ્થાનકોની છાપરીઓ સૌ જાણે ટોળે વળીને એકઠાં થયાં છે. ચોમાસામાં ખેતરમાં બિલાડીના ટોપ બધે પટોપટ ફૂટી નીકળે તેમ આ બધા મેરુશિખરો આકસ્મિક રીતે સ્વયંભૂ જ ઊભાં થયાં હોય એમ લાગે છે.

સાંજ પડી ચૂકી હતી અને વાદળોની ગર્જના અમને ડરાવી રહી હતી તેથી અમે ઝડપથી મુખ્ય મંદિરનું જ ચક્કર મારીને સીધા તેના મુખ્ય મેરુ પર ગયા. એક ઉપર એક અગિયાર છાપરાંવાળું આ મંદિરશિખર ઉન્નત મસ્તકે સ્વસ્થ રીતે ઊભું હતું. મેરુની અંદર તો મહાદેવજીની મૂર્તિ કે શિવલિંગ નથી હોતું તેથી આ આભ-ઊંચા શિખરને જ ભગવાન શંકરનું સ્વરૂપ માની લઇને પ્રણિપાત કર્યો અને અંદરના સ્થાનકમાં ફળ-ફૂલ પધરાવ્યાં. બાલીના આ શિવાલયની યાત્રાનો મારો કિશોરાવસ્થાનો સંકલ્પ આશુતોષ શિવે આજે પરિપૂર્ણ કરાવ્યો. ધન્યતા અનુભવતાં મેં મેરુ-શિખરની પરિક્રમા કરી. સંકલ્પ પૂરો થતાં આ વિદ્યાયાત્રાની દિશા પણ બદલાતી હતી. અત્યાર સુધી અગ્નિ-દિશા તરફ મોં રાખીને પ્રવાસ કર્યો, હવે પૂંઠ ફેરવીને ઘર તરફ પ્રયાણ કરવાનું.અલબત્ત,માર્ગમાં નવા દેશો નવાં સ્થળો જોવાનાં બાકી છે જ. (ચાલુ)

જંતુઓમાં એક દિવસ વિવાદ ઊઠયો: કોણ વેગવાન, કોણ ગતિપૂર, કોણ શીઘ્ર?

'હું કેટલો ઝડપથી દોડી જાઉં છું!' મંકોડો કહી રહ્યો હતો. એ સાંભળીને કીડી બોલી, 'દેહની સરખામણીમાં મારી ઝડપ વિશેષ છે.'

એટલામાં કરોળિયો બોલ્યો, 'જાળમાં સપડાએલા શિકાર ભણી દોડી જતો જેણે મને જોયો હશે એ મારી આવેગભરી ઝડપ જરૂર જાણતો હશે.'

એ સાંભળીને માખી અને મચ્છર એકીસાથે બોલી ઊઠયાં, 'હવામાં જેણે પાંખ પસારી નથી એને ઝડપની કલ્પના જ શી રીતે આવે? તમારી ગતિ અમારા હિસાબમાં નથી!'

અત્યાર સુધી ચૂપ બેઠેલા તીડથી હવે ન રહેવાયું.એ મોટેથી પોકારી ઊઠયું,'મારો મુકાબલો કોણ કરશે? હું વાયુવેગે ઊડું છું.' છેવટે એક ગોકળગાય ધીમેથી ઊભી થઇને બોલી, 'ઓ ક્ષુદ્ર જંતુઓ! તમને બધાંયને શક્તિનો નિરર્થક વ્યય કરતાં જોઇને મને વિષાદ થાય છે.'

—પુરુષોત્તમ સહ્યાદ્રિ

કલાવાર્તા

શિલ્પગુચ્છ

પૂર્વ અને પશ્ચિમની કળાઓનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરનારું એક સચિત્ર પુસ્તક તૈયાર કરવાની યોજના સંજોગો અનુસાર પડતી મૂકીને, એ બને કલાઓમાંથી પસંદ કરેલી કેટલીક કૃતિઓનાં થોડાં ચિત્રોનો 'શિલ્પગુચ્છ' નામે એક સંપુટ શ્રી અંબાલાલ પુરાણીએ શ્રી અરવિંદ આશ્રમ પૉંડિચેરી તરફથી (કિ. રૂ. ૩) પ્રકટ કર્યો છે.

એના આ અપૂર્ણ સ્વરૂપની પાછળે મૂળ યોજનાના એક મુદ્દાની ઝાંખી તો તરત થાય છે: એ છે પૂર્વ ને પશ્ચિમની કલાના એક જ વિષયનું નિરૂપણ કરનારા નમૂનાઓની સરખામણી. દાખલા તરીકે 'વીનસ ડિમિલો' સાથે 'મોહિની' કે 'શાલભંજિકા'ની તુલના, 'નટરાજ' સાથે (અંગના ભંગ પૂરતી) 'ડિસ્કોબોલિસ'ની સરખામણી, બળ અને સામર્થ્યના આલેખનમાં 'ગજહામૂર્તિ' ને 'હર્ક્યુલિસ'ની, યા તો 'ડિસ્કોબોલિસ' સાથે અતિભંગવાળી 'શક્તિ'ની સરખામણી. 'શક્તિ', 'બળ', 'સામર્થ્ય' વગેરેનું આલેખન કેવળ સ્થૂલ શરીરની માંસપિંડીઓ બતાવવાથી જ થઈ શકે, એ માન્યતા સાચી નથી, તે પણ એમાંથી સમજી શકાશે. વળી, કેટલાકનો જે આક્ષેપ છે કે હિંદની કળામાં બળ કે શક્તિનું આલેખન જ નથી એ આક્ષેપ પણ કેટલો પાયા વગરનો છે તે પણ આ સંપુટમાંથી સમજાય છે.

હિંદની કળા પર અતિ નાજુકાઇનો, અપાર્થિવતાનો, અવાસ્તવિકતાનો એવા જે આક્ષેપો કરવામાં આવેલા છે તેમાં વજૂદ નથી એમ અભ્યાસકોને હવે લાગતું જાય છે. વળી નગ્નપ્રાય: દેહમાં હિંદની કળા સ્થૂલ સૌન્દર્ય કે પાર્થિવ આકર્ષણ, વિલાસિતા કે વિલાસના ઉલ્લાસ સિવાયની ઘણી વસ્તુઓ લાવી શકે છે. આ વાત સમજવા માટે સંગ્રહમાં રજૂ થએલી અજન્તાની દ્વારપાલિકાનું ચિત્ર એક ઉદાહરણ પૂરું પાડે છે. નગ્નપ્રાય: એ કુમારિકામાં એક પ્રકારની આત્મવિલીનતા,—મુગ્ધતા કરતાં કાંઈ જુદા પ્રકારની—છે, નિર્દોષતા ને સુંદરતા છે. વિકારરહિતતા રજૂ કરવાની કલાકારની શક્તિ એમાં જોઈ શકાય છે. હિંદની કલામાં સ્ત્રીઓ અતિનાજુકાઈવાળી હોય છે એ આક્ષેપ પણ હકીકતથી વેગળો છે: 'શાલભંજિકા' કે 'યક્ષિણી'નું આલેખન જુઓ. મોહિ-



નટરાજ વિશ્વચક્રના યુગોમાં સર્જન, સ્થિતિ અને પ્રલયની ક્રિયા થાય છે. એ કેવળ જડ શક્તિની આકસ્મિક ક્રિયા નથી પરંતુ એની સઘળી ગતિની પાછળ પ્રભુની શક્તિ રહેલી છે, એનું સુંદર પ્રતીકાત્મક કલાસભર સ્વરૂપ 'નટરાજ' છે. આજુબાજુ પ્રસરી રહેલા અગ્નિમય પ્રભાચક્ર સાથે તાલબદ્ધ ગતિ કરતા વિશ્વના વિસંવાદી બાહ્ય સ્વરૂપની પાછળ પણ તે એક છંદોમયતા ને સંવાદ સાચવે છે. વિશ્વ-પ્રગતિમાં બાધક થનાર અસુર-શક્તિને પોતાના પગ તળે કચરીને નટોના સમ્રાટ શિવના દિવ્ય નૃત્યની સઘળી સુંદરતાને આ મૂર્તિ રજૂ કરે છે. દક્ષિણ હિંદમાં શિવનું આ વિશ્વનાથ તરીકેનું સમ્રાટ સ્વરૂપ વધારે પ્રચલિત છે. ૧૪મી સદીની આ મૂર્તિ મદ્રાસના મ્યૂઝિયમમાં છે.

ની નિર્બળ નારી જણાતી નથી. 'ત્રિભંગ'માં વૃક્ષને અઢેલીને ઊભેલી સુંદરીમાં સમતુલા, સંવાદ અને સૌન્દર્ય તેના સમગ્ર દેહ તેમજ પ્રત્યેક અંગમાંથી પણ સ્ફુરે છે, પરંતુ એની સુકુમારતામાં નિર્બળતાનો આભાસ નથી.

કહેવાનો ભાવાર્થ એ નથી કે હિંદની કલાએ હજી પ્રગતિ કરવાની રહી નથી, પણ હિંદની કલા એની પોતાની વિશિષ્ટતાવાળી છે અને ઉત્તમ કલાઓમાં પોતાના એ વિશિષ્ટ ગુણો વડે સ્થાન પામવાની અધિકારી છે. યુરોપની કલાના સંપ્રદાયોનું, રોજ રોજ બદલાતા એના વાદોનું અનુકરણ ન કરે તો તે કલા નહિ, યા તો ઊતરતા પ્રકારની કલા, એ ગુલામીની લઘુગ્રંથિમાંથી આપણી રસવૃત્તિ, આપણા કલાકારો અને વિવેચકો જેટલાં જલદી મુક્ત થાય તેટલું આપણી સ્વતંત્ર કલાસર્જકતાને માટે સારું છે.

હવે, આ ઉદાહરણોનો થોડો પરિચય:

વીનસ ડિ મિલો (આર્ટ પ્લેટ પર): વીનસ એ મૂળ તો સૌન્દર્ય, પ્રેમ, સર્જન, વિશ્વવ્યાપી પ્રાણશક્તિની દેવી. સમુદ્રના કાદવમાંથી



ગ્રીક શિલ્પના અંતિમ કાળની આ એક અતિપ્રસિદ્ધ કલ્પનાકૃતિ 'લાઓકુન'માં ગતિની ચંચળતા નિશ્ચલ પાષાણના રૂપમાં પ્રકટ થઈ. ગ્રીક દંતકથાના એક ધર્મગુરુ લાઓકુન અને તેના બે પુત્રોને અજગર ભરડો લઇ તેમના જીવનનો અંત આણે છે તે સામેની એમની અંતકાળની મથામણ તેમાં ઉતારેલી છે. આ મૂર્તિત્રયમાં ઉદ્દામ ચંચળતાનું વાસ્તવિક ચિત્ર ખીલ્યું પણ એ ત્રણ મૂર્તિઓની જુદી-જુદી ગતિ અને ભંગીમાલાની વચ્ચે કોઈ જાતનું ઐક્ય સ્થાપવાનો યત્ન થયો નથી, કે જ્યાં અહીં-તહીં ફરતી આપણી આંખને જરા સુસ્થિર થઇને ઊભી રહેવાની તક મળે. એમાં જાણે આપણી આંખ એ મૂર્તિના અંગપ્રત્યંગના વળાંકમાં વિક્ષિપ્ત થઇને એના ગતિચક્રની સાથેસાથે ફરવા માંડે છે.



ઍપોલો બેલ્વેડિયર: રોમ પાસે પોપના વૅટિકનમાં આ મૂર્તિ છે. જ્યૂપિટર દેવનો એ પુત્ર ગણાય છે. ભવિષ્યવાણી ભાખવા માટે પ્રખ્યાત એવો, ગ્રીસના ડેલ્ફાઈ મંદિરનો એ અધિષ્ઠાતા દેવ ભવિષ્યવાણીનું, કળા ને કવિતાનું તથા દિવસ ને સૂર્યનું પ્રતીક મનાય છે. આ પ્રખ્યાત મૂર્તિમાં સૌન્દર્ય, શક્તિ, પ્રભાવ, ગૌરવ, ઉદાત્તતા વગેરે આદર્શ માનવદેહનાં તત્ત્વો રજૂ થએલાં છે.

(આપણી લક્ષ્મીદેવી પેઠે) તે જન્મી મનાય છે. પાછળથી આ વીનસ અને ઍફ્રોડાઈટ બે દેવીઓ એક ગણાવા લાગી, ને કામવાસના તથા રતિની દેવી પણ બની. આ દેવીની જુદી-જુદી સ્થિતિ રજૂ કરતી ઘણી મૂર્તિઓ જોવામાં આવે છે. તેમાંની વીનસ ડિ મિલો પારીસના લુવ્ર મ્યુઝિયમમાં છે. સૌન્દર્ય ઉપરાંત આત્મ-ગૌરવ, ઉદાત્તતા અને, કેટલાકના અભિપ્રાય પ્રમાણે, ભવ્યતા પણ આ ખંડિત મૂર્તિમાં અનેક રસિકોએ જોઈ છે.

શાલભંજિકા: કોણાર્ક સૂર્યમંદિરના ઉપલા ભાગમાં આ મૂર્તિ છે. ૧૩મી સદી. એક વૃક્ષના ઉપલા ભાગ તરફ એના બંને હાથ સુંદરતાપૂર્વક વળેલા છે. વૃક્ષનું જીવન ને માનવ-પ્રાણ બંનેમાં રહેલી ઊર્ધ્વ ગતિ કરવાની પ્રેરણા શરીરના સૌષ્ઠવમાં અને ગતિના છંદમાં પ્રગટ થાય છે. (જુઓ આર્ટ પ્લેટ પરનું પહેલું ચિત્ર)

મોહિની (આર્ટ પ્લેટ પર): વિષ્ણુ ભગવાને અસુરોને અમૃત પીતા અટકાવવા માટે ધારણ કરેલું આકર્ષક સ્ત્રી-સ્વરૂપ. આ મૂર્તિ તાંજોર જિલ્લાના વળુર ગામમાં વિરાટેશ્વર મંદિરમાં છે. એમાં દૈહિક સૌન્દર્યનાં તત્ત્વો આકર્ષક રૂપમાં રજૂ થએલાં છે.

'દ્વારપાલિકા' (આર્ટ પ્લેટ પર): નગ્નપ્રાય: એ કુમારિકામાં એક પ્રકારની આત્મવિલીનતા (મુગ્ધતા કરતાં જુદા જ પ્રકારની) જણાય છે, જેમાં સુંદરતા અને નિર્દોષતા પણ આગળ પડતાં તત્ત્વો છે. માનવ-દેહના સૌન્દર્યના




ગ્રીક શિલ્પી માઇરોન સર્જિત આ વિખ્યાત મૂર્તિ (ડિસ્કોબોલસ—ચક્રફેંકનાર)માં કલાકારે ગતિશીલ વેગ-ભર્યું સાચું સૌષ્ઠવ અતિનિપુણ ચોકસાઈથી કંડાર્યું છે.



સમભંગ



આભંગ




ત્રિભંગ



અતિભંગ



ગજહામૂર્તિ



આલેખનમાં વિકારરહિતતા કલાકાર કેટલે અંશે સાધી શકે છે તે પણ આ ચિત્રમાં જોઈ શકાય છે. આ ચિત્ર અજતામાં છે.

ગજહામૂર્તિ: આ મૂર્તિ પણ તાંજોર જિલ્લાના વળવુર ગામમાં છે. ગજાસુરનો સંહાર કરતાં શિવ એને ચીરી નાખે છે એ અસાધારણ સામર્થ્ય ભરેલા કાર્યનું અહીં નિરૂપણ કર્યું છે. બળના પ્રયોગની ક્રિયાશીલતાનું ચરમ બિંદુ કલાકારે એમાં આલેખ્યું છે. શિવનો એક પગ ગજાસુરના મસ્તક ઉપર ટેકવેલો છે, ને તે બે વિસ્તારેલા હાથ વડે ગજાસુરના દેહને ચીરે છે. આ મૂર્તિ ઉપરથી એ પણ સિદ્ધ થાય છે કે હિંદના શિલ્પીઓને માનવ દેહના વિવિધ ભંગોનું તથા અવસ્થાઓનું ગ્રીક શિલ્પીઓ જેટલું જ જ્ઞાન હતું. ગજહામૂર્તિને ગ્રીક મૂર્તિ 'લાઓકૂન'સાથે સરખાવવાથી પૂર્વ તથા પશ્ચિમની કલા વચ્ચેનું સામ્ય–તથા ભેદ–બંને જણાઈ આવશે.

ફાર્નિસ હેરાક્લિસ—હર્ક્યુલિસ: ગ્રીક ને રોમનાં પુરાણોમાંનો આ પ્રખ્યાત વીર પુરુષ જ્યૂપિટર દેવનો પુત્ર મનાય છે. એના જન્મ વખતે જ્યૂપિટરની એક પત્ની જૂનોએ ઈર્ષાથી એને ગળી જવા બે અજગરો મોકલ્યા. પણ, શ્રીકૃષ્ણ પેઠે, બાળ હર્ક્યુલિસે એના પ્રાણ લીધા. મોટા થયા પછી એણે બાર અસાધ્ય પરાક્રમો કરી બતાવ્યાં. આ મૂર્તિ નેપલ્સના મ્યૂઝિયમમાં છે. કોઈએ મૂર્તિનું વર્ણન 'માનવ-શરીરના મહાકાવ્ય' તરીકે કર્યું છે. હિંદની કળામાં બળ, શક્તિ વગેરે તત્ત્વોની રજૂઆત કરવાની રીત આમાં છે તેવી બાહ્ય પ્રકારની નથી એ શિવની 'ગજહામૂર્તિ' જોતાં જણાઈ આવશે.

ત્રિભંગ અને અતિભંગ: હિંદની મૂર્તિકળામાં ચાર ભંગ જાણીતા છે: ૧ સમભગ, ૨ આભંગ, ૩ ત્રિભંગ, ૪ અતિભંગ. સમભંગમાં મૂર્તિ મધ્યસૂત્રની બંને બાજુ સમાનપણે ઘડેલી હોય છે; સૂર્ય, વિષ્ણુ વગેરે દેવોની મૂર્તિ આ સમપાદ કે સમભંગમાં ઘડેલી હોય છે.

આભંગમાં મધ્યસૂત્ર ડૂંટીની જમણી બાજુએ થઈને પસાર થાય છે. એટલે કે શરીરનો ઉપરનો ભાગ જરાક જમણી બાજુએ ઢળેલો હોય છે. બોધિસત્ત્વો, સંતો અને ઋષિઓની મૂર્તિ આ ભંગમાં હોય છે.

ત્રિભંગ: આ ભંગમાં મધ્યસૂત્ર ડાબી બાજુની આંખમાં થઈને, છાતીના મધ્યમાં આવે છે, ત્યાંથી ડૂંટીની ડાબી બાજુમાં પસાર થઈ નીચે જાય છે. આમ, મૂર્તિની દેહયષ્ટિ કમળની દાંડીની પેઠે વળેલી જણાય છે. દેવીની મૂર્તિઓ ત્રિભંગમાં હોય છે ત્યારે એમનું મસ્તક જમણી બાજુ ઢળતું બતાવાય છે. એટલે જ્યારે દેવની મૂર્તિ સાથે મૂકવામાં આવે ત્યારે બંને એક બીજા તરફ ઢળતાં દેખાય—જાણે બે પરસ્પર ઝૂકી રહેલાં કમળ!

અતિભંગ: પ્રલય-તાંડવમાં શિવની મૂર્તિ અતિભગમાં રજૂ થાય છે, તેમ દેવીમૂર્તિ પણ જ્યારે અસુરનો વિનાશ કરતી બતાવવામાં આવે છે ત્યારે વિનાશનો ઉગ્ર ભાવ રજૂ કરવા માટે તેને અતિભગમાં સર્જાય છે.

મુંબાઈની અમેરિકી માહિતી કચેરીએ અમદાવાદમાં તાજેતરમાં બે પ્રદર્શનો બતાવ્યાં: 'માનવીનું વિશાળ ભાવી' ને 'આજનું અમેરિકા'. તેનાં ચિત્રો આ સાથે આપ્યાં છે.

'માનવીનું વિશાળ ભાવી' ગરીબીમાંથી ઉન્નતિ, ભયમાંથી મુક્તિ, જ્ઞાનનો અધિકાર, વ્યક્તિનું ગૌરવ ને વાણીસ્વાતંત્ર્ય વગેરે મનુષ્યની આકાંક્ષાઓનું નિરૂપણ કરે છે, વિજ્ઞાન, અણુ અને અવકાશનાં ક્ષેત્રોની વિરાટ શોધોની દૃષ્ટિએ મનુષ્યના ભાવીનું દર્શન કરાવે છે.

'આજનું અમેરિકા' એ નામ જ એ પ્રદર્શનનો હેતુ સ્પષ્ટ કરે છે.

પારીસમાં, જગતના ૩૫ વર્ષ સુધીની વયના યુવાન કલાકારોની કૃતિઓનું એક પ્રદર્શન થવાનું છે, તેમાં આ વર્ષે ભારતે પણ ભાગ લેવાનું નક્કી કર્યું હતું. તે માટે ચાર ચિત્રો ને બે શિલ્પ મળી કુલ છ કૃતિઓ પસંદ થઈ છે, જે પૈકી ચાર તો ગુજરાત-સૌરાષ્ટ્રના કલાકારોની છે: (૧) જ્યોતિ ભટ્ટનું તૈલચિત્ર 'ફીઅર ઑવ ટુમૅારો'; (૨) રાઘવ કનેરિયાનું ધાતુશિલ્પ 'વાછરડું'; (૩) નરેન્દ્ર પટેલનું ધાતુશિલ્પ 'પંખી'; અને (૪) અકબર પદમશીનું શિલ્પ. ગુજરાતને માટે આ આનંદની વાત ગણાય. કહેવાની જરૂર નથી કે આ ચારે ય અદ્યતન કલાની કૃતિઓ છે.





'માનવીનું વિશાળ ભાવિ' પ્રદર્શનમાંની બે છબિઓ. ડાબી બાજુનું ચિત્ર પ્રતિદિન પ્રગતિ કરી રહેલા અણુયુગની અજાયબીઓ સૂચવે છે. જમણી બાજુ વિવિધ જાતિઓનાં બાળકોને રમતના આનંદમાં મગ્ન થએલાં દર્શાવ્યાં છે, જે માનવ-ઐક્યની ભાવી પ્રગાઢતા નિર્દેશે છે.

સાહિત્યસંપર્ક

કલાપીનો કેકારવ

ગુજરાતી કવિતામાં 'આર્દ્રતા-પ્રેમ'ને અવતારનાર, આપણી અર્વાચીન કવિતાના પ્રાચીન (ઓગણીસમી સદીના) કવિ 'કલાપી'–સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલનું સ્થાન ઉપોદ્‌ઘાતમાં પ્રો. ઇન્દ્રવદન કાશીનાથ દવે કહે છે તેમ "''કેકારવ'માંનાં પચાસેક ઊંચી કોટિનાં સમુજ્જ્વલ મધુરકાવ્યોથી ગુજરાતી કવિતાના દરબારમાં 'કલાપી, નરસિંહરાવ, કાન્ત, ન્હાનાલાલ અને ઠાકોર'ના પંચકમાં છે. કલાપીની પ્રતિભા તેમની જિંદગીની આખરમાં વિશાલ રસમય દૃષ્ટિ–કલ્પનાએ ને ગહન અનુભવના દર્શને પહોંચી રહી છે. તેમનું વહેલું મૃત્યુ એ ગુજરાતી કવિતાની કમનસીબી છે."

કહે છે કે કલાપીની કવિતામાં કલાનો સંતોષ છે, શાંતિ નહિ. પરંતુ કાલમાપ જોતાં કલાપીની કલમની કલાભિવ્યક્તિએ સમય–સાધારણ મર્યાદાઓને ઘણી પાછળ હટાવી છે. આજે પણ કલાપીની કવિતાના ભાવનો જાદુ એટલો જ હૃદયસ્પર્શી અને આસ્વાદ્ય છે. કવિતાકલાનું અપેક્ષિત કો'ક સનાતન વસ્તુ કલાપીની કલમમાં છે, એટલે તેમનાં કાવ્યોના આ સર્વસંગ્રહનું મહત્ત્વ આજે પણ અનલ્પ છે.

પ્રો. ઇન્દ્રવદન કાશીનાથ દવેના ઉપોદ્‌ઘાત તથા વિવરણ ઉપરાંત કાવ્યોના અઘરા શબ્દોના અર્થ પણ આપવામાં આવ્યા છે. મુખ્ય વિક્રેતા : પુસ્તકાલય સ. સ. મંડળ લિમિટેડ, પો. બૉ. ૧૦, વડોદરા; કિંમત : રૂા. ૧૦·૦૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

પ્રદક્ષિણા

આ વિદ્યાગ્રંથના વિષયની ઓળખ આપતાં 'પ્રાસ્તાવિક'માં તેના લેખક ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા લખે છે કે 'ન્યૂ યૉર્કના રૉકફેલર ફાઉન્ડેશનના આમંત્રણથી જૂન ૧૯૫૬થી મે ૧૯૫૭ સુધીના [illegible] માસમાં મેં એક લાંબો પ્રવાસ કર્યો, અને યુનાઇટેડ સ્ટેટ્સમાં જતાં પહેલાં યુરોપમાં અને ત્યાંથી પાછા વળતાં જાપાન અને અગ્નિ-એશિયાના દેશોમાં કેટલોક સમય ગાળ્યો. તે વર્ણવતા પ્રવાસપત્રો 'બુદ્ધિપ્રકાશ'ના એ સમયના સંપાદકો શ્રી નગીનદાસ પારેખ ને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી ઉપર લખાએલા તે એ સામયિકમાં સપ્ટેમ્બર ૧૯૫૬થી જૂન ૧૯૫૮ સુધી 'એક વિદ્યાયાત્રા' શીર્ષક નીચે પ્રકટ થયા.' ૩૮૧-૮૨ ('કુમાર' અંક ૪૨૯)

તેમની આ વિદ્યાયાત્રા વિષે સર્વશ્રી પંડિત સુખલાલજી, અનંતરાય રાવળ અને દેશળજી પરમારે અનુક્રમે યથાર્થ કહ્યું છે કે 'તમારી વિદ્યાયાત્રામાં શિક્ષણ, સાહિત્ય, સંસ્કાર, વ્યવસ્થા ને કર્મઠતા આદિને લગતા ઘણા હૃદયસ્પર્શી મુદ્દાઓ નોંધાએલા છે. આ વિદ્યાયાત્રા શુષ્ક નથી, સ્થૂળ નથી, એમાં પ્રાણ છે.' 'હિંદ બહાર નીકળ્યા પછી તમે તમારી પળેપળ નવું જોવા–જાણવામાં કેવી સ્ફૂર્તિથી અને નિષ્ઠાવંત વિદ્યાપ્રેમથી ગાળી છે તેનું સુખદ ચિત્ર એમાંથી ઊભું થાય છે. તમારા જેવા (વિરલ લોકો) જ ત્યાંનાં ઠાઠમાઠ કે બહારનાં પડથી મુગ્ધભાવે અંજાઇ ગયા વિના ત્યાંની પ્રજા, વિદ્યા ને સંસ્કૃતિનાં સાચાં સંગીન પથ્ય અને આપણા લોકો માટે ખરેખર પ્રેરક અને અનુકરણીય તત્ત્વો પારખતા અને વીણતા આવવાના ને દેશને તેનો લાભ આપવાના.' 'તમારી દૃષ્ટિ, ગતિ, સ્થિતિ વગેરેની ભાવપરંપરા એક સાચા જીવનયાત્રીને જેબ આપે એવી છે.'

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને આપણા એક અનન્ય વિદ્યાસેવી, ડૉ. ભોગીલાલ સાંડેસરાની આ અક્ષરશઃ 'વિદ્યાયાત્રા' છે. તેમાં કેવળ ઉપલક પરિચય નથી, અભ્યાસ છે અને સાવશેષતા અધ્યયન છે. વિશ્વવિદ્યાની ઉત્તમ જાણકારીનો, એક દૃષ્ટિમાન પ્રવાસીના વિહંગાવલોકન માત્રથી જ મળી જતો આવો સઘન લાભ વિરલ ગણી શકાય. ૯ ફોટો-પ્લેટો સાથે. કિંમત : રૂા. ૫-૫૦.

ગુજરાતની રાજધાનીઓ (મુસ્લિમયુગ પૂર્વે) વિષેના આ પુસ્તકમાં અપાએલાં 'મુંબાઇ યુનિવર્સિટી વ્યાખ્યાનો' (ઠક્કુર વસનજી માધવજી વ્યાખ્યાન–યોજનામાં) આપનાર શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ આપણા શ્રેષ્ઠ પુરાતત્ત્વવિદ પંડિતો પૈકીના એક છે. ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના પ્રાચીન વિભાગના એક અંશ નગર અને નગરજીવન વિષયક અને તલસ્પર્શી વિગતોથી સમૃદ્ધ આ વ્યાખ્યાનો પ્રાચીન ગુજરાતના અભ્યાસીએ તેમજ અધ્યેતાએ સાદ્યંત અનુશીલન કરવા પાત્ર છે. કિંમત : રૂા. ૪-૨૫.

થોડા વિવેચનલેખો : આપણા ગણનાપાત્ર કવિ અને પીઢ સાહિત્યવિવેચક શ્રી મનસુખલાલ ઝવેરીના પ્રથમ વિવેચન–સંગ્રહની આ બીજી આવૃત્તિ છે. સીધું લક્ષ્ય–સંધાન ને વસ્તુલક્ષી અભિવ્યક્તિ એ તેમના વિવેચનનાં મુખ્ય લક્ષણો છે. અહીં તેમણે નિરૂપેલાં વિવેચનોમાં સાહિત્યકારો ને સાહિત્યકૃતિઓને લગતા વિશેષ, તથા 'સર્જનમાં આનંદતત્ત્વ', 'રસાસ્વાદ' ને 'અર્વાચીન કવિતા' એટલા સર્વસામાન્ય વિષયો ચર્ચ્યા છે. કિંમત : રૂ. ૫-૨૫.

અર્વાચીન ગુજરાતી સાહિત્યસ્વરૂપોનો વિકાસ : 'પ્રાક્કથન'માં તેના લેખકો ડૉ. રણજિત 'અનામી' તથા પ્રો. રામચન્દ્ર ના. પંડ્યા કહે છે : 'આ ગ્રંથમાં સાહિત્યસ્વરૂપોના વિકાસનું સાતત્ય વિદ્યાર્થી કે અભ્યાસીના ધ્યાનમાં આવે એ દૃષ્ટિ મુખ્ય રાખી છે. [illegible] મુખ્ય પ્રકારોનો વિકાસ એક જ સ્થળે આલેખતું પુસ્તક, અમારી જાણ પ્રમાણે, આ પ્રથમ જ છે.' આ પ્રકારની વિશિષ્ટ તૈયારી પાછળ લેખકોને લેવી પડેલી બહોળી મહેનત, પુસ્તક માંહેની વિગતો અને આલેખન પરથી ચોખ્ખી વરતાય છે. સાહિત્ય-અભ્યાસુઓની દૃષ્ટિએ તો આ એક હાથવગા ને યોગ્ય સંદર્ભ-પુસ્તકની ગરજ સારે તેવું છે. કિંમત : રૂ. ૪·૦૦.

સર્વના પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ ૧.

શબ્દકથા : 'છેલછબીલો'

ગયે મહિને જેની વાત કહી તે 'કૃષ્ણકનૈયા'ના જેવા જ બીજા બે શબ્દો તે 'રૂડોરૂપાળો' અને 'છેલછબીલો'. 'છેલ' એટલે વરણાગિયો, લહેરી, બાંકો, સહેલાણી, ફક્કડ. 'છબીલો' એટલે મોહક છબી—મોહક છવિ–કાન્તિવાળો. મનમોહન રૂપને કારણે કૃષ્ણનું એક લોકલાડીલું નામ 'છબીલો' છે. આમ 'છેલછબીલો' એટલે રંગીલો ને મોહક રૂપવાળો.

પણ 'છેલ' ને 'છબીલો' બંને મૂળ એક જ શબ્દની બે મૂર્તિઓ છે. સંસ્કૃત 'છવિ' એટલે કાન્તિ, રૂપ, શોભા. તે પરથી પ્રાકૃતમાં 'છવિલ્લ' એટલે કાન્તિમાન, રૂપાળું. ને પછી વિદગ્ધ, રસિક ને ચતુર, નાગરક. 'વ'નો સ્થાનફેરે 'બ' ઉચ્ચાર પણ થતો એટલે 'છવિલ્લ' ને 'છબિલ્લ' એમ બેવડે રૂપે તે વપરાતો. 'છવિલ્લ' ઉપરથી થયું 'છઇલ્લ' ને પછી થયો આપણો 'છેલ'. ને 'છબિલ્લ' ઉપરથી 'છબીલો'.

'છેલ' પરથી 'છેલડો' ને 'છેલડી' પણ વપરાય છે. વરણાગિયો વેશ પણ 'છેલ'નું ખાસ લક્ષણ. આવા લહેરીઓમાં કાનમાં સોનાની કડી પહેરવાની ફૅશન હશે, એથી એ 'છેલકડી' કહેવાઈ.

'છેલછબીલો'ને મળતા અર્થમાં 'છેલછોગાળો' ને 'છેલબટાઉ' છે. 'છેલછબીલો' ને 'છેલછોગાળો'માં પ્રશંસાનો ભાવ છે, 'છેલબટાઉ'માં નિંદાનો.

—હરિવલ્લભ ભાયાણી



બ્રિજ

ગયા અંકના પ્રશ્નનો ઉકેલ

એના તજ્જ્ઞ **શ્રી સાધુરામ દવે**ની લેખમાળા

પ્રોફેસર વાઇટફીલ્ડે જે પ્રશ્ન આશરે ૭૦ વર્ષ પહેલાં બનાવેલો તે, તે વખતના રમનારાઓને ભારે અઘરો લાગેલો. તે જ અંકમાં મેં જણાવેલું કે અત્યારે બ્રિજ રમવાની કળા ખૂબ જ આગળ ધપેલી હોઇ, આજના જમાનામાં આ કોયડો ખાસ અઘરો ન જ ગણાય. સાચો જવાબ નીચે મુજબ છે:

દક્ષિણ પહેલો ♣J રમે છે, તેમાં ઉત્તર ♣8 નાખે છે. **આ જ રમત મુખ્ય છે.** પછીથી દક્ષિણ કાળી રમી, ઉત્તરના લાલના સરથી કાપી લે છે. અને ઉત્તરમાંથી, ત્રીજી ઊતરમાં બાકી રહેલો ♥6 રમે છે. તેની ઉપર દક્ષિણ ♦Q નાખી દે છે. પૂર્વ, આ ત્રીજી ઊતરમાં, ♦8 નાખી દે છે. પશ્ચિમે તો ચોકડી સંઘરવી જ રહી અને ફુલ્લીનો નવ્વો પણ તેણે સાચવી રાખવો જ રહ્યો, નહિ તો ઉત્તરમાંથી ફુલ્લીની દૂરી રમી, પૂર્વના ફુલ્લીના ચોક્કા ને સત્તાને, દક્ષિણ અનુક્રમે છક્કા ને દસ્સાથી એમ દબાવી, બને હાથ કરી જાય. માટે આ ત્રીજી ઊતરમાં પશ્ચિમે કાળીનો સત્તો જ નાખવો રહ્યો. હવે ચોથી ઊતરમાં, ઉત્તર ♦A રમે છે અને પૂર્વ આબાદ ચગદાઈ જાય છે. જો પૂર્વ ફુલ્લી નાખે, તો દક્ષિણના બંને ફુલ્લીના હાથ થઈ જાય અને જો તે કાળીનો છક્કો નાખે, તો દક્ષિણના ફુલ્લીના દસ્સાના, અને કાળીના પંજાના એમ બંને હાથ થઈ જાય. આમ ઉત્તર-દક્ષિણ ભિલ્લુઓના છ એ છ હાથ થઈ જાય છે. પહેલાં પશ્ચિમ અને પછી પૂર્વ એમ બંને લાચાર બની જાય છે.

તા.ક. આવેલા જવાબોમાંથી નીચેના વાચકોના જવાબ ખરા છે: (૧) સુમન્ત ભટારકર, સુરત; (૨) રસિકલાલ વકીલ, પેટલાદ; (૩) ધનજી કુવરજી, મુલુંડ; (૪) રતિલાલ માણેક, કલકત્તા; (૫) જિતેન્દ્ર દેસાઇ, સૂરત; (૬) શાંતિલાલ ઝવેરી, કાંદીવલી; (૭) આર. જી. અકોલકર, કારવણ; (૮) એચ. પી. છાયા, ઉપલેટા; (૯) અજિત દેવજી ઠક્કર, મુંબાઈ; (૧૦) કનુ આર. ડાભી તથા સત્યપાલ ગુજરાતી, જૂનાગઢ; (૧૧) ઉમરશી કાનજી, કચ્છ. આ સર્વ ભાઇઓને અભિનંદન.

(૨) 'કુમાર'ના જુલાઈના અંકમાં છપાએલ પ્રશ્નમાં, ત્રીજી ઊતરમાં, ઉત્તર કાળીની દૂરી રમે છે તેમાં પશ્ચિમ ♦Kની ફિશ નાખી દે છે, કારણ કે તેને તે પાનું નકામું છે. કેટલાક વાચકો એ ફિશમાં ગએલું પાનું સમજી શક્યા નથી, કારણ કે એ સ્પષ્ટતા પૂરા રૂપમાં, જવાબમાં બતાવવામાં આવેલી નહિ. જે ભાઇઓએ એ શંકા મને જણાવી છે તે સર્વ આ ચોખવટ ધ્યાનમાં લે.


નવો પ્રશ્ન

'કુમાર'માં લગભગ દરેક અંકમાં જે પ્રશ્ન મૂકવામાં આવે છે તેમાં ઘણા ભાઇઓને રસ પડચો છે જાણી આનંદ. કેટલાક વાચકો જવાબ મોકલે છે અને પોતાના અભિપ્રાય પણ દર્શાવે છે. આથી પણ વધુ સંખ્યામાં, વાચકો આવા કોયડામાં ભાગ લે એમ ઇચ્છું છું. હજુ ય કેટલાક વાચકો, પૂર્વપશ્ચિમનો બચાવ જોઇએ તેવો મજબૂત બતાવતા નથી. એટલે જ કેટલાય વાચકોના જવાબ ખોટામાં લેખાય છે. પૂર્વ-પશ્ચિમ ગમે તે પાનું રમે, છતાં પણ ઉત્તરદક્ષિણે હાથ કરવાના હોય છે. એ બરાબર સમજવા માટે, અગાઉ જણાવ્યા મુજબ, દરેક વાંચનાર પાનાંની એક જોડ લઈ, પ્રશ્નમાં બતાવ્યા પ્રમાણે પત્તાં ગોઠવી, **દરેક જાતના બચાવ સામે,** રમવાનો પ્રયત્ન કરે. આ પાનું નહિ ને, આ બીજું પાનું રમે તો શું થાય? ધારો કે સામાવાળાઓ પણ કોઈ ભાત કાપી શકે તેમ હોય છતાં પોતાના લાભ ખાતર અમુક ઊતરમાં તે ભાત ન પણ કાપે તો શું થાય? ઊતર પણ ગમે તે હોય ને બચાવ પણ પ્રથમ કક્ષાનો હોય એમ સમજીને જ દરેક વાચક આ કોયડો ઉકેલે. રમતમાં ઘડિયાળના આંકડાનો ક્રમ સાચવવાનો એ તો જાણે ભૂલાવું જ ન જોઈએ.

નીચે રજૂ કરેલો કોયડો 'કુમાર'ના એક વાચક ભાઈએ મોકલ્યો છે. તેઓ પાનાંની રમતમાં રસ લે છે ને 'કુમાર'માં છપાએલ પ્રશ્નોમાં તેમણે ભાગ પણ લીધો છે. તે ભાઇની ઇચ્છાથી, તેમનું નામ અહીં છાપ્યું નથી. કોયડો પ્રથમ કક્ષાનો છે, તેની હું ખાતરી આપું છું, ને દરેક વાચક તેનો ઉકેલ શોધવા પ્રયત્ન કરે એમ પણ ઇચ્છું છું. કોયડો:

♠ —
♥ K J 8
♦ A K J 10 9 6
♣ A 8 3 2

♠ A 10 6 2
♥ 6 4
♦ Q 8 3 2
♣ K Q J



♠ Q 5 4 3
♥ 7 3 2
♦ 7 5
♣ 10 7 6 5

♠ K J 9 8 7
♥ A Q 10 9 5
♦ 4
♣ 9 4

દક્ષિણે આ બાજીનો કૉન્ટ્રૅક્ટ 6Hમાં લીધો છે. એટલે કે **ઉત્તર-દક્ષિણ ભિલ્લુઓએ લાલના સરમાં બાર હાથ કરવાના છે.** લાલના સરમાં તે બંનેએ અડતાળીસિયો (little slam) કરવાનો છે. એટલે પહેલી ઊતર પશ્ચિમની છે, અને **પશ્ચિમ પહેલી ઊતર ♣Kની કરે છે.** યાદ રાખો કે પૂર્વપશ્ચિમ પણ ઉત્તરદક્ષિણ જેટલા જ રમવામાં હોશિયાર છે, અને તેમના ખૂબ જ મજબૂત ને હોશિયાર બચાવ સામે પણ, ઉત્તર-દક્ષિણે લાલના સરમાં બાર હાથ કરવાના છે.

તા. ૩૦-૯-'૫૯ પહેલાં સાચા જવાબ મોકલનારનાં નામ છાપીશું. જવાબ મોકલવાનું સરનામું: Sadhuram Dave, 33 Ritherdon Road, Vepery, Madras-7.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક સાહિત્યસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મયોનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ૧૯૫૯ માટે પ્રો. ઈશ્વરલાલ ર. દવે('પંકજ વિલા', પ્લૉટ નં. ૨૧૩૮, આતાભાઇ રોડ, ભાવનગર)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખક-પ્રકાશકોને ગુજરાત સાહિત્ય સભાની વિનતિ છે કે તેમના તરફથી થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થાય કે તરત ઉપરને સરનામે મોકલીને તેઓ આભારી કરશે.

પચ્ચીસ વર્ષ પહેલાં



ભાદરવો ૧૯૯૦
અંક ૧૨૯

હિંદમાં અંગ્રેજ સત્તાના ઊગમકાળે વિદેશી વિજ્ઞાનનેસૌપહેલું સત્કારી ગણિતવિદ્યામાં વિરલ પ્રતિભા દાખવનાર પ્રો. રામચંદ્રે આજથી એક સૈકા પહેલાં જગતને બતાવી આપ્યું કે ભારતીય પ્રતિભા કોઈની યે પાછળ રહે તેવી નથી. પચ્ચીસ વર્ષ પહેલાં આવેલો એ વિખ્યાત ગણિતીનો પરિચય:

દિલ્હીથી પચાસ માઇલ દૂર આવેલા પ્રખ્યાત રણક્ષેત્ર પાણીપતના ગામમાં ઈ.૧૮૨૧માં એમનો જન્મ થએલો. પિતા હિંદુ કાયસ્થ હતા, ને જમીન મહેસૂલ ઉઘરાતદાર તરીકે પાણીપતમાં તેમની નોકરી હતી. ખાનગી નિશાળમાં થોડીક કેળવણી લીધા પછી દિલ્હીની સરકારી શાળામાં રામચંદ્રે છ વર્ષ અભ્યાસ કર્યો. ત્યારથી રામચંદ્રને ગણિતનો એવો શોખ લાગ્યો કે એને લગતાં જે કાંઈ પુસ્તક મળતાં તેનું તે અધ્યયન કરતા. આ શાળા છોડી બેત્રણ વર્ષ કારકુન તરીકે કામ કર્યું. ૧૮૪૧માં દિલ્હીની શાળાને કૉલેજ બનાવવામાં આવી. તેની હરીફાઈની પરીક્ષામાં રામચંદ્રે ૩૦ રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવી. ત્યાં પિતા ગુજરી જતાં કુટુંબ નિર્ધનતાના ખાડામાં ડૂબી ગયું. પણ રામચંદ્રનો અભ્યાસ એટલો ઝપાટાબંધ વધ્યો હતો કે બહુ નાની ઉમરમાં તરત એમને ગણિતના અધ્યાપકની દિલ્હી કૉલેજમાં નિમણૂક મળી.

ઈ.સ. ૧૮૫૪માં દેશી ભાષા દ્વારા શિક્ષણ આપવા માટે વિજ્ઞાનના શિક્ષક નિમાયા ને બીજગણિત, ત્રિકોણમિતિ ઇત્યાદિ પુસ્તકો અનુવાદ રૂપે રચ્યાં. આ ભાષાન્તરો પાઠ્યપુસ્તકો તરીકે દાખલ થયાં તેથી સપ્રયોગાત્મક આધુનિક વિજ્ઞાનના સિદ્ધાન્ત ખૂબ પ્રકાશમાં આવ્યાં. આની સામાજિક તથા ધાર્મિક અસર ખૂબ થઈ. દાખલા તરીકે જૂનો મત એવો હતો કે વિશ્વમાં પૃથ્વી સ્થિર છે. એ સિદ્ધાંતને આગળ વધેલા વિદ્યાર્થીઓ હસી કાઢતા. પ્રો. રામચંદ્ર લખે છે: 'અમે દર મહિને ચાર આનાના સસ્તા મૂલ્યે એક માસિક કાઢયું જેમાં પશ્ચિમના વિજ્ઞાનની ચર્ચા કરવામા આવતી. આથી પુરાણા તત્ત્વજ્ઞાનના સિદ્ધાંત ખોટા ઠરતા એટલું જ નહિ પણ ઘણા વહેમો પર ખૂબ આક્ષેપ થતા. પરિણામે ઘણા લોક અમને નાસ્તિક તથા કાફર કહેવા લાગ્યા.'

૧૮૫૦માં 'મૅક્સિમા મિનિમા—મોટામાં મોટી તથા નાનામાં નાની સંખ્યાના કોયડા' પર રામચદ્રે ગણિતનું પુસ્તક કલકત્તામાં બહાર પાડયું. આથી તે યુરોપની વિદ્યાપીઠોમાં એકદમ પ્રસિદ્ધ થયા. હિંદની ત્યારની માલિક ઈસ્ટ ઈંડિયા કંપનીના ડિરેક્ટરોનું ધ્યાન પણ એ તરફ દોરાયું, અને રામચંદ્રને તેમની મદદ તથા પ્રોત્સાહન ખૂબ મળ્યાં.

એક દહાડો ખ્રિસ્તી દેવળ કેવું હોય તે જોવા તે ગયા અને ત્યાં, જે યુરોપીઅન મિત્રો માટે તેમને માન હતું તેમના હૃદયના સાચા ભાવ તથા પવિત્રતા જોઈ તે તરફ આકર્ષાયા. પછી તો પોતે બાઇબલનો અભ્યાસ દિલથી કરવા માંડયો. પરિણામે ખ્રિસ્તીધર્મ પ્રત્યે તેમનો ભાવ વધ્યો અને હિંદુ મટી પોતે ખ્રિસ્તી થયા.

આ વાતથી ભારે ખળભળાટ મચી રહ્યો. અંગ્રેજી અભ્યાસમાં પ્રો. રામચંદ્ર ઘણા આગળ વધેલા હતા, તેથી વધુ અંગ્રેજી ભણેલો માણસ ખ્રિસ્તી થઈ જાય એવી માન્યતા પ્રસરી અને તેના સમર્થનમાં પ્રો. રામચંદ્રનું દૃષ્ટાંત ઠેરઠેર અપાવા લાગ્યું. એ જમાનામાં જાહેર રીતે વટલી પરાયો ધર્મ અંગીકાર કરવો તે હિંદુ સમાજમાં કંઈ સહેલું ન હતું. પ્રો. રામચંદ્રને માથે આભ તૂટી બધું આવી પડયું. પણ પોતાનો બચત વખત હવે તે ધાર્મિક અભ્યાસ તથા આધ્યાત્મિક વિષયની ચર્ચામાં ગાળવા લાગ્યા.

એવામાં ૧૮૫૭માં બળવો જાગ્યો ને દેશી ખ્રિસ્તીઓ મૂઆ પડયા! એમના પર હિંદુ તેમજ મુસલમાનો એકસરખા તૂટી પડયા ને ઘણા નિર્દોષ ખ્રિસ્તીઓ બળવાખોરોના જુસ્સાનો ભોગ બન્યા. પ્રો. રામચંદ્ર પણ જોખમમાં આવી પડયા, પણ તેમના હિંદુ ભાઇએ પોતાના ઘરમાં તેમને સંતાડી રાખ્યા. એ વાતની બહાર ખબર પડી ગઈ. પણ પોતાના શિષ્યોની મદદથી વેશબદલો કરી તે શહેરમાંથી નીકળી આવ્યા ને ખૂબ જોખમ ખેડી દિલ્હીની બહાર અંગ્રેજ સૈન્ય પડયું હતું ત્યાં માંડમાંડ પહોંચ્યા.

બળવો શમી ગયા પછી પ્રો. રામચંદ્ર ૧૮૫૮માં રૂડકી સરકારી ઇજનેરી કૉલેજમાં ગણિતના અધ્યાપક નિમાયા, અને ત્યાર બાદ એ જ વર્ષને અંતે દિલ્હીમાં નવી સ્થપાએલી સરકારી સ્કૂલના હેડમાસ્તર તરીકે ગયા.

પાંચ વર્ષ પછી તેમની નિમણૂક પતિયાળાના સદ્‌ગત મહારાજાના શિક્ષક તરીકે થઈ. આ કામ તેમણે એવું સારું બજાવ્યું કે પાછળથી એ રાજાના કુમારોના પણ શિક્ષક તરીકે તેમને ઘણી વાર બોલાવ્યા હતા. ૧૮૬૩ પછી પાંચ વર્ષ લગી તે પતિયાળામાં જ રહ્યા. ત્યાર બાદ દિલ્હી આવી તેમણે ગણિતનું બીજું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. દોઢ વર્ષ પછી પતિયાળાના મહારાજાએ તેમને ફરીથી બોલાવ્યા, ને તે ગાદીએ બેઠા ત્યારે તેમની ઉત્તમ નોકરીના બદલામાં ખિલાત તથા જાગીર બક્ષિશ કરી તથા એ રાજ્યના નવા સ્થપાએલા કેળવણી ખાતાના મુખ્ય અમલદાર તરીકે એમની નિમણૂક કરી. પ્રો. રામચંદ્રને આ અધિકાર મળ્યા પછી તેમણે સંગીન તથા ઉત્તમ કેળવણીનો પાયો નાખ્યો. લગભગ દસેક વર્ષની સેવા બાદ ૧૮૭૫માં તેમણે પતિયાળા છોડયું. પણ પતિયાળા રાજ્ય જોડેનો તેમનો સંબંધ જલદી તૂટે તેવો નહોતો; મહારાજાના મૃત્યુ પછી નવા મહારાજાના શિક્ષક તરીકે તેમને ફરીથી બોલાવ્યા ને તે ત્યાં ગયા, પણ ૧૮૭૯માં તેમને લકવો થયો તેથી નોકરીમાંથી નિવૃત્ત થઇ ઘેર આવ્યા. સવાએક વરસ માંદા રહ્યા. છેલ્લા દિવસોમાં તો તેમને અનહદ પીડા થતી, પણ તે શાંતિથી સહી લેતા. સાતેક દહાડા પછી ૧૮૮૦ના ઑગસ્ટની ૧૦મીએ તે મૃત્યુ પામ્યા.

'કુમાર'ની લોકપ્રશસ્ત લેખમાળાઓમાં સૌથી વધુ જાણીતી 'વનવગડાનાં વાસી'ની શરૂઆત વસ્તુતઃ આજથી પચ્ચીસ વર્ષ પહેલાં 'વનેચરે' ઉતારેલી એક વાર્તા—'એક પંખીનું વેર'—થી થઈ. એ વાર્તા તો નહિ પણ એમાં વર્ણવેલાં પંખીનો પરિચય અહીં ઉતારીએ:

'હનીગાઇડ' કે 'હનીબર્ડ' લક્કડફોડના વર્ગનું (પિકરિયન) પક્ષી છે. એનું શાસ્ત્રીય નામ ઇન્ડિકેટર—'દર્શક'. એના કુલ નવ અંતર્વંશો છે. એમાંનો મોટો ભાગ આફ્રિકામાં વસે છે. એક વંશ હિમાલયમાં છે. કેટલાક બોર્નીઓ ને મલાયામાં વસે છે.

નરમાદા ઉભય દેખાવમાં એક જ જાતનાં. લગભગ આપણી ચકલી જેવડો આકાર. રંગ ઝાંખો બદામી. માંહ્ય પીળા રંગની છાંટ. પાંખો ને પૂંછડીમાં સફેદી. હિમાલયમાં રહેતા 'હની ગાઈડ'નું શરીર પીઠ પર કાળાશ પડતું; નીચેનો ભાગ ભૂખરો; ગળું કાળું; પેટ પર પીળી છાંટ; પૂંછડી નીચે નારંગી છાયા; કપાળ સોનેરી. કોયલની પેઠે આ પણ બીજાં પક્ષીના માળામાં ઇંડાં મૂકી તેની પાસે સેવડાવે છે.

કહેવાય છે કે હની ગાઇડ, એનું નામ સૂચવે છે તે પ્રમાણે, વટેમાર્ગુને જ્યાં મધપૂડો હોય

છે ત્યાં દોરી જાય છે. એના આ કહેવાતા સ્વભાવ વિષે મોટો મતભેદ છે. કેટલાક આ વાત પોતાની જાતે અનુભવ્યાનું કહે છે; બીજા એમાં કલ્પનાનું તત્ત્વ માને છે. એક પક્ષ કહે છે કે આ પક્ષીનો મુખ્ય આહાર મધમાખનાં ઇંડાં ને કીડા છે, એટલે કોઈ માણસને એ જુએ કે તેને મધપૂડો હોય ત્યાં લઈ જાય, જેથી મધ લઇ લીધા પછી ફેંકી દીધેલા ખાલી મધપૂડામાંથી એ આહાર મેળવી શકે. કદાચ કોઈ લોભથી આખો મધપૂડો લઈ જાય તો નિરાશ થએલું આ પંખી એનું વેર વાળવા ફરીથી મધપૂડાને બહાને જ્યાં દીપડા, સાપ વગેરે હોય છે ત્યાં એને લઈ જાય છે એવી માન્યતા છે. એ માત્ર માણસને જ લઈ જાય છે એવું નથી; ક્વચિત્ Ratel (Mellivora Copensis) 'વેંઝુ'ને પણ એ ખેંચી જાય છે!

ધ્યાન ખેંચવાની એની ખાસરીત છે. પહેલાં ઝીણી સિસોટી મારે. માણસ બેધ્યાન હોય તો પાંખોના ફફડાટ પણ કરે. એ રહે છે જંગલમાં. ભર ઉનાળામાં પણ એ ઘણીવાર જળાશયથી ઘણે દૂર નજરે પડે છે. મધપૂડા માટેનો એનો ફફડાટ તથા આતુરતા નવાઇ પમાડનારાં છે. એનું આ આચરણ પરોપકારવૃત્તિનું પરિણામ નથી, પણ કીડાની આશાથી જ એ આટલી માથાકૂટ કરે છે. હિમાલયમાં જે ઇન્ડિકેટર થાય છે તેનો આવો સ્વભાવ છે કે કેમ તે જાણવામાં આવ્યું નથી.

હનીબર્ડ પંખી




જગતની ઇજનેરી અજાયબી તરીકે જાણીતી પનામા નહેરની કામગીરી સમજાવતો ભાગ:

પૃથ્વીના નકશા પર નજર નાખતાં ઉત્તર ને દક્ષિણ અમેરિકા જેવડા બે મોટા ભૂમિખંડ વચ્ચે જમીનનો કેવળ એક નાનો ટુકડો વળગી રહેલો જણાશે તેની એક બાજુએ પૅસિફિક ને બીજી તરફ ઍટલાન્ટિક મહાસાગર ઘૂઘવે છે. આ સંયોગીભૂમિ તે પનામાની.

ઈ.સ. ૧૮૬૯માં સુએજની નહેર ઊઘડી એટલે પનામાનું સાહસ કરવા તરફ ફ્રેંચોની નજર પડી. મંસીય લેસેપ્સે જ તેની માપણી કરી નકશાઓ બનાવ્યા અને કરોડો ફ્રાન્કની થાપણવાળી કંપની ઊભી કરીને ઇ.૧૮૮૧ માં કામ શરૂ કર્યું. પરંતુ થોડા જ સમયમાં પનામા ઉપર આવેલી વસતિમાં મલેરિયા ફાટી નીકળ્યો. તેથી ખોદાણકામ ઓછું થવા માંડયું. બીજી તરફથી ત્યાં લખલૂટ ખર્ચ થયો ને આ બધાં કારણોથી કંપની ડૂબી ગઈ ને લેસેપ્સ તારાજ થઈ ગયો. પરંતુ થોડાં વર્ષ બાદ જાપાનની સત્તાનો ઉદય થતાં તેની વધતી જતી શક્તિથી અમેરિકા વિચારમાં પડયું અને પોતાના પશ્ચિમ કિનારાનો બચાવ કરવા તરફ તેનું લક્ષ સ્વાભાવિકરીતે દોરાયું.

હાલ જ્યાં પનામાની નહેર છે તે સંયોગીભૂમિનો ૩૯ માઈલનો પ્રદેશ ટેકરીવાળો છે, લેસેપ્સની માપણી પ્રમાણે તો પાણીની સપાટી જેટલી જ જ્યાં જમીન ઊંચી હોય ત્યાં જ નહેર ખોદવાની યોજના હતી. અમેરિકાએ એ કામ ઉપાડયું તો ખરું, પણ એકાદ માઈલ ખોદાયું ત્યાં લાગ્યું કે ટેકરીઓથી ભરપૂર પ્રદેશમાં એ બનવું અશક્ય છે અને પાણીને ઊંચે ચડાવવાની કોઈપણ યુક્તિ શોધી કાઢયા વગર સફળ થઈ શકાશે નહિ. ઘણા વિચારને અંતે ઇજનેરોની બુદ્ધિએ તે યુક્તિ પણ શોધી કાઢી. તેમાં એવી રચના કરી કે આખી નહેરના માર્ગના, તેની નીચાઈના પ્રમાણમાં જુદાજુદા વિભાગ કરી નાખ્યા, ને એ દરેક વિભાગની બંને બાજુ મોટા દરવાજા રાખ્યા. આ વિભાગોને 'લૉક' કહે છે. (જુઓ સાથેનું ચિત્ર)

પહેલાં શરૂઆતના નીચાણવાળા ભાગમાંથી જ્યાંથી આગબોટને દાખલ કરવી હોય તેનું અંદરનું સામેનું બારણું બંધ કરી દેવામાં આવે છે. આગબોટ તેમાં દાખલ થાય એટલે એનો પાછલો દરવાજો બંધ કરી દે છે ને સામી બાજુનું બારણું ઉઘાડી ત્યાંથી પાણી આવવા દેવામાં આવે છે, જેથી પાણીની ઊંચાઇ વધીને બીજા વિભાગના જેટલી થઈ જાય છે અને સ્ટીમર સહેલાઈથી એ વિભાગમાં દાખલ થઈ શકે છે. તે પછી એ બીજા વિભાગનો પાછલો દરવાજો બંધ કરી ત્રીજા વિભાગ સાથેનો તેનો દરવાજો ખોલવામાં આવે છે અને ત્યાંથી પાણી ધસી આવીને ત્રીજા વિભાગની સપાટી પર આગબોટને ચડાવતું જાય છે. આમ એક પછી એક વિભાગમાં થતીથતી સ્ટીમર એ ટેકરીઓવાળા પ્રદેશમાં, પાણીનાં પગથિયાં ઉપર થઇને જાણે નિસરણી ચડતી હોય તેમ ચડતી જાય છે ને છેવટે બીજે કિનારે નીકળી જાય છે. ઍટલાન્ટિકથી પનામામાં થઇને જતાં સ્ટીમર આ રીતે ૮૪ ફૂટ ઊંચે ચડે છે અને તે ત્રણ લૉક્સથી થાય છે. એ સ્થળે એક સરોવર છે. એ સરોવરમાં પાણી ખૂટી જવા ન પામે તે માટે એક નદીને એમાં વાળવામાં આવી છે. પછી એ સરોવરમાંથી પાછા પૅસિફિક મહાસાગરમાં જવા માટે સ્ટીમર ત્રણ લૉકસ દ્વારા નીચે ઊતરે છે અને દરિયાની સપાટીએ પહોંચે છે. આ દરેક લૉક એક હજાર ફૂટ લાંબો ને સો ફૂટ પહોળો હોય છે. એમાંથી



આ સદીની શરૂઆતની
એક ઇજનેરી અજાયબી
પનામાની નહેર

જેમાં સ્ટીમર આ છેડે આટલાંટિક મહાસાગરમાંથી 'પાણીનાં પગથિયાં' વાટે ચડી પેલે છેડે પાસિફિકમાં ઊતરી જાય છે. (વર્ણન ઉપર વાંચો)



સૂરતની અંગ્રેજી કોઠી

મોટીમોટી સ્ટીમરો પણ જઈ શકે છે. પનામા નહેર ઈ.સ. ૧૯૧૪માં ચાલુ થઈ."

બીજો એક રસમય માહિતીવાળો લેખ સૂરત વિષે શ્રી સુરેશ દીક્ષિતનો હતો:

હિંદના અર્વાચીન ઇતિહાસમાં સૂરતનો હિસ્સો વીસરાયો છે. અંગ્રેજ સત્તા જે સ્થળે પોષાઈ અને ઉછેર પામી એ સ્થળનું મહત્ત્વ ગુજરાતના સંસ્કાર સમજવા અનેરું છે. માછીમારના ગામડા જેવું મુંબાઇ કાંઇ વિસાતમાં ન હતું ત્યારે 'સૂરત સોનાની મૂરત' હતું.

ગુજરાતમાં અંગ્રેજ ને પોર્ટુગીઝ સત્તાઓ જે વેળા પગભર થવા રસાકસી ઉપર આવી હતી, કંપની બહાદુર ગોવા તથા દીવ વચ્ચેનાં સ્થળેથી રાજકીય શેતરજ રમતી હતી તે વેળા આખા ય એશિયાના બજારની લેવડદેવડ સૂરતમાં ચૂકવાતી. ચીન, ઈરાન અને યુરોપથી માલનાં જહાજ ભરાઈ સૂરત બંદરે લંગરાતાં. રેશમ, અતલસ, સાટીન, જરી, મશરૂ, મખમલ, કિનખાબ, મલમલ, છીંટ, દોરી અને કૅલિકોની ગાંસડીઓ અહીં બંધાઈ દેશપરદેશ ચડતી. આગ્રા, ભરૂચ, અમદાવાદ, ખંભાત અને ગોધરાથી વણઝારા ઊંટની પોઠો લાવતા. ડચ લોકો પીપર, મરી, તજ, લવિંગ, એલચી અને બીજો તેજાનો ભરતા, એટલું જ નહિ પરંતુ વિલાયતમાં સોંઘો ન થાય તે માટે ખપ કરતાં વધારાનો બાળી નાખતા!

ઔરંગઝેબના રાજ્યમાં સૂરતની વસતિ લંડનથી વધારે હતી. અંગ્રેજો મુઘલાઇના ભાડૂત હતા. કંપનીની કોઠી મુઘલાઈના મકાનમાં હતી. એમાં લગભગ ચાળીસ માણસને રહેવાની સગવડ હતી. ભાડા પેટે કંપનીને વાર્ષિક સાઠ પૌંડ આપવા પડતા. કંપનીનું કામકાજ બોર્ડ મારફત થતું. બોર્ડમાં પહેલો પ્રમુખ, બીજો સ્ટોરકીપર અને ત્રીજો પર્સર હતો. આ ઉપરાંત એક સેક્રેટરી ને ચેપલેઇન પણ હતા. આ સર્વેને ખાવા અને રહેવાનું મફત મળતું એટલું જ નહિ પણ ખાનગી વેપાર કરવાની પણ છૂટ હતી. વિલાયતથી નવો આવતો કાચો અંગ્રેજ પહેલો 'ઍપ્રેન્ટિસ' (શિખાઉ) તરીકે રખાતો. ધીરેધીરે તે 'રાઇટર' ને પછી 'ફૅક્ટર'ને દરજ્જે પહોંચતો. કંપનીની કાઉન્સિલમાં 'મિનિસ્ટર' અને 'ઍકાઉન્ટન્ટ' પણ હતા. આ ઉપરાંત ડૉક્ટર અને સર્જન પણ રહેતા. સર્વેને પગાર વાર્ષિક અપાતો. જુનિયર ફૅક્ટરને ૧૫ પાઉન્ડ; રાઇટરને ૭ પાઉન્ડ, કાઉન્સિલ મેમ્બરને ૪૦ પાઉન્ડ, તેથી ચડતાને ૧૨૦ પાઉન્ડ ને પ્રમુખને ૩૦૦ પાઉન્ડ મળતા. આ ઉપરાંત કંપની દેશી ચપરાસી ઘણા રાખતી. ચપરાસીને મહિને ચાર રૂપીઆ પગાર અપાતો. કોઠીમાં દેશી નોકરચાકર ઉપર સખત જાપ્તો રખાતો. બહુ જ ભરોસાદાર નોકરને માલ સોંપાતો. કોઠીમાંથી કામ કરી બહાર નીકળતા મજૂરની જડતી લેવાતી. કોઠી એ અંગ્રેજનો કિલ્લો હતો.

પ્રેસિડેન્ટ કવચિત જ કોઠીમાંથી બહાર નીકળતો. બહાર જતો ત્યારે પાલખીમાં બેસીને જતો; એટલું જ નહિ પરંતુ અંગ્રેજ વાવટો સાથે રાખી શહેરમાં વરઘોડા માફક દમામથી ફરતો. કંપનીને પોતાની આબરૂ અને મોભો સાચવવાનો મોટો ખયાલ હતો. ઘણા કજિયા કોઠીમાં ચૂકવાતા. અંગ્રેજોના પ્રામાણિકપણાનો ખયાલ લોકોને ભારે હતો. મુઘલ અમીરઉમરાવને ખુશામત ને ભેટસોગાદથી અગ્રેજ ફૅક્ટરો રાજી રાખતા. મુસલમાનોની સરસાઈમાં અગ્રેજો મોટીમોટી કબરો બાંધતા.

આ કાળે (ઈ.સ. ૧૬૮૦માં) સૂરતમાં ડચ, પોર્ચ્યુંગીઝ, ફ્રૅંચ ને અંગ્રેજો વચ્ચે ઝગડા થતા. પોર્ટુગીઝો ચાંચિયાઓની મદદ લઇને અંગ્રેજી વહાણો લૂંટતા. આવા પ્રસંગે કંપની જહાંપનાહ ઔરંગઝેબને અરજી કરતી અને દિલ્હી વકીલ મોકલાતો. સૂરતમાં અંગ્રેજો ટોપીવાળા ને પોર્ચ્યુંગીઝો ફિરંગીના નામથી ઓળખાતા. ફિરંગીનું વર્તન હલકટ અને તોફાની હતું. હિંદુઓની પંગતમાં માંસના ટુકડા નાખતા. દેશી સ્ત્રીઓ જોડે પરણતા પણ ખરા. જ્યારે અંગ્રેજ કોઠીમાં તો સખત કાયદો હતો કે કોઈ પણ અંગ્રેજ દેશી, પોર્ચ્યુંગીઝ કે બીજી કોઈ પરદેશી કોમની સ્ત્રી સાથે સંબંધ ન રાખે.

અંગ્રેજો બધા જ હિંદુઓને 'વાણિયા' નામથી ઓળખતા. હિંદુઓના કજિયા 'બોલાબોલી' કે 'જીભાજીભી'ના તેઓ ગણતા. હિંદુઓ ગાયને પૂજતા, તે એટલે સુધી કે કચેરીમાં ગાયનું પૂંછડું પકડી સોગંદ લેવાતા. ઈ. ૧૬૦૮માં ટૉમ ટક્કર નામના ખલાસીએ વાછડું મારવાથી સૂરતમાં રમખાણ થયું હતું. હિંદુઓ ઘણી વખત અંગ્રેજોને જમવા નોતરતા ત્યારે પતરાળાં-પડિયામાં જમાડતા. અંગ્રેજોને દહીં અને ખીચડી બહુ ભાવતાં. હિંદુઓ ઘણુંખરું સફેદ વસ્ત્ર જ પહેરતા. મુઘલાઇમાં છત્રી રાજચિહ્ન હોવાથી કોઇથી તે વપરાતી નહિ. પૈસાની આપલે પણ રાતના છાનીછૂપી થતી.

સાધારણ રીતે હિંદુ દલાલને ત્રણ ટકા દલાલી મળતી, અને દિવાળી ટાણે ભેટસોગાદ મળતાં. ફૅક્ટરો હિંદુ દલાલો પાસેથી પૈસા ઉછીના લઇ ચીન સાથે ખાનગી વેપાર પણ કરતા. ઓવિંગ્ટન જેવા અંગ્રેજ મુસાફરો કવચિત્ આવતા, અને રિવાજોનું બારીક અવલોકન કરતા. હિંદુઓ નબળાપોચા ગણાતા.

આ સમયે સૂરતમાં ઉદ્યોગ પણ સારા હતા. વહાણ બાંધવાનો ઉદ્યોગ, છીંટ વગેરેનું છાપકામ, કાપડનો વણાટ અને ઇસ્કોતરાની બનાવટ ત્યાંની વખણાતી. સૂરતથી તાવની દવા છેક વિલાયત જતી. સૂરતમાં આયાત થતા માલ ઉપર મુઘલને અઢી ટકા જકાત મળતી. સૂરત આવતાં અંગ્રેજ વહાણો પહેલાં સોંવ્રેલી પાસે લંગર નાખતાં. ત્યાં અંગ્રેજ ખલાસી માટે એક ધર્મશાળા બંધાવી હતી. બજારમાં રૂપિયાનો ભાવ બે શિલિંગ ત્રણ પેન્સ હતો. એ વેળા ઓછામાં ઓછું ચલણ બદામનું હતું. સાઠ બદામનો એક પૈસો થતો. કંપનીને સૂરતનું વાર્ષિક ખર્ચ એક લાખ પાઉન્ડનું હતું.

મુઘલાઇના તંત્રમાં સૂરતમાં કાજી, કોટવાળ અને ફોજદાર મુખ્ય હતા. દિવસના નવ, બાર, ત્રણ અને પાંચ વાગ્યે નોબત વાગતી. કાગળો વાંસની ભૂંગળીમાં બીડી (દિલ્હી) ખેપીઆ મારફત મોકલાતા. સૂરતમાં નાચનારીઓ ને વેશ્યાઓ ઘણી હતી. ઈરાન ને અરબસ્તાનથી સારા ઘોડા સૂરતમાં આયાત થતા. વિલાયતનાં કૂતરાં વખણાતાં. વરઘોડા ને ઠાઠમાઠ પાછળ લોકો બહુ પૈસા ઉડાવતા. એકંદરે વાણિયા તવંગર ગણાતા.

આ કાળે પારસીઓ સૂરતમાં હાથવણાટથી કિનખાબ ને દોરી વણતા. સૂરતમાં સોંઘવારી પણ બહુ હતી. એક પૈસામાં હજામો હજામત કરતા. લક્ષ્મી છુપાવવાની ટેવને લીધે, દેખાવમાં ગરીબ–તવંગર વચ્ચે ફરક ન જણાતો.

ઈ. ૧૭૦૦ પહેલાંના આવા આ સમયમાં સૂરતમાં અંગ્રેજ વેપારીઓનું જીવન ભવિષ્યમાં રાજ્ય સ્થાપનાર માટે ઘડાતું હતું.



આર્ધુકણી

પદે પદે અંતર પ્રાર્થતું રહે : વસુંધરા, હું વસુ એક યાચું-
દે ક્ષાન્તિ તારી, શમમાં હું રાચું. હે પર્વતો, હે નભ, હે મહાર્ણવ,
નમું તમોને! પશુ-પંખી-કદ્દભિદ, નમું! ન જાણું તમને હું તેવાં,
મનુષ્યને કૈંક હું જાણું જેવો. મનુષ્ય મેં તેથી જ કૈંક સેવ્યો.
આવી ચડે જો પ્રભુ! તું કદીક, તો આવજે તું થઇને મનુષ્ય.—
મનુષ્યતાને નવ આંચ આવે કહીંયથી, વત્સલ એમ વર્તતા,
ને વાસના કે ભય ના નમાવી શકે જ જેને,
નમામિ તં निर्भयम् ऊर्ध्वमानुषम् ।


(સંસ્કૃતિ) —ઉમાશંકર જોષી

ગુલામીપ્રથાની નાબૂદીનો ઝંડાધારી : વિલિયમ વિલ્બરફોર્સ

આજે જગત પરથી ગુલામીપ્રથા લગભગ નાબૂદ થઈ ગઈ છે, અને જગતના નાગરિકોનાં વિમુક્ત જીવન પર આપણે મગરૂરી લઈએ છીએ. છતાં, હકીકત એ છે કે, ગુલામોની આઝાદીના ધારાને બ્રિટિશ પાર્લમેન્ટમાંથી પસાર થયે માંડ એક સૈકાથી વધુ સમય થયો હશે. માનવમુક્તિની ચેતના પણ ત્યારે જ આપણાં અંતરમાં યથાર્થ ઝબકી શકી. એ જાગૃતિયુગનો એક સક્ષમ સંત્રી હતો વિલિયમ વિલ્બરફોર્સ. આમ તો એ હતો સરળ, શાંત અને અભિજાત માનવકલ્યાણવાંછુ ભદ્રજન–જેને કટ્ટા વિરોધીઓ પણ લાગણી અને માન વિના બીજી કોઈ દૃષ્ટિએ જોઈ ન શકતા; પરંતુ 'જ્યાં સૂર્ય કદી આથમતો નહિ' એવા એક કાળના બ્રિટિશ સામ્રાજ્ય પરથી ગુલામીના ગોઝારા અસ્તિત્વની નાબૂદી એના જ પ્રયત્નને આભારી છે. તેની બસોમી જયંતી ગયા માસની ૨૪મી તારીખે જગતે માનપૂર્વક ઊજવી. બહુધા રૂઢિચુસ્ત એવી બ્રિટિશ રાજસત્તાની મહોર ગુલામી–નાબૂદીના પોતાના ખરડા પર મેળવી શકનાર માનવતાના એ એકનિષ્ઠ અને સતતપરિશ્રમી સેવકની વિશ્વકલ્યાણકામના આજે યે પ્રેરક છે.

ઈ. ૧૭૫૯ની ૨૪મી ઑગસ્ટે જન્મેલા, હલ ગામના એક ધનિક વેપારી પિતાના એ જ્યેષ્ઠ પુત્રનો ઉછેર લાલનપાલનમાં થયો હતો. સાતની વયે તે હલની ગ્રામર સ્કૂલમાં દાખલ થયો, ૧૭૬૮માં તેના પિતાનું અવસાન થયું. ૧૭૭૬માં શાળાજીવન પૂરું કરી તે સેન્ટ જ્હૉન્સ કૉલેજ–કેમ્બ્રિજમાં દાખલ થયો. કેમ્બ્રિજમાંનું તેનું જીવન સ્વાભાવિકપણે મુક્ત ને આનંદી, છતાં કોઈ પ્રકારની ઉદ્ધતાઈ કે આછકલાઈથી અસ્પૃષ્ટ રહેલું. કેમ્બ્રિજમાં તે સોપહેલો મળ્યો વિલિયમ પિટ (ઇંગ્લંડના ભાવિ વડા પ્રધાન)ને, જે પછી તો તેનો પરમ મિત્ર બની ગયો. કેમ્બ્રિજનો અભ્યાસ પૂરો કરીને તેણે લંડન આવી રાજકારણમાં ઝંપલાવ્યું. અને ૧૭૮૦ના સપ્ટેમ્બરમાં તે બ્રિટિશ પાર્લમેન્ટનો સભ્ય નિમાયો. પોતાની આનંદી અને ખુશનુમા પ્રકૃતિ તેણે બહોળા જનસંપર્કમાં સતત ઢોળ્યે રાખી, જેણે તેને અત્યંત લોકપ્રિય કરી દીધેલો. અનેક ક્લબોનો તે સભ્ય હતો, અને એક અદ્ભુત ગાયક પણ હતો. પ્રિન્સ ઑવ વેલ્સને તેનું સંગીત એટલું ગમતું કે તે સાંભળવા પોતે ગમે ત્યારે આવી ચડશે એમ તેમણે સામેથી કહેલું. ૨૩ની વયે તે હલની નિશાળના જૂના હેડમાસ્તર રેવરન્ડ આઇઝૅક મિલ્નર સાથે એક સફર પર ગયો. ત્યાં બંને જણે મળીને જીવન અને ધર્મ વિષે ઊંડાણપૂર્વક વાતો કરી. જીવન તરફ આનંદી પરંતુ નિરુદ્દેશ નજરથી જોતા વિલ્બરફોર્સ માટે આ સંપર્ક નવતર હતો. તેમાં એને જીવનની નવી જ પ્રેરણા મળી. તેનું આમૂલ જીવન-પરિવર્તન થયું. નક્કર માનવકલ્યાણ હવે તેનું જીવનલક્ષ્ય બન્યું હતું. જોકે બહારનો વિલ્બરફોર્સ એવો જ રહ્યો,–એવો જ આનંદી, રમૂજી, વાક્પટુ અને ખેલદિલ. માનવવ્યવહાર અને નીતિનિયમોનાં નીચાં ધોરણો હવે તેની નજરમાં કણાની જેમ ખટકવા લાગ્યાં હતાં, અને ચોપાસથી તેને દૂર કરવાનો તેણે મનોમન નિરધાર કરી લીધો.

નવભાવનાદીક્ષિત વિલ્બરફોર્સનું પહેલુ જાહેર કાર્ય હતું, ૧૭૮૬માં, ફોજદારી કાયદામાં સુધારણા કરવા માટેનો એક ખરડો રજૂ કરવાનું. જોકે ઉમરાવોએ તેને ઉડાડી મૂકયો. એક



નાગ

સર્પની જાતોમાં એ આપણો અતિપરિચિત. ફણાથી તેનું વ્યક્તિત્વ ભવ્યસુંદર લાગે છે.

Naia naia તથા Cobra de Capello એ તેની વૈજ્ઞાનિક સંજ્ઞા. કદ ચાર-પાંચ ફૂટનું. પોતાના વર્ગમાં નાગની ફેણ સૌથી મોટી. જાત કુલ ત્રણ : માથા પર બે આંખ જેવા નિશાનવાળી 'દોચશ્મી', 'એકચશ્મી', અને 'બિનચશ્મી'. ગુજરાતનો આસમાની પડતા કાળા રંગનો તથા આછી ધોળી ઝાંયના પેટાળવાળો નાગ દોચશ્મી છે. દંશનું ઝેર કોથળીમાંથી દાંતમાં થઈને શરીરમાં પેસે. આંખ પોપચાં વિનાની, આથી મટકું યે ન મારે. આંખો ઉપર કાંચળીનું પડ: ભાળે ઝાંખું–ઓછાયા જેવું. કાનની જગ્યાએ આવેલા છિદ્ર પર ત્વચાનું આચ્છાદન હોય છે. આથી નહિવત્ સાંભળે. જીભના લબકારા કરીને હવામાંથી ભય ઓળખે ને ખોરાકની ગંધ પારખે. તેની કરોડના અંકોડા એવા કે ઊંધે માથે ઝંઝેડતાં ચીંથરા જેવો થઈ જાય. નાગણ જરા મોટી, છતાં તેની પૂંછડી ટૂંકી. નાગણ દેહે પાતળી ને ચપળ.

રહે દરમાં. બીજાંનાં દર પચાવી પાડે. દેડકાં, ઉંદર, પંખી વગેરે તેનો ખોરાક. દેડકાં ને ઇંડાંનો ખાસ શૉખીન. પાટલા–ઘોને પણ મારે. શિકાર આખો ગળે, દાંત વડે પકડી રાખે. ફેણ ફુલાવે એ તેના ક્રોધની નિશાની છે. સ્વભાવે ભીરુ, એટલે છંછેડાયા વિના માણસને કરડતો પણ નથી. નોળિયો, રાવળ, ગરુડ, સમડી, ગીધ એ તેનાં દુશ્મન, મારી પણ નાખે. ઠંડી સહન ન કરી શકે. રાત્રે તેમજ દિવસે પણ ફરે.

શિયાળામાં નાગણ બબ્બે ઇંચનાં સફેદ લંબગોળ વીસ–બાવીસ ઇંડાં મૂકી એ પર ગૂંચળુ વળી જઇને સેવે. ભૂખી થાય તો નાગણ પોતાના ઇંડાં-બચ્ચાંને પણ ખાઈ જાય. નાગનાં બચ્ચાં-કણાવધારે ચપળ ક્રોધીનેખારીલાં.



વર્ષ પછી તેણે દૂષણવિરોધી એક જંગી જેહાદ જગાવી, અને એક દૂષણવિરોધી મંડળ પણ સ્થાપ્યું. આ નવા મંડળે ખોટી ચાડી-ચૂગલી કરતાં અને અશિષ્ટ પ્રકાશનોને અટકાવવામાં આગવો ભાગ ભજવ્યો. ગુલામોનો વેપાર ત્યારે ધીકતો ચાલતો, અને લિવરપૂલે તેની મૂડીનો મોટો ભાગ આ વેપારની પાછળ જ રોકેલો. ગુલામોના વેપાર જેવી અમાનુષી પ્રવૃત્તિ તરફ વિલ્બરફોર્સને પહેલેથી ધિક્કાર હતો. છેક નિશાળમાં ભણતો ત્યારે એ કુમારવયે તેણે ગુલામોના વેપારની વિરુદ્ધમાં યૉર્કશાયરના એક દૈનિક પત્રના તંત્રીને પત્ર લખેલો! કેમ્બ્રિજમાં ટૉમસ ક્લાર્ક્સન પાસેથી તેને આ કલંકિત વેપાર વિષે ઘણું જાણવા મળેલું. ગુલામો તરફ માલિકો દ્વારા કરાતા ક્રૂર અને હિચકારા વર્તન સામે ક્લાર્કસને વર્ષો સુધી ઝુંબેશ ચલાવી હતી. તેણે તથા તેના બીજા-ક્વેકર સાથીઓએ આતુરતાપૂર્વક વિલ્બરફોર્સને પોતાના મોવડી તરીકે સ્વીકારી લીધો. બીજી બાજુ તેના મિત્ર પિટે પણ તેને ગુલામોનો વેપાર અટકાવવાના હેતુસર પાર્લમેન્ટમાં આગવું સ્થાન પ્રાપ્ત કરવાની સલાહ આપી. વિલ્બરફોર્સને તો પોતાના સ્થાન કરતાં ખુદ આ પ્રશ્ન વધુ મહત્ત્વનો હતો, અને આથી, ગુલામીની નાબૂદીની એક જીવનકર્તવ્યની નિષ્ઠાથી લોકસમાજ તેમજ પાર્લમેન્ટને બારણે તે ટહેલ નાખી બેઠો, અને ૧૭૮૭માં તેણે ગુલામોના વેપારની નાબૂદી માટેના કાયદાની માગણી કરતો ખરડો રજૂ કર્યો. પણ તેને નસીબે હજુ કર્મ જ કેવળ લખાયું હતું, ફળ ઘણું છેટું હતું. ૧૭૯૩માં બ્રિટન ફ્રાન્સ સાથેના યુદ્ધમાં પડયું, અને આથી વડા પ્રધાન પિટને પોતાની સર્વ શક્તિઓ એ તરફ જ કેન્દ્રિત કરવી પડી. એ માટે તેને વિલ્બરફોર્સ તરફથી લોકસહકારની અપેક્ષા હતી. કોઇ પણ જાહેર પ્રવૃત્તિના નેતા થવા માટે વિલ્બરફોર્સ સ્વભાવથી જ આદર્શ હતો. તેના સિદ્ધાંતો ઉચ્ચ હતા, ને વ્યવહારની તેની પ્રાસાદિક પદ્ધતિએ તો વિરોધીઓમાં પણ તેને લોકપ્રિય કરી મૂક્યો હતો. પણ એ જ ગાળામાં તેને ઓચિંતી ગંભીર માંદગી આવી પડી. તબિયત સારી થઈ એટલે તરત વિલ્બરફોર્સ સંઘર્ષ તરફ પાછો ફર્યો. પણ ગુલામોના વેપારની નાબૂદી માટેના પ્રત્યેક ખરડા પર પાર્લમેન્ટમાં ઉમરાવો તરફથી રદ્દીકરણની છાપ જ લાગ્યા કરી!

૧૭૯૮માં તે બાર્બરા ઍન સ્પૂનરને પરણ્યો, અને લંડન નજીક ક્લૅફામ કૉમન ખાતે રહેવા ગયો. આ દરમ્યાન તે ક્વેકર પંથના સિદ્ધાંતોથી પ્રેરિત થયો હતો. એટલે અહીં તેણે 'ક્લૅફામ પંથ' રચ્યો. ૧૭૯૭માં તેણે 'એ પ્રૅક્ટિકલ વ્યૂ ઑવ ધ પ્રિવેઇલિંગ રિલિજ્યસ સિસ્ટિમ્સ ઑવ્ પ્રોફેસ્ડ ક્રિશ્ચન' પ્રકાશિત કર્યું. આ પુસ્તકની ઇંગ્લંડ અને અમેરિકામાં મબલખ ખપત થઈ, અને છએક ભાષાઓમાં તેનો તરજુમો પણ થયો. ખ્રિસ્તી ધર્મપ્રચારનું તે શુદ્ધ અને શિષ્ટ સાહિત્ય ગણાય છે. તે ઉદારચેતા દાનવીર પણ હતો. કોઈ પણ માણસ કોઈ પણ સમયે તેની પાસેથી ખાલી હાથે પાછો ન ફરતો. ક્યારેક તો કુપાત્રો પણ તેની કૃપાનું ભાજન બની જતા. ૧૮૦૧માં તો તેણે પોતાની આવક કરતાં લગભગ ૩૦૦૦ વધારે પાઉંડ દાનમાં વાપરી દીધેલા!

૧૮૦૬માં વિલિયિમ પિટનું અવસાન થયું. તેનો ઉત્તરાધિકારી જેમ્સ ફૉક્સ ક્લાર્ક્સનની ગુલામીવિરોધી ઝુંબેશના મૌલિક ટેકેદારો પૈકીનો એક હતો. તેના સહકારથી આખરે, ૧૮૦૭માં પાર્લમેન્ટમાંથી બ્રિટિશ ગુલામ વેપાર, જાહાજાત અને ગુલામોનું વેચાણ નાબૂદ કરતો કાયદો પસાર થયો. હબસી ગુલામોને એકાએક સ્વતંત્રતા આપવામાં આવે તો તેમની બિનતયારીને કારણે કદાચ અવળી અસરો પણ ઊભી થાય, એવી વિલ્બરફોર્સને બીક હતી. આથી તેણે થોડો વખત પોતાનું ધ્યાન ધર્મ જેવી બીજી બાબતો તરફ ફેરવ્યું. ૧૮૧૩માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પટ્ટો ફરીથી નવું સ્વરૂપ પામ્યો, તેથી વિલ્બરફોર્સને હિંદુસ્તાનમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાને અમુક દરખાસ્તો મૂકવાની તક મળી.

૧૮૩૩ના જુલાઈમાં તે ગુલામોને મુક્તિ બક્ષતા બીજા ખરડાનું વાચન સાંભળવા લંડન આવ્યો અને એ જ માસની ૨૯મી તારીખે તેનું અવસાન થયું. વેસ્ટમિન્સ્ટર ઍબે ખાતે વડા પ્રધાન પિટની કબર નજીક તેને દફનાવવામાં આવ્યો. બે જ દિવસ પછી ૩૧મી જુલાઈની મધરાતે બ્રિટનના ધ્વજ હેઠળના તમામ પ્રદેશોમાં ૩,૦૦,૦૦૦ જેટલા ગુલામોને મહામૂલી મુક્તિ પ્રાપ્ત થઈ ગઈ હતી!

પોતાના આવા મહાન પ્રપિતામહ વિલિયમ વિલ્બરફોર્સના માનવ-વ્યક્તિત્વની ઝાંખી કરાવતાં રૉબર્ટ વિલ્બરફોર્સ લખે છે: "તેઓ સ્વભાવગત માયાળુપણું, અખૂટ ધૈર્ય અને હળવી વિનોદવૃત્તિના ભંડાર સમા હતા. સ્વભાવથી જ મળતાવડા અને વાતચીતની કલાની નૈસર્ગિક બક્ષિશ ધરાવતા હોવાથી લંડનનાં સામાજિક મંડળોમાં તેમને માટે ઘણી જ ભારે માંગ રહેતી. જાણીતાં ફ્રેન્ચ લેખિકા માદામ દ સ્ટીલ કહેતાં કે તેમને વિલિયમ વિલ્બરફોર્સ જેવા રમૂજી માનવીનો જોટો શોધ્યો જડતો નહિ. તેમને ગ્રામજીવનનો અનહદ શૉખ હતો. ૧૮૩૩ના જુલાઈમાં તેમની શારીરિક શક્તિ ક્ષીણ થવા લાગી હોવા છતાં તેમનું મન એટલું જ સતેજ અને એકાગ્ર હતું. તેમણે ગુલામીપ્રથાની નાબૂદી માટેની ઝુંબેશની સફળતાના સમાચાર સાંભળ્યા તે ઘડીનું વર્ણન કરતાં મારા દાદાજી લખે છે કે 'ગુલામી પ્રથાની નાબૂદી માટે ઈંગ્લંડ બે કરોડ પાઉંડ જેટલી જંગી રકમ આપવાને તૈયાર થયું છે તે દિવસ જોવાને હું જીવતો રહ્યો તે માટે ઈશ્વરનો પાડ.'"

એક સામાન્ય માનવી પોતાની શક્તિની મર્યાદામાં રહીને પણ કેટલું સ્થિર, નક્કર અને સ્થાયી વ્યાપક માનવહિત સાધી શકે છે, તેનું સાદું સીધું અને છતાં ઉદાત્ત ઉદાહરણ વિલ્બરફોર્સનું જીવન પૂરું પાડે છે. નીતિ અને રાજનીતિ, માનવકલ્યાણ અને રાજકારણનો આવો સમન્વય સાધી શકનારા જગતના વિરલ કલ્યાણકામીઓની યાદીમાં વિલ્બરફોર્સનું નામ કાયમ માટે અંકિત રહેવાનું.

કઠિન-કોમલ નરસિંહરાવ



આ માસ(સપ્ટેમ્બર)ની ત્રીજી તારીખે જેમની એકસોમી જયંતી ઊજવાઈ તે વિદ્વાન ભાષાશાસ્ત્રી ને સુકોમળ કવિ સાક્ષરવર્ય નરસિંહરાવ દિવેટિયાના વૈયક્તિક ચારિત્ર્યના લક્ષણાત્મક અંશના પરિચયરૂપ વાનગી, 'માનસી'ના છેલ્લા અંકમાં આવેલા શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષીના લેખ 'કઠિન-કોમલ નરસિંહરાવ'માંથી તારવીને અહીં નીચે આપી છે. એ જ લેખકે લખેલું નરસિંહરાવનું મોટું જીવનચરિત્ર 'કુમાર'ના ૩૨૧મા અંકમાં આવી ગયું.

મન, વચન અને કર્મની એકરૂપતાને સાધુપુરુષનું લક્ષણ કહ્યું છે. મનની વિકૃતિને એ વાણીમાં વ્યક્ત થાય તે પહેલા શમાવી દેવી; વાણીમાં પ્રકટ થઈ ગએલ મનોવિકૃતિને, એ હાનિકારક કાર્યમાં પરિણમે તે પહેલાં ક્ષીણ કરવી, એ સંયમનું લક્ષણ છે. નરસિંહરાવ ક્રોધી હતા. પણ એમનો ક્રોધ મનમાંથી વાણીમાં અને વાણીમાંથી કાર્યમાં ત્રણેયને એક સાથે વટલાવી શકતો નહિ. મનમાંથી નીકળેલો ક્રોધ વાણીમાં ભભૂકે ત્યાં તો એ જ મનમાં કાયમનો મુકામ કરી રહેલી આર્દ્રતા એ ક્રોધની પાછળ ધસે, અને એ જીભાળા ક્રોધાગ્નિને ઠારી નાખે, અને મનમાં પાછી વળીને મનને પણ આર્દ્ર કરે.

આવા પ્રસંગો અનેક માનવીઓ પરત્વે નરસિંહરાવના વ્યવહારમાં ઊપજતા. નરસિંહરાવ પરીક્ષક હતા. એક પરીક્ષાર્થી, બહારગામથી આવેલો, એલ્ફિન્સ્ટન કૉલેજમાંના એમના રૂમમાં પરીક્ષામાં એમની કૃપાદૃષ્ટિ મેળવવાના ઉદ્દેશથી મળવા ગયો. નામનો નિર્દેશ અને કામનો ઉલ્લેખ થયો, ને નરસિંહરાવનો કોપાનલ પ્રકટ થયો. પરીક્ષાર્થી પોતાની ધૃષ્ટતાનો પસ્તાવો કરતો, ઉત્તરપત્રની મુલવણીમાં પોતાનું આવી બન્યું એવી બીક સેવતો, ચાલ્યો ગયો.

પણ પરિણામ પ્રતિકૂળ ન આવ્યું. પરીક્ષકોની આખરના નિર્ણયની મંત્રણામાં જણાયું કે એ પરીક્ષાર્થીને ઉચ્ચ વર્ગ મેળવવામાં થોડાક માર્ક ખૂટતા હતા, જે એના કાર્યની સમગ્ર આંકણીને આધારે પરીક્ષક આપી શકે. એ ખૂટતા થોડા માર્ક એને આપવામાં નરસિંહરાવે પહેલ કરી. એનું કારણ એમણે જ અન્ય પ્રસંગે જણાવ્યું હતું કે પરીક્ષાર્થીએ ખોટો માર્ગ લેવા પ્રયત્ન કર્યો એ ભૂલની શિક્ષા એને એના અભ્યાસની અને બુદ્ધિની મુલવણીમાં ન થવી જોઈએ.

એમને ૭૫ વર્ષ પૂરાં થયાં હતાં. ગુજરાત વિદ્યાસભાએ કરવા ધારેલા, એમણે તથા એમના સમવયસ્ક સદ્ગત કેશવલાલ ધ્રુવે પોણી શતાબ્દી વટાવી એની ઉજવણીના, સમારંભ પ્રત્યે એ બંનેએ મક્કમ અરુચિ બતાવીને સમારંભ અટકાવ્યો હતો. પણ ખારની લક્ષ્મીનગર સાહિત્યસભાએ સભા ભરવા નરસિંહરાવની પરવાનગી મેળવી.

એ સમારંભસભા સમક્ષ વાંચવા નરસિંહરાવનાં જીવન અને સાહિત્યકાર્ય વિષે અર્ધા કલાકનું ભાષણ મેં લખીને તૈયાર કર્યું; તે બતાવવા હું એમને ઘેર ગએલો. મને કહે, વાંચો જોઉં. મેં એમના ક્રોધી સ્વભાવનો ઉલ્લેખ કરતો અગ્રભાગ વાંચી સંભળાવ્યો; બાકીના ભાગના માત્ર મુદ્દા જ ગણાવ્યા. એમણે ન કર્યો ક્રોધ, ન બતાવી કટુતા.

બીજે દિવસે સમારંભ થયો. ભાષણ મેં વાંચ્યું. એઓ પોતે બોલવા ઊઠ્યા ત્યારે એમણે કહ્યું: 'રામભાઈએ ધૂળધોયા માફક મારાં કાવ્યોમાંથી એક જ સારું કાવ્ય શોધ્યું અને એમાં પણ એમણે દોષ બતાવ્યો.'

પણ—પછી જે બન્યું તે જ મુદ્દાની વાત છે. એક અઠવાડિયામાં પછી પોતે મારે ઘેર આવ્યા અને બોલ્યા, 'રામભાઈ, તમે કાવ્યવિવેચન કેમ લખતા નથી? મારા કાવ્યનું વિવેચન તમે નિપુણ કર્યું છે!' નરસિંહરાવભાઈના આ વ્યવહાર વિષે વાચક જે કહેવું હોય તે કહે: એમને ન્યાયી કહે, ઉદાર કહે, સત્યનિષ્ઠ કહે, સ્નેહમૃદુલ કહે—જે યોગ્ય લાગે તે કહે. પણ એઓ આવા હતા, એમનું હૃદય આવું હતું, તે કોણ, ક્યાંથી, જાણી શકે?

એઓ લાગતા કડક, કઠોર. પણ પારખનારો એમની મુખમુદ્રા પરની સ્નેહસૂચક, આન્તર કોમલતા દર્શાવતી રેખાઓ પારખી લેતો. એઓ રમૂજ પણ કરી શકતા. પોતે ન્યૂમિઝમેટિક સોસાએટીના પ્રાચીન સિક્કાઓના પ્રવીણોની મંડળીના સભ્ય હતા. જૂનાગઢની કૉલેજના નિવૃત્ત પ્રિન્સિપલ હોડીવાલાને એની નવાઈ લાગી, તેથી એમણે એમને પૂછ્યું, 'Narsinhrao, are you really interested in coins?' નરસિંહરાવે ઠાવકું મોં રાખીને જવાબ આપ્યો: 'Yes, on the first of every month.'

એક વખતે પોતાના બી.એ.-એમ.એ.ના વિદ્યાર્થીઓને મારી ઓળખાણ આપી: 'આ રામભાઈ, મારો જમણો હાથ,'—અને ઉમેર્યું: 'જે ઠૂંઠો થઈ ગયો છે.' નોકરી દરમ્યાન એઓ ઘોડા પરથી પડી ગયા હતા ત્યારનો એમનો જમણો હાથ ઠૂંઠો તો નહિ પણ આંગળાંથી પકડ બરાબર ન આવે એવો થઈ ગયો હતો.

ન્હાનાલાલ સાંટાક્રૂઝમાં હતા ત્યારે એવું કોઈ વાર બનતું કે મારે ઘેર સવારે વાદરેથી નરસિંહરાવભાઈ આવ્યા હોય અને રાતે ન્હાનાલાલ આવે. બને આ વાત જાણે, અન્યોન્યના સમાચાર પણ પૂછે, પણ કોઈ કોઇને મળે નહિ!

એવો પ્રસંગ કોઈ વાર બન્યો હોય કે નરસિંહરાવ ચંદ્રશંકર પંડ્યા ઉપર કાંઈ કારણે નારાજ હોય, ચંદ્રશંકર સાંજના મારી પાસે આવ્યા હોય એટલામાં નરસિંહરાવ આવી ચડે અને ચંદ્રશંકર પ્રત્યે પોતાની નારાજી વ્યક્ત કરવા માંડે—પણ તરત અટકી જાય અને કહે, 'Sorry, રામભાઈ, ચંદ્રશંકર તમારા મહેમાન છે.'

પણ એ નરસિંહરાવ ઉગ્ર તો હતા, અસહિષ્ણુ પણ હતા. લોકોત્તર કોને કહેવાય? ભવભૂતિએ કહ્યું છે, 'લોકોત્તરાણાં ચેતાંસિ કો હિ વિજ્ઞાતુમર્હતિ.' એ ચેતાંસિ કેવાં? એક ઉત્તર: મૃદૂનિ કુસુમાદપિ. બીજો ઉત્તર: વજ્રાદપિ કઠોરાણિ. નરસિંહરાવ વજ્ર જેવા કઠોર લાગતા, પણ આ બંને ઉત્તરોનો સમન્વય એમની પ્રકૃતિમાં થયો હતો:

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥

ફૂલોના રંગ બદલવાનો પ્રયોગ

હોલૅન્ડ મોટા પાયા પર ફૂલોની નિકાસ કરે છે,–માત્ર કે. એલ. એમ. વિમાની સર્વિસ જ દર વર્ષે ૪ લાખ કિલોગ્રામ વજન જેટલાં ફૂલો લઈ જાય છે. તેનો એક નવો પ્રયોગ–ફૂલોના રંગ બદલવાનો–સફળ થયો છે. સૌ પ્રથમ આ પ્રયોગ 'સફેદ લિલી' પર કરાયો. પાણીમાં રાસાયણિક રંગ ઉમેરીને ફૂલો નારંગી રંગનાં બનાવાયાં હતાં, અને રંગ બદલાયા પછી પણ ફૂલો ચાર અઠવાડિયાં સુધી તાજાં રહી શક્યાં હતાં.

હવે ફૂલોને આસમાની, પીળાં અને લાલ કરવાના પ્રયત્નો ચાલે છે. નવેક પ્રકારના રંગો બદલી શકાય એવા રાસાયણિક ભૂકા હવે મળી શકશે, જેનો ઉપયોગ કરવાથી ફૂલોના રંગમાં મનફાવતાં પરિવર્તન લાવી શકાશે.

એક ઘન સેન્ટીમીટર જેટલી હવામાં ૨૦,૦૦,૦૦૦ ઋણભારવાળા વિદ્યુતકણો ઉત્પન્ન કરતા એક યંત્ર વડે સઘન પ્રવાહ છોડીને, હવે દાઝેલા ભાગ, જીર્ણ ઘા તેમજ ગૂમડાં મટાડી શકાય છે.

ત્રણ પ્રકારનું શિક્ષણ

'માણસ માટે શિક્ષણ ત્રણ પ્રકારનું છે: એક કરોળિયા જેવું, બીજું પક્ષી જેવું, ત્રીજું મધમાખી જેવું.

કરોળિયો જ્ઞાનથી પોતાની જાળ ઊભી કરે છે. પછી એમાં બીજાને ખેંચે છે અને તેમને જાળમાં પૂરી રાખે છે.

પક્ષી પોતાના ગાનમાં જ મસ્ત હોય છે. નથી કોઇને પોતાનું જ્ઞાન આપતું. નથી પોતે કોઈનામાંથી લેતું. બસ, પોતામાં જ મસ્ત રહે છે.

મધમાખીનું કામ જ્ઞાનનો સંગ્રહ કરવાનું છે, અને એમાંથી પોતે છૂટે હાથે આપે છે. પોતે કંઈ જ રાખતી નથી.

આમ શિક્ષણ ત્રણ પ્રકારનું છે. તમે કયું લેશો?'

(પ્યારા બાપુ) —ગુરુદયાલ મલ્લિક

ખાલી ઘર (અનુ. પૃ. ૩૫૭થી ચાલુ)

'પણ અહીં આપણે કેમ આવ્યા છીએ ?'

'એટલા માટે કે અહીંથી આપણી ઇમારતનું દૃશ્ય ઘણી સારી પેઠે જોઈ શકાય છે. બહારથી દેખાઈ જવાય નહિ તેની પૂરી તકેદારી રાખીને જરા બારી બહાર નજર કરી આપણી બારી તરફ જુઓ. કદાચ એથી એ પણ જાણવા મળશે કે છેલ્લાં ત્રણ વર્ષમાં તમને નવાઈ પમાડવાની મારી શક્તિ કંઇ ઓછી તો નથી થઇ ને ?'

મેં અમારી બારી તરફ જોયું. પણ જેવી મારી નજર ત્યાં પડી કે અચંબાથી મારા મોંમાંથી એક ધીમી ચીસ નીકળી ગઇ. બારીનો પડદો પાડી નાખેલો હતો. અંદર ખંડમાં જોરદાર પ્રકાશ હતો અને તેથી બારીના પડદા પર અંદર ખુરશી પર બેઠેલા માણસના પડછાયાની સ્પષ્ટ આકૃતિ દેખાતી હતી. અસલ શેરલૉક હૉમ્સની જ છાયા !! આશ્ચર્યથી હું એટલો તો હેબતાઈ ગયો કે પાછળ હાથ ફેરવી મેં ખાતરી કરી લીધી કે હૉમ્સ પોતે ત્યાં છે કે નહિ. મને લાગ્યું કે નીરવપણે હસતાંહસતાં તેમનું શરીર હલી રહ્યું હતું !

'કેમ ?' તેમણે પૂછ્યું.

'ખરેખર, આ તો કમાલ કહેવાય !'

'એનો યશ ગ્રેનોબલના મૉસ્યોર ઑસ્કર મૉનેરને છે. એ મીણનું પૂતળું જ છે. બાકીની બીજી બધી ગોઠવણ મેં આજ બપોરે હું બેકરસ્ટ્રીટ ગએલો ત્યારે કરી છે.'

'પણ આનું કંઈ કારણ ?'

'એટલા માટે કે, ખાસ કારણસર, અમુક માણસને હું અત્યારે ઘેર જ છું તેવું હું મનાવવા માગું છું. જ્યારે હકીકતે હું બીજે જ— એટલે કે અહીં અત્યારે તમારી સાથે જ હોઉં.'

'એટલે કે એ ઘર પર હમેશાં કોઇ નજર રાખતું હતું ?'

'હું જાણું છું કે એમ જ થતું હશે.' 'કોના તરફથી ?'

'મારા જૂના શત્રુઓ જ વળી, જેમનો નેતા પેલા રીશેનબૅક ધોધમાં પડ્યો છે. એ ટુકડીના બાકીના સભ્યો જ માત્ર જાણે છે કે હું જીવતો છું. એ તમે કેમ ભૂલી જાઓ છો ? વહેલો મોડો ગમે ત્યારે હું ઘેર પાછો ફરીશ જ એમ માનીને આ ઘર પર તેઓ સતત નજર રાખતા હતા. આજે સવારે તેમણે મને અહીં આવેલો જોયો પણ ખરો.'

'પણ એની તમને કેમ ખબર પડી ?'

'બારી બહાર નજર નાખતાં જ હું તેમના ચોકીદારને ઓળખી ગએલો. આમ તો તે તદ્દન શાંત માણસ છે. પાર્કર તેનું નામ. યહૂદી હાર્પ બહુ સરસ વગાડી જાણે છે. એની તો જોકે જરા યે ચિંતા નથી, પણ તેની પાછળ જે વ્યક્તિ કાર્ય કરી રહેલી છે તેનાથી હું પૂરેપૂરો સાવચેત છું. મોરીઆર્ટીનો એ જિગરજાન દોસ્ત લંડનનો સૌથી લુચ્ચો ને ભયંકર બદમાશ છે. એણે તે દિવસે મારા પર પથ્થરો ફેંકેલા. આજે પણ એ જ મારી પાછળ લાગેલો છે. અને આપણે એની પાછળ લાગ્યા છીએ.'

ધીરેધીરે મને મારા મિત્રની યોજના સમજાતી જતી હતી. સામે દેખાતો પેલો પડછાયો આજે શિકાર બનનાર હતો; જ્યારે અમે શિકારીઓ હતા. અંધારામાં અમે ચૂપચાપ ઊભા હતા અને બારી પાસેથી પસાર થતા લોકો પર નજર રાખતા હતા. હૉમ્સ તદ્દન શાંત અને સ્થિર છતાં પૂરેપૂરા સચેત હતા. બારી નજીકથી નીકળતા પ્રત્યેક જણ પર તેમની નજર મંડાએલી હતી. રાત ઠંડી હતી અને લાંબી શેરીમાંથી આવતો ઠંડો પવન સૂસવતો હતો. લોકો હાથમોજાં ને મફલરમાં વીંટળાઈ આવજા કરતા હતા. પણ મને લાગ્યું કે મેં એકની એક વ્યક્તિને ફરીફરીને બારી પાસેથી પસાર થતી જોઈ. એ પણ જોયું કે નજીકના એક મકાનની ઓથે બે માણસો શાંત ઊભા હતા.

મેં હૉમ્સનું એ તરફ ધ્યાન દોરવા પ્રયત્ન કર્યો પણ એમણે કંઈ ખાસ જવાબ આપ્યો નહિ. એકબે વાર પગ ફેરવી તેમણે દીવાલ પર હાથ પણ ટેકવ્યો. એથી હું સમજી ગયો કે હવે તો તેઓ પણ જરા અસ્વસ્થ થવા લાગ્યા છે. મને થયું કે તેમણે ધાર્યા પ્રમાણે બધું થતું લાગતું નથી. આખરે મધરાત થવા આવી. શેરીમાંની અવરજવર હવે કમી થઈ ગઈ હતી. તેમણે પણ હવે ઓરડીમાં આંટા મારવા માંડ્યા હતા. હું કંઈ બોલવા જતો હતો ત્યાં મારી નજર ઉપર બારીમાં પડી અને મારાથી હોમ્સનો હાથ પકડાઈ ગયો. 'પેલો પડછાયો તો હલે છે!' હું બોલી ઊઠ્યો. હવે તે ચહેરો બાજુએથી નહોતો દેખાતો; અત્યારે તેની પીઠ અમારી તરફ ફેરવાઈ ગઈ હતી.

ત્રણ વર્ષ પછી પણ તેમના સ્વભાવની સ્થિરતા ઘટીને સહેજ પણ અધીરાઈ આવી નહોતી. 'હા જ તો, એ હલે જ છે.' તેમણે કહ્યું, 'વૉટ્સન, શું હું એવો મૂરખ છું કે યુરોપના એક ઉસ્તાદ બદમાશને છેતરવા કલાકો સુધી એકસરખુ સ્થિર રહેતું પૂતળું જ માત્ર વાપરું? આપણે લગભગ બે કલાકથી અહીં છીએ. દરમિયાન મિસિસ હડસને તે પૂતળાને લગભગ આઠેક વાર ફેરવ્યું છે, એટલેકે લગભગ દર પા પા કલાકે (પોતાનો પડછાયો બારીના પડદા પર ન દેખાઈ જાય તેની તકેદારી રાખી) તે એ કામ કરે છે. પણ અરે !...' એકદમ એક સિત્કાર સાથે એમણે ઊંડો શ્વાસ લીધો ને એ આછા ઉજાસમાં મેં જોયું કે હવે તેઓ કોઈ પણ બનાવ માટે એકદમ સાવચેત બની ગયા હતા. પેલા બંને જણ પણ કદાચ હજી ત્યાં જ ઊભા હશે, પણ હવે મને તે દેખાતા નહોતા. બધું જ સ્થિર અને અંધકારમય હતું. પેલી બારીમાં પ્રકાશ હતો અને તેમાં પેલો પડછાયો. એ કારમી ચૂપકીદીમાં મેં તેમને કંઈ ગણગણતા સાંભળ્યા. ને એ જ પળે એમણે મને ઉજાસમાંથી એક અંધારા ખૂણામાં ખેંચી લીધો. અને મારા હોઠ પર પોતાનો હાથ મૂકી મને કંઈ પણ અવાજ ન કરવા સૂચવ્યું. એમની આંગળીઓમાં સહેજ કંપ પણ હતો. આટલી હદ સુધી હલી ઊઠેલા મેં એમને કદી જોયા નહોતા. બહાર શેરીમાં એ જ અંધકાર અને સ્મશાનવત્ શાંતિ હતી.

એકાએક હું પણ કંઈક સજાગ થઈ ગયો. જે એમણે ક્યારનું સમજી લીધું હતું તેનું ભાન મને હજી હવે થતું હતું. બહુ જ ધીરો દબાતો અવાજ મારા કાન પર આવ્યો. બેકર સ્ટ્રીટ તરફથી નહિ, પણ અમે જેમાં છુપાયા હતા એ ઘરની પછવાડેથી !

પાછલું બારણું સહેજ ખૂલ્યું ને બિડાયું. પરશાળમાં કોઈનાં દબાતાં પગલાં સંભળાયાં. સહેજ પણ અવાજ ન થાય એની ચીવટ તેમાં જણાતી હતી, છતાં ખાલી ઘરમાં એટલો આછો અવાજ પણ બહુ હતો. હૉમ્સ દીવાલ સાથે દબાઇને ઊભા રહ્યા. મારી રિવોલ્વર પર હાથ મૂકી મેં પણ એમ જ કર્યું. અને એ જ વખતે ઓરડીના દરવાજામાં એક કાળી માનવાકૃતિ દેખાઈ.

એકાદ પળ એ ત્યાં ઊભો રહ્યો ને પછી નીચે ઝૂકી બિલ્લીપગે તે આગળ વધ્યો. કંઈ પણ બનાવ માટે અમે તો તૈયાર જ હતા; અને અમારી હાજરીનો તેને જરા પણ ખયાલ ન હોવા છતાં પણ તે પૂરેપૂરો સાવચેતીથી જ આગળ વધતો હતો. અમારી બાજુમાંથી જ એ પસાર થયો ને પેલી બારી પાસે જઈ અટક્યો. થોડી વાર થોભી બારીનો પડદો તેણે સહેજ હટાવ્યો ને ધૂળ ખાધેલા ધૂંધળાં કાચમાંથી આવતા પ્રકાશમાં મેં તેનો અર્ધ સ્પષ્ટ ચહેરો જોયો. હિંસક પ્રાણી જેવી તેની આંખો ચમકતી હતી. મુખભાવ તંગ લાગતા હતા. પાતળું આગળપડતું નાક, ઊંચું વિશાળ કપાળ અને મોટી કડક મૂછોવાળો એ ઉમરમાં પણ મોટો લાગતો હતો. ચહેરો કંઇક શામળો અને કરમાએલો તથા ઊંડી જંગાલિયતભરી રેખાઓથી અંકિત થએલો હતો. હાથમાં લાકડી જેવું કંઈક

હતું,પણ જ્યારે તે જમીન પર મૂક્યું ત્યારે તેમાંથી ધાતુનો રણકો આવ્યો.

ઓવરકોટના ખિસ્સામાંથી તેણે કંઈક ભારે વસ્તુ કાઢી અને કોઈ કામમાં ગૂંથાઈ ગયો, જેને અંતે એક કડાકો સંભળાયો. જાણે કોઇ કમાન કે બોલ્ટ તેની જગ્યામાં ગોઠવાઈ ગયો. હવે તે સહેજ આગળ ઝૂકયો ને કોઈ ઉચ્ચાલન પર પોતાના આખા શરીરનું વજન નાખ્યું. ઘરઘરાટી ને ઘંટી જેવો કંઇક ધીરો ને લાંબો અવાજ આવ્યો ને છેવટે ફરી એક કટાકો થયો. કામ પૂરું થયું હોય તેમ તે ટટ્ટાર થઇ ગયો ને મેં જોયું કે તેના હાથમાં બંદૂક જેવું કોઈ નવતર હથિયાર હતું. ધીરે રહી તેણે તેની બ્રીચ ખોલી, અંદર કંઇ મૂક્યું ને બ્રીચ-બ્લૉક ફરી ગોઠવી દીધો. આટલી તૈયારી કરી હવે તેણે પેલી નવતર બંદૂકની નળી બારી પર ગોઠવી ને નિશાન લેવા તે સહેજ વધુ ઝૂકયો, બંદૂકના કુંદાને ખભામાં બરાબર ગોઠવી અને સંતોષનો એક શ્વાસ ખેંચ્યો. પેલી બારીમાં દેખાતો પડછાયો જ તેનું નિશાન હોવા વિષે હવે મને શંકા રહી નહિ.

એક ક્ષણ એ સ્થિર થયો ને ટ્રીગર(ઘોડા) પર તેની આંગળી દબાઈ. કંઈક સૂસવાટ થયો ને શેરીના પ્રકાશમાં બારીના ફૂટેલા કાચની કિનારી ચળકી રહી. એ જ પળે હોમ્સે પેલાની પીઠ પર વાઘની જેમ તરાપ મારી ને તેને ચત્તો પાડી દીધો. છતાં ક્ષણમાં જ તેણે ઊભા થઇ જઇ હોમ્સનું ગળું ભીંસમાં લઈ લીધું. પણ ત્યાં તો મેં જોરથી મારી રિવૉલ્વરનો કુંદો તેના માથામાં ફટકાર્યો અને તે તમ્મર ખાઈ પડી ગયો. લાગલા જ હોમ્સે તીણી સીટી વગાડી ને ફૂટપાથ પર કોઇનાં પગલાં સંભળાયાં. તુરત જ બે ગણવેશધારી પોલીસો અને એક સાદાવેશધારી ડિટેક્ટિવે આગળના બારણેથી આવી અમારા ખંડમાં પ્રવેશ કર્યો.

'લેસ્ટ્રેડ, તમે છો?' હોમ્સે પૂછ્યું.

'હા, મિ. હોમ્સ, હું જ આવ્યો છું. તમને ફરી લંડનમાં જોતાં આનંદ થાય છે.'

'મને થયું કે તમને થોડી મદદની જરૂર છે. એક જ વર્ષમાં વગર પકડાએલા ત્રણત્રણ ખૂનકેસ શું કમ છે, લેસ્ટ્રેડ?'

અમે સૌ હવે સ્વસ્થ થઈ ગયા હતા. અમારો કેદી બંને બાજુએ અડીખમ પોલીસો વચ્ચે જોરથી શ્વાસ લઈ રહ્યો હતો. બહાર શેરીમાં પણ થોડા લોકો ભેગા થયા હતા. લેસ્ટ્રેડે બે મીણબત્તી કાઢીને પેટાવી અને હવે જ મેં અમારા કેદીને ધ્યાનથી જોયો.

અમારી તરફ તાકી રહેલો એ ચહેરો બહાદુરીભર્યો છતાં કંઈક ઊતરેલો જણાતો હતો. આંખો પરનાં ભવાં કોઈ તત્ત્વજ્ઞાની જેવાં ને જડબાં લંપટ જેવાં જણાતાં હતાં. લાગતું હતું કે જે કોઈ સારા કે નરસા ધંધામાં તેણે શરૂઆત કરી હશે તે અચૂક સરસ રીતે કરી હશે. ને તેની ઢળતી કુટિલ પાંપણોવાળી ભૂરી આંખોમાંના ધિક્કાર સામે તો નજર પણ નહોતી મંડાતી. ગુસ્સાથી ફૂલેલું નાક ને બિહામણી મોટી આંખો વડે અમારી કોઇની યે પરવા કર્યા વિના તે હોમ્સ સામે ઘૂરકી રહ્યો હતો. તેની આંખોમાં હોમ્સ પ્રત્યે ભારોભાર ધિક્કાર ને આશ્ચર્ય પણ દેખાતાં હતાં. અપાર ગુસ્સાને લીધે તેના મોંમાંથી શબ્દો પણ નીકળતા નહોતા. દાંત ભીંસતો માત્ર તે એટલું જ કહી શકયો. 'તું, શેતાન, પાક્કો હરામખોર નીકળ્યો!'

પોતાનો ચૂંથાએલો કૉલર સરખો કરતાં હોમ્સ બોલ્યા, 'કર્નલ, કહેવાય છે કે યાત્રાનો અંત પ્રેમીઓના મિલનમાં આવે છે; પણ રીશનબૅક ધોધ પર પેલી ખડકો વચ્ચેની ખાંચમાં મારા પર તમે જે પ્રેમ વરસાવ્યો હતો તે પછી છેક આજે તમને જોતાં મને જરા યે આનંદ થાય તેવું લાગતું નથી.'

'લુચ્ચા...હરામી...શેતાન' સિવાય તે કંઇ બોલી નહોતો શકતો.

'અરે હા, હું તમને ઓળખાણ કરાવું.' હોમ્સ અમારી સામે ફરી બોલ્યા, 'આ મહાશય હિન્દુસ્તાનના એક વેળાના બ્રિટિશ લશ્કરના કર્નલ સેબાસ્ટન મૉરેન છે. યુરોપના અત્યાર સુધીના નિશાનબાજોમાં તે સૌથી અચ્છા નિશાનબાજ છે.' અને ઘૂરકી રહેલા કર્નલ સામે જોઇ તેણે તેને કહ્યું, 'મને નવાઇ લાગે છે, કર્નલ, કે તમારા જેવો ઉસ્તાદ શિકારી મારી આવી સાદી જાળમાં ફસાઇ ગયો. ખરી રીતે તો તમને આ યુક્તિનો પરિચય હોવો જોઇએ. ઝાડ નીચે મારણ બાંધી હિંદુસ્તાનમાં વાઘની રાહ જોતાં, માંચડા ઉપર બંદૂક લઇ બેસવાનો તમને કયાં અનુભવ નથી? મેં પણ લગભગ એવી જ યુક્તિ અજમાવી છે. કેમ, બધું બરાબર જ પાર પડયું છે ને?'

આ સાંભળી કર્નલ ગુસ્સાનો માર્યો કૂદ્યો, પણ પેલા પોલીસોએ તેને પાછો ખેંચી લીધો. તેના ચહેરા સામે તાકવું પણ મુશ્કેલ બને એટલો એ ભયંકર બની ગયો હતો.

'હું કબૂલ કરું છું કે તમારી એક વસ્તુએ તો મને નવાઈ પમાડી.' હોમ્સે વળી ઉમેર્યું, 'મને એવો તો ખયાલ પણ નહિ કે તમે જાતે જ આવશો અને આ ખાલી ઘરનો ઉપયોગ કરશો. મારો અંદાજ તો એવો હતો કે તમે બહારથી જ આખી યોજનાનું સંચાલન કરશો; ને ત્યાં જ મારા આ મિત્ર લેસ્ટ્રેડ તથા તેમના આ બહાદુર સિપાઇઓ તમને પકડશે.'

કર્નલ હવે પોલીસ ડિટેક્ટિવ તરફ ફર્યો ને બોલ્યો, 'મને પકડવા માટે તમારી પાસે કોઈ કારણ હોય કે ન હોય, પણ આ માણસ શા માટે મને આમ સંભળાવી રહ્યો છે? જો હું કાયદાના હાથમાં હોઉં તો બધું કાયદેસર રીતે જ થવા દો.'

'બરાબર છે.' લેસ્ટ્રેડ બોલ્યો, 'મિ. હોમ્સ, અમે જઇએ એ પહેલાં તમારે વધુ કંઈ કહેવું છે?'

હોમ્સ પેલી શક્તિશાળી બંદૂક હાથમાં લઈ તેની રચના તપાસી રહ્યા હતા.

'ખરેખર, અદ્વિતીય ને વખાણવાલાયક હથિયાર છે.' તેણે કહ્યું, 'ખૂબ જ શક્તિશાળી છતાં બિલકુલ અવાજ વિનાનું. અંધ જર્મન ઇજનેર વૉન હૅર્ડરેલે પ્રો. મોરીઆર્ટીના દબાણથી આની શોધ વિચારી હતી. વર્ષોથી તેની હાજરીની મને ખબર હતી, પણ તે હાથમાં લઇને જોવાની તક તો આ પહેલી જ વાર મળી છે. લેસ્ટ્રેડ, આ સાચવજો. તેમાંથી નીકળતી ચપટાએલી ગોળી પ્રત્યે પણ તમારું ધ્યાન દોરું છું.'

'હા, અમે તે ખયાલમાં રાખીશું. બીજું કંઈ કહેવાનું છે?'

'એટલું જ કે તમે એના પર કયો આરોપ મૂકશો?'

'કેમ સાહેબ, મિ. હોમ્સનું ખૂન કરવાના પ્રયત્નનો જ તો વળી.'

'એમ નહિ, લેસ્ટ્રેડ, હું તો આ આખા કિસ્સામાં આવવા માગતો જ નથી. તમે એકલા જ આ ધરપકડનો યશ લેજો. ને એને પકડવા માટે હું તમને ત્રણેને અભિનંદન આપું છું.'

'એને એટલે, કોને પકડવાનું કહો છો, સાહેબ?'

'એને,–જેને પકડવા આખું પોલીસખાતું ઉપરતળે થઈ રહ્યું છે તે, કર્નલ સેબાસ્ટન મૉરેનને. ગઇ તા. ૩૦મીએ નંબર ૪૨૭ પાર્ક લેઈનની સામેના મકાનના બીજા માળની બારીમાંથી આ ઍરગન દ્વારા ગોળી છોડી રોનાલ્ડ ઍડેરનું ખૂન કરવાનો આરોપ એના પર મૂકી શકશો!– અને હવે, વૉટસન, તમે ત્યાં, ઉપર આપણા અસલ રૂમમાં અરધોએક કલાક માટે આવી સિગાર પી જશો તો તમને પણ ઠીક રહેશે!'

પૂર્વપરિચિત બેકર સ્ટ્રીટના એ મકાનમાં જતાં બધું તેની જગ્યાએ જ યથાતથ પડયું હતું. પેલું તેજાબના ડાઘાવાળું ટેબલ, અભરાઇઓ પરની પેલી છાપાંની કાપલીઓની ફાઇલો અને સંદર્ભની ચોપડીઓ; એ જ નકશાઓ, એ જ પેલું વાયોલિનનું ખોખું, એ જ ચૂંગીની ઘોડી અને તેની તમાકુ રાખવાનું ઈરાની ખોબાયું,–બધું પહેલાંની જેમ જ

માયક્રૉફટે અને મિસિસ હડસને સાચવી રાખ્યું હતું. ખંડમાં માત્ર મિસિસ હડસન અને પેલું હોમ્સનું પૂતળું, બે જ જણ હતાં. એક નાના ફરતા ટેબલ પર તે ગોઠવ્યું હતું. ખભા પર હોમ્સનો ડ્રેસિંગ-ગાઉન એટલી તો સિફતથી લટકાવ્યો હતો કે બેઘડી છેતરાઈ જ જઇએ.

'તમે ખૂબ સાવચેતી રાખીને સરસ કામ કર્યું, મિસિસ હડસન. ગોળી ક્યાં પેઠી છે તે તો તમે જોયું છે ને?'

'હા જી, પણ તમારું આ સરસ પૂતળું ખરાબ થઈ ગયું. સીધી માથામાં થઇને ગોળી અહીં દીવાલને અથડાઈ હતી. આ રહી તે.' કહી મિસિસ હડસને ગાલીચા પરથી ઉપાડીને ગોળી હોમ્સના હાથમાં મૂકી.

હોમ્સે તે બતાવતાં મને કહ્યું, 'રિવૉલ્વરની જ નરમ ગોળી લાગે છે, ખરું? એમાં જ એની ખરી ખૂબી છે. કોઇને યે ક્યાંથી ખયાલ આવે કે આ ગોળી ઍરગનમાંથી છૂટી હશે. વારુ, મિસિસ હડસન, તમારી સહાય માટે ખરેખર આભારી છું. અને વૉટસન, તમે હવે તમારી પેલી અસલ ખુરશીમાં ફરી આવી જાઓ એટલે હું તમને બીજી વધારાની વિગતો જણાવું.'

તેમણે પોતાનો લાંબો કોટ કાઢી એક તરફ મૂક્યો ને એ જ પેલા મૂળ સ્વરૂપમાં હું તેમને જોઈ રહ્યો.

'પેલા ઉસ્તાદે આટલું થયું તોયે જરા યે મિજાજ ખોયો નહોતો કે ન'તો એની સહજે હરામખોરી કમી થઈ.' પોતાના પૂતળાનું વીંધાઈ ગએલું કપાળ જોઈ હસતાં હસતાં હોમ્સ બોલ્યા અને ઉમેર્યું, 'ગોળી માથાની બરાબર પાછળથી પેસી મગજ સોંસરી પાર ગઈ છે. હિન્દુસ્તાનમાં એ સારામાં સારો નિશાનબાજ ગણાતો. મને એમ કે લંડનમાં એથી પણ સારા નિશાનબાજ હશે. તમે તેનું નામ સાંભળ્યું હતું?'

'ના, ના; મારા ખયાલમાં તો નહોતું.'

'વારુ, કંઈ નહિ, આનું નામ જ નામના. પણ તમે તો પ્રો. મોરીઆર્ટીનું નામ પણ નહોતું સાંભળ્યું. આ સદીનાં ઉત્તમ ભેજાંમાંનો એ એક હતો. પેલી જીવનચરિત્રોની નોંધવાળી ફાઈલ જરા આપો તો.'

અને પછી ખુરશીમાં પીઠ બરાબર ટેકવી તથા મોંમાંથી સિગારના ધુમાડાના ગોટ કાઢતાં તેમણે નિરાતે તેનાં પાનાં ઉથલાવવા માંડયાં.

'એમ' અક્ષરથી શરૂ થતા નામોનો મારો સંગ્રહ પણ ઠીક છે. જો કે મોરીઆર્ટી સ્વયં તો કોઈ પણ નામને જાણીતું કરવા માટે પૂરતો હતો. અને આ... મૉર્ગન, પેલો ઝેર આપનારો; આ મેરીડયૂ, આ મૅથ્યુઝ... એણે ચૅરિંગક્રૉસ સ્ટેશનમાં મારો એક દાંત તોડી નાખ્યો હતો અને આ... આપણા આજના મિત્ર.'

ચોપડી એમણે મારા હાથમાં મૂકી ને હું વાંચવા લાગ્યો. 'મૉરેન, સેબાસ્ટીન કર્નલ. જન્મ લંડનમાં. ૧૮૪૦. સર ઑગસ્ટસ મૉરેનનો પુત્ર. સી. બી.-પર્શિયા માટેનો બ્રિટિશ મિનિસ્ટર, ઇટન અને ઑક્સફર્ડમાં અભ્યાસ. જૉવકી કૅમ્પેઈન, અફઘાન કૅમ્પેઈન, શેરપુર અને કાબુલમાં નોકરી. 'હેવી ગેઈમ્સ ઑવ વેસ્ટર્ન હિમાલયઝ,' (૧૮૮૧) અને 'થ્રી મન્થ્સ ઈન ધી જંગલ' (૧૮૮૪)નો લેખક. હાલ બેકાર. સરનામું કૅન્ડયૂટ સ્ટ્રીટ. ક્લબ્સ: ધી ઍંગ્લો ઇંડિયન, ધી ટૅંકરવિલ, ધી બૅગટેલ કાર્ડક્લબ.' ને માર્જિનમાં હોમ્સે એક વધુ વાક્ય ઉમેર્યું હતું, 'લંડનનો બીજા નંબરનો સૌથી ભયંકર બદમાશ.'

'અજબ છે,' ચોપડી પાછી આપતાં હું બોલ્યો, 'આમ તો તેની કારકિર્દી એક માનભર્યા સૉલ્જર જેવી છે.'

'ખરું જ છે. અમુક વખત સુધી તેણે ખરેખર સારી કામગીરી બજાવી છે. તેનું માનસ હમેશાં દૃઢ જ રહ્યું છે અને હિંદુસ્તાનમાં તો તેણે એક માણસમાર વાઘને પકડી ધીરેધીરે તેનું લોહી વહેવડાવી રિબાવીરિબાવીને માર્યાની વાતો હજી યે લોકો યાદ કરે છે. પણ કેટલાંક વૃક્ષો એવાં હોય છે, વૉટસન, કે અમુક ઊંચાઈ સુધી તેનો વિકાસ સારો રહે પણ પછી એકાએક તેઓ વિલક્ષણરીતે બેડોળ બની જાય છે. માણસમાં પણ આવું જોવા મળે છે. મેં તો એક સિદ્ધાંત તારવ્યો છે કે કોઈ પણ વ્યક્તિ પોતાના વિકાસમાં પોતાના પૂર્વજોની કંઈ ને કંઈ છાપ લાવે જ છે. અને સારો કે નરસો આવો એકાએક આવેલો પલટો તેના વંશમાંથી જ કોઈ ને કોઈ અસર તળે થાય છે ને પરિણામે તે વ્યક્તિ પણ કુટુંબના ઇતિહાસનો જ એક સંક્ષેપ બની રહે છે.'

'એ નવાઇ પણ જાણવા જેવી ખરી.'

'એ જ રીતે કર્નલ મૉરેન પણ કોઈ દેખીતા લક્ષણ વિના બગડવા માંડયો ને હિંદુસ્તાનમાં તો હવે કોઈ તેને ઊભવા યે ન દે તેવી તેણે ત્યાં છાપ પાડી છે. ત્યાંથી નિવૃત્ત થઈ એ લંડન આવ્યો અને અહીં પણ તે નામચીન થઇ ગયો. આ જ વખતે પ્રો. મોરીઆર્ટીની નજર તેના પર પડી અને તેણે તેને ઝડપી લીધો. ઘણા વખત સુધી તે ટોળકીનો એક મુખ્ય માણસ બની રહ્યો. મોરીઆર્ટી તેને છૂટથી પૈસા આપતો અને કોઈ સામાન્ય માણસનું જેમાં કામ નહિ એવા ખાસ કેસમાં જ તે તેનો ઉપયોગ કરતો. ૧૮૮૭માં મિસિસ સ્ટુઅર્ટ ઑવ લાઉડેરના મોતનો કિસ્સો તમને યાદ હશે. તેમાં યે આ મૉરેનની જ કામગીરી હતી અને મોરીઆર્ટીની આખી ગૅંગ તેમાં ભાંગી પડી. છતાં યે તેનો વાળ વાંકો નહોતો થઈ શક્યો એટલી ચાલાકીથી તે આખી રમત રમેલો. તમને યાદ હશે કે તે દિવસે તમને હું મળવા આવ્યો ત્યારે મેં પેલી બારી ખાસ બંધ કરી દીધેલી. ત્યારે તો તમે તેનો કંઇ જુદો જ અર્થ ઘટાવ્યો હશે; પણ મને ખબર હતી કે હું શું કરતો હતો. કેમકે મને ત્યારે તેની આ અજબ ઍરગનની અસ્તિત્વની જાણ હતી. અને તેમાં યે પાછા એક જાણીતા નિશાનબાજનો તેમાં હાથ હતો. સ્વિટ્ઝર્લૅન્ડમાં પણ એણે જ આપણો પીછો પકડેલો. અને રીશેનબૅક ધોધ પર મારા પર એણે જ પથ્થરો ફેંકેલા.

'ફ્રાન્સમાં હું છાપાંઓ ધ્યાનથી જોતો રહેતો કે જેથી મને તેને ફસાવવાની તક મળવાની જાણ થાય. જ્યાં સુધી લંડનમાં એ છૂટો હતો ત્યાં સુધી અહીં મારી જિંદગી તો જરા યે સલામત નહોતી જ. ગમે ત્યારે તેને તક મળી જ જાત. અને એ વખતે હું શું કરી શકવાનો? હું કંઇ એનું ખૂન તો ન જ કરી શકત; પરંતુ એ મારો નિકાલ તો કરી જ નાખત. અહીં મૅજિસ્ટ્રેટ પાસે રક્ષણ માગવાનો પણ કંઈ અર્થ નહોતો. અને મારી 'ધારણા' માત્ર કાંઈ મૅજિસ્ટ્રેટને ગળે પણ ન જ ઊતરત. એટલે હું અહીં કંઈ ન કરી શકત, પણ દૂર રહી હું રોજના સમાચાર જોતો રહેતો હતો. મને ખાતરી હતી કે વહેલોમોડો પણ હું તેને ફસાવી શકીશ જ. ત્યાં આ રોનાલ્ડ ઍડેરના ખૂનની ખબર આવી. ને મને તક મળી ગઈ. કર્નલ મૉરેનનું જ આ કામ એ તો હું સહેજે સમજી ગએલો. ઍડેર સાથે તે પાનાં રમેલો. ક્લબથી ઘર સુધી એ એની પાછળ પડેલો, ને ઉઘાડી બારીમાંથી તેણે ગોળી છોડી. એના જ આ કામ વિષે મારે મન કંઈ શંકા નહોતી. અરે તેની નરમ ચેપાએલી ગોળી જ તેને ખૂની સાબિત કરવા પૂરતી હતી.

'એ ખૂન પછી તુરતાતુરત હું અહીં આવ્યો. એના ચોકીદારે મને જોઈ લીધો, ને મને ખાતરી છે કે એણે કર્નલનું આ બાબત ધ્યાન ખેંચ્યું હશે. કર્નલ પણ બરાબર આ કેસ વખતે જ મારા પાછા ફરવાનો અર્થ સમજી ગયો હશે અને એથી ઊલટો વધુ સાવચેત બની ગયો હશે. મને પાકી ખાતરી હતી કે હવે વહેલામાં વહેલી તકે તે મારો નિકાલ કરવા પ્રવૃત્ત થશે. અને એ કામને માટે એ તેનું અજોડ હથિયાર જ વાપરશે. એટલે જ મેં તેને માટે બારીમાં આ પૂતળું મુકાવ્યું અને કદાચ જરૂર પડે એમ સમજી પોલીસને પણ તૈયાર રાખેલા. બધો

જ બનાવ બરાબર જાતે નિહાળવા માટે મેં પેલી અવાવરુ જગ્યા પસંદ કરી ત્યારે મને ખયાલ પણ નહોતો કે તે પણ એ જ સ્થળનો ઉપયોગ કરશે. બોલો વૉટસન, હવે મારે કંઇ ખુલાસો કરવાનો રહે છે?'

'હા જ તો. કર્નલે રોનાલ્ડનું ખૂન શા માટે કર્યું એ ન સમજાયું.'

'ઓહ! એ તો આપણે 'સંજોગોના રાજ્ય'માં આવી જઇએ છીએ, જ્યાં તર્કબદ્ધ દલીલો પણ ગોથું ખાઈ જાય. દરેક જણ આ મુદ્દા પર પોતાનો આગવો સિદ્ધાંત તારવી શકે. તમારો અભિપ્રાય પણ મારા અભિપ્રાય જેટલો જ ખરો હોઈ શકે.'

'ત્યારે તમે તમારો અભિપ્રાય તો બાંધી જ લીધો લાગે છે, ખરું?'

'મને લાગે છે કે ખરી હકીકત અંદાજવી બહુ મુશ્કેલ નથી. કર્નલ મૉરેન અને ઍડેર બંને જણ ભાગીદારીમાં સારી રકમ જીત્યા હતા એ તો આપણે જાણીએ છીએ. હવે રમતમાં મૉરેને ચોક્કસ કંઈ હાથચાલાકી કરી હશે. હું ધારું છું કે ખૂનને દિવસે ઍડેરને તેની છેતરપિંડી વિષે જાણ થઈ ગઈ હશે. સ્વાભાવિક છે કે તેણે ખાનગીમાં મૉરેનને કંઇ કહ્યું પણ હોય. સંભવ છે કે તેણે તેને ઉઘાડો પાડી દેવાની ધમકી આપી ક્લબમાંથી રાજીખુશીથી નીકળી જવા તથા ભવિષ્યમાં ફરી પાનાં નહિ રમવા જણાવ્યું હશે. સંભવ છે કે ઍડેર જેવા યુવાને ઉશ્કેરાઈ જઇ પોતા કરતાં ઘણી મોટી ઉમરના અને જાણીતા માણસને કંઇ કલંક લગાડયું હશે. આ તો મારી ધારણા છે. ગમે તે રીતે પણ ક્લબમાં-થી છૂટા થવાનું આવે તો તો એ ખલાસ જ થઈ જાય. ક્લબમાં છેતર-પિંડી કરી પૈસા કમાવા એ જ તો તેની આજીવિકાનું એકમાત્ર સાધન હતું. એટલે એણે ઍડેરને દૂર કરવા તેનું ખૂન કર્યું હશે. ઍડેર કદાચ એ વખતે પોતાની પાસે ગેરવાજબી રીતે આવેલા પૈસા યોગ્ય માણસો-ને પરત કરવા માટે ગણતરી કરવા બેઠો હોય અને ઘરમાં તેની બહેન કે તેની મા તેને આમ પૈસા ગણતો જોઈ કંઈ ડખલ કે પ્રશ્નો ન કરે તેટલા સારુ તેણે ઓરડાનો દરવાજો અંદરથી વાસી દીધો હોય એમ બની શકે. કેમ, મારો અંદાજ બરાબર લાગે છે ને?'

'બરાબર સત્ય જ પકડયું છે તમે. મને તો તમારી ધારણામાં હવે કંઈ શંકા લાગતી નથી.'

'એ તો હવે કેસ ચાલશે ત્યારે બધું સત્ય બહાર આવશે. દર-મિયાન કર્નલ મૉરેનનો તો આપણને હવે ભય રહ્યો નથી; તેમજ વૉન હૅન્ડેલની પેલી ઍરગન પણ પોલીસ ખાતાના સંગ્રહસ્થાનમાં મુકાઈ જશે; એટલે લંડનના ગૂંચવાડાભર્યા જીવનમાંથી ઊભા થતા કોયડાઓ ઉકેલવા આ શેરલૉક હોમ્સ હવે ફરી મુક્ત છે.'

ખ્યાતનામ ઉર્દૂ કવિ અકબર ઈલાહાબાદી પાસે એક વાર એક ઊગતો કવિ પોતાની કવિતા લઇને ગયો. કવિ અકબરે તેની કવિતા પોતાના હાથમાં જ રાખી, અને પૂછવા માંડયું:

'તમે કદી કોઈને પ્રેમ કર્યો છે?

કવિએ નકારમાં માથું ધુણાવ્યું.

તો તમારા કોઇ ગરીબ મિત્ર માટે તમારા દિલમાં કયારે ય દાઝયું છે ખરું?'

'ના;હું ગર્ભશ્રીમંત આદમી છું ને મારે કોઈ ગરીબ મિત્ર છે જ નહિ.'

'કંઈ નહિ તો બીજાનાં દુ:ખ દેખી તમે કયારેક બેચેન તો થઈ ઊઠતા હશો.'

'ના સાહેબ, એટલી હદ સુધીના પોચા લાગણીવેડા મારામાં નથી.'

'તો લો આ તમારી કવિતા પાછી.' કવિ ઇલાહાબાદીએ કવિતા વાંચ્યા વિના જ એના હાથમાં મૂકતાં શીખ દીધી: 'પહેલાં કવિતા જીવતાં શીખો ને પછી જ કવિતા લખાશે.'

અનુસંધ ન] **સ્વ. શિશિરકુમાર ભાદુડી** [પૃ. ૩૫૪થી
તમારે જોઇએ છે?' 'સીતા' શિશિરદાની કીર્તિદા નાટક છે.

એમની જોડે બેઠેલા મિત્રને એમણે કહ્યું, 'છે તો જબરો!' પછી કહે: 'વારુ! તું અંગ્રેજી લઈ એમ.એ.ના વર્ષમાં છે, નહિ?' 'હા જી!'

'તો એકાદ અંગ્રેજી કાવ્યનો પાઠ કરવા તને કહું તો તે વધારે-પડતું નહિ ગણાય! ત્યાંથી એકાદ પુસ્તક લે!' કહી એમની પછીતની અભરાઈ તરફ આંગળી ચીંધી કહે: 'ધ્યાન રાખજે! મારે તારું 'રેસિ-ટેશન' (પઠન) સાંભળવું છે.' અને એમ કહી એવી અદાથી બેઠા કે મારા તો મોતિયા જ મરી ગયા!

'મારે કોઈ પુસ્તકની જરૂર નથી. તમે જ્યારે આટલા વિશાળ સાહિત્યાર્ણવમાંથી કવિ અને કૃતિઓ વિષે મને બોલવા કહ્યું છે ત્યારે એમાંથી કોની કૃતિનો પાઠ કરું એ કૃપા કરી જણાવો. એની પસંદગી તમે જ કરો! ચૉસરથી માંડી આઈઝૅક રોઝેનબર્ગ લગીના અંગ્રેજ કવિઓમાંથી કોઈ પણ એક પર પસંદગી ઢોળો!' આ રીતે મારા નમ્રતાપૂર્વક બોલાએલા આ ગર્વિષ્ઠ શબ્દોની કશી જ અસર ન થઈ. એ મહાનુભાવે પૂર્વવત્ કડકાઈપૂર્વક જોઈ જરા હળવા સ્વરે કહ્યું: 'આ-પણા કવિઓની કૃતિઓનો તને પરિચય હશે જ ને? રવીન્દ્રનાથની કોઈ કવિતાનો પાઠ કરી શકીશ?' મેં સંમતિસૂચક ડોકું ધુણાવ્યું.

'ચાલ! તો બોલવા માંડ!'

મેં એક કાવ્ય-પાઠ સંભળાવ્યો.

'ઠીક! ત્યારે તું આપણા કવિઓને ઓળખે છે ખરો! અને તને કાવ્ય પ્રત્યે પ્રીતિ પણ છે. પણ જો સાંભળ! પ્રાધ્યાપકની ખુરશી છોડી રંગભૂમિની આ માયાવી સૃષ્ટિમાં પ્રવેશતાં પૂર્વે મેં નવ નવ મહિના લગી તીવ્ર મનોમંથન અનુભવેલું. પણ તને કદાચ વાસ્તવજગત સામે ઝઝૂમવાનું સામર્થ્ય ન પણ સાંપડે! એ બધા માટે તું તૈયાર છે?'

અને સંજોગોએ અંતે પુરવાર કરી બતાવ્યું કે એમણે ઉચ્ચારેલા શબ્દો મારા પૂરતા સત્ય ઠર્યા."

તો આ હતા શિશિરકુમાર ભાદુડી: જેમને આપણે બંગાળી નાટ્ય-જગતના અભિનયસમ્રાટ અને બહુધા નાટ્યાચાર્ય તરીકે ઓળખીએ છીએ. એક વાર ગુરુદેવ ટાગોરે એમને લખેલું: 'શિશિર! તારી સાથે હું ભૂમિકા ભજવું એવું તું ઇચ્છે છે એથી હું મારી જાતને ધન્ય ગણું છું. આવું સૌભાગ્ય તો જવલ્લે જ પ્રાપ્ત થાય!' ન્યૂ યૉર્કની જગત્-ખ્યાત લોભામણી રૂપસૃષ્ટિ બ્રૉડવેમાં ઘૂમતા ઉન્નતભ્રૂ બડેખાંઓને હજી ય એ તેજસ્વી નેત્રોવાળા વિશાળબાહુ બંગાળી કલાવંત અને એની મંડળીની યાદ હશે જ! નાટ્યાચાર્યે ઈ. ૧૯૩૦માં ન્યૂ યૉર્ક જઈને નાટ્ય-પ્રયોગ રજૂ કરી 'સેન્સેશન' જગાવેલું.

ચાલો, હવે ૧૯૪૨ની સાલની વાત પડતી મૂકી આપણે ૧૯૫૯ના જૂન મહિનાની વાત કરીએ. "તે દા'ડે આકાશ વાદળ-છાયું હતું. એના ધૂસર તેજમાં જ્યારે મેં એમના ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે શિશિરદા ખૂબ નિસ્તેજ જણાતા હતા. 'તમને ઠીક નથી?' મેં ચિંતાતુર સ્વરે પૂછ્યું.

'પ્રત્યેક મિનિટે હું શક્તિ ગુમાવી રહ્યો છું! વારુ, હવે તું પેલું ઐતિ-હાસિક નાટક લખવાની વાત કરતો હતો તેનું શું થયું? તેં પૂરું કર્યું? ચાલ! વાંચ જો એ! મારા અશક્ત પ્રાણ માટે એ 'ટૉનિક'ની ગરજ સારશે.'

મેં 'સ્ક્રિપ્ટ' વાંચી. એ વિષે એ વિચાર કરતા જણાયા. કંઈ બોલ્યા નહિ. જ્યારે બરાકપુર ટ્રન્ક રોડ પરથી પસાર થતી એક ટૅક્સીનું હૉર્ન તારસ્વરે ગાજ્યું ત્યારે એમની વિચાર-સમાધિ તૂટી.

'તું કોઈ પણ જીનીઅસથી ઓછો ઊતરે એમ નથી.' એમણે મુક્ત હાસ્ય સાથે કહ્યું. 'તેં પહેલા મેળાપ વખતે કરેલી વાત સાચી નીવડી.'

'તો તો મારે એ પ્રતિષ્ઠાને ટકાવી રાખે એવું જ કરવું રહ્યું ને?

શિશિરકુમાર ભાદુડી
એક નાટ્યાભિનયમાં
(બ્લૉક 'નવચેતન'ના સૌજન્યથી)



અરધી સદી લગી જેમણે રંગમંચને સેવ્યો છે તેવા પુરોગામીના આશીર્વાદ પણ મને મળ્યા છે તો!'

'મારા બદલ ગર્વ ન કરીશ! સમસ્ત દેશ તારા થકી ગૌરવ અનુ-ભવે એ માટે પ્રયત્નશીલ રહેજે!'

'મને તમારી આશિષ આપો.'

અત્યંત થાકી ગયા હોય એ રીતે એમણે મૃદુ સ્વરે કહ્યું: 'હું સદાય તારી ભેગો જ છું ને!'

'પણ શિશિરદા! આજે સાચે તમારી તબિયત સારી જણાતી નથી.'

'કપાળ તારું! અરે! મને કંઈ થયું નથી!' એ ચિડાયા. 'તું તો સાવ ઘેલો છે, ભાઈ! હવે તો પંદર દિ' ય નથી રહ્યા ને તારે તારા નાટકનાં 'રીહર્સલો' કરવાનાં છે. એ વિના એ દોષમુક્ત કેમ નીવડશે? અરે, તેં 'સ્ટેજ' બુક કરાવી લીધું છે. પ્રોગ્રામની જાહેરાતે ય કરી છે ને હજી પાત્ર-વરણી તો કરી નથી?' એમણે ઉત્તેજનાભર્યા સ્વરે મારી ધૂળ કાઢી!

'બધું ય થશે! માત્ર તમારી શુભાશિષ જોઈએ!'

'તું સારો અભિનય કરજે! મને આનંદ થશે. જા! હવે પૂર્વતૈયારીઓ કર. હં! એક મિનિટ થોભ. બસ, હું આ જ કહેવા માગતો હતો કે— તારી પાસે દૈત્ય જેટલો ઝપાટો ને નવી સૂઝ છે!'

પછી તો ચર્ચા જામી. ને અમે છૂટા પડ્યા: 'એકાગ્ર થજે. નાટક પૂરું થાય એ પહેલાં આવતો નહિ. જા! હવે બીજી વાર આવે ત્યારે તેં સરસ કામ કરેલું, તેવા સમાચાર લાવજે!'

કાર્યક્રમ પતી ગયો છે. ઉત્તર કલકત્તાના એક ખૂણે સવારે એમને ત્યાં જવા બસની રાહ જોતો ઊભો છું. અમારા એ અગ્રચારીને કહેવા કે 'અમે સરસ કામ કર્યું હતું!'

'શોકજનક સમાચાર! ન્યૂઝ! ન્યૂઝ!' ચારે ખૂણેથી છાપાં વેચનાર ફેરિયાઓ દોડે છે. 'નાટ્યાચાર્ય મૃત્યુ પામ્યા છે! શિશિર ભાદુડીનું અવસાન થયું છે—'

'—અવસાન થયું છે?' હું બોલી પડ્યો.

ઝડપથી મારી બાજુમાંથી પસાર થતી ગાડીમાં સુંદર વસ્ત્ર પરિધાન કરેલી ભદ્રયુવતીએ બારીમાંથી ડોકું કાઢી માની ન શકતી હોય એમ મને પૂછ્યું: 'શું કહો છો? શિશિરદા—'

'જુઠ્ઠાઓ! એ મરે જ નહિ.' એક છાપાં વેચનાર નાનો છોકરો ઉત્તાપથી બોલતો હતો. એના ગાલ આંસુથી ખરડાએલા હતા.

'તું સાચો છે! બંગાળ એમને કદી ય મરવા દે નહિ!' મારો અવાજ આંસુ-ભારે ગૂંગળાવા લાગ્યો......"

× × ×

સ્કૉટિશ કૉલેજમાં શિશિરદા બી.એ.ના વર્ષમાં હતા ત્યારે નરેશચંદ્ર સેન સમેત એમના અનેક સહપાઠીઓએ મળીને શેક્સપીઅરનું 'મર્ચન્ટ ઓવ વેનિસ' ભજવેલું. નરેશ મિત્રે શાયલૉકની ભૂમિકા ભજવેલી અને શિશિરદા બનેલા ઍન્ટોનિયો. હવે બન્યું એવું કે શિશિરદાની ઍન્ટોનિયોની ભૂમિકા એમણે એટલી તો સફળતાપૂર્વક ભજવી કે પ્રેક્ષકો ઉપરાંત અનેક યુરોપિયન પ્રાધ્યાપકો પર પણ આ પ્રયોગની અજબ સુંદર છાપ પડી. પેલા પ્રાધ્યાપકોએ તો કબૂલ્યું સુદ્ધાં કે કોઈ પણ અંગ્રેજ યુવક કરતાં યે શિશિરદાએ સાચે જ એ પાત્રને વિશેષ ન્યાય આપ્યો હતો. અભ્યાસકાળ દરમિયાન જ શિશિરદાની સાહિત્યિક અને કલાવિષયક અભિમુખતા ઢાંકી રહેતી નહિ.

કૉલેજ સ્ક્વેરની જૂની સંસ્કૃત કૉલેજમાં 'કલકત્તા યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ ઇન્સ્ટિટયૂટ'ની બધી પ્રવૃત્તિઓ ચાલે. કલકત્તા યુનિવર્સિટીના પ્રતિભાસંપન્ન વિદ્વાન વાઈસ ચૅન્સેલર સર આશુતોષ મુખરજીને શિશિરબાબુ મળ્યા. ને બંગાળી સરકારને ય એ સંસ્થાના વિકાસ માટે મદદ કરવા રાજી કરી થોડા જ વખતમાં એ સંસ્થાના શિશિરકુમાર એક મહત્ત્વના ઘડવૈયા બની ચૂકયા. ત્યાર પછી તો અનેક બંગાળી તેમજ અંગ્રેજી નાટકો એક પછી એક રજૂ થવા લાગ્યાં. એ સૌમાં પોતે અચૂક ભાગ લેતા. એટલું જ નહિ પણ ઇન્ટર કૉલેજિયેટ રેસિટેશન (આંતર મહાવિદ્યાલય કાવ્ય-પઠન)ની પ્રથા એમણે શરૂ કરી. કહેવાની જરૂર નથી કે એ પ્રસંગે શિશિરદાની પ્રતિભા અદ્‌ભુત રીતે ખીલી ઊઠતી.

વિદ્યાવ્યાસંગી શિશિરકુમાર એમ.એ.ના વર્ષમાં હતા ત્યારે આજની ભારતની રાજ્યસભાના પ્રમુખ અને શિશિરદાના નિકટના મિત્ર ડૉ. સુનીતિકુમાર ચૅટર્જી એમની જોડે ભણતા હતા. એ કહેતા: 'આંગ્લ, સંસ્કૃત અને બંગલા ભાષાઓના સાહિત્યનું શિશિરનું જ્ઞાન અસાધારણ હતું. એમ.એ.ની પરીક્ષા પૂર્વે તો તેઓના હાથમાં ભાગ્યે જ પાઠયપુસ્તક જોવા મળતું. એક વિદ્યાર્થી-મિત્ર વાંચતા અને એ માત્ર સાંભળતા. આવી તૈયારીથી એમણે ઝળકતી ફતેહ સહ પરીક્ષા પાસ કરેલી!'

અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે વિદ્યાસાગર કૉલેજમાં શિશિરદા સૌના માનીતા થઈ પડયા હતા. અને એમણે નાટય-જગતમાં ઊંડો રસ લેવા માંડયો હતો. એ દિવસોમાં ઈડન ગાર્ડન્સમાં એક મોટું પ્રદર્શન યોજાએલું. એમના નિકટના મિત્રો સહ શ્રીમતી પ્રભાની સહાય વડે એમણે શ્રી દ્વિજેન્દ્રબાબુ રાય રચિત 'સીતા' નાટક ભજવ્યું. એમાં નાયકની ભૂમિકા એમણે એટલી તો કુશળતાપૂર્વક ભજવી કે એના અનેક પ્રયોગોની માંગ થવા લાગી. અને પ્રત્યેક વેળા ખીચ્ચોખીચ્ચ મેદની સમક્ષ એ નાટકે કેટલી ય 'નાઈટ' ઊજવી. લોકોને ય જાણે ઘેલું જ લાગ્યું!

પ્રાધ્યાપક તરીકેની કારકિર્દી છોડી વ્યવસાયી કલાકાર તરીકે શિશિરબાબુએ જ્યારે ૧૯૨૨માં બંગલા રંગભૂમિ પર પ્રવેશ કર્યો ત્યારે સૌપ્રથમ તો શ્રી જે. એફ. માદને એમની લોકપ્રિયતાને લક્ષમાં લઈ મહિને રૂ ૧૦૦૦ના દરમાયાથી પોતાની મંડળી માટે રોકી લેવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. પણ એ સાથેની કેટલીક શરતો એમને મંજૂર નહોતી, એટલે એમણે એ સ્વીકારી નહિ. કારણ કે નાટકના દિગ્દર્શન માટે જે વ્યક્તિ રોકવામાં આવેલી તેની જોડે એમને મતભેદ પડયો. આમે ય શિશિરબાબુની નાટય દિગ્દર્શનની સૂઝ ઊંડી હતી, એટલે એમનું દષ્ટિબિંદુ સમજે એવા સમર્થ દિગ્દર્શકના અભાવે શ્રી માદનની આવી લોભામણી માગણી યે પોતાના ટેકીલા સ્વભાવને વશ થઈ એમણે નકારી.

આલ્ફ્રેડ થિયેટરમાં હોલિકા-ઉત્સવ નિમિત્તે 'વસન્તલીલા' નાટક અત્યંત સફળતાપૂર્વક ભજવાયું હતું ત્યારે શિશિરબાબુએ પોતાની સ્વતંત્ર નાટયસંસ્થા સ્થાપવાનો વિચાર કર્યો. બનવાજોગ તે એ અરસામાં જ શિશિરદા કાનાક્રિસ્ટો અને અર્ધેન્દુ શેખર મુસ્તફી જેવા રંગભૂમિના ખ્યાતનામ અગ્રણીઓના સંપર્કમાં આવ્યા. એ સૌની સહાયથી એમણે શ્યામબજારના એકાદ થિયેટરમાં 'સીતા' ભજવવાની તૈયારી કરી. 'વસન્તલીલા'નું દિગ્દર્શન પણ શિશિરદાએ કરેલું, એટલે એની સફળતાથી સ્ટાર થિયેટરના માલિકો ભડકયા. 'સીતા' ભજવાય તો તો એને અભૂતપૂર્વ સફળતા મળશે એ ભયે એ સૌએ દોડાદોડ કરીને નાટક ભજવવા સામે કલકત્તા હાઇ કોર્ટનું 'ઈન્જન્ક્શન' મેળવ્યું કે એ નાટકનો 'કૉપીરાઈટ' માત્ર એમનો જ હતો.

આથી શિશિરદા અત્યંત દુ:ખી થયા અને કાયદાની આવી જોહુકમી સામે નમતું ન જોખવાનો દઢ નિરધાર કર્યો. 'સીતા' એમણે નવેસરથી જ લખવાનો વિચાર કર્યો અને સ્વ. જોગેશ ચૌધરી જોડે એ કાર્ય આરંભ્યું. વાસ્તવમાં તો એ બહુધા શિશિરદાએ જ લખેલું. એ લખાઈ તો રહ્યું. પણ ભજવવા સારુ જરૂરી નાણાંનું શું? અનેક ભગીરથ પ્રયત્નોને અંતે વિદ્યાસાગર કૉલેજના આચાર્ય સ્વ. જે. કે. ચૌધરી અને પોતાના સહપ્રાધ્યાપકો તેમજ ભૂતપૂર્વ પ્રાધ્યાપકોની મદદ મેળવી એમણે એ ભીડ ભાંગી અને ૧૯૨૨માં મનમોહન થિયેટરમાં આ નવું નાટક ભજવ્યું—અને પહેલી જ 'નાઇટે'એ ખેલ એટલો તો સફળ નીવડયો કે એકધારી એની ૨૦૨ બસ્સો ને બે 'નાઈટસ' ઊજવાઈ!

ટૂંક જ સમયમાં બંગાળના ખૂણેખૂણે એમની કીર્તિ પ્રસરી ગઈ. રંગભૂમિના નવોત્થાન અને નવયુગના શ્રીગણેશ મંડાયા. ત્યારથી ચારચાર દાયકા લગી બંગાળનાં એ સાંસ્કારિક વહેણોને વેગવંત રાખનાર પ્રવૃત્તિઓ આકાર લેવા લાગી. કલા-સંસ્કારક્ષેત્રે સર્જનના જુવાળનો એ જ્વલંત સમય. જે નવ-યુગની ભેરી એમણે વગાડી એમાં બંગાળી સમાજે સંસ્કારોના સૂર ભેળવી પ્રગતિના આંક વટાવવા માંડયા.

કીર્તિએ સામે ચાલીને એમને વરમાળ આરોપી. સિદ્ધિનાં શિખરે એમણે સર કર્યાં અને અભિનયનાં ઉચ્ચ ધોરણો સ્થાપી એમણે નાટયક્ષેત્રે માગ મુકાવ્યો. એક પછી એક નાટકોની પરંપરામાં એમની અભિનયશક્તિ વિકાસોન્મુખ બનતી રહી. 'રઘુવીર' 'સીતા' 'ષોડશી' 'શેષરક્ષા' 'દિગ્વિજયી' 'શંખધ્વનિ' 'પલ્લીસમાજ' 'તપતી' 'શાહજહાં' 'ચંદ્રગુપ્ત' અને 'પ્રફુલ્લા' નાટકોની એમની ભૂમિકાએ ઇતિહાસ સર્જ્યો. શરદ્‌બાબુના 'ષોડશી' નાટય-પ્રસંગે તો એ બંગ-નવલ-સમ્રાટ ખુદ હાજર રહેલા અને શિશિરકુમારની ભૂમિકાથી અત્યંત પ્રભાવિત થઈ કહેલું કે પોતે નવલકથામાં નિરૂપેલા પાત્ર કરતાં યે શિશિરબાબુએ એ પાત્રને એમની અભિનયશક્તિથી વધુ મહાન બનાવ્યું હતું!

ચલચિત્રની રમણીય સૃષ્ટિમાં એમનો પહેલો પ્રવેશ પણ ૧૯૨૨માં (મૂંગી ફિલ્મ) 'મોહિની'થી થએલો. માદન થિએટર્સની એ કૃતિ ઊતર્યા બાદ તે કાળે નવી શરૂ થએલી તાજમહાલ ફિલ્મ્સને આશ્રયે બે (મૂગાં) ચિત્રોનું દિગ્દર્શન કર્યું: 'આંધારે આલો' અને 'વિચારક'. એમનું પ્રથમ બોલપટ તે ન્યૂ થિયેટર્સનું 'સીતા' જ. એમાં શ્રીમતી પ્રભાએ પણ ભાગ લીધેલો. દિગ્દર્શન શિશિરદાનું. 'પલ્લીસમાજ' 'પોષ્યપુત્ર' 'ટૉક્ ઑવ ટૉકીઝ' અને 'ચાણક્ય' એ એમની ચિત્ર-નિર્માણ કૃતિઓ. બંગાળી ચલ-ચિત્રોમાં એમનું પ્રદાન ધ્યાનપાત્ર છે. અલબત્ત, નાટયક્ષેત્રે કરેલા એમનાં પ્રદાનો જેટલું બહુરંગી અને વિલક્ષણ એ ન ગણાવી શકાય.

પ્રાધ્યાપક ધીરેન્દ્રનાથ ઘોષ શિશિરદાનાં સંસ્મરણો આલેખતા કહે છે: "એમનું નિધન થયું છે એ મારાથી માની શકાતું નથી. અરે ગઇ કાલ સુધી તો એ રંગમંચ પર ધૂમી વળતા હતા! એમના વ્યક્તિત્વની બાદશાહી ભવ્યતા લેશમાત્ર ઘટી નહોતી. એમની વાણીના

અદ્‌ભુત સ્વરભાર અને વૈભવ યથાતથ હતા. હજી ય યાદ છે મને એ ચાળીસવર્ષ પૂર્વેના દિવસો! કેવો એમનો અવાજ હતો! ભાગ્યે જ સાંભળી શકીએ તેવી મર્મરથી માંડીને શૌર્ય પ્રગટાવે તેવો બુલંદ રણશિંગાનો ધ્વનિ એ કાઢી શકતા અને કેવા અદ્‌ભુત હતા એમના હાવભાવ અને અભિનય! મોં પર પડતી રેખાઓ, આંગળીનું સહેજ ધ્રૂજવું, અથવા ઓચિંત્ એવો ભાવસમૃદ્ધ ઠસ્સો કે અણધારી ચાલ! તે ય રંગમચ પર સહજ રીતે જ ફરતાં ફરતાં. હૃદય નિચોવી નાખે તેવો કારુણ્યના તીવ્ર દુઃખનો ચહેરા પરનો ભાવ કે હૈયું ફુલ્લ પ્રફુલ્લ કરી મૂકે તેવા આનંદની દીપ્તિમંત ઝલક! આ સઘળુ નજર સમક્ષ પ્રત્યક્ષ થાય છે અને એક વાર જે હતું તે આજે નથી એ દારુણ દુઃખભાને સ્મૃતિ આંસુ સારી રહી છે. ઊગતી પેઢી કે ભવિષ્યની પ્રજા માટે તો એ દંતકથાનું પાત્ર જ બની રહેવાના! હવે તો એમનાં સંભારણાં જ રહ્યાં. એમની સંવત્સરીઓ ઊજવાશે અને કદાચ એમના વિષે જ રંગમંચ પર નાટકો ભજવાશે, એજ રંગમચ કે જેને એ નિરતિશયપણે ચાહતા હતા!"

સર્જક કલાકારોની હરોળના શિશિરદા એક અનન્ય કલાધર હતા. શૂન્યમાંથી સર્જનના ફુવારા ઉડાડે તેવી વિરલ એમની પ્રતિભા હતી. એમ જરા ય ન માનશો કે 'રામ', 'આલમગીર' અને 'કવિ મધુસૂદન'નાં મહાન પાત્રોમાં જ એમની કળા પૂર્ણપણે ખીલી ઊઠતી. વિસ્મૃત નજીવાં પાત્રોમાં પણ એ પ્રાણ રેડી શકતા. સુખપર્યવસાયી-કરુણાંત, બંને કોટિનાં નાટકોમાં તેઓ સરખા સફલ રહેતા. અભિનયકાર અને પાત્રનું એમના જેવું તાદાત્મ્ય ભાગ્યે જ કોઇએ સિદ્ધ કર્યું છે.

આ તો થયો શિશિરદાનો રંગભૂમિના શાસક ને અભિનયસમ્રાટ તરીકેનો પરિચય. પણ આપણે એથી ભિન્ન શિશિરદાની ઓળખાણ કરીએ! એમનાં ધગશ, ઉત્સાહ અને પરિશ્રમની તો સાધારણ રીતે આપણને કલ્પના યે નહિ આવે! એમણે માત્ર ભારતીય નાટકોનો જ નહિ પરતુ અનેક વિદેશી રંગભૂમિના ઇતિહાસનો યે ખૂબ અભ્યાસ કરેલો. એમને ઘેર જોઈએ તો એમના ખંડમાં ઢગલાબંધ પુસ્તકો પડયાં હોય. એમાં ગ્રીક નાટકોથી માંડીને શેક્સ્પીઅર અને આ સદીના ખ્યાતનામ ઇબ્સન અને શૉ જ નહિ બલકે છેક આધુનિક નાટ્યલેખકોનાં અને ભાતીગળ સાહિત્યનાં પુસ્તકો મળી આવે. બીજે ખૂણે ગિરીશચંદ્ર, બંકિમચંદ્ર, રવીન્દ્રનાથ અને બીજા સંખ્યાતીત લેખકોનાં પુસ્તકોનો ગંજ ખડક્યો હોય. અને બંગાળી સાહિત્યમાં જેટલું કીર્તિદા સાહિત્ય દિનપ્રતિદિન સર્જાતું જાય તે સર્વ એમની પાસે મળે. વિદેશી રંગભૂમિના પ્રતિષ્ઠિત વિવેચકો અને તેમનાં લખાણોથી તેઓ સદા સુમાહિતગાર રહેતા. ઉત્સુકતાપૂર્વક એ બધું જોતાં. ટેબલલૅમ્પના અજવાળે ટેબલ પાસે બેસી એ ઢગલાબંધ પુસ્તકોમાંથી ચૂંટીચૂંટીને વાંચતા. વાંચવામાં એ એટલા તો ગરકાવ થઈ જતા કે જાણે પરીક્ષા આપવાની ન હોય! જાણે જાગરણ કરતા વિદ્યાર્થી જેમ કાળનું ભાન પણ એ ખોઈ બેસતા અને એમને ખ્યાલે ય ન રહેતો કે રાત વીતી ચૂકી છે ને પૂર્વાકાશમાં પ્રભાતની ટશરો ફૂટવા માંડી છે! એ માત્ર જબરા વાચક જ નહિ પરંતુ નિપુણ ને વિચક્ષણ વિવેચક પણ હતા. ખેદ તો એ વાતનો જ છે કે આપણે સૌ એમને માત્ર એક મહાન અભિનેતા તરીકે જ ઓળખીએ છીએ અને ઉચ્ચ કક્ષાની વિવેચનશક્તિ જેવાં એમની વિરલ પ્રતિભાનાં બીજાં અનેક પાસાંઓ વિષે કશું જ જાણતા નથી.

તેઓ રોમેરોમ 'બંગાળી' અને ચુસ્ત દેશભક્ત હતા. આપણા દેશનાં રીતરિવાજો, સાહિત્ય અને બોલી માટે એમને ઘણો આદર હતો. એટલે જ તો જ્યારે ન્યૂ યૉર્કના વૅન્ડરબિલ્ટ થિયેટરમાં ૧૯૩૯ માં એમને નાટક રજૂ કરવાનું નિમંત્રણ મળ્યું ત્યારે અંગ્રેજીમાં એ નાટક ભજવવાની માગણી એમણે નકારી કાઢી ને બંગાળીમાં જ એમણે એ રજૂ કરેલું.—અને વિજય હાંસલ કરી સ્વદેશ પાછા ફરેલા. ભારતીય રંગભૂમિ વિષે કોઈ સહેજે ય ઘસાતું બોલતું અથવા રંગમંચે કરેલી પ્રગતિને ઝાંખી પાડવા મથતું એ એમનાથી લેશમાત્ર સહન થતું નહિ. પશ્ચિમી રંગભૂમિથી આપણી રંગભૂમિ અભિનયની બાબતમાં લેશમાત્ર ઊતરતી નથી એવી એમની દૃઢ માન્યતા હતી. વિદેશના અનેક સુવિખ્યાત અભિનેતાઓ લેખકો ને નાટ્યવિવેચકો નિયમિતપણે એમના થિયેટરની મુલાકાત લેતા, અને આ મહાન ભારતીય કલાકારના પ્રયોગો અવલોકતા. એમની પ્રકૃષ્ટ અભિનયકલાથી એ બધા મંત્રમુગ્ધ થતા, અને એમને હાર્દિક અભિનંદનથી નવાજવા એકપગ થઇ રહેતા.

યુરોપના રાજકીય પ્રવાહોનું શિશિરદાને ઊંડું જ્ઞાન હતું. આ અભ્યાસને પરિણામે ભવિષ્યની ઘણી રાજકીય ઘટના વર્ષો પૂર્વે પોતે વ્યક્ત કરેલા અભિપ્રાય જોડે સુસંબદ્ધ નીવડતી. એમણે પોતે કદી રાજકારણમાં ભાગ લીધો નહિ. રંગમંચની કિનારે ગોઠવેલી પેલી મોટી વીજળીક બત્તીઓ તખ્તાને ઝળાંઝળાં કરી મૂકતી, એ સૃષ્ટિ વચ્ચે જ પોતાનું સ્થાન છે એમ માનતા. છતાં ય સ્વદેશને હાનિ પહોંચાડે તેવું કોઇ પણ પગલું કોઈ ભરતું તો એ ભારે અસ્વસ્થતા અનુભવતા.

એક વાર અંગ્રેજી નાટ્યભૂમિના કુશળ નટ સર ઍલન કૅાસન અને અભિનેત્રી ડેઈમ સિબિલ થૉર્નડાઈક વગેરે કલાકારો શ્રીરંગમ્ થિયેટરમાં શિશિરદાનું પ્રખ્યાત નાટક 'માઈકેલ મધુસૂદન' જોવા આવેલાં. એમના ઉત્કૃષ્ટ અભિનય-પ્રયોગથી પ્રભાવિત થઈ બે ય જણ પ્રયોગ અન્તે રંગમંચ પર સીડી ચડીને ગયાં, અને પ્રેક્ષકગણના દેખતાં જ એમણે શિશિરદાને અભિનંદ્યા. પછી સમસ્ત પ્રેક્ષકવર્ગને ઉદ્દબોધીને એમણે કહેલું: 'આવી સહજ અને સ્વયંસ્ફૂર્ત અભિનય-કલા અમે તો માત્ર 'આઇરિશ સ્ટેજ' પર જ જોઈ હતી, અને આજે અહીં જોઈ અમારા આનંદાશ્ચર્યનો પાર રહ્યો નથી.' ત્યારે તાળીઓના ગડગડાટથી શ્રીરંગમ્ થિયેટરની છત સુદ્ધાં ધ્રૂજી ઊઠેલી. પરંતુ એનો વળતો જવાબ આપતાં શિશિદાએ ભાર દઇને કહ્યું: 'એ એક કમનસીબ ઘટના છે કે બંગલા—નાટક—જગતના બીજા અન્ય અભિનયપટુ કલાવંતોનાં નાટકો જોવાની તમને તક સાંપડી નથી. ગિરીશચંદ્રનાં નાટકો જુઓ તો તમને બંગલા નાટ્ય ભૂમિનો સદીઓ જૂની પરંપરાનો અને સમૃદ્ધ ઇતિહાસનો ખયાલ આવશે.' આ બનાવ વિશે પછી મિત્ર-વર્તુળમાં ચર્ચા થએલી ત્યારે શિશિરદાએ કહેલું: 'બંગલા—નાટ્ય—ભૂમિના ઇતિહાસનો કે નવયુગનો હું જ એકમાત્ર ઘડવૈયો કે પુરોધા છું એવું કોઈ કહે તો મને કદી ય ન ગમે. સાચી વાત તો એ છે કે આપણા બંગ નાટ્ય-જગતનો ઇતિહાસ સુદીર્ઘ અને ઉજ્જ્વલ છે.'

ને એમની વાત ખોટી નહોતી. બંગાળની પ્રાચીન નાટ્ય-પદ્ધતિ 'જાત્રા' અને 'લોકગીતો' વિષે કોણ નથી જાણતું? લોકો એ માણતા. પરંતુ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પાશ્ચાત્ય સંસ્કારોના સંપર્કથી આપણે બદલાતા જમાનાને અનુકૂળ જે ફેરફારો આવકારેલા, એને પરિણામે ભારતીય રંગભૂમિનું નવ-વિધાન કરવું કાંઈ સરળ નહોતું! જોકે ગિરીશચંદ્ર અને એમના સહયોગીઓએ એ હિલચાલ શરૂ કરી હતી. પરંતુ એને સંમાર્જવાનું અને ઉેલ્લો ઘાટ આપવાનું કાર્ય તો શિશિરકુમારે જ કર્યું. એટલું જ નહિ પણ બંગ-રંગભૂમિને જીવનભર એમણે ચાહી ને રંગમંચના પ્રત્યેક ક્ષેત્રે એમણે ત્રણત્રણ દાયકા લગી ('૨૦ના ગાળાથી આજ સુધી) શાસન કર્યું. ત્યાર લગી 'રંગભૂમિ એ તો નાટકવેડા ને નાચ-ગાન' કહીકહી બંગાળી સમાજ સૂગથી નાકનું ટીચકું ચડાવતો. શિશિરદાના આગમનથી એમાં ધરમૂળનો ફેરફાર થયો.

પોતાના દૃષ્ટિબિંદુ વિષે દૃઢમત શિશિરદા પ્રયોગવીર હતા. નિર્ભયતા તેમજ આત્મ-વિશ્વાસથી નાટ્ય-નિર્માણમાં એમણે નવા પ-

યોગો કર્યા. એટલું જ નહિ પણ તે પ્રયોગો દ્વારા પ્રેક્ષકોના રુચિતંત્રમાં એમણે ક્રાન્તિ આણી. રંગમંચને જૂની ઘરેડમાંથી બહાર આણી રજૂઆતના નવા ચીલા દાખલ કરીને કલાના એક એવા રાજમાર્ગ પર આણી મૂક્યો કે આજે એ માર્ગે, અલબત્ત, નવાં નવાં પરિવર્તનો અપનાવતો અને સમૃદ્ધ થતો તે આગળ ને આગળ વધી રહ્યો છે.

ભરચક પ્રવૃત્તિમાં રમમાણ રહેતા શિશિરબાબુની ભાનીગળ જીવન-તવારીખમાં જ્યારે એમણે જાહેર રંગમંચ પરથી વિદાય લીધી ત્યારે જીવનની સંધ્યાએ પોતાની બે કોડી વર્ષોની પ્રવૃત્તિઓનો આંક માંડતાં એમણે હતાશા જ અનુભવેલી. આવી ઝળહળતી કારકિર્દીને અંતે અપેક્ષિત એવી શાંતિ એમને સાંપડી નહિ. રાષ્ટ્રવ્યાપી નાટ્યકળા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ચરણે એમણે જીવન ન્યોચ્છાવર કરેલું. એમના મહત્ત્વાકાંક્ષી સ્વપ્નને સાકાર કરવાની એમની ઇચ્છા પાર પડી નહિ. 'નૅશનલ થિયેટર'ની જે યોજના એમણે ઘડી હતી એને સરકાર તરફથી કશો સક્રિય સહકાર મળ્યો નહિ. પશ્ચિમ બંગાળની કૉંગ્રેસ સમિતિએ બંગાળી રંગભૂમિને પુનરુજ્જીવિત કરવાના એમના સ્તુત્ય પગલાને લઈ એમનું સન્માન કરેલું, પણ કેન્દ્ર સરકારની મદદ મળી નહિ એટલે એમને ભારે આઘાત લાગ્યો હતો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી કલાક્ષેત્રે જે જે પરિવર્તનો થયાં અને જનતા તેમજ સરકારનો સહકાર મળવા લાગ્યો હતો એ પરની એમને એ ધ્યેય હાંસલ થઈ શકશે એવી આશા પડી હતી. પરંતુ કોઈ પ્રકારની નાણાંકીય તેમજ બીજી સહાય ન મળતાં તેઓ અત્યંત નિરાશ થયા હતા. આથી જ્યારે ગણ-રાજ્ય દિન નિમિત્તે રાષ્ટ્રપતિએ એમની અસાધારણ કલા-સેવાના ઉપલક્ષ્યમાં એમને 'પદ્મભૂષણ' પદકથી નવાજ્યા ત્યારે એમણે એનો સ્વીકાર ન કર્યો અને આ હતાશાના આડકતરા પરિણામરૂપે જ પશ્ચિમ બંગાળની 'ફૅકલ્ટી ઑવ ડ્રામા'ના અધ્યક્ષપદને પણ એમણે નકારેલું.

સિદ્ધાંતને ચુસ્તપણે વળગી રહી શિશિરદા કદી સમાધાન કરતા નહિ. ટેક એમણે કદી મૂકી નહિ. નાટ્યજીવન પ્રેરિત વિદ્વત્તાભર્યું જીવન એ જીવ્યા હતા. એમના સંસર્ગમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ એમના સંભાષણના સાહિત્યક ઊંડાણથી અને સંસ્કૃતમય વાણીથી પ્રભાવિત થયા વિના રહી શકતી નહિ. એ નિસર્ગદત્ત શક્તિને એમણે કાળજીપૂર્વક ખીલવી હતી. મૃત્યુપૂર્વે એમણે શ્રી રામકૃષ્ણ પરમહંસની ચેહ જ્યાં ઠરી હતી ત્યાં કોસીપુરના રતનબાબુ ઘાટ પર જ પોતાના અંતિમ સંસ્કાર માટે ઇચ્છા વ્યક્ત કરેલી. એમના એકમાત્ર પુત્ર અશોકે જ્યારે અગ્નિ-સંસ્કાર વિધિ કરી ત્યારે અસાધારણ જનમેદનીએ હાજરી આપી ને એમને અશ્રુની જે મૂંગી અંજલી આપેલી તે, એમણે યુવાન તેમ જ ગત પેઢીની બંગાળી જનતાના હૈયામાં કેવું દૃઢ અને પ્રિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું, એની દ્યોતક હતી. ડૉ. સુનીતિકુમાર ચૅટર્જી, કલકત્તાની નાટ્ય સંસ્થાઓ 'અભિનેત્રી-સંઘ,' 'વિશ્વરૂપ નાટ્ય ઉન્નયન પરિકલ્પન સમિતિ.' 'નવ્ય બંગલા-નાટ્ય-પરિષદ્,' વિદ્યાસાગર કૉલેજના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ, કલકત્તા કૉર્પોરેશનના મૅયર શ્રી બી. કે. બૅનર્જી, શ્રી સૌમ્યેન્દ્રનાથ ટાગોર, શ્રી સત્યજિત રાય, ડૉ. હેમેન્દ્રનાથ દાસગુપ્તા, 'લિટલ થિયેટર'ના શ્રી ઉત્પલ દત્ત, શ્રી પ્રબોધ સન્યાલ, શ્રી સજની દાસ, શિશિરદાના નિકટના મિત્ર ને મેધાવી કલાકાર નરેશચંદ્ર મિત્ર, શ્રી અહીન્દ્ર ચૌધરી ઉપરાંત વિવિધક્ષેત્રેથી અસંખ્ય જનોએ એમને ભાવભરી અંજલિ આપી છે તે એમના પ્રખર, પ્રતિભાપ્રોજ્જ્વલ ને મહાજીવનની સાક્ષી સમી છે. શ્રી અહીન્દ્ર ચૌધરી ને શ્રી નરેશ દાસે નિવાપાંજલિ આપતાં કહ્યું: 'માત્ર અમારા વ્યક્તિગત શોકના જ નહિ, પરંતુ સમગ્ર દેશને પડેલી ખોટના અવસરે શિશિરદાનાં સ્મરણોની મારે હૈયે ભીડ જામે છે. વર્તમાન બંગલા-નાટ્યના એ પિતા હતા. એમના અવસાનથી મારું હૈયું ભાંગી ગયું છે.'

—સુનીલ કોઠારી

આ માસ(સપ્ટેમ્બર)ઇતિહાસમાં:વ્યક્તિવિશેષ-દિનવિશેષ-પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ચાર્લ્સ બ્રૅડલૉ

વિચારસ્વાતંત્ર્યના આજના યુગના એક ધુરીણ જનક, 'બુદ્ધિવાદના કર્મનિષ્ઠ સંત'



ચાર્લ્સ બ્રૅડલૉનો જન્મ ઇ. ૧૮૩૩ના સપ્ટેમ્બરની ૨૬મી તારીખે લંડનમાં હૉક્સ્ટન ખાતે થએલો. તેના પિતા સૉલિસિટરના કારકુન ને માતા નર્સ હતી. પ્રાથમિક નિશાળોમાં તેણે થોડીઘણી કેળવણી મેળવી; પણ વાચનનો તેને જબરો શોખ હતો. દસની વયે તો તેણે અનેક નાટકો વાંચેલાં. કુટુંબની ગરીબીને લીધે બાર વર્ષની વયે ધંધામાં જોડાયો. પછી સંત પીટરના દેવળની રવિવારશાળામાં શિક્ષક તરીકે દાખલ થયો. દરમ્યાનના અભ્યાસે શાસ્ત્રની કપોલકલ્પિત વાતો પ્રત્યે અશ્રદ્ધા જગાવી. વિદ્યાર્થીઓમાં પણ એવું વિચારસ્વાતંત્ર્ય જગાવવા તે પ્રયાસ કરવા લાગ્યો. આથી તેને દેવળની નોકરી છોડવી પડી.સાથોસાથ ઘર પણ છોડયું. ત્યારે તેની ઉમર સોળ વરસની હતી. હવે તે લશ્કરમાં જોડાયો. એ વખતના પ્રખ્યાત વિચારસ્વાતંત્ર્યપ્રચારક રિચાર્ડ કાર્લાઈલનાં અનુયાયી મિસિસ શાર્પલ્સે ,ઠામઠેકાણા વિનાના બ્રૅડલૉને આશ્રય આપ્યો. અહીં બ્રૅડલૉને ચિંતન ને વિચારપ્રચારની પૂરતી સગવડ મળી. એ કુટુંબ પાસેથી જ તે ફ્રેન્ચ શીખ્યો ને પછીથી ગ્રીક,અરબી અને હિબ્રૂ પણ શીખવા લાગ્યો.

લશ્કરી જીવનથી કંટાળીને કોઇ વકીલને ત્યાં અઠવાડિયાના દસ શિલિંગના પગારે તે નોકર રહ્યો. હવે તે ખુલ્લી રીતે 'નાસ્તિક'ને નામે વિચારસ્વાતંત્ર્યનો પ્રચાર કરવા લાગ્યો. ત્રણત્રણ માણસો જેટલું કામ તે એકલે હાથે કરતો. બાઈબલમાંના ફકરા એકબીજાથી કેટલા વિરુદ્ધ જાય છે તે બતાવવા વિગાન મુકામે તેણે એક ભાષણ યોજેલું. જે મકાનમાં ભાષણ યોજાએલું એની બારીઓ વિરોધીઓએ તોડી નાખી ને દંગો મચાવ્યો. ગમે તેવા તોફાનમાં પણ તે જરા યે ડરતો કે ડગતો નહિ.

તેને રાજપ્રકરણમાં પણ ખૂબ રસ હતો. સ્વતંત્રતાને તે હરકોઇ દેશની મોંઘી મૂડી ગણતો, અને એટલે જ હિંદની રાષ્ટ્રીય આકાંક્ષા પ્રત્યે તે સહાનુભૂતિ ધરાવતો. ઈટલીના ગૅરિબાલ્ડીની તરફેણમાં તેણે અનેક ભાષણો કરેલાં અને સક્રિય પ્રયાસો પણ કરેલા, તથા મૅઝિની માટે તે મરીફીટવાનેયે કબૂલ હતો.

ઇ. ૧૮૬૮માં નૉર્ધમ્પ્ટન પરગણા તરફથી તે પાર્લમેન્ટમાં ચૂંટાવાનો હતો.પણ વડાપ્રધાન ગ્લૅડસ્ટને તેના હરીફને વધુ ટેકો આપ્યો એટલે લોકોએ ગતાનુગતિકપણે તેને મત ન આપ્યો.

બ્રૅડલૉ ગરીબોની મફત વકીલાત કરતો, તેમને સલાહ આપતો ને તેવાઓને આર્થિક મદદ કરવાનું તો તેણે જિંદગીભર ચાલુ રાખ્યું.

તેણે અમેરિકાની બે મુસાફરીઓ કરી. છેલ્લી ૧૮૭૫ની મુસાફરીમાં તેને ટાઇફૉઈડ લાગુ પડયો ને ત્યારથી તેની તબિયત નબળી રહેવા લાગી.૧૮૭૬માં ટર્કોફાઈલ મુકામે તેણે સભા ભરી ત્યારે તો સંખ્યાબંધ હથિયારધારી લોકો તેને મારવા ફરી વળેલા.

બ્રૅડલૉ સાથે વધુમાં વધુ પરિચયનો લાભ ઍની બિસાન્ટને મળેલો. ૧૮૭૭માં એ બંનેએ મળી 'ફ્રી થૉટ પબ્લિશિંગ કંપની' (સ્વતંત્ર વિચાર પ્રકાશક મંડળી) ઊભી કરી ને સ્વતંત્ર વિચારો જગવતું સાહિત્ય વેચવા માંડયું. ગરીબો દારૂ ને તમાકુના પૈસા બચાવીને પણ તેનું 'નૅશનલ રિફૉર્મર' છાપું ખરીદતા.

છેવટે ૧૮૮૧માં તે પાર્લમેન્ટમાં ચૂંટાવામાં સફળ થયો. ત્યાં રહીને ૧૮૮૧થી '૮૭ સુધી તેણે એટલા તો કાયદા પસાર કરાવ્યા કે એ આખો ગાળો 'બ્રૅડલૉની સેશન' તરીકે ઓળખાવા લાગ્યો. અને એ બધા જ કાયદા તેના જાન પર આવી લાગનારા લોકોના જ હિત માટેના હતા. આફ્રિકાના ઝુલુ લોકો માટે પણ પાર્લમેન્ટમાં તેણે ખૂબ લડત ચલાવેલી. અને હિંદને પણ તે ભૂલ્યો ન હતો. ૧૮૮૯ની હિંદી રાષ્ટ્રીય મહાસભામાં ખાસ હાજરી આપીને ટૂંકું પણ અસરકારક ભાષણ કરી તે વિલાયત ગયો ત્યારથી તે જીવ્યો ત્યાં સુધી હિંદના મિત્ર તરીકે તે પાર્લમેન્ટમાં લડતો રહ્યો.

૧૮૯૦માં તેની તબિયત સખત લથડી ને તે જ સાલની ૩૦મી જાન્યુઆરીએ તેનું અવસાન થયું. કોઈ પણ શહેનશાહને અદેખાઇ ઊપજે એવી તેની સ્મશાનયાત્રા બની. જૉન સ્ટૂઅર્ટ મિલે તેને 'બુદ્ધિવાદનો સંત' કહ્યો.

જીવનભરતે ઉદ્યમશીલતા,અપ્રમાદી જીવન ને અનુપમ ચીવટની પ્રતિમૂર્તિ બની રહ્યો.

દિનવિશેષ

તા. ૪ બ્રિટિશ શાસન સામેની સક્રિય ચળવળના બીજરૂપ, કૉંગ્રેસનો અસહકારનો ઠરાવ, ૧૯૨૦.

તા. ૫ ફ્રેન્ચોએ જિંજીના સૂબા કનેથી પોતાનું આગવું શાસનમથક પૉંડિચેરી ખરીદ્યું, ૧૬૮૩.

તા. ૬ ઇંગ્લંડના રાજા તરફથી ધર્મમાં થતી દખલને લીધે 'પિલ્ગ્રિમ ફાધર્સ' અમેરિકા ગયા, ૧૬૨૦.

તા. ૯ વિપ્લવવાદી ચળવળના નેતા યતીન્દ્રનાથ મુખરજીને કટકની ઇસ્પિતાળમાં ફાંસી, ૧૯૧૫.

તા. ૧૦ જગતની અદ્‌ભુત અને અપૂર્વ કલા-ઇમારત તાજમહાલ પૂર્ણપણે બંધાઈ રહ્યો, ૧૬૪૫.

તા. ૧૨ શિકાગો ખાતેની સર્વધર્મપરિષદમાં સ્વામી વિવેકાનંદનું પહેલું યાદગાર ભાષણ, ૧૮૯૩.

તા. ૧૪ કલકત્તા-મુંબાઈ વચ્ચે હિંદમાં સૌ પ્રથમવાર ટેલિફોન દાખલ કરવામાં આવ્યો, ૧૯૩૪.

તા. ૧૬ ડેવિડ લિવિંગ્સ્ટને આફ્રિકાના મુખ્ય સરોવર વિક્ટોરિયા ન્યાંઝાની શોધ કરી, ૧૮૫૯.

તા. ૧૭ 'માનવમગજની સર્વોત્તમ રચના' રૂપ અમેરિકાના રાજ્યબંધારણની જાહેરાત, ૧૭૮૭.

તા. ૧૮ કોમી દાવાનળ સામે મહાત્મા ગાંધીજીના પ્રથમ એકવીસ દિવસના ઉપવાસ, ૧૯૨૪.

તા. ૧૯ હિંદ પર ચડાઈ લાવવા તૈમૂર લંગ અટક આગળ સિંધુ નદી પાર કરી ગયો, ૧૩૯૮.

તા. ૨૩ માનસશાસ્ત્રમાં 'મુક્તસહચાર'ની પદ્ધતિના શોધક સિગ્મંડ ફ્રૉઈડનું અવસાન, ૧૯૩૯.

તા. ૨૯ પ્લાસીના યુદ્ધથી હિંદમાં અંગ્રેજ સત્તાની મેખ મારનાર રૉબર્ટ ક્લાઈવનો જન્મ, ૧૭૨૫.

પ્રસંગવિશેષ : બ્રિટનના યુદ્ધનો અંત, તા. ૧૫મી સપ્ટેમ્બર ૧૯૪૦

બીજા વિશ્વયુદ્ધ વખતે, જર્મનીએ બ્રિટન સામે કરેલું હવાઈ યુદ્ધ 'બૅટલ ઑવ બ્રિટન' એ જગતનાં નોંધપાત્ર નિર્ણાયક યુદ્ધો પૈકીનું એક ગણાય છે. શરૂઆતમાં જર્મનો સુદૃઢ સ્થિતિમાં હતા. બધાં ફ્રેન્ચ અને ડચ વાયુક્ષેત્રો અને નૉર્થ કેપથી હેન્ડેયે સુધીનો આખો દરિયાપટ્ટો તેમના અંકુશ તળે હતો. ચડાઇના પ્રથમ તબક્કા રૂપે જર્મનોના સરસેનાપતિ ફીલ્ડમાર્શલ હર્માન ગોએરિંગે વ્યૂહ ગોઠવ્યા પ્રમાણે ઇગ્લંડના અગ્નિભાગ અને લંડન પર ભીષણ હવાઈ હુમલો થયો. પરંતુ તેમના બધા પ્રયાસો નિષ્ફળ ગયા. બ્રિટન લડાઈ જીત્યું તેનો યશ ઍર-ચીફ-માર્શલ સર હ્યૂ ડાઉડિંગની યોજનાને ને મુઠ્ઠીભર પાયલટોની સબળ લડાયક શક્તિને છે. યુદ્ધમાં નાશ પામેલાં જર્મન પ્લેનોની સંખ્યા ૧,૭૩૩ની થવા જાય છે;જ્યારે બ્રિટિશ પક્ષે માનવ-ખુવારી માત્ર ૩૭૫ પાયલટોનાં મરણની ને ૩૫૮ ઘવાયાની છે. યુદ્ધ અધિકૃતપણે ૧૯૪૦ની ૧૫મી સપ્ટેમ્બરે પૂરું થયું.

સૂર્યરશ્મિપંથમાં વાદળ ભલે વચ્ચે પડે,
ખીલતા ફૂલને કદી યે ગ્લાન મેં દીઠું નથી.
—રઘુવીર ચૌધરી—


ફિલસૂફ પ્લેટોને ત્યાં મિજબાનીમાં જમીન પર પાથરેલા મહામૂલા ગાલીચાઓ પર જોરથી પોતાનો પગ ઠોકતો ઠોકતો ડાયોજિનિસ બોલ્યો : 'મારા પગ તળે ચાંપું છું, પ્લેટોના આ ગુમાનને!તો.' પ્લેટોએ કટાક્ષમાં એનો ઉત્તર વાળ્યો: 'એટલા જ ગુમાનથી ને?'

અનેકાર્થી શબ્દ: **રાશ**=દોરડું; બળદ,ઘોડા વગેરેનો અછોડો; લગામ; મેળ, રાગ; સરખાપણું કે મળતાપણું; ઢગલો કે જથ્થો; ભંડોળ; વ્યાજમુદ્દલ;પંતિયાળું,ભાગીદારી;રાશિ;રાશિથી મળતીજાતિ,ગુણ,સ્વભાવ વગેરે;સરાસરી.


કહેવતોના અર્થ: 'દુશ્મન જુએ પગ સામે, ને હેતુ જુએ મોં સામે.'–સાંસારિક ડહાપણ શીખવતી આપણી કેટલીક કહેવતો પ્રેરક-પ્રોત્સાહક પણ હોયછે.સાદા બોધવચન સમી લાગતી આ કહેવત એક કાળે બહુ પ્રચલિત હતી. એ જ બોધ આપતી એને મળતી બીજી 'બોધકહેવતો' પરથી આનો અર્થ સમજાઇ રહે છે: 'હૈયે હામ ન હોય, પણ પગમાં છડ (બળ) રાખવું'; 'ઢીલા પગ કળાવા દેવા નહિ.' મતલબ કે 'આપણા હેતુ (હિતસ્વી લોકો, ચાહકો) તો આપણા મોં સામે આપણી આબાદી–ઉન્નતિ સામે, સપાટી પરની સ્થિતિ સામે જ માત્ર જોઇ રહે કે રાચે; પરંતુ આપણા દુશ્મનો આપણી ઢીલાશ, કચાશ કે છિદ્ર શોધતા જ હોયછે. માટે હિંમત હાર્યા હોઈએ છતાં પણ પગ પાછો પરઠવો નહિ.'



ગઈ છઠ્ઠી જૂને અમેરિકાની મીઆમીની યુનિવર્સિટીની ઊજવાએલી ૧૫૦મી જયંતી નિમિત્તે એ યુનિવર્સિટીમાંથી સ્નાતક થએલા અમેરિકાના ૨૩મા પ્રમુખ બેન્જામિન હૅરિસનની છાપવાળી ટિકિટ. એના દાદા વિલિયમ હૅરિસન પણ અમેરિકાના ૯મા પ્રમુખ હતા.



એશિયા ને આફ્રિકામાં થતી આ પર્ચ માછલી અનુકૂળ રહેણાક ખોળવા જમીન પર પણ સફર ખેડી શકે છે. તેની ચૂઈ (gills)માંનાં ખાસ પોલાણો દ્વારા એ પાણી બહાર પણ શ્વાસ લઇ શકે છે. અને એનાં આવરણોનો તે ચાલવામાં ટેકા તરીકે પણ ઉપયોગ કરે છે.



માત્ર બે સીધી લીટીઓ દોરીને ઉપરના ખેતરના એવા ચાર ભાગ કરો કે પહેલા ભાગમાં જેટલાં ઝાડ આવે તેથી બમણાં બીજામાં, તેથી બમણાં ત્રીજામાં ને ચોથામાં તેથી પણ બમણાં ઝાડ આવે. ઉત્તર:આવતા અંકે.


જો ઉકીલા પરસેવાના ડાઘવાળું કપડું થોડા કલાક ઠંડા પાણીમાં રાખી મૂકી તેના પર લીંબુની ફાડ ઘસી દેશો, નિખારી નાખવાથી કદાચ ડાઘ જશે.

આપણે કેવાક સંસ્કારી છીએ તે, આપણે જ્યારે ઝગડતા હોઇએ ત્યારે જ સાચા રૂપે દેખાઈ આવે છે.
—શૉ

તમારી માળાના મોતી-મણકા પરોવતી વખતે યોગ્ય માપની સોય હાથવગી ન હોય તો દોરાને છેડે થોડો 'નેઈલ વાર્નિશ' લગાડીને સુકાવા દેજો. જરૂરજોગો અક્કડ થઈ જશે. એ જ રીતે નાનામોટા મણકાને કદના ક્રમાનુસાર શેડઉતાર ગોઠવતી વેળા, કોરૂગેટેડ (છાપરાના પતરા જેવા ઘાટના)પૂઠાના કાગળો (જે દવાની શીશીઓ ને કાચની વસ્તુઓ ઉપર વીંટાઈને આવે છે તે)ના પર મૂકશો તો મણકા આમતેમ દડી નહિ જાય.



'અરે, એ તો હું પડોશમાંથી લઇ આવી છું, વીજળીનો ખર્ચ બચાવવાનું તમે કહ્યું'તું ને?'



ઈરાન 'સરઝમીન'ના મહારાજ્યની સંસ્કૃતિ એક કાળે કેટલી જાહોજલાલ હતી તેની પ્રતીતિ આપતા સંખ્યાબંધ અવશેષો આજે મળે છે. તે પૈકી ઉપર આપ્યા છે તે બે નમૂના, છે તો ઘોડાની લગામના ચોકડાના; પણ ઘોડાની લગામના ચોકડા જેવા પદાર્થમાં યે વિવિધ પ્રાણીઓની આકૃતિ ઉતારનારી ત્યાંની કલા કેટલી વિવિધતાએ તેમજ મબલખપણે વિકાસ પામી હશે તે આ દર્શાવે છે.